અય ઇશ્ક તેરે સદકે જલને સે છુટે સસ્તે,
જો આગ બુજા દેગી, વો આગ લગાઇ હય,
– આલા હઝરત

# ઇશ્ક કે ઇમ્તેહાં

## અહવાલે
## અસ્ફીયા
## ફી ફઝાઇલે
## સિલસિલએ
## નકશબંદીયાહ


લેખક
પીર સૈયદ વઝીરઅલીશાહ કાદરી,નકશબંદી મુજદ્દેદી(ભુજ-કચ્છ)
સંકલન અને સમજુતી
ડો. ફારૂક જી. અલીયાણી (લાઠીવાળા) ભાવનગર.

*યોહીબ્બોહુમ વ યોહીબ્બોનહુ*

(અર્થાત : તે મોહબ્બત કરે છે તેઓથી, તેઓ મોહબ્બત કરે છે તેનાથી.)

અલ-કુર્આન

# ઈશ્ક કે ઈમ્તેહાં

*યાઅ્ની*

*અહવાલે અસ્ફીયા ફી ફઝાઈલે સિલસિલાએ નક્શબંદીયાહ્*

...લેખક...

**પીર સેયદ વઝીરઅલીશાહ કાદરી, નક્શબંદી-મુજદ્દેદી**

**(ભુજ-કચ્છ)**

...સંકલન અને સમજુતી...

**ડો. ફારૂક જી. અલીયાણી**

(D.N.Y.S., RMP(AM)

ટ્રસ્ટ રજી. નં.-૦૨૧

...પ્રકાશક...

**મુજદ્દીદે અલ્ફેસાની ટ્રસ્ટ-ભાવનગર**

(રજી.નં.-૦૨૧)





© મુજદ્દીદે અલ્ફેસાની ટ્રસ્ટ-ભાવનગર

-: ગ્રંથનું નામ :-

**ઈશ્ક કે ઈમ્તેહાં**

-: લેખક:-

**હઝરત પીર સૈયદ વઝીરઅલીશાહ સાહેબ**

**કાદરી નક્શબંદી, મુજદ્દેદી (દામત બરકાતોહુ) ભુજ-કચ્છ.**

...સંકલન અને સમજુતી...

**ડો. ફારૂક જી. અલીયાણી**

(D.N.Y.S., RMP(AM)

(ભાવનગર)

**પ્રથમ આવૃતિ** : સન-૨૦૧૧

**પ્રત** : ૧૧૧૧

**કીંમત** : રૂા. ૩૦૦/-

**પ્રકાશક** : મુજદ્દીદે અલ્ફેસાની ટ્રસ્ટ,
વડવા નેરા, નાથવાળી શેરી, ભાવનગર-૩૬૪ ૦૦૧.

**પ્રુફ રીડર** : હઝરત મૌલાના હાજી યાઅકુબ સીદ્દીકી સાહેબ નકશબંદી
(પ્રીન્સીપલ : દારૂલ ઉલુમ ફૈઝુર્રહમાન-જુનાગઢ)

**આવરણ/લે આઉટ/ટાઈપ સેટીંગ** : મુનાફ આર્ટ, મો. ૯૩૨૮૯ ૨૨૮૮૨
મહેન્દ્રપરા મેઈન રોડ, મોરબી.-૩૬૩ ૬૪૧

**ટાઈપીસ્ટ** : અહમદ હાજીઅબ્દુલ મજીદ નકશબંદી (હરગન)

**મુદ્રક** : રોયલ ઓફસેટ,
૨-લાતી પ્લોટ, મોરબી.

## અર્પણ

*અમે અમારૂં આ રૂહાની પ્રકાશન*
*સિલસિલ-એ આલીયાહ્ ચિશ્તિય્યાહ્, સાબેરીય્યાહના*
*સંપુર્ણ રૂહાની તાજદાર તથા સુફી એ બા વકાર*
**હઝરત સરકાર જીલાનીમિયાં**
*(રહમતુલ્લાહ અલયહે)*
*તથા*
*કુલ ખ્વાજગાને આલીયાહ્ જમીઅ સલાસીલ*
*(કદ્દસલ્લાહો ત્આલા અસરારહુમ)ની બારગાહમાં*
*બા-અદબ અર્પણ કરીએ છીએ.*

**ગર કુબુલ ઉફતદા-ઝહે ઈઝઝો શરફ**

**મુજદ્દીદે અલ્ફેસાની ટ્રસ્ટ-ભાવનગર.**





## -: પરીચય :-

ઈ.સ.૧૯૪૭માં અખંડ હીન્દુસ્તાનનાં ભાગલા વખતે ફેલાયેલી અંધાધુંધીમાં કંઇ કેટલીય ખાનકાહો વિરાન થઇ, મસ્જીદો સનમ ખાનાઓમાં ફેરવાઇ આની અસર પંજાબ તથા હરીયાણામાં વધુ દેખાણી. હરીયાણાના પ્રસિધ્ધ ઐતીહાસીક શહેર પાણીપતની મહાન ચીશ્તી ખાનકાહ અને તેની વચ્ચે આવેલ હઝરત મખ્દુમ અલાઉદ્દીન અલીઅહમદ સાબીરપીયાં કલીયરીના એકમાત્ર ખલીફા હઝરત શમ્સુદ્દીન તુર્ક પાનીપતીની દરગાહ શરીફ તથા મસ્જીદનું સંપુર્ણ સંકુલ દુનીયાદારો શીખ ભાઇઓને વેંચાણથી આપીને ભાગી ગયા અને આ રીતે આ પવીત્ર સંકુલમાં શીખ ભાઇઓએ ગ્રંથ સાહેબની સ્થાપના કરી તેને ગુરૂધ્વારામાં ફેરવ્યું.

મસ્જીદના અન્વારો, પવિત્ર ખાનકાહની દીવારો અને મઝારે મુકદ્દસનો ફૈઝ લલકારી લલકારીને કહેતો હતો કે, 'હે મુસ્લીમો, કોઇતો અમને અમારૂં અસલી સ્વરૂપ પાછુ અપાવો.' પણ વ્યર્થ રૂહાનીય્યતની આ સદા બહેરા કાને અથડાતી રહી બરાબર ૬૦ વરસ પછી છેવટે આ સંકુલની ખુદની દુઆ અલ્લાહ ત્આલાની બારગાહમાં રંગ લાવી અને તેને એ રીતે આઝાદી પ્રાપ્ત થઇ કે,

'હઝરત મખ્દુમ અલાઉદ્દીન અલીઅહમદ સરકાર સાબીરપીયાં ચિશ્તી, કલીયરીના સજ્જાદાહનશીન હઝરત સરકાર જીલાનીમિયાં ( રહમતુલ્લાહ અલયહે ) એ આ સંકુલને તેનું મુળ સ્વરૂપ પાછું અપાવવા માટે પોતાની અંગત મીલ્કતથી પોણાચાર કરોડ( રૂા. ૩,૭૫,૦૦૦,૦૦ ) ખર્ચી શીખ ભાઇઓને રાજી કરી આ સંકુલને છોડાવ્યું અને તેના મુળ સ્વરૂપમાં પ્રસ્થાપીત કર્યુ. અલ્લાહ અને તેના રસુલ( સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ) ની ખુશનુદી મેળવી ખરા અર્થમાં સજ્જાદાહનશીનીનો અર્થ સાર્થક કરી પ્રચારથી દુર રહી ગુમનામીના પરદામાં જ રહીને વાસીલે બ હકક થયાં.

**'તેરે નામ પે મીટા હું મુજે ક્યા ગરઝ નિશાં સે.'**

પ્રમાણે ગુમનામ રહેવા છતાય ક્યામતના પ્રભાત સુધી પોતાની આખરી યાદ દુનીયાની અંદર રહેતા દીનદાર હકક પરસ્તોને સોંપતા ગયા. અલ્લાહ રબ્બુલ ઇઝ્ઝત તેમના મઝારે ગૌહરબારપર કરોડો રહેમતો નીરંતર વરસાવે એજ અપેક્ષા...

**(જો આપ ધારતાતો દરગાહની આઝાદીના નામે ચંદો કરીને અબજો રૂપીયા જમા કરી શકતા, પરંતુ આપે એવું નથી કર્યુ)**

બે ઇસ્મેહી ત્આલા

# અનુક્રમણીકા


પાના નં.

★ અર્પણ. ૧
★ ખુત્બાહ, હમ્દ. ૧૧
★ નાઅ્ત શરીફ. ૧૨
★ પ્રકાશકના બે બોલ ૧૩
★ તમહીદ ૧૬

**ઈમ્તેહાં -૧:- રમુઝે ઈશ્ક.........................૨૭ થી ૭૦**

૧ પાલનહારની નેઅ્મતો. ૨૯
૨ ઈશ્કનો ઉદ્ભવ. ૩૦
૩ મોહબ્બતનો ઉદ્ભવ. ૩૦
૪ ઈશ્કો મોહબ્બતના દરજ્જા. ૩૧
૫ સદાકતની વ્યાખ્યા. ૩૩
૬ ઉલફતની વ્યાખ્યા. ૩૩
૭ મવદ્તની વ્યાખ્યા. ૩૪
૮ હવાની વ્યાખ્યા. ૩૫
૯ શગફની વ્યાખ્યા. ૩૬
૧૦ ખુલ્લતની વ્યાખ્યા. ૩૬
૧૧ મોહબ્બતની વ્યાખ્યા. ૩૭
૧૨ ઈશ્કની વ્યાખ્યા. ૩૮
૧૩ ઈશ્કના પ્રકાર. ૩૯
૧૪ ઈશ્કની બેકદ્રી. ૩૯
૧૫ 'ઈશ્કે મજાઝી'નો બદલો. ૪૦
૧૬ 'ઈશ્કે હકીકી'નો બદલો. ૪૦
૧૭ અલામાતે ઈશ્કો-મોહબ્બત. ૪૨
૧૮ અસ્બાબે ઈશ્કો-મોહબ્બત. ૫૩
૧૯ રહેમત ભર્યા બનાવો. ૫૫
૨૦ માથા કપાવ્યા, ખાલો ખેંચાવી. ૫૭
૨૧ મકતુબે મોહબ્બત. ૫૭







૨૨ મકતુબે ઈશ્ક. ૬૦
૨૩ મકતુબે ઈશ્કો-મોહબ્બત. ૬૨
૨૪ સુફીયાના કલામ ૬૪

**ઈમ્તેહાં-૨:- શહેનશાહે નક્શબંદ..................૭૧થી૧૮૨**

૧ શહેનશાહે નક્શબંદ ૭૩
૨ વિલાદતે-બા સઆદત ૭૫
૩ આગમનની બશારતો ૭૬
૪ નસબનામુ અને બાળપણ ૮૧
૫ રૂહાની તાલીમો તરબીયત ૮૩
૬ રીયાઝત તથા મુજાહેદા ૯૦
૭ આપનો હુલીયો મુબારક ૯૪
૮ આપની રહેણી-કરણી ૯૪
૯ આપની આલ ઔલાદ ૯૬
૧૦ વિસાલ શરીફની કૈફીયત ૯૭
૧૧ આપનો મઝારે અકદ્સ ૧૦૧
૧૨ તમહીદે મલ્ફુઝાત ૧૦૪
૧૩ મલ્ફુઝાતે શહેનશાહે નક્શબંદ ૧૦૬
૧૪ તારીફે કરામાત ૧૨૩
૧૫ તારીફે મકશુફાત ૧૨૬
૧૬ તારીફે તસર્રુફાત ૧૨૭
૧૭ કરામાતે શહેનશાહે નક્શબંદ ૧૨૮
૧૮ તમહીદે ખીલાફતે અસ્ફીયા ૧૫૮
૧૯. ખિલાફતના પ્રકાર ૧૬૧
૨૦. ખિલાફત ક્યારે મળે? ૧૬૩
૨૧. આપના ખુલ્ફાએ કિરામ ૧૬૪
૨૨. હઝરત અલાઉદ્દીન અત્તાર ૧૬૪
૨૩. આપના કલ્મએ નુર(મલ્ફુઝાત) ૧૬૮
૨૪ હઝરત ખ્વાજા મોહંમદ પારસા ૧૬૯
૨૫. હઝરત ખ્વાજા યાકુબ ચર્ખી ૧૭૫
૨૬. આપના અન્ય ખુલફાએ કિરામ ૧૮૦

**ઈમ્તેહાં -૩:- સરકાર મુજદ્દીદે અલ્ફેસાની.........૧૮૩થી૨૪૬**


| | | |
|---|---|---|
| ★ | તમહીદ | ૧૮૫ |
| ૧ | હાલાતે મહેબુબે સમ્દાની | ૧૮૭ |
| ૨ | નસબ તથા લકબ | ૧૮૮ |
| ૩ | આપનું નસબ નામુ | ૧૮૯ |
| ૪ | ખાનદાને આલીશાન | ૧૮૯ |
| ૫ | બગદાદથી કાબુલ | ૧૯૦ |
| ૬ | સુલ્તાન શહાબુદ્દીન | ૧૯૦ |
| ૭ | કાબુલથી હીન્દુસ્તાન | ૧૯૨ |
| ૮ | ઈમામ રફીઉદ્દીન | ૧૯૨ |
| ૯ | સરહીન્દની સ્થાપના | ૧૯૩ |
| ૧૦ | સરહીન્દ શરીફ શાં માટે ? | ૧૯૫ |
| ૧૧ | ખ્વાજા અબ્દુલ અહદ | ૧૯૬ |
| ૧૨ | સુલુકે સિલસિલએ કાદરીયાહ | ૧૯૭ |
| ૧૩ | હઝરત શાહકમાલ કાદરી | ૧૯૭ |
| ૧૪ | તરીકાએ નક્શબંદીયાહની તમન્ના | ૧૯૮ |
| ૧૫ | અન્ય બુર્ઝુગોની સોહબતમાં | ૧૯૮ |
| ૧૬ | હઝરત મખ્દુમની વફાત | ૧૯૯ |
| ૧૭ | આગમનની બશારતો | ૧૯૯ |
| ૧૮ | સદરે જહાંનો ખ્વાબ | ૨૦૩ |
| ૧૯ | ખાને આઝમનો ખ્વાબ | ૨૦૪ |
| ૨૦ | શૈખ સુલ્તાનનો ખ્વાબ | ૨૦૫ |
| ૨૧ | વિલાદતે બા-સઆદત | ૨૦૬ |
| ૨૨ | કાદરીફૈઝાન મેળવ્યો | ૨૦૭ |
| ૨૩ | આપનુ દીની શીક્ષણ | ૨૦૮ |
| ૨૪ | ઇલ્મી કાબેલીયત | ૨૦૯ |
| ૨૫ | અકબરાબાદ (આગ્રા)માં રોકાણ | ૨૧૦ |
| ૨૬ | આપની નીકાહ | ૨૧૧ |
| ૨૭ | તાલીમે તરીકત | ૨૧૩ |
| ૨૮ | હ. બાકીબીલ્લાહ આવી પહોંચ્યા | ૨૧૪ |
| ૨૯ | મહેબુબે સમ્દાની નક્શબંદી બન્યા | ૨૧૪ |







| | | |
|---|---|---|
| ૩૦ | બીજી વખત દીલ્હીમાં | ૨૧૬ |
| ૩૧ | પીરો મુરશીદનો અદબ | ૨૧૭ |
| ૩૨ | ગૌષેઆઝમનો ઝભ્ભા મુબારક | ૨૧૮ |
| ૩૩ | અરવાહે ઔલીયાએ કિરામ | ૨૧૯ |
| ૩૪ | મદની સરકાર આવી પહોચ્યાં | ૨૨૦ |
| ૩૫ | તરીકાએ મુજદ્દેદીયાહ | ૨૨૦ |
| ૩૬ | ચાદરે ગરીબ નવાઝ | ૨૨૨ |
| ૩૭ | અલ્લાહના નામનો અદબ | ૨૨૨ |
| ૩૮ | સાહીના ટપકાનો અદબ | ૨૨૩ |
| ૩૯ | પાબંદીની પારાકાષ્ઠા | ૨૨૩ |
| ૪૦ | દીલ્હીમાં ત્રીજી વખત | ૨૨૩ |
| ૪૧ | દીલ્હીમાં ચોથી વખત | ૨૨૪ |
| ૪૨ | વિરોધીઓની તૌબાહ તથા એહસાસ | ૨૨૫ |
| ૪૩ | જમાનાએ અલ્ફેસાનીના ફીત્ના | ૨૨૬ |
| ૪૪ | સમ્રાટ અકબરનું મરણ | ૨૨૯ |
| ૪૫ | આશીફજાહ ની શરારત | ૨૩૦ |
| ૪૬ | જહાંગીરના દરબારમાં | ૨૩૧ |
| ૪૭ | ગ્વાલીયરનો કીલ્લો | ૨૩૨ |
| ૪૮ | જહાંગીર રાહે રાસ્ત ઉપર | ૨૩૩ |
| ૪૯ | આખરી સફરની તૈયારીઓ | ૨૩૫ |
| ૫૦ | ઈન્તહાએ ઇતાઅતે મુસ્તફા | ૨૩૯ |
| ૫૧ | મુસલ્લાના પૈવંદનો ફૈઝ | ૨૪૪ |
| ૫૨ | આપના ઝભ્ભા મુબારકનો ફૈઝ | ૨૪૫ |
| ૫૩ | આપની નાઅલૈનનો ફૈઝ | ૨૪૫ |
| ૫૪ | મકતુબાતમાં શંકા કરશો નહી. | ૨૪૬ |


**ઈમ્તેહાં -૪:- તરીક-એ નક્શબંદીયાહ...........૨૪૭ થી ૨૫૮**


| | | |
|---|---|---|
| ૧ | તમહીદે તરીકએ અસ્ફીયા | ૨૪૯ |
| ૨ | તમહીદે તરીકએ નક્શબંદીયાહ | ૨૫૦ |
| ૩ | વિભીન્ન નામો યુગેયુગે | ૨૫૭ |


**ઈમ્તેહાં -૫:- કલેમાતે નક્શબંદીયાહ............૨૫૯ થી ૨૮૮**


| | | |
|---|---|---|
| ૧ | કલ્મ એ હોશ દરદમ | ૨૬૧ |

૨ કલ્મ એ નઝર બરકદમ ૨૬૨
૩ કલ્મ એ સફર દરવતન ૨૬૪
૪ કલ્મ એ ખીલ્વત દર અંજુમન ૨૬૬
૫ કલ્મ એ યાદ કર્દ ૨૭૩
૬ કલ્મ એ બાઝ ગશ્ત ૨૭૬
૭ કલ્મ એ નીગેહ દાશ્ત ૨૭૭
૮ કલ્મ એ યાદ દાશ્ત ૨૮૦
૯ કલ્મ એ વુકુફે ઝમાની ૨૮૧
૧૦ કલ્મ એ વુકુફે અદદી ૨૮૩
૧૧ કલ્મ એ વુકુફે કલ્બી ૨૮૫

**ઈમ્તેહાં -૬ઃ- ફઝાઈલે તરીકાહ્ (૪૦-મક્તુબાતે મુજદ્દીદે અલ્ફેસાની)**

**............... ૨૮૯ થી ૪૭૬**

★ તમહીદ ૨૯૧
૧ : અલ્લાહ ત્આલા સુધી પહોંચાડનારા માર્ગોની ચર્ચા ૨૯૫
૨ : એહલુલ્લાહની ખિદમતમાં જવાના આદાબો. ૩૦૩
૩ : નિસ્બતે નકશબંદીય્યાહનો શુક્રીયા અદા કરવો. ૩૦૭
૪ : ઉલ્માએ રબ્બાનીની પ્રસંશા, ઉલ્માએ સુ ની ખરાબી ૩૧૨
૫ : સુન્નતની તાબેદારી,નકશબંદી નિસ્બતની જાગૃતી. ૩૧૬
૬ : નકશબંદી તરીકાની તારીફ તથા નિસ્બતની મહાનતા. ૩૧૮
૭ : વિલાયતના દરજ્જા તથા હુઝુરે નિસ્બત પેટે. ૩૨૩
૮ : વહેદાનીયતો નબુવ્વત સાહજીક રીતે સ્વીકાર્ય છે. ૩૩૦
૯ : સુલુકનો માર્ગ સાત કદમ છે; સહાબાનો તરીકો છે. ૩૩૪
૧૦ : વસવસાઓનું દુર થવું આ તરીકામાં હાંસીલ છે. ૩૩૯
૧૧ : પીરે કામીલની સોહબત અને નાકીસ પીરથી બચવું. ૩૪૩
૧૨ : નકશબંદી તરીકાની તારીફ, સહાબાની ફઝીલત ૩૪૭
૧૩ : નકશબંદી શૈખો તરફ ધ્યાનીત થવું, ઈખ્લાસ રાખવો ૩૫૧
૧૪ : તરીકએ ખ્વાજગાનની બુલંદશાન પેટે. ૩૫૩
૧૫ : નાકીસ મુરીદોને ખીલાફત આપવા પેટે. ૩૫૯
૧૬ : નકશબંદી નિસ્બત વડે થોડુંક હાંસીલ થવું પણ ખુબ છે. ૩૬૪
૧૭ : તરીકાની મહાનતા, બીદઅતોના ચલણની ફરીયાદ. ૩૬૭
૧૮ : જે માર્ગ પાર કરવા ઇચ્છીએ છીએ તે સાત ડગલાં છે. ૩૭૩







૧૯ : પીરે તરીકતના આદાબો નઝર સમક્ષ રાખવા પેટે. ૩૭૭
૨૦ : 'નફહાત' ની મુશ્કેલ ઈબારતોનો અર્થઘટન. ૩૮૦
૨૧ : નક્શબંદીઓની સૈયર આલમે અમ્રથી શરૂ થાય છે. ૩૮૯
૨૨ : **'માઆતા કોમુર્રસુલો...'**ના ખુલાસા પેટે..... ૩૯૫
૨૩ : એકાગ્રતાવાળાઓની સોહબત, શરીઅતનું અનુસરણ ૩૯૯
૨૪ : કેટલીક નસીહતો અને ચેતવણીઓ પેટે. ૪૦૧
૨૫ : નકશબંદી તરીકાની ખાસ ખુબીઓ પેટે. ૪૦૩
૨૬ : આદાબોનું ધ્યાન રાખવુ, તકલીફો સહન કરવી. ૪૧૫
૨૭ : નિસ્બતની પરિપૂર્ણતા અને કમાલનો આધાર. ૪૨૧
૨૮ : મહાન નકશબંદી તરીકા તરફ રગબત પેટે. ૪૨૭
૨૯ : નકશબંદી નિસ્બત ઈન્એકાસી હોવા વિશે. ૪૩૧
૩૦ : મુસલમાનોના હકકોની ચર્ચા પેટે. ૪૩૪
૩૧ : નાકીસ પીરોથી તરીકો ગ્રહણ કરવાની મનાઈ. ૪૩૭
૩૨ : ઝીક્રમાં મશ્ગુલીયત તથા તરીકો અપનાવવો. ૪૪૩
૩૩ : શરીઅતની તકલીફોમાં આસાની છે. ૪૪૭
૩૪ : રૂહાનીજીસ્માની લિઝ્ઝતો વચ્ચે સંબંધ. ૪૫૧
૩૫ : સુન્નતે નબવીની ફઝીલત પેટે ૪૫૫
૩૬ : શરીઅત તમામ પ્રકારનીસઆદતોની ચાવી છે. ૪૫૭
૩૭ : ઈન્સાનની જામેઇય્યત ના રહસ્યો. ૪૬૧
૩૮ : સયરાબીનો ઇઝહાર કરનાર ખાલી હોય છે. ૪૬૪
૩૯ : અંત આરંભમાં હોવાનો ભેદ,યાફતની હકીકતોઝૌક. ૪૬૬
૪૦ : 'નિસ્બતે રાબ્તાહ્' ની ફઝીલત પેટે. ૪૭૪

**ઈમ્તેહાં-૭ઃ- અહેવાલે અસ્ફીયા(ગુજરાતના નક્શબંદી ઔલીયા)**

**...............૪૭૭ થી ૫૯૦**

૧ હઝરત ખ્વાજા દાનાશાહ જમાલુદ્દીન-**સુરત.** ૪૭૯
૨. હઝરત ખ્વાજા મોહંમદ દેહદારી- **સુરત.** ૪૮૯
૩. હઝરત શાહ નુરૂલ્લાહ હમ્દાની -**સુરત.** ૪૯૩
૪. હઝરત શાહ નસરૂલ્લાહ પેશાવરી-**સુરત.** ૪૯૫
૫. હઝરત ખૈરૂદ્દીન સુરતી નકશબંદી-**સુરત.** ૪૯૫
૬. હઝરત સૈયદ અબ્દુલ્વહહાબ બુખારી-**સુરત.** ૪૯૭
૭. હ. શૈખ નુર મોહંમદ સુરતી નકશબંદી-**સુરત.** ૫૦૧

| | | |
|---|---|---|
| ૮. | હ. શૈખ અતાઉલ્લાહ સુરતી નકશબંદી-**સુરત.** | ૫૦૧ |
| ૯. | હ. શૈખ અલી રઝા સરહિંદી નકશબંદી-**અહમદાબાદ.** | ૫૦૨ |
| ૧૦. | હઝરત સુફી અખ્લાક અહેમદ સાહેબ-**અહમદાબાદ.** | ૫૦૩ |
| ૧૧ | હઝરત શાહ ઉસ્માન કુરૈશી સાહેબ-**અહમદાબાદ.** | ૫૦૯ |
| ૧૨. | હઝરત મૌલાના ખુબમીયાં નકશબંદી-**અહમદાબાદ.** | ૫૧૪ |
| ૧૩. | હઝરત ફઝલે હકક બાવા નકશબંદી-**ધોરાજી.** | ૫૧૪ |
| ૧૪. | હઝરત શેરમોહંમદબાવા નક્શબંદી-**ધોરાજી.** | ૫૧૯ |
| ૧૫. | હઝરત ઈમામુદ્દીનબાવા નક્શબંદી-**ધોરાજી.** | ૫૨૨ |
| ૧૬. | હઝરત અહમદમિયાં ઈમામુદ્દીનબાવા-**ધોરાજી.** | ૫૨૩ |
| ૧૭. | હઝરત મીરમોહંમદબાવા નક્શબંદી-**ધોરાજી.** | ૫૨૪ |
| | (સૌરાષ્ટ્રમાં હઝરત અહમદયારખાં સાહેબનઈમીનુ આગમન) | |
| ૧૮. | હ. સાંઇ મેવાશા નકશબંદી-મુજદ્દેદી-**ગુંદીયાળી-કચ્છ.** | ૫૨૫ |
| ૧૯. | હઝરત સાંઇ શોયેબ નકશબંદી-**ચુભડક-કચ્છ.** | ૫૨૬ |
| ૨૦. | હ. સૈયદ હાજી મોહંમદશાહ નકશબંદી-**માંડવી-કચ્છ.** | ૫૩૪ |
| ૨૧. | હઝરત મખ્દુમ ઈબ્રાહીમ નકશબંદી-**માંડવી-કચ્છ.** | ૫૪૧ |
| ૨૨. | હઝરત મીયાં અબ્દુલ્લાહ નકશબંદી-**સુથરી-કચ્છ.** | ૫૪૪ |
| ૨૩. | હઝરત શોઅ્બાન શાહ સરહંદી-**ભસવા-કચ્છ.** | ૫૫૦ |
| ૨૪. | હઝરત પીર મહેમુદશાહ જીલાની-**લુણી-કચ્છ.** | ૫૫૦ |
| ૨૫. | ખત્રી સાહેબ ઉમર પીર (ભુજવાળા) -**ભુજ-કચ્છ.** | ૫૫૨ |
| ૨૬. | હઝરત ગુલામ ફારૂક સાહેબ નકશબંદી-**જામનગર.** | ૫૫૫ |
| ૨૭. | હઝરત સુફી અબ્દુલ્લાહશાહ મોડાસવી -**સાંગાનેર.** | ૫૬૩ |
| ૨૮. | હ. વાલીએ સોરઠ મીયાં મહેમુદ શાહ-**જુનાગઢ.** | ૫૭૪ |
| ૨૯ | હઝરત મખ્દુમ શેખ ઈબ્રાહીમ નક્શબંદી-**કુતિયાણા.** | ૫૮૯ |
| ૩૦. | હઝરત અમીરૂલ્લાહ કાદરી નકશબંદી-**ઉપલેટા.** | ૫૯૦ |
| ૩૧. | હઝરત સુફી અબ્દુર્રહમાન(શાહ)સાહેબ-**ધોળકા.** | ૫૯૧ |
| ★ | **સંદર્ભ ગ્રંથો** | ૫૯૨ |







અમારું આગામી પ્રકાશન

**સફીનતુલ અબરાર**

અર્થાત

**કચ્છ સૌરાષ્ટ્રના ઔલીયાએ કામેલીન**

રિજાલુલ્ લા તુલ્હીહીમ તિજારતુંવ્વ
અલા બયઉન અન ઝીક્રીલ્લાહ
(અથાર્ત : આ એવા લોકો છે જેને વેપાર કે લેણ-દેણ,
અલ્લાહની યાદથી ગાફીલ નથી કરી શક્તી)

# ઈમ્તેહાં

# (૭)

# અહવાલે અસ્ફીયાં

## (ગુજરાતના નકશબંદી ઔલીયા)

યા ઈલાહી અઝ તુફૈલે ખ્વાજગાને નકશબંદ,
કારે દુનિયા આકેબત મહેમુદ બાદ.





અમારું આગામી પ્રકાશન
**સફીનતુલ અબરાર**
અર્થાત
**કચ્છ સૌરાષ્ટ્રના ઔલીયાએ કામેલીન**

★ ★ ★ ૧ ★ ★ ★

## હ. ખ્વાજા દાનાશાહ– સૈયદ જમાલુદ્દીન

(રેહમતુલ્લાહે અલયહે)

સિલસિલાએ આલીયા નકશબંદીય્યાહના ગુજરાતમાં પધારેલાં બુઝુર્ગો પૈકીમાં આપ સૌથી અગ્રગણ્ય બુઝુર્ગ છે. આમ તો આપ અને હઝરત ખ્વાજા મોહંમદ બાકીબીલ્લાહ નકશબંદી (રહેમતુલ્લાહ અલયહે) કે જેના દ્વારા આ ભારતીય ઉપખંડમાં સિલસિલાએ આલીયા નકશબંદીય્યાહના અન્વારો ખુબજ ફેલાયા તેઓ બન્ને એકજ યુગના બુઝુર્ગો છે; પરંતુ સિલસિલાનો જેટલો ફેલાવો હઝરત ખ્વાજા મોહંમદ બાકીબીલ્લાહ (રહેમતુલ્લાહ અલયહે) વડે થયો, તેટલો ફેલાવો આપના દ્વારા થઇ શક્યો નહીં.

આપનું મુળ નામ સૈયદ જમાલુદ્દીન (રહેમતુલ્લાહ અલયહે) છે. પરંતુ આપ 'ખ્વાજા દાના' ના ખિતાબ વડે ખ્યાતિ પામ્યા. આપનો મઝારે પુર અન્વાર સુરત શરીફમાં બડેખાં ચકલાં નામના વિસ્તારમાં મરઝએ ખલાઇક છે.

'ગુલશને ગુજરાત' નામની કિતાબમાં લખ્યા મુજબ આપનું મુળ વતન તુર્કસ્તાનનું જુન્નક કે જોક ગામ છે. જે શહેર ખ્વારઝુમથી લગભગ ૧૨ માઇલ જેટલું દુર છે. આપની વિલાદતે બા સઆદત (પવિત્ર જન્મ) હી.સ.૮૯૮ મુજબ ઇ.સ. ૧૪૯૨માં થઇ. આપનો સિલસિલાએ નસબ (પેઢીનામું-વંશાવળી) હઝરત ઇમામે અલી નકી (રદીયલ્લાહો ત્આલાહન્હો) ને જઇ મળે છે.

આપનો વાલીદે બુઝુર્ગવારનું પવિત્રનામ હઝરત ખ્વાજા બાદશાહ પર્દાપોશ (રહેમતુલ્લાહ અલયહ) હતું. અને આપના દાદાનું નામ સૈયદ ઇસ્માઇલ હતું. આપના બુઝુર્ગો (વડીલો-પુર્વજો) ખુરાસાનમાં એટલા બધા લોકીપ્રય હતા તેમજ તેઓની દીની ખિદમતો એટલી હતી કે ખુરાસાનમાં ચુગટાઇ-મોગલવંશના બાદશાહો હુસૈન મિર્ઝા, સુલતાન ઇબ્રાહીમ હુસેન મિર્ઝા અને શૈખ મિર્ઝા વગેરેએ પોતાની શાહઝાદીઓ આપના ખાનદાનમાં આપી હતી.

હઝરત ખ્વાજા જમાલુદ્દીન દાના (રહેમતુલ્લાહ અલયહ) ની વાલીદા પણ શાહઝાદી જ હતાં. આપની વય ચાર(૪) માસની હતી ત્યારે શાહે ઇરાન ઇસ્માઇલ સફવીનું આક્રમણ થતાં હઝારો માણસો માર્યા ગયા; આ





જંગમાં આપના વાલીદ સાહેબ હઝરત ખ્વાજા બાદશાહ પર્દાપોશ (રહેમતુલ્લાહ અલયહ) પણ શહાદત પામ્યાં. આ રીતે આપ બચપણમાં જ યતીમ બની ગયાં. અને હુઝુર નબીએ કરીમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ની એક સુન્નતે ગૈર ઇખ્તિયારી અદા ફરમાવી.

આ યુગમાં હઝરત ખ્વાજા અબુલ હસન અતા (રહેમતુલ્લાહ અલયહ) જેઓ 'ખ્વાજા બાબા' ના નામે મશહુર હતાં; જેઓએ સિલસિલાએ નકશબંદીય્યાહ્ ના એક મહાન બુઝુર્ગ હઝરત ખ્વાજા ઉબૈદુલ્લાહ એહરાર (રહેમતુલ્લાહ અલયહ) થી ખિલાફત મેળવી હતી; તેમજ જાહેરી અને બાતીની ઉલુમોની તાલીમ હઝરત બાદશાહ પર્દાપોશ (રહેમતુલ્લાહ અલયહ) પાસેથી મેળવી હતી; તેઓને હઝરત ખ્વાજા બાદશાહ પર્દાપોશ (રહેમતુલ્લાહ અલયહ) એ ખ્વાબમાં તાકીદ ફરમાવી હતી કે, 'મારા સાહેબઝાદાનો જાહેરી તેમજ બાતિની તર્બિય્યતમાં જરાપણ કચાશ ન રહે, તેઓ ખ્યાલ રાખશો.' આ સમયે આપની વાલીદા (માતા) નો પણ ઇન્તિકાલ થઇ ચુક્યો હતો. હઝરત ખ્વાજા ઉબૈદુલ્લાહ એહરાર (રહેમતુલ્લાહ અલયહ) પણ હઝરત ખ્વાજા અબુલ હસન અતા (રહેમતુલ્લાહ અલયહ) ને આ મુજબ તાકીદ કરી હતી.

હઝરત ખ્વાજા અબુલ હસન અતા (રહેમતુલ્લાહ અલયહ) ને આ મુજબની બશારતો મળતાં આ હઝરત સૈયદ જમાલુદ્દીન દાના (રહેમતુલ્લાહ અલયહ) ની તલાશમાં નીકળી પડ્યાં. ખુબ જ શોધખોળ પછી જંગલમાં આપ એક ઝુંપડીમાંથી મળ્યા આવ્યા. આપે અલ્લાહત્આલાનો શુક્ર અદા કર્યોઅને ત્યારબાદ આપને ખાવરાના જંગલમાં એક જગ્યાએ તળાવની પાળ પર સુવડાવ્યા. હઝરત ખ્વાજા અબુલ હસન અતા (રહેમતુલ્લાહ અલયહ) ને હવે ફીક્ર થવા લાગી કે હજુ તો આપ માસુમ બાળક છે; તેમને દુધ પીવાની જરૂર પડશે. માટે કોઇ દાયણની તલાશ કરું. ઘણી શોધખોળ કરી પણ કોઇ દાયણ મળી શકી નહીં. આમ આ જ રીતે ત્રણ દિવસ પસાર થઇ ગયા. આ ત્રણ દિવસ દરમિયાન હઝરત ખ્વાજા જમાલુદ્દીન દાના (રહેમતુલ્લાહ અલયહ) આપનો ખુદનો જ અંગુઠો ચુસતા રહયા; આપ તેના વડે તૃપ્ત થતાં રહયાં. હઝરત ખ્વાજા અબુલ હસન અતા (રહેમતુલ્લાહ અલયહ) કોઇ દાયણ નહીં મળતાં ખુબ જ પરેશાન હતાં. આપ બારગાહે ઇલાહીમાં આ માસુમ બાળકના દુધના ઇતિજામ માટે કાકલુદી કરવા લાગ્યા. આપ દુઆ કરીને જેવા બાળક ખ્વાજા દાના પાસે પહોંચ્યા તો જોયું કે એક હરણી

આપની પાસે આવીને ઊભી હતી; જેના આંચળમાંથી દુધ ટપકી રહયું હતું. હઝરત ખ્વાજા અબુલ હસન અતા (રહેમતુલ્લાહ અલયહ) અલ્લાહત્આલાની આ મહાન કુદરતનો ભેદ સમજી ગયાં અને આપે જાણી લીધું કે આ અઝીમ નેઅ્મત હઝરત ખ્વાજા દાના (રહેમતુલ્લાહ અલયહ) માટે જ આવી છે. આપે બાળક ખ્વાજા દાનાના પવિત્ર મુખમાં તે હરણીના આંચળ મુકી દીધાં. અને આ રીતે અલ્લાહત્આલા પોતાના એક બંદાનો જાહેરી પરવરીશનો ઈતિજામ ફરમાવ્યો. આ ક્રમ નિયમીત રીતે સતત દોઢ વરસ સુધી ચાલતો રહયો. આપની ઉમર થોડી મોટી થતાં હઝરત ખ્વાજા અબુલ હસન અતા (રહેમતુલ્લાહ અલયહ) આપને જંગલી વનસ્પતિ અને ફળો ચાવી ચાવીને ખવડાવવા લાગ્યાં.

હઝરત ખ્વાજા જમાલુદ્દીન દાના (રહેમતુલ્લાહ અલયહ) આ અનુસંધાને ફરમાવે છે કે, 'સતત ૧૨ વરસ સુધી હઝરત ખ્વાજા અબુલ હસન અતા (રહેમતુલ્લાહ અલયહ) આ રીતે મને વનસ્પતિ અને ફળો ખવડાવતાં રહયાં. મને આ ખાણામાં જેટલી લિઝ્ઝત આવતી હતી, તેવી લિઝ્ઝત અત્યારે અન્ય કોઇ ખાણામાં આવતી નથી.' સતત ૧૨ વરસ સુધી આ રીતે હઝરત ખ્વાજા અબુલ હસન અતા (રહેમતુલ્લાહ અલયહ) આપને જાહેરી અને બાતિની રીતે તર્બિય્યત આપતા રહયાં. જ્યારે આપની વય ૧૨ વરસની થઇ ત્યારે હઝરત ખ્વાજા અબુલ હસન અતા (રહેમતુલ્લાહ અલયહ) એ વિસાલ ફરમાવ્યો.

હઝરત ખ્વાજા અબુલ હસન અતા (રહેમતુલ્લાહ અલયહ) એ પોતાની વફાત પહેલાં હઝરત ખ્વાજા દાના સાહેબ (રહેમતુલ્લાહ અલહય)ને ઘણીજ નસીહતો ફરમાવી અને પછી આપે બે રકાત નમાઝ અદા કરી અને સજદાહ્‌ની હાલતમાં જ આપે ઈન્તિકાલ ફરમાવ્યો. એ સમયે હઝરત ખ્વાજા દાના (રહેમતુલ્લાહ અલયહ)ની વય ઘણી જ નાની (૧૨ વરસ) હતી. આ અણધારી ઘટના બનવાથી આપ ઘણાં જ વ્યાકુળ થઇ ગયા અને વિચાર મગ્ન હાલતમાં બેસી ગયાં કે હવે શું કરવું? આપના કફન-દફન માટે આ ઘોર જંગલમાં શું વ્યવસ્થા કરું ? આપ એ જ વ્યાકુળતાની સ્થિતીમાં બેઠા હતાં કે, આપે અચાનક શું જોયું કે કિબ્લા(કાબાશરીફ) તરફથી એક નુરાની લોકોની જમાઅત જાહેર થઇ અને આપની તરફ આગળ વધી રહી છે. આ નિહાળીને આપ ઘણાં જ ખુશ થઇ ગયાં કે અલ્લાહત્આલા તરફથી મદદ માટે ચોકકસ ફરિશ્તાઓની જ આ જમાઅત આવી છે; અને હકીકત પણ એજ હતી.





આ નુરાની જમાઅત ધીમેધીમે હઝરત ખ્વાજા અબુલ હસન અતા (રહેમતુલ્લાહ અલયહ)ની લાશ મુબારક તરફ આગળ વધી અને આપને ગુસ્લ આપ્યું તેમજ કફન પહેરાવ્યું. ત્યાર બાદ આપના જનાઝાની નમાઝ અદા કરીને આપની દફન વિધી ફરમાવી અને પછી આ નુરાની જમાઅત હઝરત ખ્વાજા દાના પાસે તશરીફ લાવીને આપને ઘણોજ દિલાસો આપ્યો અને ગાયબ થઇ ગઇ. હઝરત ખ્વાજા અબુલ હસન અતા(રહેમતુલ્લાહ અલહય)ની વફાત પછી આપની ઝિંદગી એજ રીતે જંગલમાં વિકરાળ અને ખુંખાર જંગલી જાનવરો વચ્ચે વીતવા લાગી. જંગલી ફળો અને કંદમુળો ખાયને આપ પોતાનું ગુજરાન ચલાવતાં હતાં અને અલ્લાહની યાદમાં મશ્ગુલ રહેતાં હતાં.

એક દિવસ આપના વાલીદે બુઝુર્ગવાર હઝરત ખ્વાજા બાદશાહ પર્દાપોશ (રહેમતુલ્લાહ અલયહ)એ તે યુગના મહાન નકશબંદી બુર્ઝગ હઝરત દુર્વેશ ખ્વાજા મોહંમદ (રહેમતુલ્લાહ અલયહ)ને ખ્વાબમાં ફરમાવ્યું કે, 'મારા ફરઝંદની તાલીમ હજુ અધુરી છે, તેની વધુ તાલીમ માટે હું આપને સોપું છું.' આ બશારત મળતાં હઝરત દુર્વેશ ખ્વાજા મોહંમદ (રહેમતુલ્લાહ અલયહ) હઝરત ખ્વાજા દાના સાહેબની તલાશ માટે નીકળ્યાં; આપને શોધતાં શોધતાં છેક ખુરાસાનના જંગલમાં પહોંચ્યાં અને ત્યાં આપને હરણોનાં ટોળાં વચ્ચે જોયાં. હઝરત ખ્વાજા દુર્વેશ મોહંમદ (રહેમતુલ્લાહ અલયહે)ને નીહાળીને હરણો તો નાસવા લાગ્યા, તો હઝરત ખ્વાજા દાના સાહેબ પણ હરણોની સાથે નાસી ગયાં. ઘણાં દિવસો સુધી આમ જ ચાલતું રહયું. એક દિવસ મોકો મળતાં હઝરત ખ્વાજા મોહંમદે અર્ઝ કરી તેમજ મોહબ્બત સાથે આગ્રહ પુર્વક રોકીને કહયું કે,' હઝરત આપ મને ઓળખતાં નથી, હું કોઇ અજનબી નથી; પરંતુ આપના વાલીદે બુઝુર્ગવારે આપની વિશેષ તાલીમ તેમજ તર્બિય્યતમાટે મને આપની સોંપણી ખ્વાબમાં કરી છે; માટે અહીં હું આપની તલાશમાં આવ્યો છું.' હઝરત ખ્વાજા મોહંમદની આ પ્રમાણેની વિનંતીથી આપ રોકાઇ ગયાં. પછી હઝરત ખ્વાજા સૈયદ મોહંમદ (રહેમતુલ્લાહ અલયહ) આપને પોતાની સાથે લઇ ગયા. અને સતત ૬ (છ) વરસ સુધી આપને રૂહાનીય્યતની તાલીમો તર્બિય્યત આપતાં રહયાં.

હઝરત ખ્વાજા દાના સાહેબ (રહેમતુલ્લાહ અલયહ)ની રૂહાની તાલીમ આપના વાલીદ સાહેબની બશારત મુજબ પુરી થતાં હઝરત ખ્વાજા દુર્વેશ મોહંમદ (રહેમતુલ્લાહ અલયહ) ત્યાંથી પાછા ફર્યા; ત્યારબાદ હઝરત

ખ્વાજા દાના સાહેબ ફરી એકવાર જંગલમાં એકલા રહેવા લાગ્યા અને અલ્લાહની યાદમાં મગ્ન થઇ ગયાં. આપની ઉપર 'જઝબાહ્'ની કૈફીયત છવાયેલી રહેતી હતી, જે નકશબંદી બુઝુર્ગોનો ખાસ ફૈઝ છે. આપની ઇબાદતનો તરીકો એ હતો કે આપ એક હલકો (વર્તુળ) કરીને બેસતાં હતાં. અને આપની ચો તરફ હલ્કો કરીને જાનવરો બેસતાં હતા; આપ જ્યારે 'અલ્લાહો-અલ્લાહો'નો ઝીક્ર જલી (મોટા અવાજથી ઝીક્ર) કરતાં ત્યારે જંગલી જાનવરો પણ આપની નકલ કરતાં હતાં આ રીતે અલ્લાહના ઝીક્ર વડે પુરું જંગલ ગુંજી ઊઠતું હતું.

આપને જંગલની તન્હાઇ ખુબ જ પસંદ હતી. આપ આબાદીથી દુર જ રહેતા હતાં. એકવાર એક બુઝુર્ગ બાબા ચોપાલ (રહેમતુલ્લાહ અલયહ) ત્યાં આવી પહોંચ્યાં હઝરત બાબાને નિહાળીને આપે ત્યાંથી નાસી જવાનો ઇરાદો કર્યો તો હઝરત બાબાએ ફરમાવ્યું કે, 'શું ઇન્સાન ઇન્સાનથી ક્યારેય ભાગે છે.?' હઝરત બાબાની વાત સાંભળીને આપ ત્યાં રોકાઇ ગયાં. એ દરમ્યાન જ એક બીજા દુર્વેશ હઝરત બાબા મજઝુબ તુર્કસ્તાની (રહેમતુલ્લાહ અલયહ) ત્યાં આવી પહોંચ્યાં. ત્રણેય બુઝુર્ગોએ એકબીજા સાથે મુલાકાત કરી. હઝરત બાબા ચોપાલ (રહેમતુલ્લાહ અલયહ)એ તે દરમિયાન જ પોતાની બગલમાંથી ત્રીસ (૩૦)ગરમા ગરમ રોટીઓ કાઢી અને તેમાંથી એક રોટીના ત્રણ ટુકડા કર્યા અને એક ટુકડો હઝરત ખ્વાજા દાના સાહેબને આપ્યો અને એક-એક ટુકડો તેઓ બંને બુઝુર્ગોએ આરોગ્યો. હઝરત બાબા ચોપાલ (રહેમતુલ્લાહ અલયહ)નો આપેલો આ રોટીનો ટુકડો અરોગતાની સાથે જ હઝરત ખ્વાજા દાના સાહેબની બાતીની હાલતમાં તબ્દીલી આવી. આપની જઝબાહ્ની કૈફીયત ખત્મ થઇગઇ. અને આપને આબાદી તરફ આકર્ષણ પેદા થયું. માટે આપે જંગલનો એકાંતવાસ છોડી દીધો અને શહેરમાં આવીને રહેવા લાગ્યાં. અને અહીં ખુરાસાનમાં જ આપ ઇબાદતો-રિયાઝાતમાં મશગુલ થઇ ગયાં. થોડા સમય પછી આ ખુરાસાન છોડીને શહેર બલ્ખમાં પહોંચ્યાં અને ત્યાં એ યુગના મહાન બુઝુર્ગ હઝરત ખ્વાજા અબ્દુલ હાદી (રહેમતુલ્લાહ અલયહ)ની ખાનકાહ શરીફમાં મહેમાન તરીકે રહયાં તેમજ ત્યાંના એક બુઝુર્ગ હઝરત મૌલાના સઇદ તુર્કસ્તાની નકશબંદી(રહેમતુલ્લાહ અલયહ)થી વધુ જાહેરી અને બાતીની તાલીમ હાંસીલ કરી.

એ યુગનો બલ્ખનો બાદશાહ આપના વ્યકિતત્વથી ઘણો જ પ્રભાવીત





થયો અને આપનો મુરીદ બની ગયો. તેમજ પોતાની સાહબઝાદી સાથે આપની શાદી કરી આપી આમ આ રીતે આપે પોતાના બુઝુર્ગોના વારસાને પણ બરાબર જાળવી રાખ્યો. આપ થોડો સમય બલ્ખમાં રોકાયા અને ત્યાર બાદ આપે ત્યાંથી વિદાય લીધી. અને ફરતાં ફરતાં આપ કંદહાર તેમજ સિંધ થઇને આગ્રા પહોંચ્યાં આ પ્રવાસમાં આપની બીવી સાહેબા પણ આપની સાથે હતાં. આપ થોડો સમય આગ્રામાં રોકાયા અને પછી ત્યાંથી ગુજરાત તરફ આપ રવાના થયાં. એ દરમિયાન આપ રસ્તામાં કેટલોક સમય બુર્હાનપુર પણ રોકાયા હતા.

એ સમયે બુર્હાનપુરમાં મોગલ શહેનશાહ અકબરનો સાહેબઝાદો દાનિયાલ બુર્હાનપુરનો ગર્વનર હતો. દાનિયાલ આપની મુલાકાતથી અત્યંત પ્રભાવિત થયો અને આપનો મુરીદ બની ગયો. આ દરમ્યાન થોડા જ અરસામાં દાનિયાલના એકના એક વ્હાલસોયા પુત્રનો ઈંતિકાલ થઇ ગયો. દાનિયાલને હઝરત ખ્વાજા સાહેબ તરફ ખુબજ અકીદત હતી; તેણે પોતાના સાહેબઝાદાની લાશ હઝરત ખ્વાજા દાનાની ગોદમાં રાખી દીધી અને રૂદન કરવા લાગ્યો. હઝરત ખ્વાજા સાહેબે અલ્લાહ ત્આલાની બારગાહમાં દાનિયાલના પુત્રના નવજીવન માટે દુઆ ફરમાવી. અને આપનો મુકદ્દસ હાથ લાશ ઉપર ફેરવ્યો. અલ્લાહ ત્આલાએ આપની દુઆ કબુલ ફરમાવી અને સાહેબઝાદાને નવી ઝિંદગી અતા ફરમાવી. આ રીતે દનિયાલનો ગમ ખુશીમાં પલટાઇ ગયો. હઝરત મૌલાના રૂમ (રહેમતુલ્લાહ અલયહ)એ પોતાની મસ્નવી શરીફમાં આવા લોકોની શાનમાં જ ફરમાવયું છેકે,

**''આં દુઆ શૈખે કે ન ચું હર દુઆસ્ત,**
**ફાનીસ્ત વ ગુફતએ ઉ ગુફતએ ખુદાસ્ત,**
**અકમહો અબરસ ચે બાશદ મુર્દહ નીઝ,**
**ઝીંદા ગર્દીદ અઝ ફસુને આં અઝીઝ.''**

(એટલેકે, આ શૈખ (વલી)ની દુઆ સામાન્ય લોકો જેવી નથી, કારણકે તેઓ અલ્લાહ ત્આલાની ઝાતો-સિફાતમાં ફાની છે. માટે તેઓનું બોલવું એ અલ્લાહનું બોલવું છે. જન્મજાત આંધળો કે કોઢી જ નહીં પરંતુ મુર્દાઓ પણ આવા ખાસ લોકોના એક દમ(ફુંક) વડે જીવંત થઇ જાય છે.)

ત્યાર બાદ આપ બુર્હાનપુરથી રવાના થઇ ગુજરાતમાં વડોદરા મુકામે તશરીફ લાવ્યાં. અહીં આપ એ જમાનામાં ખુબજ સન્માનનીય બુઝુર્ગ હઝરત

મૌલાના નઝીર બદખ્શી (રહેમતુલ્લાહ અલયહ)ના અત્યંત આગ્રહથી થોડા દિવસ માટે રોકાયા. આ રોકાણ દરમિયાન એક દિવસ કેટલાક ડાકુઓએ છાપો માર્યો અને આપનો તમામ સર-સામાન લુંટી લીધો. આ વાતથી હઝરત ખ્વાજા સાહેબને જરાપણ રંજો-ગમ ન થયો બલ્કે આપે અલ્લાહ ત્આલાનો આ વાત પર શુક્ર અદા કર્યો અને ફરમાવ્યું કે, અમાનતવાળાઓને તેની અમાનત પહોંચી ગઇ. અલ્લાહ ત્આલા તરફથી આપને ઇલ્હામ થતાં આપ વડોદરાથી સુરત તશરીફ લઇ જાય છે. એ યુગમાં સુરત ઘણું જ મોટું બંદર અને વેપારી મથક હતું. દેશ-વિદેશ સાથેનો વેપાર અહીં ચાલતો હતો. હજ્જ માટે હાજીઓ સુરત બંદરેથી જ રવાના થતાં હતાં. માટે સુરત એ યુગમાં 'બાબુલ મક્કા' તરીકે પ્રખ્યાત હતું. હઝરતની આગતા સ્વાગતા માટે એ વખતના કિલ્લેદાર કુલીજખાન★ આવ્યા જે આપને પુરાં અદબો એહતરામ અને દબદબા સાથે શહેરમાં લાવ્યાં.

શાહઝાદા દાનિયાલનો મુત્યૃ પામેલો પુત્ર હઝરત ખ્વાજા દાના સાહેબની દુઆ તેમજ તવજ્જોહ્ વડે જીવંત થવાની વાત જ્યારે બાદશાહ અકબરે જાણી તો તે પણ હઝરતનો પુરે પુરો અકીદતમંદ બની ગયો હતો. હઝરતના સુરતમાં આગમન પછી બાદશાહ અકબરે હઝરત ખ્વાજા સાહેબ માટે રૂપિયા એક લાખનું જંગી નઝરાણું આપની બારગાહમાં પેશ કર્યું. સુરતનો હાકીમ અબ્દુર્રહમાન તેહરાની પણ આપનો મુરીદ બન્યો હતો. સુરતમાં આપે કયામ ફરમાવ્યો ત્યાર બાદ આપે અહીં એક ખાનકાહશરીફ બનાવવાની શરૂઆત કરી. કહેવાય છેકે આ ખાનકાહ શરીફનું ચણતર કામ કારીગરો દિવસભર કરતાં હતાં તે રાતના સમયે આપ પોતાની તવજ્જોહ વડે તોડી પાડતાં હતાં. આપના એક મુરીદે આ વાત પાછળનો

---

ફુટનોટ :-

★[1] કુલીજખાન :- આ કુલીજખાન હઝરત ખ્વાજા મોહંમદ બાકી બીલ્લાહ (રહેમતુલ્લાહ અલયહ)ના બિરાદરે નિસ્બત (સાળા) થતાં હતાં. હઝરત ઇમામે રબ્બાની મુજદ્દીદે અલ્ફેષાની(રદીયલ્લાહો ત્આલા અન્હો)ના મકતુબાત શરીફમાં (પવિત્રપત્રો)માં આપના નામે ૪(ચાર) પત્રો છે. મકતુબાત શરીફની જીલ્દ-૧માં મકતુબ નં ૨૪,૭૬ અને ૧૪૧ તથા જીલ્દ -૨ માં પત્ર નં. ૩૨ આપના નામે લખેલ છે. તુર્કી ઝબાનમાં સિંહને 'કુલીજ' કહે છે. આપ કુલીજ ખાન અંદજાની તરીકે મશહુર હતાં. આપનું પુરૂં નામ મુલ્લા મોહંમદ કુલીજ ખાન હતું. આપ જાહેરી તેમજ બાતિની બંને પ્રકારના ઇલ્મોમાં પારંગત હતાં. અને સાથે સાથે આપ મહાન લડવૈયા અને યુદ્ધ કળામાં નિષ્ણાંત હતાં. આ રીતે કહી શકાય કે આપ શસ્ત્ર તેમજ શાસ્ત્ર બંનેમાં પીરપુર્ણ હતાં. ઍંશી (૮૦) કરતાં કંઇક વધુ ઉમરમાં બાદશાહ જહાંગીરના શાસનકાળ દરીમયાન હી.સ.૧૦૨૩માં આપે ઇન્તેકાલ ફરમાવ્યો.





ભેદ માલુમ કર્યો તો આપે ફરમાવ્યું કે, અલ્લાહના બંદાઓની રોઝી ચાલુ રહે માટે હું આવું કરું છું.

**આપની વફાત અને ત્યાર પછીની કરામત:-**

સુરતથી થોડા સમય માટે આપ ફરીવાર બુર્હાનપુર તશરીફ લઇ ગયાં. ત્યાં કેટલાક દિવસ આપે કયામ ફરમાવ્યો અને ત્યાંથી પાછા ફરીવાર આપ સુરત પાછા તશરીફ લાવ્યા. અને ત્યારબાદ આપ અહીં બિમાર પડયાં. એક દિવસ આપની ઉપર એટલી બેહોશી છવાઇ ગઇ કે ત્યાં હાજર રહેલાં લોકો રડવા લાગ્યા. થોડીવાર પછી આપ ફરી હોંશમાં આવ્યા. અને 'સુરે-યાસીન'ની આપે તિલાવત ફરમાવી અને ત્યારબાદ 'કલ્માએ તૈયબા' પઢતાં પઢતાં આપે વિસાલ ફરમાવ્યો.

આપની વફાતની તારીખ ૫-સફર હી.સ. ૧૦૧૬ મુજબ ઇ.સ. ૧૬૦૭ છે. વફાત સમયે આપની ઉમ્રશરીફ ૧૧૮ વરસની હતી. સુરતમાં બડેખાં ચકલાં માં બનાવેલી આપની પવિત્ર ખાનકાહમાં જ આપના પવિત્ર શરીરને સુપર્દે ખાક કરવામાં આવ્યું.

આપની દફન વીધી થયા બાદ ધોધમાર વરસાદ પડયો. જેમાં આપની કબ્રશરીફ બીલ્કુલ ધોવાઇ ગઇ, ત્યાં સુધી કે કબ્રશરીફની કશી જ નિશાની બાકી ન રહી. તમામ લોકો આ વાતથી ઘણાં જ પરેશાન હાલ હતાં. એ દરમિયાન જ હઝરત ખ્વાજા સાહેબે પોતાના સાહબઝાદાને ખ્વાબમાં ફરમાવ્યું કે, 'મારી કબ્ર ફલાણાં સ્થળે છે' જ્યારે શોધ કરી તો કબ્રશરીફ તો મળી ગઇ પરંતુ કબ્રમાંથી આપની લાશ મુબારક ગુમ હતી. આ વાતથી લોકોની પરેશાની વધુ ગઇ. હઝરત ખ્વાજા સાહેબે ફરીવાર પોતાના ફરઝંદને ખ્વાબમાં ફરમાવ્યું કે, 'પરેશાન ન થાઓ, ગઇકાલે મારી લાશને ખાન-એ-કાબ્બા માં લઇ જવામાં આવી હતી; માટે હું કબ્રમાં ન હોતો, હવે હું મારી કબ્રમાં પાછો આવી ગયો છું.'

બીજા દિવસે સવારમાં ફરીવાર જ્યારે આપની કબ્રશરીફ ખોલવામાં આવી તો આપ તેમાં હાજર હતાં. આપના કફન મુબારક પર માટીનો એક ધબ્બો પણ ન હોતો. ખુશ્બુ વગેરેનો છંટકાવ કરીને આપની કબ્રશરીફને ફરીવાર બંધ કરી દેવામાં આવી.

**-: આપના ફરઝંદો અને ગાદીનશીનો :-**

'પટની સુવે નિયર' માં લખ્યા મુજબ હઝરત ખ્વાજા જમાલુદ્દીન દાના (રહેમતુલ્લાહ અલયહ)ના બે સાહેબઝાદાઓ હતાં જેના નામો

આ મુજબ છે.

(૧) હઝરત ખ્વાજા મોહંમદ કાસીમ(રહેમતુલ્લાહ અલયહ)

(૨) હઝરત ખ્વાજા અન્વારૂલ હસન (રહેમતુલ્લાહઅલયહ)

હઝરત ખ્વાજા જમાલુદ્દીન દાના સાહેબ (રહેમતુલ્લાહ અલયહ)ના વિસાલશરીફ પછી આપના ફરઝંદ હઝરત ખ્વાજા મોહંમદ કાસીમ (રહેમતુલ્લાહ અલયહ)આપના ગાદીનશીન બન્યાં. ત્રણ વરસ સુધી આપ સજ્જાદગીનો હક અદા કરતા રહયા અને હી.સ.૧૦૧૯ મુજબ ઇ.સ. ૧૬૧૦ માં આપ વફાત પામ્યાં.

હઝરત ખ્વાજા મોહંમદ કાસીમ(રહેમતુલ્લાહ અલયહ)ની વફાત પછી હઝરત ખ્વાજા સાહેબના બીજા ફરઝંદ હઝરત ખ્વાજા અબુલ હસન (રહેમતુલ્લાહ અલયહ)સજ્જાનશીન બન્યાં. આશરે પાંત્રીસ (૩૫)વરસ સુધી આપ સજ્જાદગીનો હક અદા કરતાં રહયા. હી.સ. ૧૦૫૪ મુજબ ઇ.સ. ૧૬૪૪ માં આપ વફાત પામ્યાં હઝરત ખ્વાજા દાના સાહેબ (રહેમતુલ્લાહ અલયહ)ના મઝાર શરીફની પશ્ચિમ બાજુએ આપની દફન વીધી કરવામાં આવી.

તેઓના યુગમાં પાટણના ફૌજદાર અબ્દુલ્લાહ ખાને આપની ખાનકાહ શરીફ જ એક જામે મસ્જિદ તેમજ આપના રોઝાશરીફ ઉપર ગુંબદનું બાંધકામ કરાવ્યું. હઝરત ખ્વાજા દાના સાહેબની ખાનકાહશરીફ પાસે જે ૧૦૦(સો)ફુટ ઊંચો મિનારો છે, તેનું બાંધકામ પણ મસ્જિદની સાથે જ થયેલું હતું પરંતુ વાવાઝોડાના કારણે નુકસાન થતાં ગુલામ બાબા ખાને હી.સ. ૧૩૦૦માં તેને નવેસરથી રીપેર કરાવેલ હતો.

હઝરત ખ્વાજા અબુલ હસન (રહેમતુલ્લાહ અલહય)નો વફાત પછી તેઓના ફરઝંદ ખ્વાજા સૈયદ મોહંમદ (રહેમતુલ્લાહ અલયહ)ગાદીનશીન થયાં; જેઓ આશરે ચોવીસ(૨૪) વરસ સુધી સજ્જાદગીનો હક અદા કરતાં રહયાં અને હી.સ. ૧૦૭૮માં તેઓ વફાત પામ્યા. દરગાહશરીફના ગુબંદમાં જ આપને દફન કરવામાં આવ્યાં ત્યારબાદ તેઓના ફરઝંદ હઝરત નુરૂલ હસન સાહેબ (રહેમતુલ્લાહ અલહય) સજ્જાદાનશીન બન્યાં. અને પચાસ (૫૦) વરસ સુધી આપ રશ્દો-હિદાયતનું કાર્ય કરતાં રહયાં હી.સ. ૧૧૨૬માં આપે વિસાલ ફરમાવ્યો.

હઝરત ખ્વાજા નુરૂલહસન સાહેબ (રહેમતુલ્લાહ અલયહ)ના બે ફરઝંદ હતાં.(૧) હઝરત ખ્વાજા ફૈઝુલહસન સાહેબ (રહેમતુલ્લાહ





અલયહ) (૨) હઝરત ખ્વાજા નુરૂલ અલા સાહેબ (રહેમતુલ્લાહ અલયહ)

આ બંને માંથી મોટા ફરઝંદ હઝરત ફૈઝુલ હસન સાહેબ (રહેમતુલ્લાહ અલયહ) આપના જાંનશીન બનયાં. તેઓપોતાના યુગના મહાન આલીમ અને ફાઝીલ હતાં. આપને ઔલાદમાં માત્ર એક સાહેબઝાદી જ હતી. આપ લગભગ ૨૫ (પચીસ)વરસ સુધી ગાદીનશીન રહયાં અને હી. સ. ૧૧૫૧માં આપની વફાત થતાં આપના નાનાભાઇ હઝરત ખ્વાજા નુરૂલ અલા ખ્વાજા સાહેબ (રહેમતુલ્લાહ અલયહ) સાહેબે સજ્જાદાહ બન્યાં અને ૧૩(તેર) વરસ સુધી આપ એ જ રીતે પોતાના બુઝુર્ગોના તૌર-તરીકા મુજબ રૂશ્દો હિદાયતનું કામ કરતા રહયાં અને હી. સ. ૧૧૬૪માં આપ વફાત પામ્યાં. આપને પણ ઔલાદમાં માત્ર એક સાહેબઝાદી જ હતી. માટે આપે પોતાની વફાતથી પહેલાં હી.સ. ૧૧૯૫ મુજબ ઇ.સ. ૧૭૪૬ માં પોતાના દામાદ (જમાઇ) હઝરત હાફીઝ અબુલ હસન બીન કાઝી શર્ફુદ્દીન ઉર્ફે સૈયદ વલીયુલ્લાહ ખાન સાહેબને પોતાના સજ્જાદાનશીન બનાવ્યાં હતાં. અને શહેરના આગેવાનો સામે જ સદરહુ વકફ તેમજ તેને લગતાં તમામ દસ્તાવેજો તેઓનો સુર્પદ કરી દીધાં હતાં, આ રીતે હઝરત ખ્વાજા દાના સાહેબ નકશબંદી (રહેમતુલ્લાહ અલયહે)ની સજ્જાદાનશીનીનો હક સુરત શહેરના કાઝી સાહેબના ખાનદાનને હાંસીલ થયો.

**આપના સંદલ શરીફના સમયે જાહેર થતી કરામતોં અને તેની કૈફીયતો**

હઝરત ખ્વાજા જમાલુદ્દીન દાના ખ્વરઝમી નકશબંદી (રહેમતુલ્લાહ અલયહ)નો ઉર્ષમુબારક દર વર્ષે માહે સફરની ૩ અને ૪ તારીએ ઘણી જ શાનૌ-શૌકત સાથે બનાવવામાં આવે છે.

આપના સંદલશરીફના દિવસે મઝારે પાક પર ત્રણ(૩) કરામતોં એકી સાથે જાહેર થાય છે. આપના સંદલશરીફની ખાસ વિશેષતા છે. જે ત્રણ કરામતો જાહેર થાય છે તે આ પ્રમાણે છે.

(૧) આપના ગુબંદશરીફ પર રહેલાં પંજાનું આપમેળે ઝુકવું.

(૨) મઝારે પાકનું તાળું આપમેળે જ ખુલી જવું.

(૩) હોજના પાણીનું મૌજાની જેમ ઉડવું.

આ ત્રણેય કરામતો સંદલ શરીફ જ્યારે આપની ચોખટ પર પહોંચે છે, ત્યારે એક જ દર્પણમાં એક સાથે જ જાહેર થાય છે, માટે જોનારાઓ ત્રણ પૈકી કોઇપણ એક કરામત જોઇ શકે છે.

આપના સંદલશરીફની રસ્મ એ રીતે અદા કરવામાં આવે છે કે માહે

સફરની ત્રણ(૩જી) તારીખે ઈશાની નમાઝ બાદ સંદલશરીફનું ઝુલુસ સજ્જાદા-નશીનના મકાન પરથી કાઢવામાં આવે છે. જ્યારે આ ઝુલુસ દરગાહશરીફના બુલંદ દરવાઝાઓ મઝારશરીફ તરફ આગળ વધે છે તો ઝુલુસમાં સામેલ લોકો બુલંદ આવાઝથી **''લા ઈલાહા ઈલ્લલ્લાહો...''**નો ઝીક્રશરીફ શરૂ કરે છે. જેમ જેમ ઝુલુસ મઝાર શરીફ તરફ આગળ વધે છે. ઝીક્રની હરારત વધતી જાય છે. જ્યારે સંદલશરીફ બીલ્કુલ ચોખટ પાસે પહોંચે છે ત્યારે ઝીક્રશરીફ પોતાના પરાકાષ્ઠા પર પહોંચે છે અને એ જ ક્ષણે આ ત્રણેય કરામતો પ્રગટ થાય છે. મઝારેપાકના દરવાઝાને આગળથી જ તાળું મારેલું હોય છે; થોડીવારમાં જ આ તાળું આપો આપ ખુલી જાય છે અને દરવાજો પણ ખુલી જાય છે; એ જ ક્ષણે પંજો પણ સલામી માટે ઝુકી પડે છે અને હોજનું પાણી અનેરી મસ્તીમાં ઉછળવા લાગે છે; હજારો લોકોની મેદની આ કરામતો પોતાની સગી આંખે જુવે છે. કોઇ પણ વ્યક્તિ એક કરામત જોઇ શકે છે. અને જેને અલ્લાહ ત્આલા જોવાની અનેરી કુવ્વત અતા કરે છે, તે ત્રણેય કરામતો એકી સાથે પણ જોઇ શકે છે.

સફર મહિનાની ૪(ચોથી) તારીખે આપના ઉર્ષશરીફની રસ્મોં અદા કરવામાં આવે છે; જેમાં ફજરની નમાઝ બાદ ખાસ પતાશા અને ખીચડી પર ફાતેહા પઢવામાં આવે છે; અને તબર્રુક તરીકે વહેંચવામાં આવે છે. આ પતાશાનો ખાસ ફૈઝ એવો છે કે જે સ્ત્રીને સુવાવડ (ડીલીવરી)ની સમયે તકલીફ હોય તેને આ પતાશો જો ખવડાવી દેવામાં આવે તો ઇન્શાઅલ્લાહ ઘણી જ સરળતાપુર્વક ડીલીવરી થઇ જાય છે.

અને ખીચડીની તબર્રુક માટે એવું કહેવાય છેકે, જે શખ્સ ચાહે તે મર્દ હોય કે ઔરત આ ખીચડી ખાઇ લેશે તેને ઇન્શાઅલ્લાહ પુરાં વરસ માટે ઝેહરીલો જાનવર કરડશે નહીં તેમજ તેનું ઝેર ચઢશે નહીં. એટલે કે ઝેહરીલા જાનવરોથી પુરાં વરસ માટેનું સુરક્ષાવીમો છે.

★ ★ ★ ૨ ★ ★ ★

## હ. ખ્વાજા મોહંમદ દેહદારી નકશબંદી

(રેહમતુલ્લાહે અલયહે)

કુત્બુલઅકતાબ ફરીદુદ્દહર હઝરત ખ્વાજા મોહંમદ દેહદારી નકશબંદી (રહેમતુલ્લાહ અલહય) પણ ગુજરાતમાં પધારનારા નકશબંદી બુઝુર્ગોમાં ઘણાં અગ્રગણ્ય બુઝુર્ગ છે, એટલું નહીં પરંતુ આપ હઝરત ખ્વાજા જમાલુદ્દીન





દાના નકશબંદી ખ્વારઝમી (રહેમતુલ્લાહ અલયહ)ના સમકાલીન બુઝુર્ગ છે. આ બંને બુઝુર્ગો એક સમયગાળા દરમિયાન સુરતની ધરતી પર તશરીફ લાવ્યા હતાં.

હઝરત ખ્વાજા મોહંમદ દેહદારી નકશબંદી (રહેમતુલ્લાહ અલહય) સિલસિલાએ નકશબંદીય્યાહના મહાન બુઝુર્ગ તેમજ આશીકે રસુલ હઝરત મૌલાના અબ્દુર્રહમાન નુરૂદ્દીન જામી નકશબંદી એહરારી (રહેમતુલ્લાહ અલહય)ના મુરીદ તેમજ ખલીફા છે. આપે જાહેરી તેમજ બાતીની તાલીમ તેઓથી જ હાંસીલ કરી. હઝરત ખ્વાજા મોહંમદ દેહરારી (રહેમતુલ્લાહ અલયહ) ના વાલીદે મોહતરમનું પવિત્ર નામ હઝરત ખ્વાજા મહેમુદદેહદારી નકશબંદી (રહેમતુલ્લાહ અલહય)હતું. તેઓ પણ હઝરત મૌલાના અબ્દુર્રમાન નુરૂદ્દીન જામી નકશબંદી એહરારી (રહેમતુલ્લાહઅલયહ)ના જ ખલીફા અને શાર્ગીદ હતાં. આપનું વતન રશિયામાં બુખારા પાસે આવેલું દેહદાર નામનું ગામ હતું માટે જ આપ 'દેહદારી' ના ઉપનામ વડે ઓળખાયા.

હઝરત ખ્વાજા મોહંમદ દેહદારી નકશબંદી (રહેમતુલ્લાહ અલયહ)નો શજરાએ તરીકત કે જેમાં નિસબતે નકશબંદીય્યાહ આપને હુઝુર નબીએ કરીમ (સલ્લલ્લાહો અલયહ વસલ્લમ)થી ક્રમશઃ હાંસીલ થઇ જેનો ક્રમ નીચે મુજબ છે. (**નોટઃ-** આપના શજરાએ તરીકતની હસ્તલેખીત પ્રતઃની એક નકલ આ લેખકને દરગાહશરીફના ખાદીમ તરફથી મળેલ જેના આધારે આ ક્રમ લખી રહયો છું.)

(૧) હઝરત મોહંમદ મુસ્તફા (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) (૨) હઝરત સૈયદના સીદ્દીકે અકબર (રદીયલ્લાહો ત્આલા અન્હો) (૩) હઝરત ખ્વાજા સલમાં ફારસી (રદીયલ્લાહો ત્આલા અન્હો) (૪) હઝરત ખ્વાજા કાસીમ (રદીયલ્લાહો ત્આલા અન્હો) (૫) હઝરત ઇમામ જાફર સાદીક (રદીયલ્લાહો ત્આલા અન્હો) (૬) હઝરત ખ્વાજા ઇમામ અબુલ હસન મુસા અલ્કાઝમી (રદીયલ્લાહો ત્આલા અન્હો) (૭) હઝરત ખ્વાજા ઇમામ જાફર બીન મુસા કાઝીમ (રદીયલ્લાહો ત્આલા અન્હો) (૮) હઝરત ખ્વાજા બાયઝીદ બુસ્તામી (રદીયલ્લાહો ત્આલા અન્હો) (૯) હઝરત ખ્વાજા મોહંમદ મગરબી (રદીયલ્લાહો ત્આલા અન્હો) (૧૦) હઝરત ખ્વાજા અબીયઝીદ ઇશ્કી (રદીયલ્લાહો ત્આલા અન્હો) (૧૧) હઝરત ખ્વાજા અલી મુઝફ્ફર તરતુસી (રદીયલ્લાહો ત્આલા અન્હો) (૧૨) હઝરત ખ્વાજા અબ્દુલ હસન અફી અલ્બુખારી ખિરકાની(રદીયલ્લાહો

ત્આલા અન્હો) (૧૩) હઝરત ખ્વાજા અબી ફઝલુલ્લાહ ફારસી(રહેમતુલ્લાહ અલયહ) (૧૪)હઝરત ખ્વાજા અબી યાકુબ યુસુફ અલ્હમદાની(રહેમતુલ્લાહ અલહય) (૧૫) હઝરત ખ્વાજા અબ્દુલખાલીક ગજદવાની અલ્બુખારી (રહેમતુલ્લાહ અલહય) (૧૬) હઝરત ખ્વાજા મહેમુદ બંદાનવાઝ અલ્બુખારી અલફગનવી (રહેમતુલ્લાહ અલહય) (૧૭) હઝરત ખ્વાજા અલી અલ્બુખારી રામેતની (રહેમતુલ્લાહ અલહય) (૧૮) હઝરત ખ્વાજા મહેમુદ અલ્બુખારી સમ્માસી (રહેમતુલ્લાહ અલહય) (૧૯)હઝરત ખ્વાજા સૈયદ અમીરે કુલાલ અલ્બુખારી (રહેમતુલ્લાહ અલહય) (૨૦) હઝરત કુત્બુલ્અકતાબ બલાએગીર્દા હઝરત ખ્વાજા સૈયદ બહાઉદ્દીન નકશબંદ (રહેમતુલ્લાહ અલયહ) (૨૧) હઝરત ખ્વાજા અલાઉદ્દીન કાશ્મીરી (રહેમતુલ્લાહ અલહય) (૨૨) હઝરત ખ્વાજા નિઝામુદ્દીન સાહેબ (રહેમતુલ્લાહ અલહય) (૨૩) હઝરત ખ્વાજા યાકુબ ચર્ખી (રહેમતુલ્લાહ અલહય) (૨૪) હઝરત ખ્વાજા અલાઉદ્દીન મુરગાની (રહેમતુલ્લાહ અલહય) (૨૫) હઝરત ખ્વાજા નુરૂદ્દીન અબ્દુર્રહમાન જામી (રહેમતુલ્લાહ અલહય) (૨૬) હઝરત ખ્વાજા કુત્બુલ્અકતાબ ફરીદુદ્દહર સૈયદ મોહંમદ દેહદારી નકશબંદી (રહેમતુલ્લાહ અલહય).

આ રીતે આપને હુઝુર નબીએ કરીમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)થી ૧૯ (ઓગણીસ) વાસ્તાઓથી 'ફૈઝાને નકશબંદ' (નિસ્બતે હુબ્બી) હાંસીલ છે. અને હઝરત કુત્બુલ્અકતાબ ખ્વાજા બહાઉદ્દીનશાહ નકશબંદ (રદીયલ્લાહો ત્આલા અન્હો)થી ૬ (છ) વાસ્તાઓ થકી 'નિસ્બતે નકશબંદીય્યાહ્' હાંસીલ છે.

હઝરત ખ્વાજા મોહંમદ દેહદારી (રહેમતુલ્લાહ અલયહ) આલિમે બે બદલ અને સુફીએ ઝીવકાર હતાં, તેમજ આપ ખુબજ મહાન મુસન્નીફ (લેખક) પણ હતાં. આપે અનેક કિતાબો તફસીરોં તેમજ અનેક કિતાબોંની શર્હો (વિવરણોં) લખેલી છે. આપ સુરતમાં તશરીફ લાવીને લોકોને હિદાયતની પ્રેરણા તેમજ ઈસ્લામના હુકમો પાલન કરવા માટે તાલીમ આપતાં રહયા. આપની નસીહતો, અમલી ઝિંદગી તેમજ આપના આલા દરજ્જાના અખ્લાકો વડે પ્રભાવિત થઈને સુરત નજીક આવેલા કામાનગર(હાલ-કામરંજ)નો છેલ્લા રાજા તાનસેને ઈસ્લામ કબુલ કરી લીધો હતો. અને પછી તેણે પોતાનું નામ બખ્તિયાર રાખ્યું હતું. રાજા તાનસેને ઉર્ફે બખ્તિયારે





હઝરત ખ્વાજા સાહેબ માટે એક જ મોટો ગુબંદ પણ બનાવ્યો હતો. પરંતુ ખ્વાજા સાહેબ પહેલાં જ બખ્તિયારનો ઈન્તેકાલ થઈ જતાં હઝરત ખ્વાજા સાહેબના આદેશ મુજબ તેને જ આ ઘુમ્મટ નીચે દફનાવવામાં આવ્યો.

**હુઝુર નબીએ કરીમ (સલ્લલ્લાહો અલયહ વસલ્લમ)ના બાલમુબારકનો એહતરામઃ-**

હઝરત ખ્વાજા મોહંમદ દેહદારી નકશબંદી (રહેમતુલ્લાહ અલયહ) પાસે હુઝુર નબીએ કરીમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ના બાલ મુબારક હતાં. જ્યારે આ ફાની દુનિયામાંથી આપની કુચનો સમય નજીક આવ્યો ત્યારે આપના ખાદીમોએ આ બાલમુબારક કોની પાસે રહે ! તેનો ખુલાસો ચાહ્યો, તો આપે આ અનુસંધાને ફરમાવ્યું કે, 'મારા ઈન્તેકાલ પછી મને ગુસ્લ આપીને કફન પહેરાવ્યા બાદ આ બાલ મુબારક મારી પાસે લાવવામાં આવે, એ સમયે આ બાલ મુબારક જે શખ્સ તરફ જાય તે તેનો હકદાર બનશે.'

આપના આ ફરમાન મુજબ જ્યારે આપે વિસાલ ફરમાવ્યો તો આપને ગુસ્લ આપ્યા પછી અને કફન પેહરાવ્યા બાદ આ પવિત્ર બાલ મુબારક આપની સમક્ષ લાવવામાં આવ્યાં. એ સમયે ત્યાં સુરતના તમામ બુઝુર્ગાને દીન અને શહેરના આબરૂદાર લોકો હાજર હતાં ; જે પૈકી હઝરત સૈયદ મોહંમદ એદ્રુસ સાહેબ (રહેમતુલ્લાહ અલયહ)પણ ત્યાં હાજર હતાં. દરેક એવી ખ્વાહીશ ધરાવતાં હતાં કે આ દુર્લભ, અમુલ્ય અને અજોડ તોહફો મને જ હાંસીલ થાય પરંતુ એ દરમિયાન જ આપની જમણી આંખ મુબારક ઉઘડી, અલ્લાહ ત્આલાના અન્વારોના મુશાહેદો કરનારી એ મુબારક આંખની કીકી ચોતરફ ફરી અને અંતે એ બાલ મુબારક પવિત્ર ડબ્બીમાંથી નીકળીને આપની એ ખુલ્લી આંખ મુબારકમાં જઈને સમાઈ ગયાં. આ બાલમુબારક જેવાં આપની આંખ મુબારકમાં પ્રવેશ્યાં કે આપની એ પવિત્ર આંખ આપ મેળે જ બંધ થઈ ગઈ જે ત્યાં હાજર રહેલાં તમામ લોકોએ પોતાની સગી આંખે પ્રત્યક્ષ નિહાળીયું; અને માટે આજે પણ આપના મઝારેપાક પર આંખની તકલીફવાળાઓ આવે છે. અને આપના મઝારેપાકની કંઠડી પર રાખવામાં આવેલી સિલાઈ આંખોમાં ફેરવે છે; જેના કારણે આંખોની તકલીફો દુર થઈ જાય છે. જે હુઝુર નબીએ કરીમ સાહેબે લૌલાક (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ના બાલ મુબારકનો જ ફૈઝાન છે.

'સફરનામાએ હિજાઝ'ના લેખક એક જગ્યાએ હઝરત ખ્વાજા મોહંમદ દેહદારી નકશબંદી (રહેમતુલ્લાહ અલયહ)નો ઉલ્લેખ કરતાં લખે

છેકે, એ બુઝુર્ગોના મઝારની ઝિયારત માટે જાઓ. કારણકે ત્યાં આં હઝરત (સલ્લલ્લાહો અલયહ વસલ્લમ) ના મુકદ્દસ જીસ્મ શરીફનો એક જુઝ મુબારક (પવિત્ર અંશ) દફન છે, 'હું ત્યાં ગયો હતો ત્યારે ખુબ જ પ્રભાવિત થયો હતો.'

પછી આજ લેખક વધુ આગળ લખે છેકે, હઝરત મૌલાના નુરૂદ્દીન અબ્દુર્રમાન જામી નકશબંદી (રહેમતુલ્લાહ અલયહ) ની કિતાબ 'નફહાતુલઉન્સ' ઉપર હઝરત ખ્વાજા મોહંમદ દેહદાર (રહેમતુલ્લાહ અલયહ) એ એક શર્હ (વિવરણ) લખી છે, જે મકકાશરીફમાં મારા જોવામાં આવી હતી.

**આપનો વિસાલ અને મઝારે મુબારકઃ-**

હઝરત ખ્વાજા દેહદારી નકશબંદી (રહેમતુલ્લાહ અલયહ) એ હી.સ. ૧૦૧૬ મુતાબીક ઇ.સ. ૧૬૦૭ માં માહે મોહર્રમુલહરામની ૧૯મી તારીખે વિસાલ ફરમાવ્યો.

આપનો પવિત્ર મઝાર સુરત શહેરમાં હરીપુરા વિસ્તારમાં આવેલાં હઝરત સૈયદ હસનજી સાહેબ (રહેમતુલ્લાહ અલયહ) ના ટેકરા પાસેના કબ્રસ્તાનમાં આવેલો છે. જે હસનજીના ટેકરાના નામથી જ મશહુર છે. આપનો ઉર્ષમુબારક ૧૯ માહે મોહર્રમુલહરામના રોજ ઘણી શાનો-શૌકતથી મનાવવામાં આવે છે.

આપના મઝારશરીફની પાસે દક્ષિણ દિશામાં બે મઝારો આવેલાં છે; જે આપના ખલીફાઓ (૧) હઝરત સૈયદ હુસેન સાહેબ (રહેમતુલ્લાહ અલયહ) તેમજ (૨) હઝરત સૈયદ મુબારક (રહેમતુલ્લાહ અલયહ) ના છે.

★ ★ ★ 3 ★ ★ ★

## હઝરત શાહ નુરૂલ્લાહ હમ્દાની (રહેમતુલ્લાહ અલહય)

સુરત શહેરમાં તશરીફ લાવેલાં નકશબંદી બુઝુર્ગો પૈકીના આપ એક છે. હઝરત શાહ નુરૂલ્લાહ હમ્દાની નકશબંદી-મુજદ્દેદી (રહેમતુલ્લાહ અલયહ) વિશે હઝરત મૌલાના ખૈરૂદ્દીન સુરતી (રહેમતુલ્લાહ અલહય) પોતાની કિતાબ 'એઅ્રાસનામા' માં લખે છેકે, આપ હઝરત ખુબજ કામીલ બુઝુર્ગ હતાં, આપનું મુળવતન પેશાવર હતું. આપ હાફીઝે કુર્આન તેમજ





મહાન આલીમે રબ્બાની હતાં. આપ પોતાના મુળવતન પેશાવરથી હજ્જના ઈરાદે સુરત તશરીફ લાવ્યાં હતાં. હજ્જની સફર દરમ્યાન આપે એ યુગના મકકાશરીફમાં રહેલાં નકશબંદીય્યાહ્-મુજદ્દેદીય્યાહ સિલસિલાના મહાન બુઝુર્ગ હઝરત મખ્દુમ અશરફ મકકી (રહેમતુલ્લાહ અલહય) થી ફૈઝ મેળવ્યો તેમજ આપની ખિલાફત હાંસીલ કરી.

કિતાબ 'બરકાતુલ્ઔલીયા' માં આપના વિશે લખ્યું છેકે, આપ શાહ નુરૂલ્લાહૈ સૈયદ હમ્દાની ની ઔલાદ માંથી છે અને હજ્જથી પાછા ફરતી વેળાએ આપે સુરતને જ પોતાનું કાયમી નિવાસસ્થાન બનાવી લીધું.

હઝરત સૈયદ અલી હમ્દાની (રહેમતુલ્લાહ અલહય) કે જેની ઔલાદ માંથી આપ છે, તેના વિશે કિતાબોમાં લખ્યું છે કે, આપ કાશ્મીરીના અગ્રગણ્ય બુઝુર્ગો પૈકી છે. આપ સતત ૨૧ વરસ સુધી સફર કરતાં રહયા અને આપે ૧૪૦૦ જેટલાં મશાઇખોં પાસેથી બાતીની ફૈઝ હાંસીલ કર્યો.

હઝરત શાહ નુરૂલ્લાહ હમ્દાની નકશબંદી-મુજદ્દેદી (રહેમતુલ્લાહ અલહય) ની વફાતનો સમય જ્યારે નઝદીક આવી પહોંચ્યો તો આપે પોતાની ખાનકાહશરીફમાં પોતાના તમામ મુરીદોં તેમજ અકીદતમંદોને જુમ્આની નમાઝ બાદ એકત્રીત કર્યાં અને તેઓને અસરની નમાઝ સુધી નસીહતોં કરતાં રહયાં. ત્યાર બાદ આપે અસરની નમાઝ બાજમાઅત અદા ફરમાવી અને ત્યાર બાદ આપ પોતાના બિસ્તર પર સુઇ ગયાં. અને કલ્માશરીફ પઢતાં-પઢતાં જ આપ વાસિલે હકક થયાં.

આપની વફાતની તારીખ ૨૨ (બાવીસ) મી માહે રબીઉલ્આખીર હી.સ. ૧૧૩૬ છે. તાપી નદીના કિનારે આવેલાં શાહ દરવાઝાની પાસે આવેલી બાદશાહી મસ્જિદમાં આપની દફનવીધી કરવામાં આવી અને ત્યાં જ આપનો મઝારશરીફ આવેલો છે.

હઝરત મૌલાના ખૈરૂદ્દીન સુરતી નકશબંદી (રહેમતુલ્લાહ અલહય) આપના ફરઝંદ છે. આપના મઝારશરીફની પશ્ચિમ તરફ આપના બીજા ફરઝંદ હઝરત ખ્વાજા અબુલ હસન (રહેમતુલ્લાહ અલયહ) નો મઝાર છે. ગુબંદ ની નીચે સૈયદ મોહંમદ અલી (રહેમતુલ્લાહ અલહય) નો મઝારશરીફ છે. ગુબંદની પશ્ચિમ તરફ પ્રાંગણમાં હઝરત નુરૂલ્હસનનો મઝાર છે. હઝરત ખ્વાજા નુરૂલ્હસન (રહેમતુલ્લાહ અલહય) ના ફરઝંદ હઝરત મૌલાના ફૈઝુલહસન સાહેબ (રહેમતુલ્લાહ અલયહ) ઘણાં જ મહાન આલીમ હતાં. આપે ઘણી જ કિતાબો તસન્નીફ ફરમાવી છે.

★ ★ ★ ૪ ★ ★ ★

## હઝરત શાહ નસરૂલ્લાહ પેશાવરી

(રેહમતુલ્લાહે અલયહે)

હઝરત શાહનસરૂલ્લાહ વલી પેશાવરી નકશબંદી-મુજદ્દેદી (રહેમતુલ્લાહ અલયહ) પણ હજ્જની સફર પછી સુરત તશરીફ લાવ્યાં હતાં અને અહીં જ પોતાનું કાયમી વતન બનાવ્યું હતું. હઝરત શાહ નસરૂલ્લાહ હમ્દાની (રહેમતુલ્લાહ અલહય) અને આપ એક જ યુગના બુઝુર્ગો છે; અને બંને એક જ સમયે સુરત તશરીફ લાવ્યાં તેમજ અહીં સુરત ને જ પોતાનું હંમેશાનું નિવાસ-સ્થાન બનાવ્યું હતું.

હઝરત શાહ નસરૂલ્લાહ વલી (રહેમતુલ્લાહ અલહય) પણ મુળપેશાવરના જ વતની છે. આપનો મઝારે પાક સુરત શહેરમાં હઝરત ખ્વાજા દાના સાહેબ (રહેમતુલ્લા અલયહ)ના કબ્રસ્તાનમાં આવેલો છે.

આપ ઘણાં જ મહાન આલીમે રબ્બાની તેમજ જાહેરી અને બાતિની ઉલુમોના અગાધ સમંદરરૂપી હતાં. જ્યારે દીલ્હીથી એકવાર વઝીરૂલ્મમાલીક ગાઝીયુદ્દીન આસીફજાહ સુરત પધાર્યા ત્યારે શહેરના મહાન મશાઇખોં અને આલીમોની એક મહેફીલ ભરાઇ જેમાં એક ખુબજ વિકટ અને વિવાદાસ્પદ મસ્અલો આવ્યો; જેનો હલ(ઉકેલ) આપે ખુબ જ સરળતાપુર્વક કરી આપ્યો હતો; જેના કારણે વઝીર ગાઝીયુદ્દીન આસીફઝાહ તેમજ ત્યાં હાજર રહેલાં મશાઇખોં અને આલીમો આપનાથી ખુબ જ પ્રભાવિત થયાં હતાં

હઝરત શાહ નુરૂલ્લાહ હમ્દાની (રહેમતુલ્લાહ અલયહ)ના સાહેબઝાદા હઝરત મૌલાના ખૈરૂદ્દીન સુરતી નકશબંદી (રહેમતુલ્લા અલયહ)ની જાહેરી તેમજ બાતીની તર્બિય્યત આપે જ ફરમાવી હતી; તેમજ આપે પોતાની ખિલાફત વડે તેઓને નવાઝયાં હતાં.

★ ★ ★ ૫ ★ ★ ★

## હઝરત ખૈરૂદ્દીન સુરતી નકશબંદી

## (રહેમતુલ્લાહ અલયહ)

હઝરત મૌલાના ખૈરૂદ્દીન સુરતી નકશબંદી મુજદ્દેદી (રહેમતુલ્લાહ અલયહ) હઝરત શાહ નુરૂલ્લાહ હમ્દાની (રહેમતુલ્લાહ અલયહ)ના ફરઝંદ અને હઝરત શાહ નસરૂલ્લાહ વલી પેશાવરી (રહેમતુલ્લાહ અલયહ)ના ખલીફા તેમજ તર્બિય્યત પામેલાં હતાં. આપનો સિલસિલાએ નસબ





(પેઢીનામું) હુઝુર નબીએ કરીમ (સલ્લલ્લાહો અલયહ વસલ્લમ)ના ચાચા હઝરત ઝુબૈર બીન અબ્દુલ મુત્તલીબ સુધી પહોંચે છે. આપની વિલાદત સુરત શહેરમાં જ થઇ હતી.

હઝરત મૌલાના ખૈરૂદ્દીન સુરતી (રહેમતુલ્લાહ અલયહ) મહાન આલીમ તેમજ ફકીહ હતાં. આપે અનેક કિતાબો પણ તસન્નીફ ફરમાવી છે. આપ પચાસ(૫૦)વરસ સુધી હદીષનો દર્સ સુરત શહેરમાં આપતાં રહયાં. આપ હજ્જ ઝિયારત માટે જ્યારે 'હરમૈન શરીફૈન' તશરીફ લઇ ગયાં તો ત્યાં એ યુગના મહાન મોહદ્દીષ હઝરત શૈખ મોહંમદ હયાત સિંધી(રહેમતુલ્લાહ અલયહ) પાસેથી આપે ઇલ્મે હદીષ હાંસીલ કર્યું અને આપ સુરત પાછા પધાર્યા.

હઝરત મૌલાના ખૈરૂદ્દીન સુરતી નકશબંદી (રહેમતુલ્લાહ અલયહ) હઝરત શાહ નસરૂલ્લાહ પેશાવરી નકશબંદી (રહેમતુલ્લાહ અલયહ) પાસેથી ઇલ્મે તસવ્વુફની તાલીમ હાંસીલ કરી અને આપના મુરીદ બન્યાં. અને સિલસિલાએ નકશબંદીય્યાહની ખિલાફત હાંસીલ કરી. આપે 'શવાહીદુત્તજવીજ', 'ઇર્શાદુત્તાલેબીન' અને 'સાઇલે સુલુક' નામે ખુબજ ઉચ્ચ-કક્ષાના ઇલ્મો ધરાવતી કિતાબો તસન્નીફ ફરમાવી છે; જે તે યુગમાં ઘણી જ મકબુલ હતી.

આપના એક ફરઝંદ હઝરત મોહંમદ સાલેહ ઉર્ફે કાઝીમિયાં ઘણાં જ મોટા આલીમ અને આરીફ હતાં. આપ અદાલતમાં કાઝી તરીકેની ખિદમત આપી ચુક્યા હતાં. આપે એક વહાણ પણ બનાવ્યું હતું; જેનું નામ તેઓએ સફીનતુર્રસુલ રાખ્યુ હતું જેના દ્વારા આપે હજ્જની સફર કરી હતી.

હઝરત શાહ વલીયુલ્લાહ મોહદ્દીષે દહેલ્વી(રહેમતુલ્લાહ અલયહ)ના એક શાગીર્દ હઝરત રફીયુદ્દીન સાહેબ મુરાદાબાદી (રહેમતુલ્લાહ અલયહ)એ હી.સ. ૧૨૦૨ માં પોતાનાં સફરોના હાલાતો લખ્યાં જેનું નામ 'સફરનામાએ હિજાઝ' રાખ્યું. આ કિતાબમાં આપે કેટલાંક બુઝુર્ગોના હાલાતો પણ લખ્યા છે; જેમાંઆપે હઝરત મૌલાના ખૈરૂદ્દીન (રહેમતુલ્લાહ અલયહ)વિશે એક નોંધ પણ લખી છે; જેના દ્વારા આપણને હઝરત મૌલાનાના ઇલ્મ તેમજ મહાન બુઝુર્ગીનો ખ્યાલ આવી શકે છે. તેઓ લખે છેકે,

સુરત પહોંચતાની સાથે જહું જાહેરી અને બાતીની કમાલાતોથી આભુષીત હઝરત મૌલાના ખૈરૂદ્દીન સુરતી નકશબંદી સાહેબની ખિદમતમાં

પહોંચ્યો. આપના દર્સના હલ્કામાં બેસીને મેં હદીષો પઢી. આપની ઝાત ઘણી બરકતવંતી અને ખુદાઇ નેઅમતોથી ભરપુર છે. આજના યુગમાં લોકો માટે આપનું વજુદ ખરેખર ગર્વરૂપ છે. આપે બે( ૨ ) વાર હરમૈન શરીફૈનની સફર કરી. લગભગ ૫૦ વરસથી હદીષનો દર્સ આપી રહયાં છે; અને રાહે હકકના તલબગારોને તૃપ્ત કરી રહયાં છે. આપની ખિદમતમાં રહીને ઘણાં તાલીબોએ જાહેરી તેમજ બાતિની ઇલ્મ હાંસીલ કર્યું. 'હરમૈન શરીફૈન'ની ઝિયારત માટે જતાં લોકો માટે આપની ઝાત બેહદ ફૈઝદાયી અને નેઅ્મતરૂપી છે.

અલ્લાહ ત્આલાએ આપને એટલી હદે ઇઝઝત આપી છેકે, મકકાશરીફના તેમજ દક્ષિણ હિંદના હાકીમો અતિ આદર ભાવ અને ઇઝઝતપુર્વક આપને પત્રો લખે છે. વળી તેઓ આપના લખેલાં પત્રો ઘણાં જ સન્માનપુર્વક અને એહતરામ સાથે વસુલ ફરમાવે છે; હાથમાં પકડે છે. આટલી ઇઝઝત હોવા છતાં આપમાં એટલી હદે ભારી તવાઝોઅ અને ઇન્કેસારી-નમ્રતા છે કે મહેમાનો અને ફકીરો માટે ઝાતે ખાવાનું લાવે છે અને તેમને પોતાના હાથે જ ખાવાનું પીરસે છે. વળી મોહતાજોની હાજતો પુરી કરવા-કરાવવા માટે ઘણી જ તનતોડ કોશીષો કરતાં રહે છે; જેના દ્વારા કામ કે હાજત પુરી કરાવવાની હોય છે તેને ત્યાં પોતે પગે ચાલીને કે સવારી પર બેસીને જાય છે. હાજતવાળાની હાજત ઇખ્લાસપુર્વક પેશ કરે છે. હાજતવાળાનું કામ પાર પડે તેવી સતત કોશીષો કરે છે. હું સુરત રહયો એ દિવસોમાં મેં કેટલીય વખત 'સહીહ બુખારી'ના અને સિહાહની દરેક કિતાબોના થોડા થોડા ભાગો એમનાથી પઢીને ઇજાઝત હાંસીલ કરી.

**આપની વફાત અને મઝારશરીફ:-**

આપ ૧૦ મી માહે રજજબ હી.સ. ૧૨૦૬ મુતાબીક ઇ.સ. ૧૭૯૧માં સુરત ખાતે જ વફાત પામ્યાં. આપનો મઝારશરીફ સુરતમાં ગાંધીબાગની દક્ષિણે આવેલ શાહનુરૂલ્લાહની મસ્જિદમાં આવેલો છે; જે હાલમાં બોટાવાલા મસ્જિદ તરીકે ઓળખાય છે.

★ ★ ★ ૯ ★ ★ ★

## ૯. સૈયદ અબ્દુલ વહ્હાબ બુખારી

(રેહમતુલ્લાહે અલયહે)

હઝરત સૈયદ અબ્દુલ વહ્હાબ બુખારી નકશબંદી (રહેમતુલ્લાહ અલયહ) સુરતના અગ્રગણ્ય નકશબંદી બુઝુર્ગોમાંથી છે. આપનો મઝારે





પાક સુરતમાં સૌદાગરવાડમાં આવેલી ચુડીગરાની મસ્જિદમાં આવેલો છે.

ભારત-પાક ઉપખંડમાં સિલસિલાએ નકશબંદીય્યાહના બાની (સ્થાપક) હઝરત ખ્વાજા મોહંમદ બાકીબીલ્લાહ (રહેમતુલ્લાહ અલયહ) છે. આપનો મઝારેપાક શહેર દીલ્હીમાં નબીએ કરીમ કબ્રસ્તાન-લાહોરી દરવાજા પાસે આવેલો છે. આપના વડે ભારતીય ઉપખંડ નકશબંદી સિલસિલાના ફૈઝાન અને અન્વારો વડે મુનવ્વર થયો. આપના એક અગ્રેસર ખલીફા હઝરત અલ્લામા તાજુદ્દીન સંભલી (રહેમતુલ્લાહ અલયહ) છે; જેઓની ખિદમતમાં જ રહીને હઝરત સૈયદ અબ્દુલવહ્હાબ બુખારી (રહેમતુલ્લાહ અલયહ) સુલુકની મંઝિલો તય કરી અને ખિલાફતોં ઇજાઝત હાંસીલ કરી.

આપ હઝરત મખ્દુમ સૈયદ યાહ્યા તીરમીઝી (રહેમતુલ્લાહ અલયહ)ની ઔલાદમાંથી છે; અને સમય જતાં આપ પણ સુરતમાં કાયમી વસવાટના કારણે 'સુરતી'ના લકબ વડે ખ્યાતી પામ્યાં.આપ પોતાની યુવાનીમાં ગુજરાતના સુલ્તાન બહાદુરશાહ સાથે રહીને અમીર બન્યાં હતાં. સુલ્તાન બહાદુરશાહની એક જંગમાં શહાદત થતાં આપે અમીરના પદનો ત્યાગ કર્યો હતો; અને આપને દૂન્યવી ઉમરા ઓથી નફરત પૈદા થઇ ગઇ હતી. આપના દિલમાં અલ્લાહ ત્આલાની તલબ પૈદા અને આ તલબની પ્યાસ બુજાવવા માટે આપ હઝરત ખ્વાજા તાજુદ્દીન સંભલી નકશબંદી (રહેમતુલ્લાહ અલયહ)ની બારગાહ શરીફમાં આવી પહોંચ્યાં અને ત્યાં પોતાની તલબની પ્યાસ બુજાવી તેમજ રૂહાની તર્બિય્યત હાંસીલ કરીને પછી આપ ફરી સુરત પધાર્યા અને સુરતને જ પોતાનું કાયમી નિવાસસ્થાન બનાવ્યું. આપ અહીં સુરતના લોકોને હિદાયતની પ્રેરણા આપવા લાગ્યા તેમજ અલ્લાહનો માર્ગ દેખાડવા લાગ્યા.

**-: આપનો વિસાલ અને મઝારશરીફ :-**

આપે હી. સ. ૧૦૧૪માં સુરતમાં વિસાલ ફરમાવ્યો અને સૌદાગરવાડમાં આવેલી મસ્જિદે ચુડીગરાની દક્ષિણ બાજુએ પ્રાંગણમાં આપની દફનવીધી કરવામાં આવી; જ્યાં અલગ જ સંકુલ બનાવેલું છે. આ મસ્જિદ આપના આદેશથી જ ચુડગર લોકોએ હી.સ. ૧૦૧૪માં બંધાવી હતી; જેમાં ૧૦૫ ફુટ ઊંચો મિનારો છે.

અત્યારે આપની દરગાહશરીફનો વહીવટ સૈયદ રૂકનુદ્દીન સાહેબ સંભાળી રહયાં છે. તેઓની કુનેહ અને સ્પષ્ટવકતા હોવાના કારણે

મઝારશરીફની વ્યવસ્થા મુળભુત રીતે જળવાઇ રહી છે. અને આપનો ઉર્ષશરીફ ઘણી જ શાનૌ-શૌકત સાથે મનાવવામાં આવે છે.

**-: આપના ફરઝંદો અને ખુલફાઓ :-**

હઝરત સૈયદ અબ્દુલ વહ્હાબ બુખારી નકશબંદી (રહેમતુલ્લાહ અલયહ) ની ઔલાદમાં આપના એક ફરઝંદ હઝરત સૈયદ મોહંમદ નકશબંદી (રહેમતુલ્લાહ અલયહ) છે. તેમજ આપે અન્ય ત્રણ બુઝુર્ગોને પણ ખિલાફત વડે નવાઝયા હતાં, જેઓનું ટુંકો પરિચય રજુ કરું છું. :-

**(૧) હઝરત સૈયદ મોહંમદ નકશબંદી** (રહેમતુલ્લાહ અલયહ)

આપ હઝરત સૈયદ અબ્દુલ વહ્હાબ બુખારી નકશબંદી (રહેમતુલ્લા અલયહ)ના સાહેબઝાદા તેમજ ચોથા નંબરના ખલીફા છે. આપે જાહેર ઉલુમોની તાલીમ એ યુગના પ્રખ્યાત આલીમ હઝરત સૈયદ મોહંમદ હાફીઝબહાદુર(રહેમતુલ્લાહ અલયહ) પાસેથી હાંસીલ કરી હતી. તેમજ પોતાના વાલીદે મોહતરમે જ ખિલાફતો ઇજાઝત વડે નવાઝયા હતાં.

આપના વિશે કશા વિશેષ હાલાતો પ્રાપ્ત થઇ શક્યા નથી. આપની વફાત હી.સ. ૧૦૭૧ મુજબ ઇ.સ. ૧૬૬૦માં થઇ અને એ ચુડીગરાં મસ્જિદમાં પોતાના વાલીદે બુઝુર્ગ વારની બાજુમાં જ આપની દફનવીધી કરવામાં આવી હતી.

**(૨) હઝરત સૈયદ શાહ હુસૈન** (રહેમતુલ્લાહ અલયહ)

આપ હઝરત સૈયદ અબ્દુલ વહ્હાબ બુખારી (રહેમતુલ્લાહ અલયહ)ના અગ્રગણ્ય ખલીફા હતાં. આપના વિશે વધુ કશી માહિતી મળી શકી નથી.

આપની વફાત બાદ આપને પણ ચુડીગરાં મસ્જિદમાં દફનાવવામાં આવ્યા હતાં અને ત્યાં આપનો મઝાર શરીફ છે.

**(૩) હઝરત શાહ લતીફ નકશબંદી** (રહેમતુલ્લાહ અલયહ)

આપ હઝરત સૈયદ અબ્દુલવહ્હાબ બુખારી (રહેમતુલ્લાહ અલયહ)ના મહાન ખલીફાઓ પૈકી છે. આપને જ્યારે હઝરત સૈયદ અબ્દુલવહ્હાબ (રહેમતુલ્લાહ અલહય) સુલુકની મંઝીલો પરિપુર્ણ કરાવીને રૂહાની નેઅ્મતો તેમજ ખિલાફતો-ઇજાઝત વડે નવાઝયા ત્યારે પછી આપને ફરમાવ્યું કે,

'હે ફરઝંદ, અબ્દુલલતીફ, મારો ફરઝંદ સૈયદમોહંમદ જ્યારે મોટો થાય ત્યારે મારી આ ખાસ નેઅ્મત તેને પહોંચાડજો.'





હઝરત શાહ અબ્દુલલતીફ (રહેમતુલ્લાહ અલયહ) ચોર્યાસી(૮૪) તાલુકાના હલધરું નામના ગામમાં વફાત પામ્યાં અને ત્યાં જ આપનો મઝારેપાક લોકો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે.

**(૪) હઝરત શાહ મુરાદ નકશબંદી** (રહેમતુલ્લાહ અલહય)

પટની સુવે નિયર માં આપ વિશે એવી નોંધ છેકે, આપ માત્ર એક લુંગી અને ટોપી જ પહેરતાં હતાં, ખમીસ ઝભ્ભો વગેરે પહેરતાં ન હોતા. આપે પોતાની પુરી ઝિંદગી આ રીતે જ વીતાવી હતી.

આપ હઝરત સૈયદ અબ્દુલવહ્હાબ બુખારી (રહેમતુલ્લાહ અલયહ) ના ઘણાં જ કામીલ અને મહાન ખલીફા હતાં. આપ ઘણાં સાહેબે કશ્ફો-કરામત અને સાહેબે કમાલ બુઝુર્ગ હતાં.

હઝરત શાહ મુરાદ નકશબંદી (રહેમતુલ્લાહ અલહય)વજદની હાલતમાં જ્યારે કોઇની ઉપર દષ્ટિ નાખી દેતાં તો તે શખ્સ બેચૈન અને આકુળ-વ્યાકુળ થઇ જતો અને કપડાં ફાડતો કે ચીસો પાડવા લાગતો હતો; અને તેની ઉપર જઝબાહ્‌ની અનેરી કૈફીયત છવાઇ જતી હતી. જઝબાહ્‌ની આ કૈફીયત 'સિલસિલાએ નકશબંદીય્યાહ'નો ખાસ ફૈઝાન છે. હાલના સમયમાં પણ મારા પીરો-મુર્શીદ હઝરત પીર સૈયદ વઝીર અલી શાહ સાહેબ કાદરી નકશબંદી- મુજદ્દેદી (દામફયુઝોકુમ)ની મહેફીલમાં આવી જ જઝબાહ્‌ની અજીબો-ગરીબ કૈફીયત જોવા મળે છે. સિલસિલાએ નકશબંદીય્યાહ માં આ જઝબો ખાસ નેઅ્મત છે, જેનાદ્વારા બંદો ઘણી આસીનીથી અલ્લાહતઆલાનો કુર્બ હાંસીલ કરી શકી છે.(વધું માહિતી માટે જુઓ અમારું પ્રકાશન 'મન કી આંખે ખોલ..'નું પ્રકરણ કશીશે રબ્બાની)

આપનો સોહરાબજી નામનો પારસી ખાદીમ હતો, જે એ યુગમાં ઘડિયાળ રિપેરીંગમાં ઘણો જ નિષ્ણાંત હતો. દીલ્હીના એ યુગના સુલ્તાન મોહંમદ શાહને અંગ્રજોએ એક ઘડિયાળ ભેટ આપેલી હતી; જે બગડી ગઇ હતી. દિલ્હી શહેરમાં આ ઘડિયાળ કોઇ રિપેર કરી શક્યો નહીં. હઝરત શાહ મુરાદ (રહેમતુલ્લાહ અલયહ)ને જ્યારે આ વાતની ખબર પડી તો આપે પોતાના ખાદિમ સોહરાબજીને દિલ્હી સુલતાનની ઘડિયાળ રિપેર કરવા મોકલ્યો. તેણે સુલ્તાનની ઘડિયાળ દુરસ્ત કરી આપી. બાદશાહ તેનાથી ઘણો ખુશ થયો અને તેને 'નેક સઆતખાન'નો ખિતાબ અર્પણ કર્યો તેમજ જાગીરો વગેરે પણ અતા કર્યા.

દર વરસે માહે ઝિલ્કાઅ્દની ૨૨ મી તારીખે સોહરાબજી ઉર્ફે નેક

સઆદત ખાનના કુટુંબીજનો તરફથી આપનો ઉર્ષમુબારક આજ પર્યંત ઉજવાય છે.

આપનો મઝાર શરીફ સુરતમાં મજુરા દરવાઝા બહાર નવાબ અમાનતખાં અને નવાબ દિયાનતખાંની મસ્જિદ પાસે આવેલો છે.

★ ★ ★ ૭ ★ ★ ★

## હઝરત શેખ નુર મોહંમદ સુરતી

(રેહમતુલ્લાહે અલયહે)

આપ ઉર્વતુલ્વુસ્કા હઝરત ખ્વાજા મોહંમદ માસુમ સરહિંદી નકશબંદી -મુજદ્દેદી (કુદ્દસ્સીર્રહુલ્અઝીઝ)ના ખુલ્ફાઓ પૈકી છે. આપને હઝરત પીરોમુર્શીદે આલીશાન બશારતો વડે નવાઝયા હતાં; અને પોતાના પીરોમુર્શીદ ની બારગાહમાં ખુબજ મકબુલીયત હાંસીલ કરી હતી. આપની ઉપર પોતાના પીરોમુર્શીદની પ્રથમ સોહબતમાં જ ફના અને ઈસ્તગરાક એટલી હદે છવાયેલા હતાં કે આપના ચહેરા પરથી એવું લાગતું હતું કે જાણે ખુબજ બોજ ઊઠાવેલો છે જેના કારણે ચહેરા પર પરસેવો એ રીતે ટપકતો દેખાતો હતો કે જેમ સખ્ત ગરમીના સમયમાં દેખાય છે.

હઝરત પીરોમુર્શીદની બીજી સોહબતમાં તો આપનો મામલો અંતિમ કક્ષાની બુલંદી પર પહોંચી ગયો અને આપને ખિલાફત વડે નવાઝવામાં આવ્યા. અને આપને પોતાના વતન સુરતમાં જ મસ્નદે ઈર્શાદ પર બેસાડ્યા; જ્યાં આપે રૂશ્દો-હિદાયતનું કાર્ય અંજામ આપ્યું અને સિલસિલાના ફૈઝાન વડે અનેક લોકોને નવાઝયાં.

કિતાબ 'મકામાતે માઅ્સુમીય્યાહ'ના પેજ નંબર ૬૩૧, જી.૨ પર લખ્યા મુજબ આપનું જન્મસ્થળ, કાર્યક્ષેત્ર તેમજ મદફન ત્રણેય સુરત શહેરમાં જ છે. પરંતુ હાલમાં આપ મઝારશરીફ વિશે કોઈ માહિતી મળી શકી નથી.

★ ★ ★ ૮ ★ ★ ★

## હઝરત શેખ અતાઉલ્લાહ સુરતી

(રેહમતુલ્લાહે અલયહે)

કિતાબ 'મકામાતે માઅસુમીય્યાહ' જી-૨,ના સફા નંબર ૬૩૧ પર આપનો પરિચય રજુ કરતાં મુસન્નીફ લખ્યું છેકે, 'આપ હઝરત કય્યુમે સાની ખ્વાજા મોહંમદ માઅ્સુમ સાહેબ સરહિંદી નકશબંદી-મુજદ્દેદી





(કુદ્દસ્સીર્રહુ)ના ખલીફા છે. આપે તસવ્વુફના મૈદાનમાં સંપુર્ણ લાયકાત પ્રાપ્ત કરીને ઉચ્ચ પ્રકારના કમાલાતો પ્રાપ્ત કર્યા હતાં. આપના લખેલા પત્રો પણ ઉચ્ચ પ્રકારના હતાં આપે પોતાના હાથે કલામે શરીફની કિતાબત કરીને ત્રણ નકલ કરી હતી જેમાં આપની નિય્યત (૧) નકલ હુઝુર નબીએ પાક (સલ્લલ્લાહો અલયહ વસલ્લમ)ના રોઝાએ પાક માટે (૨) નકલ હઝરત શહેનશાહે નકશબંદ ખ્વાજા મોહંમદ બહાઉદ્દીનશાહ નકશબંદ (રદીયલ્લાહો ત્આલા અન્હો) ના મઝારે પાક માટે અને (૩)જી નકલ પોતાના પીરોમુર્શીદ હઝરત ખ્વાજા મોહંમદ માઅ્સુમ સરહિંદી (રદીયલ્લાહો ત્આલા અન્હો) ના મઝારે પાક પર મોકલવાની હતી. આપ ઘણાં સમય સુધી ઔરંગાબાદમાં રૂશ્દો-હિદાયતનું કાર્ય અંજામ આપી રહયા હતાં. અને ત્યાં જ વિસામો ફરમાવ્યો.

★ ★ ★ ૯ ★ ★ ★

## હઝરત શેખ અલીરઝા સરહિંદી

(રેહમતુલ્લાહે અલયહે)

**પરિચય:**

આપ પંજાબના શહેર સરહિંદ શરીફ કે જે ફૈઝાને સિલસિલાએ નકશબંદીય્યાહ- મુજદ્દેદીય્યાહના ફૈઝનું મરકઝ છે ત્યાંથી અહીં અહમદ આબાદ તશરીફ લાવેલા હતાં.

**ખાનદાન અને સિલસિલો :**

આપ હઝરત ઈમામે રબ્બાની મુજદ્દેદી અલ્ફેસાની શૈખ અહમદ ફારૂકી સરહિંદી નકશબંદી (રદીયલ્લાહો ત્આલા અન્હો)ના ખાનદાનના એક ફર્દ હતા. અને સરહિંદ શરીફમાં જ આપની વિલાદત થઈ; અને ત્યાં જ જાહેરી અને બાતિની ઉલુમો વડે સરફરાઝ થયા. તેમજ પોતાના ખાનદાની સિલસિલા નકશબંદીય્યાહમાં બયઅત થઈને મુરીદ બન્યા. અને ખિલાફતની સઆદત હાંસીલ કરી.

ત્યારબાદ આપ અહમદઆબાદ તશરીફ લાવ્યા અને અહીં હઝરત શૈખ યાહયા ચીશ્તી (રહેમતુલ્લાહ અલયહ)થી મુલાકાત થતાં આપને તરીકએ ચિશ્તીય્યાહ તરફ રગબત પૈદા થઈ અને તેઓથી બયઅત થયા તેમજ બાતિની તર્બિય્યત તથા રૂહાનિય્યતનું ઈલ્મ હાંસીલ કર્યું. હઝરત શૈખ યાહયા ચિશ્તી(રહેમતુલ્લાહ અલયહ) એ આપને ખિર્કએ ખિલાફત વડે નવાઝયા.

### ઝૌકે સિમાઅ અને કૈફીયત :

આપ સિમાઅ તરફ ખુબજ ઝૌક ધરાવતા હતાં; અને રાગ સાંભળીને મદહોશ થઇ જતાં હતાં, તેની માઅ્નીમાં ગર્ક થઇ જતાં હતાં. ઘણીવાર આપની ઉપર એવી કૈફીયત છવાતી હતી કે ઇશ્કે ઇલાહીમાં આંખોમાંથી લોહીના આંસુ વહેવા લાગતા હતાં. અને વજદાની કૈફીયતમાં રકસ કરતા હતા. મોટા ભાગે આપ રાત્રે ઝિક્રે ઇલાહીમાં મગ્ન રહેતા હતાં. આપ દુનિયાથી પુરી રીતે નિસ્પ્રહી અને બેનિયાઝ હતા.

સુલતાન ફિરોઝ જંગની સાથે દખ્ખણ (દક્ષિણ ભારત)થી આવેલા અમીરો પૈકી મોટાભાગના આપના મુરીદો અને અકીદતમંદો હતાં. આ સિવાય આપના વિશેષ હાલાતો ઉપલબ્ધ થઇ શકયા નથી.

### વિસાલ અને મઝારે પાક :

આપનો વિસાલ માહે જીલકાઅ્દની ૨૧મી તારીખે હી.સ. ૧૧૪૨માં થયો. આપનો મઝાર ઝવેરીવાડ, રીલીફ રોડની પાસે અહમદઆબાદમાં આવેલો છે. આપના ફરઝંદ હઝરત શૈખ મોહંમદ શાહ એક ખુબ જ સારા આલીમ અને સુફીએ કામીલ હતાં. અને ઉચ્ચ પ્રકારના કાતિબ પણ હતાં. તેઓએ આપના મઝારશરીફ ઉપર પત્થરનો ઘુંમટ બનાવેલો છે.

આપની ઔલાદને સુલ્તાને વકત તથા અમીરો તરફથી અહમદઆબાદ પાસે આવેલ કોચરબ, સુઘલ અને રણાસ ગામો જાગીર પેટે મળેલા હતાં; જેના થકી આપનો જીવન નિર્વાહ થઇ શકે. (હ. મિરાતે અહેમદી, ભાગ-૩)

★ ★ ★ 10 ★ ★ ★

## હઝરત સુફી અખ્લાક એહમદ સાહેબ

(રેહમતુલ્લાહે અલયહે)

હઝરત સુફી અખ્લાક અહેમદ સાહેબ નકશબંદી - મુજદ્દેદી રામપુરી (રહેમતુલ્લાહ અલયહ) મેહબુબુસ્મદ હઝરત સુફી અખ્લાક અહેમદ સાહેબ (રહેમતુલ્લાહ અલયહ) સાહેબે તસવ્વુફ, સાહેબે કરામત તથા સાહેબે નિસ્બત મહાન વલીએ કામીલ હતાં; આપ મુજદ્દીદે દૌરાં, હઝરત રૂકનુદ્દીનશાહ સાહેબ અલ્વરી (રહેમતુલ્લાહ અલયહ)ના મહાન ખલીફાઓં પૈકીના એક છે.

મહેબુબુસ્સમદ હઝરત સુફી અખ્લાક અહેમદ સાહેબ (રહેમતુલ્લાહ અલયહ)નો સિલસિલાએ ઇરાદત (તરીકત) ૧૨





વાસ્તાઓથી હઝરત ઇમામે રબ્બાની મુજદ્દીદે અલ્ફેષાની શૈખ અહેમદ ફારૂકી સરહિંદી (રદીયલ્લાહો ત્આલા અન્હો)થી જઇ મળે છે; જે આમુજબ છે.

(૧) મહેબુબે સમદાની હઝરત ઇમામે રબ્બાની મુજદ્દીદે અલ્ફેષાની શૈખ અહેમદ ફારૂકી સરહિંદી (રદીયલ્લાહો ત્આલા અન્હો) આપના ખલીફા (૨) ઉર્વતુલ્વુસ્કા હઝરત ખ્વાજા મોહંમદ માસુમ સરહિંદી (કુદ્દસ્સીર્રહુ) તેઓના ખલીફા (૩) હઝરત ખ્વાજા અબ્દુલ અહદ વહેદત (કુદ્દસ્સીર્રહુ) ★[1] (૪) હઝરત શાહ હનીફ કાબુલી (કુદ્દસ્સીર્રહુ) તેઓના ખલીફા (૫) હઝરત ખ્વાજા મોહંમદ રાજદાં (રહેમતુલ્લાહ અલયહે) તેઓના ખલીફા (૬) હઝરત ખ્વાજા મોહંમદ મઝહર (કુદ્દસ્સીર્રહુ) તેઓના ખલીફા (૭) સુલ્તાનુ લ્ઔલીયાએ સિંધ હઝરત ખ્વાજા મોહંમદ ઝમાં લુંવારી શરીફવાળા (કુદ્દસ્સીર્રહુ) તેઓના ખલીફા (૮) હઝરત ખ્વાજા હાજી અહમદ મુત્તકી (કુદ્દસ્સીર્રહુ) તેઓના ખલીફા (૯) હઝરત સૈયદ હાજી હુસૈનશાહ (કુદ્દસ્સીર્રહુ) તેઓના ખલીફા (૧૦) હઝરત સૈયદ ઇમામ અલી શાહ સાહેબ મકાન શરીફવાળા (કુદ્દસ્સીર્રહુ) તેઓના ખલીફા (૧૧) હઝરત ખ્વાજા મસ્ઉદશાહ દહેલ્વી (કુદ્દસ્સીર્રહુ) તેઓના ખલીફા (૧૨) હઝરત ખ્વાજા રૂકનુદ્દીનશાહ અલ્વરી (કુદ્દસ્સીર્રહુ) અને તેઓના ખલીફા (૧૩) મહેબુબુસ્સમદ હઝરત સુફી અખ્લાક અહેમદ શાહ સાહેબ (રહેમતુલ્લાહ અલયહ)

આપ હઝરત **'મકામે મહેબુબીય્યત'**ના બુઝુર્ગ હતાં; જેનો સુબુત મુફતીએ આઝમ હઝરત શાહ મોહંમદ મઝહરૂલ્લાહ દહેલ્વી (રહેમતુલ્લાહ અલયહ) એ આપને લખેલાં કેટલા પવિત્ર પત્રો વડે મળે છે. હઝરત મુફતીએ આઝમ (રહેમતુલ્લાહ અલયહ) જ્યારે પણ આપને પત્ર લખતાં તો 'મહેબુબુસ્સમદ હઝરત સુફી અખ્લાક એહમદ'ના ઇલ્કાબ વડે સંબોધન કરીને લખતાં હતાં.

કલામે પાકમાં 'મકામે મહેબુબીયત' પ્રાપ્ત કરવાનો જે માર્ગ દેખાડવામાં આવ્યો છે તે **"ફત્તેબેઉની યોહબીબ્કોમુલ્લાહ"** છે. આ ફરમાન ઇલાહી મુજબ મેહબુબુસ્સમદ હઝરત સુફી અખ્લાક અહમદ સાહેબ (રહેમતુલ્લાહ અલયહે) સૌમૌ-સલાત તથા સુન્નતોની પાબંદીમાં ઘણાં જ ચુસ્ત તેમજ સમય પ્રમાણે કાર્ય કરવામાં ઘણાં જ નિયમબધ્ધ હતાં; ત્યાં સુધી કે સફર દરમિયાન પણ આપ પંજગાના નમાઝો બા જમાઅત અદા ફરમાવતાં હતાં.

આપની મુકદ્દસ મહેફીલમાં તાલીબો અને મુરીદો પર **જઝબાહ્**[1]ની કૈફીયત ખુબજ છવાયેલી રહેતી હતી.

**...સુન્નત અને શરીઅતની પાબંદી...**

મહેબુબુસ્સમદ હઝરત સુફી અખ્લાક અહેમદ સાહેબ (રહેમતુલ્લાહ અલયહ) સુન્નતો અને શરીઅતના ચુસ્ત પાબંદ હતાં, જેના કેટલાક દ્દષ્ટાંતો મૌજુદ છે. જે પૈકી કેટલાક રજુ કરું છું.:

(૧)

આપ ઝલાવાડ (રાજસ્થાન)માં પટવારી તરીકે નોકરી કરતાં હતાં. નોકરી પુર્ણ થતાં(વય મર્યાદા પુરી થતાં) પેન્શનની વિધી માટે આપની પાસે તસ્વીર (ફોટા)ની માંગ કરવામાં આવી. પરંતુ ખિલાફે શરીઅત આ માંગને ઠુકરાવી દીધી. સરકારી અધિકારીઓએ તસ્વીર માટે આપની સામે છેલ્લી દલીલ એવી રજુ કરી કે, 'અમે કાયદાકીય રીતે તસ્વીર એટલા માટે રાખ્યે છીએ કે, પેન્શન લેનાર વ્યક્તિ એ જ છે અન્ય કોઇ નથી.' તો આ દલીલના પ્રત્યુત્તરરૂપે આપે લખી મોકલ્યું કે,'તો પછી ફાંસીના માંચડે લટકારનારની તસ્વીર શા માટે નથી રાખવામાં આવતી. કે જેથી જાણી શકાય કે ફાંસીએ લટકાનાર વ્યક્તિ એ જ છે.' (રાવીઃ – મૌલાના ચાંદ મીયાંનું બયાન)

(૨)

એકવાર મહારાષ્ટ્રના ગૃહમંત્રી વાય. બી. ચૌહાણ કે જે ભુતકાળમાં ભારતનાં ગૃહમંત્રી, સંરક્ષણમંત્રી અને નાણામંત્રી તરીકે પણ કેન્દ્રીય પ્રધાનમંડળમાં સેવા આપસ ચુક્યા હતાં, તે આપની શોહરત સાંભળીને કોઇ ખાસ કામ માટે દુઆ કરાવા માટે આવી પહોંચ્યાં, પરંતુ આપે શાને ફૈઝાને મુજદ્દેદીય્યત ને અનુરૂપ અને મશાઇખેં કિરામને શોભે એ રીતે પોતાને આ વાતથી અગળા રાખીને વલીએ કામીલ હોવાનો સબુત પેશકર્યો (રાવીઃ – હઝરત સાહબઝાદા સાહેબ)

(૩)

આપ અસલી અફધાની પઠાણ હોવાના નાતે અત્યંત ખુબસુરત હતાં. એકવાર આપ એકસ્થળે રેલ્વેસ્ટેશન પર બેઠેલાં હતાં. એવામાં ત્યાંથી એક અંગ્રેજ ટુરીસ્ટ પસાર થયો તેની દ્દષ્ટિ આપની ઉપર પડી તો તે આપને જોતો જ રહી ગયો. અને આપના ખુબસુરત ચહેરાની તસ્વીર લેવા માટે તેણે પોતાની પાસે રહેલો કેમેરો ઠીક કર્યો. આપની નઝર તેની ઉપર પડી તો આપે પોતાના ચહેરા પર નકાબ નાંખી દીધો. અંગ્રેજ કેમેરો ધરીને સામે જ ઊભો રહી ગયો.





અને કહેવા લાગ્યો કે, 'આપ ક્યાં સુધી નકાબ રાખશો, તસ્વીર લીધા વિના હું અહીંથી હટવાનો નથી.' તો તેના જવાબરૂપે આપે ફરમાવ્યું કે, 'તું જ્યાં સુધી અહીં કેમેરો લઇને ઊભો રહીશ ત્યાં સુધી હું નકાબ ઊઠાવીશ નહીં.' અંતે તે અંગ્રેજ થાકી હારીને મેદાન છોડી ગયો. આવી હતી આપની શરીઅતની ચુસ્ત પાબંદી. (ઉલ્લેખ કર્તાઃ – ઇસ્માઇલભાઇ પેન્ટર)

**ગુજરાતમાં અગમન**

આપના પીરો મુર્શીદ હઝરત રૂકનુદ્દીનશાહ સાહેબ અલ્વરી (રહેમતુલ્લાહ અલયહે)ના સાહેબઝાદા મુફતીએ આઝમ હઝરત મુફતી મહેમુદશાહ (રહેમતુલ્લાહ અલયહે) હુકમથી આપની ગુજરાતમાં પધરામણી થઇ. અને આપે અહેમદાબાદમાં વસવાટ કર્યો. હકીકત એ છેકે આપનું અહેમદાબાદ (ગુજરાત)માં તશરીફ લાવવું એ ગુજરાતની ધરતી પર ફૈઝાને નકશબંદીય્યાહના સુકાય ચુકેલાં બીજમાં ફરીવાર નવા અંકુરો ફુટવાનું કારણ બન્યું. અને ગુલશને નકશબંદીય્યાહએ ફરીવાર ગુજરાતની ધરતી પર તરોતાઝગી હાંસીલ કરી અને આ રીતે આપ ફૈઝાને સિલસિલાએ નકશબંદીય્યાહ્ના મુખ્ય અલમબરદાર સાબીત થયાં.

આજે ગુજરાતની ધરતી પર સિલસિલાએ આલીયા નકશબંદીય્યાહ્ના જે કંઇ અન્વારો, મહેફીલની રંગતો ઝીક્રના હલ્કાઓ, ખત્મેખ્વાજગાન શરીફના હલ્કાઓ અને મુરદો તેમજ તાલીબોમાં જઝબાહ્ વગેરેની કૈફીયતો દ્દષ્ટિગોચર થઇ રહી છે, જે આપના જ ફૈઝાને કરમનો સદકો છે.

**★ : બઝમે જાનાં માં આપનો પરિચય :**

રૂકને ઇસ્લામ પબ્લીશીંગ કાું.હૈદ્રાબાદ (સિંધ)થી પ્રકાશીત કિતાબ'બઝમે જાનાં' કે જેમાં હઝરત ખ્વાજા રૂકનુદ્દીનશાહ સાહેબ (રહેમતુલ્લાહ અલયહ)ના હાલાતો કલમબંધ કરવામાં આવ્યા છે; જેમાં તેઓના ખલીફા તરીકે આપનો પરિચય આપતાં તેના લેખક સાહેબઝાદા અબુલ્ખૈર મોહંમદ ઝુબૈર સાહેબ લખે છેકે,

આપ સાહેબે નિસ્બત બુઝુર્ગ હતાં. હઝરત ખ્વાજા રૂકનુદ્દીનશાહ સાહેબ અલ્વરી(રહેમતુલ્લાહ અલયહ)થી આપને બૈતનો શર્ફ હાંસીલ હતો. તેમજ આપનાથી ખીર્કએ ખિલાફત પણ હાંસીલ હતો. આપનું અસલી વતન તો રામપુર (યુ.પી.) હતું; પરંતુ એક મુદ્દત સુધી આપે ઝાલાવાડ (રાજસ્થાન)માં વસવાટ કર્યો અને ત્યાર બાદ બાકીની ઝિંદગી આપે અહમદાબાદમાં વિતાવી. ભાગલા પછી લગભગ ૨૦ – ૨૫ વરસ સુધી આપે

હિંન્દુસ્તાનમાં અંધકારમય વાતાવરણમાં માઅ્રેફતરૂપી શમ્આ રોશન ફરમાવી.

આપના ઈરાદતમંદો ઝાલાવાડ, અહમદાબાદ તેમજ આજુ બાજુના વિસ્તારમાં ઘણા મોટા પ્રમાણમાં મૌજુદ છે. આપ પોતાના શૈખ અને મુર્શીદની મોહબ્બતમાં ફાની હતાં. અને આ કારણે જ આપને પોતાના શૈખના જાનશીન બનાવવામાં આવ્યા. સાહબેઝાદા હઝરત મુફ્તી મહેમુદશાહ અલ્વરી (રહેમતુલ્લાહ અલયહે) થી પણ ભરપુર મોહબ્બત હતી. અને આપ તેઓને પોતાની મઝહબી ખિદમતોંની જાણકારી ઘણીવાર આપતાં રહેતાં હતાં.

**'ઈત્તિસાલે રૂહાની'*[1]ની તવજ્જોહ**

આપની ઉપર આપના પીરોમુર્શીદ હઝરત ખ્વાજા રૂકનુદ્દીનશાહ અલ્વરી (રહેમતુલ્લાહ અલયહે) ઘણાં જ મહેરબાન હતા; અને તેઓએ હઝરત ખ્વાજા બાકીબીલ્લાહ (રહેમતુલ્લાહ અલયહે)ની સુન્નત અદા કરતાં આપને ઈત્તિસાલે રૂહાની ની તવજ્જોહ વડે નવાઝીને હુબહુ પોતાને જેવાજ બનાવી દીધાં હતા.

**:અન્ય વિશેષતા :**

મહેબુબુસ્સમદ હઝરત સુફી અખ્લાક અહેમદ સાહબે (રહેમતુલ્લાહ અલયહે) ઘણાં ઉચ્ચ પ્રકારના કાતીબ (લહીયાં) હતાં. આપે પોતાના તમામ ખુલ્ફાઓને અતા કરેલ ખિલાફતનામાઓ પોતાના હાથે જ લખ્યાં હતાં.

ધોળકા, અહમદાબાદ તથા મોડાસા આ ત્રણ સ્થળો આપની રૂહાનિયતના મુખ્ય કાર્યક્ષેત્રો હતાં. અહીં આપના મુરીદો અને ચાહકોની સંખ્યા ઘણીજ હતી.

**: આપનો વિસાલ અને મઝારે પાક :**

મહેબુબુસ્સમદ હઝરત સુફી અખ્લાક અહમદ સાહેબ (રહેમતુલ્લાહ અલયહે)નો વિસાલ માહે ઝિલકાઅ્દની ૨૪ મી તારીખે હી.સ.૧૩૯૦ માં જુમ્આના દિવસે ચાશ્તના સમયે આપના નિવાસસ્થાન સુન્હરી મહલ માં અહમદાબાદ ખાતે થયો.

વિસાલના દિવસે આપે પોતાની અંતિમ ફઝરની નમાઝ પણ અદા ફરમાવી હતી. (અને આ રીતે આપે હુઝુર નબીએ પાક સલ્લલ્લાહો અલયહ વસલ્લમ ના તેમજ હઝરત ઈમામે રબ્બાની મુજદ્દીદે અસ્ફેષાની (રદીયલ્લાહો ત્આલા અન્હો)ના તરીકા પર હોવાનો સબુત પેશ કર્યો. કારણકે હુઝુર નબીએ પાક (સલ્લલ્લાહો અલયહ વસલ્લમ) ની આખરી





ગુફતગુ નમાઝ વિશેની જ હતી. **'અસ્સલાતી અસ્સલાતો વમા મલકત અયમાનો કુમ.'** તેમજ આપ (સલ્લલ્લાહો અલયહ વસલ્લમ)નો વિસાલશરીફ પણ ચાશ્તના સમયે જ થયો હતો.

એ જ રીતે હઝરત મુજદ્દીદે અલ્ફેષાની (રદીયલ્લાહો ત્આલા અન્હો) નો વિસાલ પણ ફઝરની નમાઝ અદા કર્યા પછી ચાશ્તના સમયે જ થયો તેમજ આપે પણ પોતાના સાહેબઝાદા ખ્વાજા મોહંમદ સઈદ (રહેમતુલ્લાહ અલયહે) સાથે અંતિમ ગુફતગુ નમાઝ વિશે જ ફરમાવી. એ જ રીતે મહેબુબુસ્સમદ હઝરત સુફી અખ્લાક અહમદ સાહેબ (રહેમતુલ્લાહ અલયહે) એ આ સુન્નતે ગૈર ઈખ્તિયારી અદા ફરમાવી. અને મોહબ્બત તેમજ તાબેદારીમાં લીન હોવાની મહાન દલીલ પેશ કરી.)

આપની નમાઝે જનાઝા જુમ્આની નમાઝબાદ અહમદાબાદમાં માણેકચોકમાં આવેલી શાહી જામેઅ્ મસ્જિદમાં અદા ફરમાવવામાં આવી. ત્યાર બાદ દફનવિધી માટે આપના પવિત્ર જનાઝાને ગંજશોહદા કબ્રસ્તાનમાં લઈ જવામાં આવ્યો. અને ત્યાં જ આપની દફન વિધી કરવામાં આવી. પાછળથી આપના મર્કદશરીફ પર રોઝાએ મુબારક બનાવવામાં આવ્યો.

**: આપના ખુલ્ફાઓ :**

મહેબુબુસ્સમદ સુફી અખ્લાક અહેમદ સાહેબ (રહેમતુલ્લાહ અલયહે) ચાર વ્યક્તિઓને પોતાની ખિલાફત અને ઈજાઝત વડે નવાઝયા. ખિલાફત અતા કરવાના ક્રમ મુજબ આપના ખલીફાઓના પવિત્ર નામો નીચે મુજબ છે.:

(૧) હઝરત શાહ મોહંમદ ઉસ્માન કુરૈશી સાહબ (અહમદાબાદ)
(૨) હઝરત સુફી અબ્દુલ્લાહશાહ સાહેબ સાંગાનેરી (મોડાસા)
(૩) હઝરત સુફી અબ્દુર્રહમાન (શાહ) સાહેબ (ધોળકા)
(રહેમતુલ્લાહે ત્આલા અલયહીમ અજમઈન)
(૪) હઝરતસાહેબઝાદા ડો. ઈખ્લાસઅહેમદ ખાનસાહેબ (અહમદાબાદ)

આ રીતે ચાર (૪) વ્યકિતઓને નિસ્બતે ખિલાફત વડે નવાઝવાં એ પણ સુન્નત તરફ ઈશારો કરે છે.

★ ★ ★ ૧૧ ★ ★ ★

## હ. શાહ મોહંમદ ઉસ્માન કુરૈશી સાહેબ

(રેહમતુલ્લાહે અલયહે)

હઝરત શાહ મોહંમદ ઉસ્માન કુરૈશી સાહેબ (રહેમતુલ્લાહ અલયહ) ને મુજદ્દીદે ઝમાં, કય્યુમે દૌરાં, શૈખે યગાના હઝરત ખ્વાજા રૂકનુદ્દીનશાહ સાહેબ કાદરી-ચીશ્તી-નકશબંદી-મુજદ્દેદી (રહેમતુલ્લાહ અલહય) ના સાહેબઝાદા અને જાનશીન હઝરત મુફ્તી મોહંમદ મહેમુદ શાહ (રહેમતુલ્લાહ અલહય) ના પ્રથમ મુરીદ હોવાનું સદ્‌ભાગ્ય સાંપડ્યું હતું.

**આપની ખિદમતોની એક ઝલક..**

હઝરત શાહ મોહંમદ ઉસ્માન સાહેબ નકશબંદી-મુજદ્દેદી (રહેમતુલ્લાહ અલયહ) ના ઉચ્ચ મર્તબાઓ તેમજ મહાનતાનો ખ્યાલ તેઓની ખિદમતો વડે જ આવી શકે છે. આપના ખિદમત ગુઝાર સ્વભાવના કારણે જ મિરઝાપુર-કુરૈશી મોટી જમાઅતે આપને જમાઅતના આજીવન પ્રમુખ તરીકે નીમ્યાં હતાં. ૩૦ (ત્રીસ) વરસ સુધી આપે આ પદને શોભાવ્યું અને પછી રાજીનામું આપ્યું હતું.

હઝરત શાહ મોહંમદ ઉસ્માન સાહેબ (રહેમતુલ્લાહ અલયહ) ગુજરાતમાં સુન્નીયતના અલમબરદાર, રક્ષક અને બાતીલ ફીર્કાઓનું ભરપુર ખંડન કરનાર તથા અસંખ્ય ગુજરાતી આલીમો પૈદા કરનાર સુન્નીઓની આબરૂરૂપ મહાન સંસ્થા દારૂલઉલુમ શાહે આલમના સ્થાપકગણ પૈકીના એક હતા, તેમજ આ મહાન સંસ્થાના આપ પ્રથમ સેક્રેટરી, ત્યારબાદ નાઝીમે આલા અને છેવટે પ્રમુખપદે રહીને અનથક ખિદમતોં કરેલી હતી. આપને મસ્જિદો અને મદ્રાસાઓની સ્થાપના કરવાનો તેમજ મોટા આલીમોને બોલાવીને જલ્સાઓનું આયોજન કરવાનો અત્યંત શોખ હતો.

આપે ગુજરાતમાં બઝમે રૂકનુદ્દીન-નકશબંદી-મુજદ્દેદી નામની સંસ્થાની સ્થાપના કરી આ સંસ્થા મારફતે કંઇ કેટલીય ફારસીથી ઉર્દુ ભાષામાં ભાષાંતર થયેલી અમુલ્ય કિતાબોનું ગુજરાતી ભાષામાં લીપીયાંતર તેમજ ભાષાંતર કરાવી ગુજરાતના મુસ્લીમોની જ્ઞાનની તરસ છીપાવી છે. આપની આવી અનેક પ્રકારની ખિદમતોના કારણેજ શજરાહ્ શરીફમાં આપના નામે આવતો શેર :-

''જઝબએ ખિદમત અતા કર હઝરત ઉસ્માન કા,
યે દુઆ કરલે કબૂલ ઈન અસ્ફીયા કે વાસ્તે.''





બીલ્કુલ યથાર્થ અને વાસ્તવીકતાને પ્રગટ કરનારો તેમજ તદ્‌ન અતિશયોક્તિ રહીત છે.

હઝરત શાહ મોહંમદ ઉસ્માન મીયાં સાહેબ (રહેમતુલ્લાહ અલહય) ની આનાથી પણ વધુ ઉચ્ચ અને મહાન ખિદમતોંનો અંદાઝ તો આપને ખિલાફતો-ઈજાઝત વડે નવાઝતી વખતે મહેબુબુસ્સમદ હઝરત સુફી અખ્લાક અહમદ સાહેબ રામપુરી નકશબંદી-મુજદ્દેદી (રહેમતુલ્લાહ અલયહે) અતા કરેલ ખિલાફતનામાએ વાંચતા આવી જાય છે. હવે હું વાંચકોની ખિદમતમાં આપના આ ખિલાફત નામાનો અક્ષરશઃ ગુજરાતી તર્જુમો રજુ કરૂં છું; જેથી વાંચકો આપની ખિદમતોનો અંદાઝ લગાવી શકે.

**...આપનું ખિલાફત નામું...**

(ગુજરાતી તર્જામો)

: બિસ્મીલ્લાહ હીર્રમાનીર્રહીમ :

નહમ્દોહુ વ નુસલ્લી અલા રસુલેહીલ્કરીમ વ આલેહીલ્અઝીમ વ અસ્હાબેહીલ્ફહીમ...અમ્માબાદ જાણ થાય કે અમારા પીરો મુર્શીદે બર હકક, હાદીએ મુત્લક, કુત્બુલ્ઔલીયા, નકીબુલ્અસ્ફીયા, કિબ્લાએ દો જહાં, કાઅ્બાએ દીનો ઈમાં, મુજદ્દીદે ઝમાં, કય્યુમે દૌરાં, ફર્દેઝમાં, શૈખે યગાના, ઈમામુલ્વકત, મૌલાના અલ્હાજ હઝરત ખ્વાજા રૂકનુદ્દીન શાહ સાહેબ નકશબંદી, ચિશ્તી, કાદરી, મુજદ્દેદી, અવૈસી, અન્સારી, અલ્વરી (નવ્વરલ્લાહો મર્કદહુ વ કુદ્દસ્સીર્રહુ) ફરઝંદે માઅ્નવી (રૂહાની ઔલાદ) હઝરત મુજદ્દીદે અલ્ફેષાની (રદીયલ્લાહો ત્આલા અન્હો) ની બા-બરકત ખિદમતમાં અહમદાબાદથી બ હુકમે અજલ વ દાયએ સરમંદી, ફીદાંએપીરાં, જાં નીષારે મુર્શીદા મોહંમદ ઉસ્માન સલ્લહુર્રમાન કુરૈશી જુનાગઢી બૈતની નિય્યતથી હાજર થયાં. એ સમય હઝરત કિબ્લાગાહનો સખ્ત બિમારીનો હતો. એ જ સમયે હઝરતે એક જલ્સાનું આયોજન કરીને પોતાના વ્હાલા ફરઝંદ ઉચ્ચ મર્તબાવાળા સાહેબઝાદા આફતાબે શરીઅત, માહતાબે માઅ્રેફત, હઝરત મુફ્તી મૌલાના મોહંમદ મહેમુદ સલ્લહુલ્વદુદને ખિલાફતની ખિલઅ્ત તેમજ દરેક ખાનદાનની ઈજાઝત અને જાનશીનીનો મન્સબ અતા કર્યો, અને અઝીઝ મોહંમદ ઉસ્માનને હુકમ આપ્યો કે, 'અમારા સાહબઝાદાથી બૈત થઇ જાવ.' પેલી તરફ હઝરત સાહબઝાદા સાહેબને ફરમાવ્યું કે, 'આજ બિસ્મીલ્લાહ આમનાથીજ બૈત (કરવું) શરૂ કરો.' આમ હુકમ મુજબ સાહબઝાદા આલીશાનથી સૌ પહેલાં બૈતનું સદ્‌ભાગ્ય તેમજ

સિલસિલાના પ્રચારની બુનિયાદ મોહંમદ ઉસ્માનથી જ રાખવામાં આવી. કેટલાય વરસો સુધી તેઓ સાહેબઝાદા સાહેબની પવિત્ર સોહબત અને ખાસ તવજ્જોહ્ વડે ફૈઝયાબ તથા તૃપ્ત થતા રહયાં અને મહાન ખિદમતો અંજામ આપી. ખાસ કરીને તેઓના સિલસિલાની ઈશાઅતમાં ઘણાં જ કાર્યરત રહયાં. આ નિઃસ્વાર્થ ખિદમતો વડે (તેઓ) પીરના મંઝુરે નઝર બની ગયા. હાલના ઝમાનામાં આવી ખિદમતો કોઈ મુરીદ કરી શકતો નથી. તદુપરાંત (તેઓ) પીરભાઈઓની ખિદમતમાં કોઈપણ સંજોગમાં ઉણપ આવવા દેતાં નથી. પછી હઝરત સાહબઝાદા સાહેબ હૈદરાબાદ – સિંધ (પાકિસ્તાન) તશરીફ લઈ ગયા; તો ખબર મળતાં જ (તેઓએ) ત્યાં હાજર થઈને પણ ખિદમત અદા કરી. ત્યારબાદ આ નાચીઝ હકીર બંદાની અહમદાબાદમાં અવર–જવર અને ત્યાંના રોકાણનું કારણ પણ આપ જ બન્યા અને સિલસિલાની ઈશાઅતમાં અહીં જ રાત–દિવસ અથાગ કોશીષો અને મહેનતો કરતાં રહે છે; અને અમારા હઝરતસાહેબ (રહેમતુલ્લાહ અલયહ)નો લગાવેલોં બગીચોં કે જે સુકાઈ રહ્યો હતો, તેઓના પ્રયત્ન વડે લીલોછમ્મ અને લહેરાઈ રહયો છે. જે કોઈનાથી છુપું નથી અમારા પીરોના તે મંઝુરેનઝર છે; એટલા માટે આજીઝે તેમનાથી મોહબ્બતનો ખુસુસી સંબંધ હંમેશા જાળવી રાખ્યો છે. જ્યારે હઝરત સાહબઝાદા સાહેબ (સલ્લમલ્લાહો ત્આલા) એ કરમ નવાઝીશ અને બંદાપરવરીની રીતે પોતાના અમદાવાદી મુરીદો વગેરેને આ ખાકસારને સોંપ્યા ત્યારથી વારંવાર(સમય–સંજોગની અનુકુળતા પ્રમાણે) તેઓની આલા ઈસ્તેદાદ (ઊંચી સાર્મ્થયશક્તિ) મુજબ ખાસ તવજ્જોહ્ વડે તેમને નવાઝયાં. હવે હઝરત સાહેબ(રહેમતુલ્લાહ અલયહ) ની પુરફૈઝ નઝરની કાબેલીયત જાહેર થવાનો સમય આવી પહોંચ્યો તો તેઓનો સુલુક અલ્હમ્દોલીલ્લાહ 'ફનાએ કલ્બી'થી'ફનાએ નફસ' સુધી પહોંચ્યો તેમજ(તેઓને)ખુલ્લતની નિસ્બત વડે નવાઝવામાં આવ્યાં; ત્યાં સુધી કે જઝબાહની રાહથી ઝાતે બહતમાં ઉરૂજ અને નુઝુલ તેમજ ફના અને બકા તેઓને હાંસીલ થઈ, જેની તસ્દીક સરહિંદશરીફમાં થઈ એટલે કે આ વરસે દરબારે નાયબે અતમ્મે રસુલે મકબુલ (સલ્લલ્લાહો અલયહ વસલ્લમ) મહેબુબે સમદાની, કય્યુમે ઝમાની હઝરત મુજદ્દીદે અલ્ફેષાની (રદીયલ્લાહો ત્આલા અન્હો)ના પવિત્ર દરબારમાં ઉર્ષશરીફના મૌકા પર હાજરી થઈ, કે જ્યાં વહેદતના દરિયાના તરસ્યાઓની તૃષા છીપાવવામાં આવે છે, હાજતમંદોની હાજતો તેમજ સુલુકવાળાઓનો સુલુક પુર્ણ કરાવવામાં





આવે છે; ત્યાં વિદાયવખતે બાતિની ઈન્આમોની વહેંચણી થાય છે; ત્યાં આ અઝીઝ મોહંમદ ઉસ્માને મુરાકીબામાં જોયું તથા સાંભળ્યું કે, ''તમારું કાર્ય પુર્ણ થઈ ગયું'' આ બશારત તથા તસ્દીકથી વધુ ઈત્મીનાન હાંસીલ થઈ ગયું. અલ્હમ્દોલીલ્લાહ તેઓની ૨૧ (એકવીસ) વરસની નિરંતર નિઃસ્વાર્થ ખિદમતો ઠેકાણે લાગી. મહાન પીરોના ફરમાન તદ્ન સત્ય સાબીત થયા કે **હરકે ખિદમત કર્દ ઉ મખ્દુમ શુદ.** એટલેકે જેણે (પીરોંની)ખિદમત કરી તે છેવટે મખ્દુમ બનીને રહયો. ખિદમતનો બદલો મળીને જ રહે છે. **ખિદમતે તોરા બ કુંગરાએ કિબ્રીયા કશદ**. એટલેકે ખિદમત તને એક દિવસ જરૂર ખુદા સુધી પહોંચાડી દેશે. પછી તેઓની આ હાલતની જાણકારી હઝરત સાહબઝાદા સાહેબ (હઝરત મુફતી મહેમુદ સાહેબ)ને પત્રરૂપી અરીઝા વડે કરીને (તેઓની)ખિલાફત માટે સિફારીશ કરવામાં આવી; તો જવાબ મળ્યો કે, મોહંમદ ઉસ્માનને સિલસિલાની ઈજાઝત અતા કરવી, આપની ઉપર અવલંબીત છે. (કારણકે) આપ ત્યાં રહો છો અને આપે જ તેઓને તમામ મકામો પાર કરાવી દીધાં છે, તો પછી ઢીલનું કારણ શું છે.? મોહંમદ ઉસ્માન ખુબ જ સારીવ્યકિત છે અને અમારા સૌથી પહેલાં મુરીદ અને મુખ્લીસ મુરીદ છે. અલ્લાહ ત્આલા તેઓને ખુશ રાખે તથા તેઓના દરજ્જા બુલંદ ફરમાવે. તેમજ મુફતીએ આઝમ, શરીઅત, માઅ્રેફતપનાહ મૌલાના અલ્હાજ મોહંમદ મઝહરૂલ્લાહ શાહ સાહેબ નકશબંદી, ચિશ્તી, કાદરી, શાહી ઈમામ જામે મસ્જિદ ફતેહપુરી દિલ્હી (દામતબરકાતોહુમ) પણ અઝીઝ મોહંમદ ઉસ્માનથી ઘણાં જ ખુશ છે; અને તેઓના પણ તે મંજુરે નઝર છે. તેમના માટે અગાઉથી લખી મોકલ્યું હતું કે, તેઓએ (મોહંમદ ઉસ્માને) અમારા દિલ ઉપર ઘણો જ કબ્ઝો જમાવેલો છે. એટલા માટે હઝરતથી પણ પત્ર દ્વારા મશ્વરો માંગવામાં આવ્યો તો આ યોગ્ય જવાબ હાંસીલ થયો કે, અઝીઝ ગીરામીકદ્ર (મોહંમદ ઉસ્માન)ના મામલામાં આપ મુખ્તાર છો. આપના દિલનો એ વાત તરફ જુકાવ (ખિલાફત આપવા તરફ) અને તેઓને (હઝરત મોહંમદ ઉસ્માન સાહેબને) ઈશારો થવો (આ બંને વાત) ઈજાઝતના કારણરૂપ છે. સુબ્હાનલ્લાહ, જેઓને આવી જલીલુલ્કદ્ર અને અગ્રગણ્ય હસ્તીઓ પોતાની નઝરમાં મકબુલ ફરમાવે તેમજ સ્વીકૃતિ અતા ફરમાવે તો તે બેશક, અલ્લાહ ત્આલા અને રસુલ (સલ્લલ્લાહો અલયહ વસલ્લમ)ના સ્વીકૃતિ પામેલાં છે.

આમ, આ રૂહાની બનાવો અને નિઃસ્વાર્થ ખિદમતો તેમજ

મર્તબાઓની પ્રાપ્તીના આધાર પર ગૈબી ઈશારાથી અને અલ્લાહત્આલાના હુકમથીઆ ખાકસાર હરદિલ અઝીઝ મોહંમદ ઉસ્માનને હુકમ વડે સિલસિલાએ આલીયા નકશબંદીય્યાહ મુજદ્દેદીય્યાહની ખિલાફત તેમજ ઈજાઝત વડે નવાઝીને પોતાના નાયબ બનાવે છે અને શરીઅત તથા તરીકતના અનુસરણની તેમજ સિલસિલાની ઈશાઅતની વસીયત કરીને અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતની બારગાહમાં દુવા માટે હાથ ઊઠાવે છે કે, અલ્લાહ ત્બારક વ ત્આલા આં હઝરત સલ્લલ્લાહો અલયહ વસલ્લમના તુફૈલ અને હઝરાતે પીરાને ઉઝ્ઝામના સદકા અને વસીલા વડે ફૈઝાને મોહંમદી સલ્લલ્લાહોઅલયહ વસલ્લમ અઝીઝ મોહંમદ ઉસ્માન દ્વારા મખ્લુકને પહોંચાડે અને તાલીબોંના દીલોને નિસ્બતના અન્વારો વડે રોશન તેમજ મુનવ્વર ફરમાવે.......આમીન... વ આખરુદાઅ્વાના અનીલ્હમ્દોલીલ્લાહે રબ્બીલ્આલમીન વલ્આકેબતો લીલ્મુત્તકીન વસ્સલાતો વસ્સલામો અલા સય્યદીલ્મુરસલીન મેહબુબે રબ્બીલ્લ -આલમીન વ અલા આલેહીલ્અત્હાર વ અસ્હાબેહીલ્અખ્યાર વ ઔલીયાએહી લ્કીબાર રીદવાનુલ્લાહેત્આલા અલયહીમ અજમઈન. આમીન ...યા રબ્બુલ્આલમીન.

ખાકપાએ ખ્વાજગાને નકશબંદીય્યાહ મુજદ્દેદીય્યાહ,
ઝર્રાએ બેમીકદાર હકીર ફકીર અખ્લાક અહમદગફરલ્લાહુ અન્હુ
નકશબંદી રામપુરી સુમ્મ ઝાલાવાડી મુકીમ અહમદાબાદ (ગુજરાત)
૧૭ જમાદીયુલ્અવ્વલ હી.સ. ૧૩૫૭ મુતાબીક ૧૩ ડીસેમ્બર ઇ.સ. ૧૯૫૬

........................................................

### આપની વફાત અને મઝારેપાક

ઝિંદગીનાઆખરી દિવસોમાં આપની ઉપર કામીલ ઈસ્તિગરાક (ઇશ્કે ઈલાહીમાં એક પ્રકારની મદહોશી) હોવાના કારણે આપની પાસે આવનાર વ્યક્તિઓને આપ ઘણાં જ પ્રયત્નો પછી ઓળખી શકતાં હતાં.

આપની વફાત માહે શવ્વાલની ૨૫ (પચ્ચીસ)મી તારીખે હી.સ. ૧૪૨૪ માં થઇ આપની નમાઝે જનાઝા હઝરત મૌલાના હાજી મોહંમદ અસ્લમ સાહેબે પઢાવી. આપની અંતિમગાહ અને મઝારેપાક સરખેજ-અહમદાબાદમાં છે.





★★★ ૧૨ ★★★

## હઝરત મૌલાના ખુબમિંયા નકશબંદી

(રેહમતુલ્લાહે અલયહે)

જ્યારે અખંડ હિન્દુસ્તાનની ધરતી પર બાતિલ ફિર્કાઓ પેટે ખાતીમે નબુવ્વતના મુન્કીર એવા કાદીયાનના કાઝીબ નબુવ્વતના જુઠા દાવેદારોએ માથું ઊંચકયું તો તેના બાતીલ અકીદાઓનું સંપુર્ણ ખંડન કરનારાઓ પેટે એક એવા પીર સૈયદ હાફીઝ જમાઅત અલીશાહ નકશબંદી (રહેમતુલ્લાહ અલયહ)ના નામવર ખુલફાઓ પૈકીના આપ એક મશહુર ખલીફા છે. આપનો મઝારે પાક મદીનતુલ્ઔલીયા અહમદઆબાદ શહેરના મશહુર ચહારતોડા કબ્રસ્તાનમાં છે; આપના વિશે વધુ કોઇ માહિતી મળી શકી નથી.

★★★ ૧૩ ★★★

## હ. ફઝલે હકકબાવા નકશબંદી મુજદ્દેદી

(રેહમતુલ્લાહે અલયહે)

સૌરાષ્ટ્રના ધોરાજી શહેરના બહારપુરા વિસ્તારમાં આવેલાં બાદલશાના કબ્રસ્તાનમાં હઝરત ફઝલેહકક બાવા નકશબંદી મુજદ્દેદી (રહેમતુલ્લાહ અલયહ)નો ભવ્ય કલાત્મક કારીગીરવાળો મકબરો આવેલો છે; તેને સંલગ્ન જ આપના નામે ચાલતો એક મદ્રાસો તેમજ મસ્જીદ પણ આવેલી છે.

હઝરત ફઝલે હકકબાવા (રહેમતુલ્લાહ અલયહ)ની વિલાદતે બાસઆદત (પવિત્ર જન્મ) અફઘાનીસ્તાનના કાબુલ શહેરમાં થઇ હતી. આપના વાલીદ સાહેબનું પવિત્ર નામ હઝરત ખ્વાજા ફરીદ (રહેમતુલ્લાહ અલયહ) હતું અને આપના દાદાનું નામ ખ્વાજા યુસુફ (રહેમતુલ્લાહ અલયહ) હતું. આપનો સિલસિલાએ નસબ (પેઢીનામું) મહેબુબે સમદાની ઈમામે રબ્બાની મુજદ્દીદે અલ્ફેસાની શૈખ અહેમદ ફારૂકી સરહિંદી નકશબંદી (રદીયલ્લાહો ત્આલા અન્હો) ને જઇ મળે છે. આપની વાલીદા સાહેબાનું નામ હઝરત અસ્માબીબી હતું, જે તે યુગનામહાન બુઝુર્ગ હઝરત અબ્દુસ્સમદ (રહેમતુલ્લાહ અલયહ)ની સાહેબઝાદી હતા.

હઝરત અબ્દુસ્સમદ (રહેમતુલ્લાહ અલયહ)ના બે (૨)

સાહેબઝાદા હતા. (૧)હઝરત ઝીયાં મોહંમદ અને (૨) હઝરત અસદુલ્લાહ તેમજ એક સાહેબઝાદી હતાં જેનું નામ અસ્માબીબી હતું; જે હઝરત ખ્વાજા ફઝલેહક્ક બાવા (રહેમતુલ્લાહ અલયહ)ના વાલીદા સાહેબા હતા. હઝરત અબ્દુસ્સમદ (રહેમતુલ્લાહ અલયહ)ના મોટા સાહેબઝાદા હઝરત ઝીયા મોહંમદના બે પુત્રો (૧) હઝરત શૈર મોહંમદ અને (૨) હઝરત ઈમામુદ્દીન આ બંને પણ હઝરત ફઝલેહક્કબાવાની બાજુમાં જ ધોરાજી ખાતે આરામ ફરમાવી રહયાં છે. આ બંને પૈકી હઝરત શૈર મોહંમદ (રહેમતુલ્લાહ અલયહ) ઘણાં જ બા કરામત બુઝુર્ગ હતાં. આપ સફરા નદીના કિનારે ઝુંપડી બાંધીને ઈબાદત કરતાં હતાં. એ સમયે ગોંડલના દરબારોનો વસવાટ ધોરાજીમાં હતો, તેમાં દરબારની રાણીને પેટના દુખાવાની બિમારી ઉપડી હતી. ઘણાંય ઉપચારો કરવા છતાં સારું થતું ન હોતું; છેવટે આપની ખ્યાતિ સાંભળીને રાણીને ઈલાજ માટે આપની પાસે લઇ આવ્યાં. આપે પાણી દમ કરી આપ્યું અને રાણીની બિમારી દુર થઇ ગઇ. આથી દરબાર આપની પર ઘણાં ખુશ થઇ ગયાં અને આપને નઝરાણામાં ગામ-ગરાશ આપવા કહયું, પરંતુ આપે તેનો સ્વીકાર ન કર્યો; અને પોતાની ઝુંપડી પાસે પોતે લાકડી વડે લીટોદોર્યો એટલી જ જમીન આપવા કહયું, જેથી દરબારે ત્રાંબાના પત્રા ઉપર એટલી જમીનનો લેખ કરી આપ્યો.

આ જગ્યા નદીના ઊંડા કોતરોવાળી હતી. હઝરત મીયાં શેરમોહંમદ (રહેમતુલ્લાહ અલયહ)ના તાબે જીન્નાતો પણ હતાં. આપે આકોતરો બુરાવીને જમીન સમતલ બનાવીને ત્યાં બાગ બનાવેલો, જે મિયાં શૈર મોહંમદ ના બાગ તરીકે મશહુર હતો.

હઝરત ફઝલે હક્ક બાવા નકશબંદી (રહેમતુલ્લાહ અલયહ)ના વાલીદ સાહેબ હઝરત ખ્વાજા ફરીદ (રહેમતુલ્લાહ અલયહ) ખુબ જ પરહેઝગાર અને દુર્વેશોના મિજાઝના હતાં. આપ હંમેશા ઈબાદતમાં મશગુલ રહેતાં હતાં અને એકાંતવાસ પસંદ ફરમાવતાં હતાં. આપ એક દિવસ આપના પીરોમુર્શીદ હઝરત ખ્વાજા સિદ્દીક (રહેમતુલ્લાહ અલયહ)ની બારગાહશરીફમાં હાજર થયાં. આપના પીરોમુર્શીદે ત્યારે જ આપને ખુશખબરી આપી કે, 'તમારી ઉપર બહુ જલ્દી અલ્લાહ ત્આલાનો ફઝલ થશે અને તમારે ત્યાં એક ફરઝંદ પૈદા થશે, જેનાદ્વારા અલ્લાહની મખ્લુક ખુબ જ ફૈઝ હાંસીલ કરશે.'

આપની પૈદાઇશની ચોક્કસ તારીખ વિશે કોઇ આધારભુત પુરાવો





મળી શકતો નથી; પરંતુ એટલું ચોક્કસકે આપની પૈદાઇશ હી.સ. ૧૨૪૬ મુતાબીક ઇ.સ. ૧૮૩૧માં થઇ હતી.

આપ બચપણથી જ ઇલ્મેદીન તરફ ખુબ જ રગબત ધરાવતાં હતાં. આપની ઇલ્મી તર્બિય્યત (ઉછેર) આપના વાલીદ તેમજ એ યુગના અન્ય નકશબંદી બુઝુર્ગોની દેખભાળ નીચે પુર્ણ થઇ. આપે એ યુગના કાબુલના ખ્યાતનામ બુઝુર્ગ હઝરત કૈય્યુમજાન સાહેબ નકશબંદી મુજદ્દેદી (રહેમતુલ્લાહ અલયહ) ની અરાદત હાંસીલ કરી (મુરીદ બન્યા) અને સુલુકની મંઝીલો તય કરવા લાગ્યા. આપની નિપુણતા અને પરહેઝગારીને જોતાં આપના પીરોમુર્શીદ આપની ઉપર વિશેષ તવજ્જોહ્ ફરમાવી અને આ રીતે આપે સુલુકની મંઝીલો જલ્દી તય ફરમાવી અને ઇલ્મેબાતીનમાં પરિપુર્ણતા હાંસીલ કરી.

હઝરત ફઝલેહક્ક બાવા (રહેમતુલ્લાહ અલયહ) હંમેશા શરીઅતના ચુસ્ત પાલન તેમજ તકવો અને પરહેઝગારી અપનાવવાની નસીહતો લોકોને કરતાં હતાં. આપ ફરમાવતાં હતાં કે, 'અલ્લાહત્આલાનો કુર્બ હાંસીલ કરવા માટે તકવો અને પરહેઝગારી જ સૌથી મોટું માધ્યમ છે.'

આપની વાલીદા સાહેબા અહીં ધોરાજીમાં તેઓના ભત્રીજાઓ હઝરત શૈર મોહંમદબાવા તેમજ હઝરત ઈમામુદ્દીનબાવાની મુલાકાત માટે આવ્યાં હતાં. હઝરત ફઝલે હક્કબાવા (રહેમતુલ્લાહ અલયહ)હઝરત શૈર મોહંમદ બાવાથી ઘણાં જ પ્રભાવીત થયા હતાં.

હઝરત શૈર મોહંમદ બાવા(રહેમતુલ્લાહ અલહય)એ વિસાલ ફરમાવ્યો તેની ખબર હઝરત ફઝલે હક્કબાવા (રહેમતુલ્લાહ અલયહ)ને જ્યારે અફઘાનીસ્તાન પહોંચી ત્યારે ત્યાંની રાજકીય પરિસ્થિતી ઘણી અસ્થિર હોવાના કારણે આપ અહીં ધોરાજી આવી શક્યાં નહીં; પરંતુ ત્યારબાદ પરિસ્થિતિ સુધરતાં જ આપ હી.સ.૧૩૦૮ મુતાબીક ઇ.સ.૧૮૯૦માં ધોરાજી તશરીફ લાવ્યાં, અને છેવટે ધોરાજીમાં જ આપે કાયમી વસવાટ કર્યો અને સિલસિલાની ઇશાઅત તેમજ પ્રચારમાં લાગી ગયા. આપ અહીં ધોરાજીમાં પોતાના મોટાભાગનો સમય કબ્રસ્તાનમાં તેમજ જામે મસ્જીદમાં ગાળતાં હતાં તેમજ ઝીક્ર-ફીક્રમાં મશ્ગુલ રહેતાં હતાં.

ધોરાજીમાં એ જ સમયગાળા દરમ્યાન પ્લેગ(મરકી)નો ભયંકર રોગ-ચાળો ફાટી નીકળ્યો. આ રોગચાળો એટલી હદે વિકરાળ હતો કે એક મંયતને દફનાવીને ઘેર આવતાં બીજા મૈયતની તૈયારી કરવી પડતી. એ સમયે આપના

અમુક આગેવાનો આપની ખ્યાતી સાંભળતાં ભેગા થઇને આપની બારગાહ શરીફમાં આવ્યા અને આ ભયંકર બિમારીથી ગામને નજાત મળે તેવી દુઆ કરવા માટે અર્ઝ કરી. આપે તેઓને કહયું કે,' અમે દુઆ કરીશું.' બીજા દિવસે ફરીવાર લોકો આપની ખિદમતમાં હાજર થયાં અને અર્ઝ કરી કે,'પ્લેગનો રોગ વધુ વેગ પકડી રહયો છે, અને લોકોની દુશ્વારી ખુબજ વધી ગઇ છે, ગામનો દરેક વ્યકિત ડરથી થરથર કાંપી રહયો છે. આપ દુઆ કરો કે જેથી ગામને આ વબામાંથી નજાત મળે.' આપે ફરી લોકોને ખાતરી આપી કે, 'અમે દુઆ કરીશું.' એ જ રાત્રે આપ મુરાકેબાહ્‌માં બેઠા હતાં, તો મુરાકેબા દરમિયાન જ આપને હઝરત ઇમામે રબ્બાની મુજદ્દીદે અલ્ફેશાની (રદીયલ્લાહો ત્આલા અન્હો) તરફથી સંકેત મળ્યો કે,'આ ધોરાજી ગામ ઉપર આવેલી પ્લેગરૂપી ભયંકર આફતને ખાળવા અને અલ્લાહની મખ્લુકને બચાવવા માટે તમારે આ ફાની દુનિયાથી પડદો કરવો પડશે.'

બીજા દિવસે સવાર પડતાં જ ફરીવાર લોકો આપની બારગાહમાં હાજર થયાં, તો આપે તેઓને રાત્રે ઘેર આવવાનું કહયું. રાત પડતાં જ લોકો આપના ફરમાન મુજબ ઘેર પહોંચ્યાં. આપે લોકોને સબ્ર તેમજ નમાઝ વિશે તાકીદ ફરમાવી. અને ત્યારબાદ આપે કેટલાક તાવીઝો લખી આપ્યાં, જે ગામની ચારેય દિશાઓમાં દાટી દેવાનું કહયું અને ફરમાવ્યું કે,' અલ્લાહ ત્આલા ચાહશે તો આ બિમારી ફરીવાર અહીં આવશે નહીં.' લોકો ઘણાં જ ખુશ થયાં અને આપે આપેલાં તાવીઝોને આપના કહયા મુજબ ગઢનીરાંગમાં આવેલ નાના દરવાજાઓ (૧) હાલા દરવાઝો (૨)પોરબંદર દરવાઝો (૩)જુનાગઢ દરવાઝો અને(૪)કાઠિયાવાડ દરવાઝા પાસે દફન કરી દીધાં. ત્યારબાદ ધોરાજી શહેરમાંથી આ વબાએ વિદાય લીધી. જેણે આજ સુધી દેખા દીધી નથી.

ત્યારબાદ હઝરત ફઝલેહકક બાવા (રહેમતુલ્લાહ અલયહ)એ પોતાના કબીલાના લોકોને બોલાવીને તેમની પાસે બેસાડ્યા અને ફરમાવ્યું કે, 'કોઇને મારાથી જો કોઇ તકલીફ પહોંચી હોય તો મને માફ કરશો, દુનિયામાં મારા રૂખ્સત થયા બાદ મને કબ્રસ્તાનમાં આવેલ હઝરતમીયાં શૈર મોહંમદ બાવા (રહેમતુલ્લાહ અલયહ)ના મઝારની બાજુમાં દફન કરશો.' એવી આપે વસીય્યત ફરમાવી. આપની વસીય્યત સાંભળવામાં એ સમયે હઝરત મીયાં મીર મોહંમદ શૈર મોહંમદ અને હઝરત અહમદ મીયાં ઇમામુદ્દીન પણ





હજર હતાં. આપની વસીય્યતથી તેઓ ઘણાં જ નવાઇ પામ્યાં; કારણકે હઝરતે આવી વાત ક્યારેય ફરમાવી ન હોતી. આપની આ વાતથી કશું અજુગતું બનશે તેવું તેઓને લાગ્યું. હઝરતની ઉપરોક્ત વસીય્યતથી પુરી મહેફીલમાં સન્નાટો છવાઇ ગયો.

ત્યારબાદ આપ આટલી વસીયત ફરમાવીને પોતાના હુજરામાં ચાલ્યા ગયાં અને હંમેશાના મામુલ મુજબ ઝીક્ર અને નમાઝમાં મશ્ગુલ થઇ ગયાં હતાં; આપ રાતભર ઇબાદત તેમજ ઝીક્ર-ફીક્ર અને મુરાકેબામાં મશ્ગુલ રહયાં. વહેલી સવારે આપે પોતાના એક ખાદીમને વઝુ માટે પાણી લઇ આવવા કહયું અને આપે ફઝરની નમાઝ અદા ફરમાવી. અને ત્યારબાદ આપની તબીયત વધુ ખરાબ થતાં આપે બિસ્તર પર આરામ ફરમાવ્યો; અને થોડી જ વારમાં આપે આ ફાની દુનિયાને અલવીદા ફરમાવી.

**ઈન્નાલિલ્લાહે વ ઈન્ના અલયહે રાજેઉન.**

આપે જે કમરામાં વિસાલ ફરમાવ્યો ત્યાં જ આપને ગુસ્લ આપવામાં આવ્યું. આ જગ્યા આજે પણ બહારપુરામાં યતીમખાનાની બાજુમાં બ્લોચના ડેલા તરીકે જાણીતી છે. અહીંથી જ આપનો પવિત્ર જનાઝો કાઢવામાં આવ્યો.

આપના વિસાલની ખબર જોતજોતામાં પુરાં શહેરમાં વાયુવેગે પ્રસરી ગઇ, અને લોકોના ટોળેટોળા એકઠા થયાં. ખુબ વિશાળ જનમેદની આપના જનાઝા સાથે જોડાઇ. આપના જનાઝાની નમાઝ ખ્વાજા સાહેબના મૈદાનમાં હઝરત મીર મોહંમદ શૈર મોહંમદ (રહેમતુલ્લાહ અલયહ)એ પઢાવી; જે આપના ખલીફા હતાં. અને ત્યારબાદ આપને હઝરત ઇમામુદ્દીન બાવા (રહેમતુલ્લાહ અલયહ)ની હુજરામુબારકમાં દફન કરવામાં આવ્યાં.

હઝરત બાવા ફઝલે હકક નકશબંદી મુજદ્દેદી (રહેમતુલ્લાહ અલયહ)નો ઉર્ષ મુબારક હઝરત ઇમામે રબ્બાની મુજદ્દીદે અલ્ફેશાની (રદીયલ્લાહો ત્આલા અન્હો)ના ઉર્ષમુબારકની સાથે જ માહે સફરની ૨૫ થી ૨૮તારીખ સુધી ઘણી જ શાનૌ-શૌકત સાથે શરીઅતની પાબંદી સાથે મનાવવામાં આવે છે.

(હઝરત મીયાં મીર મોહંમદ શેરમોહંમદ
(રહેમતુલ્લાહઅલયહે) ની પ્રતમાંથી સંકલીત
તેમજ તા.૨૭-૯-૧૯૮૯ના
જયહિંદ અખબારના એક લેખ પરથી સાભાર.)

★ ★ ★ ૧૪ ★ ★ ★

## હઝરત શેર મોહંમદબાવા નકશબંદી

(રેહમતુલ્લાહે અલયહે)

હઝરત શેર મોહંમદ બાવા નકશબંદી (રહેમતુલ્લાહ અલયહ) નો જન્મ ઈ.સ. ૧૮૦૬ હી.સ.૧૨૨૧માં અફઘાનીસ્તાનના કંહદાર શહેરમાં થયો હતો, આપના વાલીદ હઝરત ઝીયા મોહંમદ ખાન નકશબંદી (રહેમતુલ્લાહ અલયહ) તેમના ઝમાનામાં મોટા આલીમ, ફાઝીલ, વલીએ કામીલ હતા. તેમના બન્ને સહબઝાદા શૈર મોહંમદ બાવા અને ઈમામુદ્દીનબાવાને તેમણે દીની તાલીમ અપાવી આલીમ ફાઝીલ બનાવ્યા. હઝરત ઝીયા મોહંમદ ખાન સિલસિલાએ નકશબંદીયાના મહાન બુઝુર્ગ હઝરત ખ્વાજા સિદ્દીક (રહેમતુલ્લાહ અલયહ) ના ખલીફા હતા હઝરત ઝીયા મોહંમદ ખાન કંદહાર શહેરના વતની હતા પણ દિને ઈસ્લામની તબ્લીગ ખાતર આપ કંદહારથી બલોચિસ્તાન ના કવોટા શહેરમાં તશરીફ લાવ્યા. હઝરત ઝીયામોહંમદ ખાનની ઔલાદ માં ત્રણ સહાબઝાદા હતા. (૧) હઝરત શૈરમોહંમદ બાવા (૨) હઝરત ઈમામુદ્દીનબાવા (૩) હઝરત પીર બખ્શબાવા. હઝરત ઝીયા મોહંમદ ખાનની શરીકે હયાત ઝૈનબમાં નું કવેટાખાતે વિસાલ થયું હતું ત્યારબાદ આપ ત્રણેય સાહબઝાદાઓને લઈને આપ હજ્જે બયતુલ્લાહ માટે રવાના થયા ત્યાં રસ્તામાં જ તેમનું અવસાન થયું. મુરીદો માટે અકીદ તમંદોએ ત્રણેય સાહબઝાદાઓને દિલાસો આપી ખુબજ કાળજી પુર્વક મક્કાશરીફ પહોંચાડી દીધા ત્યાં તેઓ હજ્જેબયતુલ્લાહથી ફારીગ થઈ બારગાહે રિસાલત મઆબ સરકારે મદીના (સલ્લલ્લાહો અલયહ વસલ્લમ) ના રોઝાએ અકદસની ઝિયારતથી મુશર્રફ થયા તે સમયે સૌરાષ્ટ્ર કાઠીયાવાડના બાટવા કુતિયાણા અને ધોરાજીના મેમણ વેપારીઓ આપની પાસે મહેફીલમાં બેસવા આવતા તેઓ હઝરત શૈરમોહંમદ બાવાની શખ્સીયતથી ખુબજ પ્રભાવિત થયા હતા. બાટવા તથા કુતિયાણાના વેપારીઓએ હઝરતને પોતાના સાથે તેમના ગામમાં આવવા માટે આગ્રહ કર્યો તથા કુતિયાણાના વેપારીઓએ હઝરતને પોતાના ગામમાં આવવા માટે ખુબજ આગ્રહ કર્યું. અને ધોરાજીના મેમણ સદગૃહસ્થો એ ધોરાજી આવવા માટે ખુબજ આગ્રહ કર્યો પણ હઝરત શૈર મોહંમદ બાવાએ તેમને કહયું કે, 'આવતી કાલે જવાબ આપીશ.' બીજા દિવસે આપે ધોરાજી જવાનું જાહેર કર્યું તો ધોરાજીના મેમણ સદગૃહસ્થો





ખુશખુશાલ થઈ ગયા હતા સાથે રહેલા મુરીદો અને અકીદતમંદો આપથી આથી રંજીદા થયા હતા પણ આપે તેઓને દિલાસો આપતાં કહયું કે, 'અલ્લાહ ત્આલાની આ જ મરજી છે. અને તેની ઉપર અમલ કર્યા સિવાય છુટકો નથી.' ત્યારે બાદ તેમનાથી વિદાય લીધી તેઓ પોતાના બન્ને ભાઈઓ સાથે ધોરાજી તશરીફ લાવ્યા અને અહીં જ વસવાટ કર્યો થોડા જ સમયમાં આપને આસપાસના લોકોમાં ખુબ જ ખ્યાતી મળી લોકો તેમનાથી ફૈઝ લેવા અને મુરીદ થવા લાગ્યા સિલસિલાએ નકશબંદીયાના મહાન બુઝુર્ગ ઔલાદે ઈમામે રબ્બાની મુજદ્દીદે અલ્ફેષાની હઝરતે કય્યુમજાન સાહેબ (રહેમતુલ્લાહ અલયહ) ના ખલીફા હોવાથી આસપાસના વિસ્તારમાં ખલીફા સાહેબના નામથી મશહુર થયા.

આપના ધોરાજી આવવાના કારણસર અહીં સિલસિલાએ નકશબંદીયાના પીરો તેમજ મશાઈખોની મોટી સંખ્યામાં વખતો વખત તશરીફ આવરી રહી. અને આપના વિસાલ પછી પણ આપનો ખાનદાન અહીં વસવાટ કરતો હોવાથી નકશબંદી પીરોની આવક-જાવક ધોરાજીમાં છે. ઈ.સ. ૧૯૬૫ સુધી રહી તેમાં મુખ્ય હઝરત શમ્શુલ મશાઈખ પીરિ તરીકત ખ્વાજા અબ્દુલ કય્યુમજાન સાહેબ અને તેમના ફરઝંદ શૈખુલ મશાઈખ હઝરત શૈરઆગા સાહેબ, હઝરત ગુલઆગા સાહેબ હઝરત ફઝલેમોહંમદ તેમજ હઝરત ઉસ્માનજાન, ઈબ્રાહીમજાન અને હઝરતે તસદદુક હુસેન જેવા મહાન બુઝુર્ગો જેમની ખાનદાની નિસ્બત હઝરતે મુજદ્દીદે અલ્ફેષાની ઈમામે રબ્બાની સાથે હતી તેઓ પણ ધોરાજી તશરીફ લાવ્યા.

આ ઉપરાંપ ધોરાજીના મહાન બુઝુર્ગ કુદવત્તુસ્સાલેકીન શમ્શુલ-આરેફીન હઝરત ફઝલે હકકબાવા અને ફઝલે સમદ બાવા પણ તશરીફ લાવ્યા અને તેમના મઝારશરીફ શૈરમોહંમદ બાવાના હુજરા સાથે જ છે. હઝરત શૈરમોહંમદ બાવા વધારે સમય ધોરાજીમાં આવેલ પોતાના બાગમાં જ પસાર કરતા. તેઓ ત્યાં ઈબાદત અને રિયાઝતમાં મશ્ગુલ રહેતા મુરીદોને **ખત્મે ખ્વાજગાને નકશબંદીયાહ્** પઢવાની તાકીદ કરતા અને મહેફીલમાં આ ખત્મશરીફ આપ પોતે પઢાવતા.

આપ જે બાગમાં વધારે સમય રહેતા તે બાગ આપને તે સમયના ગોંડલ ઠાકોર તરફથી ભેટમાં મળેલ હતો. બન્યુ એવું કે ઠાકોર સાહેબની એક પુત્રીના પેટમાં ખુબ જ દુખાવો હતો, રાજ વૈધો હકીમો વગેરેના પ્રયત્નો નિષ્ફળ ગયા હતા. છેવટે કોઈએ ઠાકોર સાહેબને હઝરત

શેરમોહંમદ વિશે વાત કરી. તો તેમણે હઝરતની મુલાકાત લઇ પોતાની પુત્રીના દર્દની વાત કરી. આપે પાણી પઢી આપ્યું અને તેને પીવડાવવાનું કહયુ તેથી તેનું દર્દ મટી ગયું. ઠાકોરસાહેબે ખુશ થઇ આપને કંઇક દેવાનું આગ્રહ કર્યો આપે ઇન્કાર કર્યો પણ ખુબ જ આગ્રહ કર્યા પછી અમુક મુરીદો તથા અકીદતમંદોના આગ્રહથી થોડી જમીન પોતાના કયામ માટે રાખી જેને આજે પણ મીયાંનો બાગ કહેવાય છે.

ધોરાજીમાં એક વખતે દુષ્કાળ જેવી પરિસ્થિતી થઇ હતી. પાણીની ખુબજ અછત હતી. લોકો ખુબજ મુશ્કેલીમાં મુકાયેલાં હતા. ત્યારે હિન્દુ-મુસ્લીમ આગેવાનોએ આપને દુઆ કરવાનું કહયુ. તો કેટલાક અકીદતમંદોએ વઝુ માટે પણ પાણી ન હોવાનું કહયું. આપ ઊભા થયા અને પોતાની લાકડીથી જમીનના અમુક ભાગ ઉપર નિશાની કરી તો ત્યાં પાણીનો ચશ્મો (ઝરણું) જારી થયુ. આપની આ કરામત જોઇ મુરીદો તથા અકીદતમંદો પણ આશ્ચર્યમાં પડી ગયા આ ચશ્માને 'બાપુ શેરમોહંમદનો ચશ્મો' કહેવામાં આવતો પાછળથી આ જગ્યા ગૈર મઝહબના હાથમાં આવતાં ચશ્માની સરવાણી બંધ થઇ ગઇ હતી. (ધોરાજીમાં ૫૦ વર્ષથી ઉપરના લોકોએ આ ચશ્મો જોયો હશે) આપની દુઆથી તે સમયે વરસાદ પણ થયો હતો.

આપ હંમેશા ફરમાવતા રિયાકાર અને ચુગલખોર વ્યક્તિ અલ્લાહ ત્આલાની નઝદીક સૌથી વધુ નાપસંદ છે. અને તે ઇમાનને એવી રીતે કમજોર કરી નાખે છે. જેમ લાકડાને દીમક કોરી ખાય છે. આપ મુરીદો અને અકીદતમંદોને નમાઝ પાબંદી સાથે અદા કરવાનું કહેતા અને સાહેબે માલને પુરેપુરી ઝકાત અદા કરવાનું સુચન ખાસ ભાર દઇને કરતા કારણકે તેનું તાઅલ્લુક બંદાઓના હક્ક સાથે પણ છે. અને અલ્લાહત્આલાના હુકમના ઉલંઘન સાથે પણ છે.

આપનું વિસાલ ધોરાજીમાં હી.સ. ૧૨૯૭ ઇ.સ. ૧૮૮૦માં ૭૬ વર્ષની ઉમર ૭ ઝિલહજજના રોજ થયું આપને ધોરાજીના પ્રખ્યાત કબ્રસ્તાનમાં હઝરાતોના મકાન નામે ઓળખાતા હુજરામાં દફન કરવામાં આવ્યા. હાલ હઝરત ફઝલે હક્કબાવાનું મઝાર તેમની બાજુમાં છે.





## ★★★ ૧૫ ★★★

## હઝરત ઈમામુદ્દીન બાવા નકશબંદી

(રેહમતુલ્લાહે અલયહે)

હઝરત ઈમામુદ્દીન બાવા હઝરત ઝિયા મોહંમદ ખાન (રહેમતુલ્લાહ અલયહ) ના ત્રણ પુત્રોમાંના બીજા નંબરના પુત્ર હતા, તેમનો જન્મ કંદહારમાં હી.સ. ૧૨૨૬ ઇ.સ. ૧૮૧૧માં થયો હતો, આપને બચપનથી જ ઇલ્મેદીન તરફ ખુબ જ દીલચસપી હતી. આપના વાલીદે તેમને દીની તાલીમ અપાવી તેમને આલીમ અને ફાઝીલ બનાવ્યા આપ હાફીઝે કુર્આન પણ હતા, આપ (રહેમતુલ્લાહ અલયહ) પણ હઝરત કય્યુમજાન સાહેબના હાથ ઉપર બયઅત થયા હઝરત અબ્દુલ કય્યુમજાન સાહેબ આપની ઇલ્મી કાબેલીયત જોઇને આપને ખિલાફતથી પણ નવાઝયા હતા, આપ શરીઅતના ખુબજ પાબંદ હતાં. શંકાસ્પદ વસ્તુઓથી પણ આપ પોતાને બચાવતા અને મુરીદોને પણ તેનાથી બચવાની તાકીદ કરતાં હતાં.

આપ (રહેમતુલ્લાહ અલયહ) પોતાના મોટા ભાઇ હઝરત શેરમોહંમદ બાવાની સાથે સૌરષ્ટ્ર-કાઠીયાવાડના ધોરાજી ખાતે તશરીફ લાવ્યા હતા આજુબાજુના વિસ્તારમાં આપના મુરીદોની સંખ્યા પણ ઘણી હતી.

એક વખત જુનાગઢના પ્રવાસ દરમ્યાન એવું બન્યું કે હઝરત એક ખાસ અકીદતમંદ કાસમ બેગ મિર્ઝા (સાઢાં દરબાર) ને ત્યા આપનો કયામ હતો, દરબાર સાહેબે આપને કોઇ કારણસર પોતાની ખેતરોની ફસલ વારંવાર બરબાદ થઇ જવાનું અને તેના નુકશાનની રજુઆત કરી આપે ખેતરોનો દોરો કરી ત્યાં જ દુઆ કરી અમુક તાવીઝાત આપ્યા, આવનારી ફસલમાં આપની દુઆ અને તાવીઝાતની અસરથી સમસ્યાનો હલ થઇ ગયો તો મિર્ઝા સાહેબે આપને ઘણાં કિંમતી તોહફા પેશ કર્યો તો આપે તેનો અસ્વીકાર કરતા કહયું, 'ફકીર તોહફાઓને શું કરશે તેને ગરીબોમાં તકસીમ કરી દો.'

વંથલીમાં એક મુરીદ હાજી સુલેમાનભાઇ આપને આપની સાથે ૧૦ મુરીદોને જમવાની દાવત આપી. બપોરનો સમય થયો ત્યાં આપને કેટલાક માણસો મળવા આવ્યા તેમની સંખ્યા ૧૨ થી ૧૫ જેટલી હતી. આપ સર્વેને હાજી સુલેમાનભાઇને ત્યાં સાથે જમવા માટે દાવતમાં લઇ ગયા હાજી સાહેબ તો આ જોઇ ગભરાઇ ગયા તેમના પર ચિંતા જોઇ હઝરત કહયું કે, 'હું જાણું છું તમને શેની ફીકર છે, પણ ચિંતા કરશો નહીં લ્યો આ અમારો ફાળીયા (મોટો રૂમાલ) પકાવેલા વાસણ પર મુકી દો અને તેને ખોલીને

જોતા નહીં ત્યાર બાદ આપના મુરીદો અને મહેમાનો સહીત હાજી સુલેમાનભાઇના ઘરના સર્વે લોકોએ પણ ખાધુ પણ ખાણું ખુટ્યું નહીં. જેથી હાજી-સાહેબ અને ઘરના લોકો દંગ રહી ગયા અને તેમના ખુબજ અકીદતમંદ થઇ ગયા.

આ ફરમાવતાં કે દુનિયાની લાલચ તમામ ગુનાહોનું મુળ છે. અડધી રાત્રે ઊઠી અને રબ્બુલઆલાની બારગાહમાં હાજર થા કે તેની ખુબ ફઝીલત છે. કોઇપણ અમલ ભલે થોડું કર પરંતુ હમેશાનો મામુલ બનાવ તે વધારે સારૂ છે.

આપનું વિસાલ હી.સ. ૧૩૦૧ ઇ.સ. ૧૮૮૪માં રમઝાનશરીફની ૧૭મી તારીખે થયો. આપના જનાઝાની નમાઝ હઝરતના ભત્રીજા અને પીરે તરીકત હઝરત મીરમોહંમદ બાપુએ પઢાવી આપને આપના મોટાભાઇ હઝરત શૈરમોહંમદબાવાની બાજુમાં દફન કરવામાં આવ્યા.

★★★ ૧૬ ★★★

## હઝરત અહમદમીયા ઈમામુદ્દીનબાવા

(રેહમતુલ્લાહે અલયહે)

હઝરત અહમદમીયા ઈમામુદ્દીનબાવા (રહેમતુલ્લાહ અલયહ)નો જન્મ ધોરાજીમાં ઇ.સ. ૧૮૫૪ હી.સ. ૧૨૬૮માં થયો હતો, આપ હઝરત ઈમામુદ્દીન-બાવા નકશબંદીના ફરઝંદ હતા. આપની ઇલ્મી તર્બિય્યત તેમના વાલીદે ગીરામીના માર્ગદર્શન હેઠળ થઇ. આપ હઝરત શૈખુલ્મશાઇખ શૈર આગા સાહેબ (ફઝલે ઉમર) (કાબુલ)ના ખલીફા હતા તેથી તેઓ ખલીફા અહમદ મીંયાના નામે પ્રખ્યાત હતા. આપે હઝરત શૈરઆગાસાહેબ (રહેમતુલ્લાહ અલયહ) સાથે ઘણાં વિદેશ પ્રવાસ કર્યાં હતા આજુ બાજુના વિસ્તારના ઘણાં લોકો આપના અકીદતમંદ અને મુરીદ હતા, આપ હઝરત ઈમામુદ્દીનબાવાના એક માત્ર ફરઝંદ હોવાથી તેમના સજ્જાદાનશીન પણ હતા.

આપ સાહેબ મુરીદો અને અકીદતમંદોને નમાઝની પાબંદી કરવાનું ખુબજ સુચન કરતા, આપ પોતે પણ પાબંદી સાથે નમાઝમાં તકબીરે ઉલા પણ ન છુટે તેનો ખ્યાલ રાખતા. સિલસિલાએ આલીયા નકશબંદીયાના અમલ અમલીયાત આપ નમાઝ બાદ ખુબ પાબંદી સાથે પઢતા ખત્મે ખ્વાજગાને નકશબંદીય્યાના આપ ખુબજ પાબંદ હતા.





જુનાગઢ નવાબ મહાબતખાનજી આપના ખુબજ અકીદતમંદ હતા, ઈસ્લામીક બાબતોમાં આપનું માર્ગદર્શન લેવામાં આવતુ હતું.

હઝરત મીરમોહંમદબાવા તેમજ અહમદમીયાબાવા સિવાય સૌરાષ્ટ્ર ગુજરાતમાં ખાનદાને હઝરત ઈમામે રબ્બાની મુજદ્દીદે અલ્ફેષાનીના ચશ્મો ચિરાગ હઝરતે શૈર આગાસાહેબથી કોઇ શખ્શીયતને ખિલાફત પ્રાપ્ત થઇ હોય. તેવું અમારી જાણમાં નથી (વલ્લાહો આલમ)

આપનું વિસાલ ઇ.સ. ૧૯૪૭, હી.સ. ૧૩૬૬, ૨૧ રજજબ સોમવારના રોજ થયું હઝરત ફઝલે હક્કબાવાની દરગાહની સામેના ભાગમાં આપનું મઝાર આવેલ છે.

★★★ ૧૭ ★★★

## હઝરત મીરમોહંમદબાવા નકશબંદી

(રેહમતુલ્લાહે અલયહે)

આપનું જન્મ ધોરાજીમાં ઇ.સ. ૧૮૩૪ હી.સ. ૧૨૪૯માં થયો હતો આપ હઝરત શૈરમોહંમદબાવાના પાંચ પુત્રોમાંના સૌથી મોટા પુત્ર હતાં. હઝરત શૈરમોહંમદ બાવાની સીધી દેખરેખમાં રહી આપ ઇલ્મેદિનમાં નિપુણ થયા.

આપ શૈખુલ મશાઇખ, હઝરત શૈરઆગા (ફઝલે ઉમર) સાહેબથી બયઅત થયા, આપ પોતાની પીરસાહેબ સાથે દિનની તબ્લીગ અર્થે ૨૦ વર્ષ સુધી સાથે રહયા. આપ પીરસાહેબ સાથે કાબુલથી બુખારા, સમરકંદ, તાશકંદ, અને દેશ વિદેશના અનેક દોરામાં સાથે રહેતા આપની સૌરાષ્ટ્રભરમાં સારી ખ્યાતી મળી હતી, આપ હઝરત શૈરઆગા સાહેબના ખલીફા હોવાથી ખલીફા મીરમોહંમદ તરીકે પ્રખ્યાત થયા.

આપ એક ખુબજ સારા આમીલ હતા આથી લોકોને ખુબજ ફાયદો થતો હતો બુખાર, ખેંચ અને અન્ય બિમારીઓ ઉપર આપના તાવીઝાત ખુબજ અસરકારક હતા. આપ હિકમત પણ ખુબજ સારી રીતે જાણતા હોવાથી એક સારા હકીમ પણ હતા, ઉપરોક્ત ખુબીઓ આપને એમના વાલીદે ગીરામી શૈરમોહંમદબાવા તરફથી વારસામાં મળી હતી.

ઉપલેટામાં આપના એક મુરીદ દાઉદભાઇએ આપની દાવત કરી, ત્યારબાદ આપ પોતાની છોકરી અંગે રજુઆત કરી કે તેણીની ઉમર ૭, ૮ વર્ષની હોવા છતાં બોલતી નથી, હઝરત આપ દુઆ કરો તો તે બોલતી થાય

આપે દાઉદભાઈને મધ લાવવાનું કહયું. મધ આવતાં જ આપે તેની ઉપર કોઈ અમલ પઢી છોકરીને મધ પોતાના હાથે ચટાવ્યો અને ઘરના વ્યકિતઓને કોઈ અમલ બતાવ્યો કે આ અમલ પઢી સાત દિવસ સુધી આ મધ છોકરીને ચટાવશો તો ઈન્શાઅલ્લાહ છોકરી બોલતી થઈ જશે. આપના આ નુસ્ખાથી છોકરી ખરેખર બોલતી થઈ ગઈ.

આપ ઉલ્માઓ સાથે ખુબજ મોહબ્બત રાખતા સદરૂલ અફાઝીલ મૌલાના નઈમુદ્દીન મુરાદાબાદી (રહેમતુલ્લાહ અલયહ)થી આપના ઘણાં જ નજીકના સંબંધો હતા. અને આ જ કારણસર **હકીમુલ ઉમ્મત મૌલાના મુફતી અહમદયારખાં સાહેબનું ધોરાજીમાં આગમન થયું.** આપે તે સમયે ધોરાજી માટે સારા આલીમ મેળવવા મૌલાના સદરૂલ અફાઝીલને વાત કરી તો તેમણે મુફતી અહમદયારખાં સાહેબને હઝરતની સાથે જ ધોરાજી મોકલ્યા. **આ રીતે હઝરત મુફતી અહમદયારખાં સાહેબ નઈમીને આમંત્રણ આપીને આપ જ ધોરાજી લાવ્યા.** આપનો વિસાલ ઈ.સ. ૧૯૩૭ હી.સ. ૧૩૫૮માં ધોરાજીમાં થયો. આપને હઝરત ફઝલે હકકબાવાનો હુજરાની આગળના ભાગમાં દફન કરવામાં આવ્યા.

★★★ ૧૮ ★★★

## હઝરત સાંઈ મેવાશા નકશબંદી-મુજદ્દેદી

(રેહમતુલ્લાહે અલયહે)

હઝરત સાંઈ મેવાશા નકશબંદી-મુજદ્દેદી (રહેમતુલ્લાહ અલયહ) હઝરત સૈયદ હાજી મોહંમદશાહ (રહેમતુલ્લાહ અલયહ)ની સાથે કચ્છમાં તશરીફ લાવ્યાં હતાં. આપ હઝરત સૈયદ પીર હાજી મોહંમદશાહ (રહેમતુલ્લાહ અલયહ)ના પીર ભાઈ હતાં આપનો રૂહાની તાઅલ્લુક પણ સિલસિલાએ નકશબંદીય્યાહ-મુજદ્દેદીય્યાહમાં લુંવારીશરીફ (સિંધ) ની એ મહાન નકશબંદી ખાનકાહ શરીફ સાથે હતો એટલે કે આપ પણ હઝરત ખ્વાજા મોહંમદ ઝમાં સાની (રહેમતુલ્લાહ અલયહ)ના મુરીદ તેમજ ખલીફા હતાં.

આપ ઘણાં ઉચ્ચકક્ષાના આલીમ સાહેબે નિસ્બત અને વલીએ કામીલ બુઝુર્ગ હતાં. આપના વિશે અન્ય કોઈ માહિતી મળી શકી નથી. આપનો મઝારે પાક કચ્છમાં માંડવી તાલુકાના ગુંદીયાળી ગામમાં લોકો માટે ફૈઝના મરકઝ સમાન છે.





★★★ ૧૯ ★★★

## હઝરત સાંઈ શોએબ નકશબંદી-મુજદ્દેદી

(રેહમતુલ્લાહે અલયહે)

હઝરત મીયું સાઈ શોયેબ નકશબંદી મુજદ્દેદી (રહેમતુલ્લાહ અલહય) સિંધના મશહુર વલીએ કામીલ સુલ્તનુલ્ઔલીયાએ સિંધ હજરત ખ્વાજા મોહંમદ ઝમાં નકશબંદી-મુજદ્દેદી (રહેમતુલ્લાહ અલયહ) લુહારી શરીફ (સિંધ)વાળાના ખલીફાઓ પૈકી હતાં. આપ પોતાના પીરો-મુર્શીદના આદેશથી કચ્છમાં દીનની તાલીમનું કાર્ય કરવા માટે અને સિલસિલાએ આલીયા નકશબંદીય્યાહ-મુજદ્દેદીય્યાહના અન્વારો તેમજ ફૈઝાન વડે લોકોના દિલોને મુનવ્વર તેમજ ફૈઝયાબ કરવા માટે આજ લગભગ ૨૭૫ (બસો પંચોતેર) વર્ષ પહેલાં તશરીફ લાવ્યાં.

કચ્છમાં એ યુગમાં હઝરત ખ્વાજા મોહંમદ ઝમાં (રહેમતુલ્લાહ અલયહ) ના ઘણાં જ મુરીદોં હતાં; તેઓની તર્બિય્યત તેમજ ઈસ્લાહ માટે અહીં કચ્છમાં આપના એક ખલીફાની ખાસ જરૂરત હતી; તેમજ મુરીદોં પણ હઝરત પીરો મુર્શીદની બારગાહશરીફ આ માટે વારંવાર માંગણી કરતાં હતાં; આ કારણસર હઝરત ખ્વાજા મોહંમદ ઝમાં (રહેમતુલ્લાહ અલયહે) પોતાના એક ખાસ અને કામીલ મુરીદ હઝરત મીયું સાંઈ શોયેબ (રહેમતુલ્લાહ અલયહ)ને પોતાની ખિલાફતો-ઈજાઝત વડે નવાઝયાં અને તેઓને કચ્છ જવાનો આદેશ આપ્યો. આ રીતે આપ પોતાના પીરો મુર્શીદના હુકમ મુજબ અહીં તશરીફ લાવ્યાં અને લોકોની હિદાયતની પ્રેરણા તેમજ સિલસિલાના અન્વારો વડે નવાઝવા લાગ્યાં. આપ કચ્છી ઝબાનમાં અહીં મીયું સાંઈ શોયેબ તરીકે ઓળખાવા લાગ્યાં.

**આપની હઝરત પીર પખેરા તરીકે ખ્યાતિ :-**

હઝરત મીયું સાંઈ શોયેબ (રહેમતુલ્લાહ અલયહ) હઝરત પીરો મુર્શીદના આદેશથી લુવારીશરીફથી કચ્છમાં તશરીફ લાવ્યાં; અને કચ્છમાં ઘુમતાં-ઘુમતાં એક પહાડી પ્રદેશને આપે પોતાના વસવાટ માટે પસંદ ફરમાવ્યું. આ જગ્યા હાલમાં ભુજ-ગાંધીધામ અને અંજાર વચ્ચે રતનાલ કરીને એક સ્ટેશન આવે છે, ત્યાંથી ૩-૪ કિ.મી.ના અંતરે મિંયાણાઓની (કચ્છીની એક કૌમ) આબાદી ધરાવતું ચુભડક નામનું એક નાનકડું ગામ આવેલું છે અને ત્યાંથી આગળ લગભગ દોઢેક કિલોમીટર દુર એક પર્વતમાળા શરૂ થાય છે જેનાથી આછળ વધતાં ૩-૪ કિ.મી. દુર મિંયાણા કૌમની આબાદીવાળું

એકબીજું નાનકડું ગામ ગંઢેર નામે આવેલું છે આ બંને ગામડાંઓની વચ્ચે આવેલી પર્વતમાળા સાંગ નદીના કિનારે આવેલી છે. આપે અહીં જ આવીને કાયમી વસવાટ કર્યો અને આપનો મઝારેપાક પણ અહીંજ છે.

આ કચ્છ પ્રદેશમાં હઝરત પીર પખેરાં ના નામે ખ્યાતિ પામેલાં છે. આ લકબ વડે મશહુર થવાનું કારણ એ છેકે આ પર્વતમાળાની અંદર કોરી કાઢેલી એક ગુફામાં હઝરત મીયું સાંઇ શોયેબ(રહેમતુલ્લાહ અલયહ) એ પોતાનો વસવાટ કર્યો હતો. અને ગુફા માટે કચ્છી ભાષામાં એક શબ્દ 'પખેરો' વપરાતો હોવાથી લોકો આપને સાંઇ શોયેબ ને બદલે પીર પખેરા (ગુફાવાળા પીર) તરીકે જ સંબોધવા લાગ્યાં. આ રીતે આપ કચ્છમાં પીર પખેરા તરીકે ઓળખાયા.

હઝરત મીયું સાંઇ શોયેબ (રહેમતુલ્લાહ અલહય) એ પહાડી પ્રદેશને પોતાનો ઈબાદતો-રિવાઝત તેમજ ઝીક્ર ફીક્ર માટે ખુબજ યોગ્ય સ્થળ માનીને અહીં જ દુર્વેશાના હાલમાં મસ્ત ફકીર બનીને રહેવા લાગ્યાં. અહીં આજુબાજુમાં મિયાંણા લોકોની આબાદી હતી, જે તદ્દન જાહીલ અને દીનથી બેખબર હતી, અને ચોરી તેમજ લુંટમાર કરીને જીવન ગુજારતી હતી. આપે આ લોકોની ઈસ્લાહ માટે અહીં જ મુકીમ થવાનું ઉચિત સમજ્યું. આપ અહીં રહીને તેઓની ઈસ્લાહ તેમજ હિદાયતની પ્રેરણામાં લાગી ગયાં. આપની અથાગ કોશીષોના પરિણામે હિદાયતની રોશની ફેલાઇ અને લોકોમાં દીની બેદારી આવી. તેઓ નમાઝ રોઝા તેમજ ઝીક્ર-ફીક્રના પાબંદ બન્યા અને પોતાના ગામોમાં તેઓએ મસ્જિદો તેમજ મદ્રેસાઓ ઊભાં કર્યો

આપની કેટલીક **કરામતોઃ-**

**(૧) ખુંખાર ચિત્તાનું આજ્ઞાંકિત બની જવું.**

હઝરત સાંઇ શોયેબ (રહેમતુલ્લાહ અલયહ) જ્યારે આ જાહીલ મુસ્લીમોમાં દીની તાલીમનો પ્રચાર કરી રહયાં હતા ત્યારે તેમણે એકવાર ત્યાંના મુસ્લીમોને પુછયું કે, 'અહીં હું એકાંતમાં રહીને ઈબાદત તેમજ ઝીક્ર-ફીક્ર કરી શકું એવું કોઇ સ્થળ દેખાડો.' તો તે લોકોએ આપને આ પર્વતમાળા દેખાડી. હઝરત મીયું સાંઇ શોયેબ (રહેમતુલ્લાહ અલયહ)ને પણ આ જગ્યા ઘણી જ પસંદ પડી અને આપે ત્યાં જઇને પોતાનો તકિયો જમાવ્યો.

આ પર્વતમાળામાં એક ખુંખાર ચિત્તો રહેતો હતો. જ્યારે રાતના સમયે કામ ધંધાથી ફારીગ થઇને દૈનીક ક્રમ મુજબ મુસલમાનો મસ્જિદના ચોગાનમાં એકઠા થયા ત્યારે તેમણે હઝરત દુર્વેશ સાંઇ શોયેબ (રહેમતુલ્લાહ





અલયહ)ને હંમેશા મુજબ ત્યાં ન જોયાં; માટે તેઓએ પુછપરછ કરતાં ગામના છોકરાઓ જણાવ્યું કે, 'આગલી રાતે સાંઇએ ઇબાદત માટે એકાંત સ્થળની માંગણી કરી હતી; તો અમે તેઓને આ પર્વતમાળા બતાવી હતી; માટે તેઓ તો પોતાનો ઘેંટો લઇને તે પર્વતમાળા તરફ સવારથી જ ચાલયાં ગયાં છે.' આ સાંભળીને લોકોને પોતાની ભુલનો એહસાસ થયો. ઘણું જ બુરૂ થયું; ત્યાં તો જંગલી ચિત્તાનો વસવાટ છે; માટે તે ખુંખાર ચિત્તાએ ચોકકસ બંનેને ફાડી ખાધા હશે. આવું સમજીને બીજા દિવસે આપની તલાશ માટે જવાનું અમુક માણસોએ નકકી કર્યું.

આ તરફ હઝરત સાંઇ શોયેબ (રહેમતુલ્લાહ અલયહ) લોકોને બતાવેલી પર્વતમાળામાં આવી પહોંચ્યા અને પોતાની ઈબાદત માટે તેમાં રહેલી એક ગુફા આપે પસંદ ફરમાવીને સાંજના સમયે તે સાફ કરવા લાગ્યા અને આ જ ગુફા પેલા ખુંખાર ચિત્તાની હતી. સાંજ પડતાં ચિત્તો પણ પોતાની ગુફા તરફ પાછો ફર્યો અને તેણે જ્યારે પોતાની જગ્યા પર કોઇ મનુષ્ય પ્રાણીને જોયું તો તે ઘુરકાટ કરીને ગર્જ્યો. હઝરત સાંઇ શોયેબ તેનો ઘુરકાટ સાંભળીને ઊઠયાં અને તેની સામે જોઇને કહ્યું, 'બાબા , શા માટે ઘુરકે છે? આ જગ્યા અમને ઈબાદત માટે પસંદ છે, માટે હવે તું સામેની ટેકરી પર ચાલયો જા.' ચિત્તો જાણે આપની વાત સમજી ગયો હોય તેમ નરમ પડી નીચી દષ્ટિ રાખીને સાધારણ ઘુરકાટ કરતો શાંત ઊભો રહયો. જાણે એવું કહી રહયો હોયને કે, 'ભલે બાબા, આપ કહો છો એમજ કરીશ.'

હવે ચુભડક-ગંઢેરના લોકો નકકી કર્યા મુજબ બીજા દિવસે આપની તલાશમાં માટે ગયા. શોધતાં-શોધતાં સાંઇએ જે ગુફા પોતાની ઈબાદતો રિયાઝત માટે તકિયા તરીકે પસંદ કરી હતી ત્યાં આવી પહોંચ્યાં. સાંજ પડી ચુકી હતી. મગરીબની નમાઝ પછીનો સમય હતો. ચિત્તો ગુફાની બહાર બેઠો હતો. જેવા તેણે માણસોને જોયાં તો તે ગર્જી ઊઠયો. લોકો જરા પાછા હઠયાં, પરંતુ સાંઇએ ચિત્તાની ગર્જના સાંભળી લીધી એટલે આપે તેને હુકમ કર્યો કે, ''તેઓને અહીં આવવા દે, અને તું સામેની ટેકરીવાળા તારા નિવાસસ્થાને ચાલ્યો જા.' ચિત્તો આપનો આદેશ સાંભળતા શાંત પડી ગયો અને બીજી તરફથી રવાના થઇ ગયો. હઝરત સાંઇનો અવાઝ લોકોએ પારખી લીધો અને તેઓ આગળ વધીને ગુફામાં પ્રવેશ્યા તો સાંઇ પોતાના મુસલ્લા પર બેસીને ઝીક્ર-ફીક્રમાં મશગુલ હતાં. આપની આ કરામત જોઇને આવેલાં બધાં જ લોકોએ હઝરત સાંઇનો હાથ ચુમી બયઅત કરી અને મુરીદ બન્યાં.

**(૨) હઝરત સાંઇના ઘેંટાની ચોરીઃ-**

હઝરત મીયાં સાંઇ શોયેબ (રહેમતુલ્લાહ અલયહ) પોતાની પાસે એક દુમ્બો(ઘેંટો) રાખતાં હતાં. અને આપે તેનું નામ મકનો રાખ્યું હતું. આપ તેને પર્વતમાળામાં ચરવા માટે છુટ્ટો મુકી દેતાં હતાં. કોઇપણ હિંસક પ્રાણી તેનું નામ લેતું ન હતુ. આ પહાડી પ્રદેશમાં ચોર લોકોની વસ્તી મોટા પ્રમાણમાં હતી. એક દિવસ આ ચોરોએ હઝરત સાંઇના મકના ઘેંટાને જોયો અને તેઓની દાઢ ડળકી,આવો રૂષ્ટપુષ્ટ માંસથી ભરપુર ઘેંટો કયાંથી મળે ? તેઓને એ વાતની ખબર પણ હતી કે આ ઘેંટો હઝરત સાંઇ શોયેબ (રહેમતુલ્લાહ અલયહ)નો છે, છતાંપણ તેઓએ આપસમાં ચર્ચા કરીકે, 'સાંઇ તો ફકીર માણસ કહેવાય, તેઓ આ દુમ્બાને શું કરશે? ચાલો આપણે તેને હજમ કરી જઇએ.' અને આ રીતે આપસમાં મસલત કરીને હઝરત સાંઇનો ઘેંટો ઝુબ્હ કરીને તેઓ ખાઇ ગયાં. આ બાજુ સાંજ પડવા છતાં દુમ્બો પાછો આવ્યો નહીં, હઝરત સાંઇએ મકના કરીને સાદ પાડ્યો; પરંતુ કશો જવાબ ન મળ્યો. આપ થોડીવાર મુરાકીબ થયા તો જણાયું કે, ચાર લોકો મકનાને ઝુબ્હ કરીને ખાઇ ગયાં છે.

બીજા દિવસે આપની મુલાકાત માટે આવનાર લોકો પાસે આપે માંગણી કરી કે, મારો ઘેંટો લાવી આપો આ વાત પરથી સાંજે ઘણાં જ લોકો આપની પાસે હાજર થયાં તેઓમાંથી જે ચોરી કરતાં હતાં તેમને અલગ તારીને ઊભાં રાખવામાં આવ્યાં. પછી લોકોએ તેમને કહયું કે, 'જેમણે પણ હઝરત સાંઇનો ઘેંટો ચોર્યો હોય તેઓ કબુલ કરી લે અને સાંઇની માફી માંગે.' પરંતુ તેમાંથી કોઇ કશું બોલ્યું નહીં. એટલે સાંઇએ કહયું કે, 'જો જો હવે હું મારા ચોરને શોધી કાઢું છું.' આપે આટલું જ ફરમાવ્યું હતું કે,જેમણે પણ ઘેંટો ખાધો હતો, તેમના પેટમાં વમળ આવ્યાં પેટમાં વાયુના ગોળાથી ભેં...ભેં...ભેં... જેવો અવાજ થતો હોય એવું ચોરોને લાગ્યું. અને તેઓના પેટમાં આંટી આવવા લાગી તેઓ પેટ પકડીને વોય...વોય... કરવા લાગ્યા. પછી અન્ય લોકોને તેઓને અલગ પાડી સાંઇએ કહયું, આ જેમના પેટમાં દર્દ થઇ રહયું છે, તેઓ મારા ચોર છે. આ લોકો ઉપર ત્યાં હાજર રહેલાં અન્ય લોકોએ ખુબ જ ફીટકાર વરસાવ્યો. તેઓ હઝરત સાંઇના કદમોમાં પડી ગયાં અને માફી માંગી. તેમજ ગુનાહની કબુલાત પણ કરી. હઝરત સાંઇએ તેઓને કહયું કે, 'તમે મારી હદમાં ચોરી નહીં કરો એવું વચન આપો.' તેઓએ આ વાત કબુલી લીધી. પછી હઝરત સાંઇએ પોતાની ધુણીમાંથી ચપટી ખાક લઇને તેઓના





પેટ પર ચોળી તેમજ ખાકવાળું પાણી પીવડાવ્યું, જેથી તેઓનું પેટનું દર્દ ગાયબ થઇ ગયું.

**(૩) આપની દુઆથી પથરાળી જમીનનાં કુવામાંથી પાણી આવ્યું:-**

હઝરત મીયાં સાંઇ શોયેબ (રહેમતુલ્લાહ અલયહ)ની ખ્યાતિ ધીમે-ધીમે વધવાં લાગી. આપના પીરો મુર્શીદ હઝરત ખ્વાજા મોહંમદ ઝમાં લુહારી વાળા (રહેમતુલ્લાહ અલયહ)ના કચ્છમાં વસેલા કેટલાંક મુરીદો પૈકી અમુક કચ્છી-ખત્રી પણ હતાં હઝરત સાંઇ શોયેબના આસ્તાનાથી આઠ માઇલ દુર આવેલા અંજાર શહેરમાં આ ખત્રીઓ રહેતાં હતાં. તેઓએ જ્યારે સાંભળ્યું કે, તેમના પીરો મુર્શીદના ખલીફા સાહેબ અહીં તશરીફ લાવ્યાં છે, તો તેઓ ઘણાં જ ખુશ થયાં અને અવાર-નવાર તેઓ હઝરત સાંઇની ઝિયારત તેમજ મુલાકાત માટે આવવા લાગ્યાં, પછી તેઓને (ખત્રીઓને) એવું મહેસુસ થયું કે,'અહીં આગળ હઝરત સાંઇની મુલાકાતે આવનાર ઝાઇરીનો માટે મુસાફરખાનાનો ઈતઝામ હોવો જરૂરી છે.' એટલે તેઓએ આ અનુસંધાને ઝાઇરીનોને રહેવા માટે કેટલાંક ઓરડાઓ બંધાવ્યાં. અને આવી ડુંગરાળ જમીનમાં પાણી તો કયાંથી હોય જ ? જ્યારે કે ઝાઇરીનો માટે તો પાણીની જરૂરત તો રહેવાની જ. આ માટે તેઓએ હઝરત સાંઇની બારગાહશરીફમાં અર્ઝ કરી કે, 'હઝરત, પાણી માટે અમારે શું કરવું ?' આપે ફરમાવ્યું,'મહેનત કરો, ખોદી તો જુઓ; અલ્લાહ ત્આલા બહુ જ મોટો કારસાઝ છે, તે જરૂર પોતાની રહેમત ઉતારશે.' આપની આટલી હૈયાધારણાથી તેઓ પૈકી સાત ખત્રી ભાઇઓએ એક સ્થળે ખુબજ ઊંડાણથી ખોદી નાંખ્યું, પરંતુ તમામ મહેનત નકામી ગઇ, ત્યાંથી પાણી નીકળ્યું નહીં. તેઓ ફરીવાર હઝરતની બારગાહમાં આવ્યા અને અર્ઝ કરી, 'હઝરત, આતો નરી પથરાળી જમીન છે. અમારી બધી જ મહેનત માથે પડી.' તો આપે ફરમાવ્યું, 'બાબા, તમે નાઉમ્મીદ ન બનો, હજુ એકવાર કોશીષ કરો, ઘણું કરીને આ જ સ્થળે મીઠા મેહરામણ(સિંધુ નદી)નું પાણી આવી જશે.'

હઝરતની આ વાત સાંભળીને ખત્રીભાઇઓ હસ્યાં. તેઓએ કહયું, 'કયાં આ સિંધુ નદી અને કયાં આ કચ્છનો ડુંગરાળ પ્રદેશ.?'

ત્યાર બાદ આપે બે રકાત નમાઝ અદા ફરમાવી અને દુઆ માંગીને ફરમાવ્યું કે, 'તમે એ ખાડામાં થોડુંક ખોદીને તેના ઉપર પેલો મોટો સુંડલો ઢાંકી ઘો, હમણાં જ તેમાં સિંધુ નદીની પલ્લા મચ્છી અને લાલ ચોખાની સાર આવશે.' તે લોકોએ આપના ફરમાન મુજબ થોડુંક ખોદીને તે ખાડા

ઉપર સુંડલો ઢાંકી દીધો. થોડીવાર પછી હઝરત સાંઇએ કહયું કે, 'હવે સુંડલો ઉપાડી જુઓ' લોકોએ મુજબ કર્યું તો શું જોયું કે સુંડલો ઉપડતાં જ જાણે પાણીનો ધોધ વછુટેલો જણાયો; અને પલ્લા મચ્છી તેમજ લાલ ચોખાની સાર ઢગલાંબંધ તરી આવેલી જણાય. તેઓએ આ મચ્છી તેમજ ચોખાની સારનો પુલાવ(ભાત-મચ્છી પુલાવ) રાંધીને બધાએ મળીને ખાધું. હઝરત સાંઇની આ કરામતથી લોકો તાજ્જુબ પામ્યાં. અને આ રીતે આપની કરામતથી આ પથરાળી જમીન પર મીઠા પાણીનો ચશ્મો (નહેર) જારી થયો જે આજ દીન સુધી ચાલુ છે. આ હઝરત સાંઇ શોયેબ (રહેમતુલ્લાહ અલયહ)ની જગજાહેર કરામત છે.

**(૪) આપની કુવાવાળી એક અન્ય કરામતઃ-**

હઝરત સાંઇ શોયેબ (રહેમતુલ્લાહ અલયહ)એ પોતાની ખાનકાહ-શરીફમાં પાણીની જરૂરત વધી જતાં એક કુવો ખોદવાનું નક્કી કર્યું. આ કામ માટે આપે એક માણસને રોકયો અને તેની સાથે નક્કી કર્યું કે, જ્યાં સુધી પાણીનું તળ ન આવે ત્યાં સુધી કુવો ખોદી આપો. તે વ્યકિત સહમત થયો અને ખોદકામ શરૂ કર્યું કેટલાય દિવસો સુધી ખોદકામ ચાલતું રહયું, અને તેણે ઘણીજ મહેનત કરી પરંતુ પાણીનું તળ દેખાયું નહીં. અંતે આ વ્યકિત થાકી-હારીને આ કામથી કોઇપણ રીતે જાન છોડાવવાનો પ્રયત્ન કરવા લાગ્યો; અને તેના માટે કોઇને કોઇ બહાનું શોધવા લાગ્યો; પરંતુ હઝરત સાંઇ તેનું એક પણ બહાનું સ્વીકારતા ન હોતા અને તેને નક્કી કર્યા મુજબ કામ કરવા માટે કહેતા હતાં.

એક દિવસ અચાનક જ તે વ્યકિતના યુવાન પુત્રના મરણની ખબર તેના વતનમાંથી મળી; એટલે તે હઝરત સાંઇ શોયેબની પાસે પહોંચ્યો અને અર્ઝ કરી કે, 'હઝરત, મારા યુવાન પુત્રનું મરણ થયું છે, અને મારા માટે ત્યાં પહોંચવું અત્યંત જરૂરી છે; માટે આપ મને ઇજાઝત આપો.' તો આપે ફરમાવ્યું કે, 'તારા પુત્રને કશું જ થયું નથી, તારા માટે વાયદા મુજબ આ કાર્ય પુરૂં કરવું અત્યંત જરૂરી છે; તું આ કાર્ય પુર્ણ કર્યા વિના અહીંથી જઇ શકતો નથી.' પરંતુ તે વ્યકિતએ જવા માટે ખુબ જ જિદ્દ કરી. અંતે આપે તેને એ શરતે જવાની ઇજાઝત આપી કે, 'તારો પુત્ર સારો થઇ જાય, એટલે તારે તરત જ ત્યાં પાછા ફરવું અને આ અધુરું કાર્ય પુરૂં કરવું.' અને સાથે આપે તેને એક પીલુના ઝાડની ડાળખી આપીને ફરમાવ્યું કે, 'તું ત્યાં પહોંચીને તારા પુત્રના સર(માથા) પાસે આ ડાળખી ત્રણવાર જોરથી પછાડજે.' ત્યારબાદ તે





વ્યક્તિ ત્યાંથી રવાના થયો અને પોતાના ઘેર પહોંચ્યો અને ત્યાં જઇને હઝરત સાંઇ શોયેબ (રહેમતુલ્લાહ અલયહ)આપેલી પીલુની ડાળખી આપના ફરમાન મુજબ પોતાના પુત્રના સર પાસે ત્રણવાર જોરથી પછાડી, તો તેણે શું જોયું કે તેનો પુત્ર અલ્લાહ ત્આલાની કુદરતથી ફરીવાર જીવંત થઇ ગયો. આપની આ કરામતથી તે શખ્સ ખુબ જ નવાઇ પામ્યો અને શરત મુજબ તરત જ ત્યાંથી રવાના થઇ ગયો અને હઝરતની ખાનકાહશરીફ ઉપર પાછો ફર્યો. તેમજ આપની બારગાહમાં આવીને પુરી ઘટના કહી સંભળાવી. ત્યારબાદ તેણે વાયદા મુજબ કુવો ખોદવાનું કાર્ય ફરીવાર શરૂ કરી દીધું; અને નક્કી કર્યા મુજબ પાણીનું તળ આવ્યું ત્યાં સુધી કુવો ખોદી આપ્યો. આમ, હઝરત સાંઇ શોયેબ (રહેમતુલ્લાહ અલયહ)ની આ ઘણી જ મહાન કરામત છે, કે જેમાં એક મુત્યૂ પામેલો જુવાન ફરીવાર નવજીવન પામે છે.

**-: આપના વિસાલ પછીની કેટલીક કરામતો :-**

**(૧) બાંધણીના ગિલાફવાળી કરામતઃ-**

કચ્છ પ્રદેશમાં મઝારાતે ઔલીયાએ કિરામની ઝિયારત કરતાં એક વાત જરૂર સ્પષ્ટ થાય છેકે, અમુક મઝારો પર બાંધણીનો ગિલાફ ચઢાવેલો હોય છે. આ વાતની તહકીક કરતાં માલુમ પડ્યુંકે દુલ્હનો તેમજ બાનુઓ આ પ્રદેશમાં બાંધણીનો ઉપયોગ કરે છે, અપવાદ સિવાય પુરૂષો તેઓ ઉપયોગ ક્યારેય કરતાં નથી. કચ્છમાં ઘણી મસ્તુરાતો(ઔરતો)ના મઝારો પર બાંધણીના ગિલાફો આજ કારણસર હોય છે.

એક વખત હઝરત સાંઇ શોયેબ (રહેમતુલ્લાહ અલયહ)ના મઝારે પાક પર આ વાતથી અજાણ એક શખ્સ બાંધણીનો ગિલાફ લઇને હાજર થયો. તેણે સલામી ફાતેહા વગેરેની વિધી અદા કર્યા પછી આપના પવિત્ર મઝાર પર આ બાંધણીનો ગિલાફ ઓઢાડ્યો; અને ગિલાફ ચઢાવતાંની સાથે જ તેણે શું જોયું કે, મઝારેપાકમાંથી ઉદ્ભવેલાં જલાલી અન્વારોએ કે પછી ઉપરથી નાઝીલ થતાં જલાલી અન્વારોએ આખા ગિલાફને સળગાવી નાંખ્યો; માત્ર લહદશરીફ નીચે લટકતી ગિલાફની બોર્ડર જ બાકી રહી ગઇ. જો કે આ ગિલાફ જોતા વેંત જ ત્યાં હાજર રહેલાં ખાદીમે ઊઠાવીને આપના મઝારેપાકથી થોડી દુર આવેલી આપની બહેનસાહેબાના મઝાર પર ચઢાવી દીધો; જે ગીલાફ ઘણાં સમય સુધી મઝારમાં તબર્રુક પેટે સાચવવામાં આવ્યો.

કચ્છમાં ઇ.સ.૨૦૦૧ની સાલમાં આવેલ સદીના ભયાનક ભુકંપ પહેલા અમારા પીરો મુર્શીદ હઝરત પીર સૈયદ વઝીર અલી શાહ કાદરી

નકશબંદી-મુજદ્દેદી (મદ્દઝીલ્લુહુલ્આલી) એ આપના મઝારશરીફ પર હાજરી આપી હતી ત્યારે આ સળગી ઊઠેલો ગીલાફશરીફનો બચી ગયેલો નીચેનો કિનારીવાળો હીસ્સો નઝરે નિહાળ્યો હતો અને ત્યારબાદ આપે હઝરત સાંઇ શોયેબ (રહેમતુલ્લાહ અલયહ) ની આ કરામત બયાન ફરમાવી હતી.

**(૨) આપની તબ્બલ(કુહાડી)વાળી કરામતઃ-**

હઝરત સાંઇ શોયેબ (રહેમતુલ્લાહ અલયહ) ની વફાતશરીફ મુદ્રાં શહેરમાં થઇ. અને ત્યાંથી આપની મૈય્યત મુબારકને શણગારીને જનાઝો તૈયાર કરીને મુરીદોં જનાઝો લઇને ગંઢેર-ચુભડક ગામ વચ્ચે આવેલી આપની ખાનકાહ શરીફમાં દફનવિધીમાં માટે લઇ ચાલ્યા. મુરીદો રસ્તામાં એક સ્થળે જનાઝોં જમીન પર રાખીને ત્યાં નઝદીક આવેલો એક તળાવ પર પાણી પીવા માટે તેમજ વઝુ કરવા માટે અને જરૂરી હાજતો પુરી કરવા માટે જઇ પહોંચ્યાં; અને ત્યાર બાદ હાજતોથી ફારીગ થઇને ફરી આપનો પવિત્ર જનાઝો ઊંચકીને આગળ ચાલ્યાં.

આગળ જતાં રસ્તામાં એક મુરીદને ખ્યાલ આવ્યો કે તેની તબ્બલ (એક પ્રકારની કુહાડી) તે તળાવના કિનારે ભુલાઇ ગઇ છે, માટે તે પોતાની તબ્બલ લેવા માટે પાછો જવા ઇચ્છતો હતો, પરંતુ અન્ય મુરીદોએ તેને રોકયો અને કહયું કે, 'હવે પાછું ફરવું મુનાસીબ નથી.' તેણે આ વાત માની લીધી અને પાછા ફરવાનું મૌકુફ રાખ્યું; અને તેઓ ત્યાંથી આગળ વધ્યા ત્યાં સુધી કે આપની ખાનકાહશરીફના ચોગાનામાં પવિત્ર જનાઝો આવી પહોંચ્યો; અને ત્યાં જનાઝાની નમાઝ અદા કરવામાં આવી અને જનાઝાની નમાઝ અદા કર્યા પછી અહીં જ તૈયાર કરવામાં આવેલી કબ્રશરીફમાં આપને સુપર્દે ખાક કરવામાં માટે એ જ મુરીદ કબ્રશરીફમાં ઉતર્યો જેની તબ્બલ રસ્તામાં તળાવના કિનારે ભુલાઇ ગઇ હતી. અને જ્યારે આ મુરીદ કબ્રશરીફમાં ઉતર્યો તો તેના આશ્ચર્યની કોઇ સીમા ન રહી કારણકે પોતાની તળાવના કિનારે ભુલાઇ ગયેલી તબ્બલ અહીં આપની કબ્રશરીફમાં મૌજુદ હતી.

હઝરત સાંઇ શોયેબ (રહેમતુલ્લાહ અલયહ) ની વફાત પછીની આ ઘણી જ મશહુર કરામત છે.

**આપનો રોઝાશરીફ, ઉર્ષમુબારક અને તબર્રુકાતોઃ-**

હઝરત સાંઇ શોયેબ (રહેમતુલ્લાહ અલયહ) આજથી બરાબર અઢીસો (૨૫૦) વરસ પહેલાં રહેલત ફરમાવી ગયેલા હોય તેવું આપની જુની તુરબતશરીફ પર લખેલી સન પરથી માલુમ પડે છે, તેની .પર વિક્રમ





સંવત ૧૮૨૩ (હી.સ. ૧૧૮૪) લખેલું છે. **(નોંધઃ-** આ નોંધ આપના જુના મઝાર શરીફ પર હતી. હવે ઇ.સ. ૨૦૦૧માં કચ્છમાં આવેલ ભયાનક ધરતીકંપમાં આપનો મઝાર શરીફપણ શહીદ થઇ ગયો, હાલમાં મઝારપાકના સંકુલનું નવું બાંધકામ કરવામાં આવેલું છે, જેમાં જુના બાંધકામ જેવી કશીષ (આકર્ષણ) હવે જોવા મળતું નથી.)

આપની વફાતશરીફ પછી અંજારના ખત્રીઓએ એ યુગમાં આપની તુરબત પર શહીદ થઇ ગયેલાં રોઝાશરીફનું ખુબ જ સુંદર નકશીદાર બાંધકામ કરાવેલું હતું. દરગાહશરીફની ઉત્તરમાં એક મસ્જિદ છે અને આજુબાજુમાં દરગાહ શરીફના મુજાવરો (ખાદીમો) ના ઘરો આવેલા છે. મીઠાપાણીની કરામતવાળી વાવ પણ ત્યાં જ આવેલી છે; અને પહેલાંના આ જુના બાંધકામમાં ચોતરફ દિવાલ બાંધેલી હતી, જ્યાં આવવા માટે બે મોટા દરવાઝા હતાં. પહાડની ટોચ પર જવા માટે પગથિયાંની સીડી પથ્થરની બનેલી છે. પહાડની અંદર કોરેલી ગુફામાં જ્યાં સાંઇ શોયેબ બેસીને ઇબાદત તેમજ ઝીક્ર-ફીક્ર કરતાં હતાં, ત્યાં તેઓની યાદગીરી રૂપે આપનો ઢોલિયો; બિસ્તર અને ચાદર તેમજ તસ્બીહ અને કુર્આનશરીફ વગેરે તબર્રુક તરીકે રાખેલ છે; જેના દીદાર ઝાઇરીનો કરે છે.

માંડવીના પારવાણી કુટુંબે ત્યાં ઝાઇરીનો માટે બંગલો બંધાવેલો હતો. તેમજ આંબલીના ઝાડો તો હઝરત સાંઇના સમયથી જ મૌજુદ હતાં. આપનો ઉર્ષમુબારક થતો નથી, પરંતુ આપના પીરોમુર્શીદનો ઉર્ષમુબારક રજજબ મહિનાની ૪-૫-૬ તારીખે આપની દરગાહશરીફ ઉપર મનાવવામાં આવે છે.

★★★ 20 ★★★

## હઝરત સૈયદ હાજી મોહંમદ શાહ

(રેહમતુલ્લાહે અલયહે)

કચ્છના માંડવી બંદરની ઇદગાહના ચોગાનમાં આવેલાં અન્વારો વડે ઝળહળતાં હઝરત સૈયદ હાજી મોહંમદ શાહ નકશબંદી મુજદ્દેદી (રહેમતુલ્લાહ અલયહ) ના રોઝામુબારકના દીદાર માત્રની આપણું ઇમાન તાજું થઇ જાય છે. સિલસિલાએ નકશબંદીય્યાહ-મુજદ્દેદીય્યાહના આ મહાન વલીએ કામીલ હઝરત સૈયદ હાજી મોહંમદશાહ (રહેમતુલ્લાહ અલયહ) આજથી લગભગ ૧૫૦ વરસ પહેલાં વિસાલ ફરમાવ્યો.

આપ ઓચ્છશરીફ(સિંધ-મુલતાન)ના સાદાતે કિરામમાંથી થઇ ગયાં છે; ઔચ્છશરીફ હંમેશાથી ઔલીયાએ કિરામનું મરકઝ રહયું છે. ઔચ્છશરીફમાં ઘણાં જ મહાન ઔલીયાએ કિરામના મઝારેપાક આવેલાં છે; જે પૈકી હઝરત મખ્દુમ જહાંનીયા જહાંગશ્ત સૈયદ જલાલુદ્દીન બુખારી (રહેમતુલ્લાહ અલયહ) જગમશહુર અને અતિમહાન ઔલીયાએ કિરામમાંથી છે. આપની જ ઔલાદમાંથી ગુજરાતના મહાન ઔલીયાએ કિરામ હઝરત સૈયદ બુર્હાનુદ્દીન કુત્બે આલમ ગરીબુલ્લાહ બુખારી વટવી (રહેમતુલ્લાહ અલયહ)અને શહેનશાહે ગુજરાત હઝરત સિરાજુદ્દીન સૈયદ મોહંમદ શાહે આલમ બાવા (રહેમતુલ્લાહ અલયહ) જેવા વલીએ કામીલ પૈદા થયાં; જેમના અન્વારો અને ફેયુઝો બરકાત વડે ગુજરાતની ધરતી પાવન બની.

**-:આપનો સિલસિલાએ ઈરાદત:-**

હઝરત સૈયદ હાજી મોહંમદશાહ બાવાના યુગમાં સિધમાં લુંવારીશરીફમાં આવેલી સુલ્તાનુલ્ઔલીયા હઝરત ખ્વાજા મોહંમદ ઝમાં અવ્વલ નકશબંદી મુજદ્દેદી (રહેમતુલ્લાહ અલયહ)ની નકશબંદી મુજદ્દેદી ખાનકાહશરીફ સિંધ તેમજ આજુબાજુના પ્રદેશમાં ઘણી જ મશહુર હતી; અને લુંવારીશરીફના પીરોની ખુબજ ખ્યાતિ હતી. લુંવારીશરીફની આ ખાનકાહશરીફની ખ્યાતિ તો યુગમાં ઠેઠ કચ્છ અને કાઠિયાવાડ સુધી ફેલાયેલી હતી; એટલું જ નહીં આજે પણ લુંવારીશરીફના સિલસિલાના સેંકડો મુરીદો કચ્છ-કાઠિયાવાડ તેમજ ગુજરાતમાં વસી રહયા છે.

હઝરત સૈયદ હાજી મોહંમદશાહ (રહેમતુલ્લાહ અલયહ) પણ રૂહાનિય્યતનો ફૈઝ હાંસીલ કરવા માટે લુંવારીશરીફની આ મશહુર ખાનકાહ-શરીફમાં આવી પહોંચ્યાં એ સમયે લુંવારી શરીફના સજ્જાદાનશીં સુલ્તાનુલ્ઔલીયા હઝરત ખ્વાજા મોહંમદ ઝમાં (રહેમતુલ્લાહ અલયહ)ના પૌત્ર હઝરત પીર મોહંમદ ઝમાં સાની (રહેમતુલ્લાહ અલયહ) હતાં. પોતાના દાદાની રૂહાનીય્યતની તાસીર આપની અંદર પણ પુરેપુરી મૌજુદ હતી.

હઝરત સૈયદ હાજી મોહંમદ શાહ (રહેમતુલ્લાહ અલયહ)આપની બારગાહ શરીફમાં હાજર થયાં અને આપનાથી એટલેકે હઝરત પીર મોહંમદ ઝમાં સાની નકશબંદી-મુજદ્દેદી (રહેમતુલ્લાહ અલયહ)ની અરાદત લાવ્યા (મુરીદ બન્યા)અને નકશબંદી-મુજદ્દેદી ફૈઝાન વડે મુશર્રફ થયાં. હઝરત પીર મોહંમદ ઝમાં સાનીએ આપની રૂહાની તર્બિય્યતમાં કશી જ કચાશ રહેવા ન દીધી. આપને તમામ પ્રકારના બાતિની ઉલુમો તેમજ સુફીવાદના





ભેદો વડે આગાહ ફરમાવ્યાં અને પોતાની ખિલાફતો વડે નવાઝયા.

**-:આપની સફરે હજ્જેબયતુલ્લાહ:-**

હઝરત સૈયદ હાજી મોહંમદ શાહ (રહેમતુલ્લાહ અલયહ) ઇલ્મે રૂહાનીય્યતની કમાલીય્યત હાંસીલ કર્યા પછી ઝિયારતે હરમૈન શર્રીફૈન વડે હજ્જની ફર્ઝ અદા કરવાનો ઇરાદો કર્યો. આ યુગમાં હિંદુસ્તાનના મોગલ શહેનશાહના છેલ્લા દિવસો હતાં છેલ્લો મુગલ બાદશાહ બહાદુરશાહ ઝફર દિલ્હીના તખ્ત પર હતો. મોગલ શહેનશાહ જહાંગીરના સમયથી કચ્છ પર ખંડણી માફ હતી અને તેના બદલામાં એવો કરાર કચ્છના મહારાવ સાથે થયેલો હતો કે, દર વરસે કચ્છ માંડવી બંદરેથી મુસલમાનોને અરબસ્તાનના ઝિદ્દાહ બંદર સુધી હજ્જ માટે વહાણોમાં મફત લઇ જવા તથા લાવવા. કચ્છના મહારાવ આ કરાર હજુ સુધી પાળી રહયા હતાં. માટે હઝરત સૈયદ હાજી મોહંમદશાહ (રહેમતુલ્લાહ અલયહ)પોતાના પીરો મુર્શીદ હઝરત ખ્વાજા મોહંમદ ઝમાં સાની (રહેમતુલ્લાહ અલયહ)ની ઇજાઝત લઇને માંડવી બંદરે પધાર્યા અને અહીંથી હાજીઓના વહાણમાં બેસીને હજ્જેબયતુલ્લાહની ફર્ઝ અદા કરીને પાછા કચ્છ માંડવી તશરીફ લાવ્યા અને અહીં માંડવી શહેરમાં ઇદગાહના મુસાફર ખાનામાં ઉતારો કર્યો.

માંડવીની આ ભવ્ય ઇદગાહ ૧૮મી સદીમાં થઇ ગયેલાં કચ્છના મુસ્લીમ સેનાપતિ જમાદાર ડોસલમિયાં વહેણે આપના પીરો મુર્શીદ શૈખુલઇસ્લામ વલમુસ્લેમીન હઝરત પીર સૈયદ મોહંમદ પનાહ સાહેબ કાદરી જીલાની (રહેમતુલ્લાહ અલયહ)(જેઓએ કચ્છ જેવા પછાત વિસ્તારમાં દીનીતબ્લીગની મહાન ખિદમતની અંજામ આપી અને કચ્છના રાજાઓને મુસ્લમાન બનાવ્યાં અનુક્રમે(૧) મહારાજા ધીરાજ મીરઝો મહારાવ શ્રી રાયધણજી તથા (૨) મહારાવ શ્રી ભારમલજી, હવાલો:-'મહારાવ શ્રી રાયધણજી બીજાના સમયનું કચ્છ' ડો. ઇશ્વરલાલ ગીરધારીલાલ ઓજા-વિસનગર. આપના મહાન કારનામાઓને ઇતિહાસ ક્યારેય ભુલી શકશે નહીં;)ના આદેશથી કચ્છના ચાર મોટા શહેરો ભુજ, માંડવીબંદર, અંજાર અને મુન્નહરા બંદરમાં બંધાવેલી ચાર ઇદગાહો પૈકીની એક છે.

આ ઇદગાહના મુસાફરખાનાના એક હુજરામાં આપે મુકામ કર્યો હતો. આપની પરહેઝગારી, જાહેરી અને બાતીની ઉલુમોની ચર્ચા વડે આભુષીત મહેફીલો તેમજ આપની દુર્વેશાના રહેણી-કહેણી વડે માંડવી તેમજ આજુબાજુના લોકોને ઘણો જ ફૈઝ હાંસીલ થયો. થોડા અરસા પછી આપે

ફરી લુંવારીશરીફ પાછા ફરવાનો ઇરાદો કર્યો તો એ સાંભળીને લોકોએ આપને દરખાસ્ત કરી કે, 'હઝરત, આપ અહીં જ રોકાઇ જાવ તેમજ અહીંના લોકોને પોતાની રૂહાનીય્યત વડે માલામાલ કરો.' આ અનુસંધાને આપે લુંવારીશરીફથી પોતાના પીરો મુર્શીદ ની ઇજાઝત માંગી, જે મળી જતાં આપે અહીં જ કાયમી વસવાટ કરી લીધો.

હઝરત સૈયદ હાજી મોહંમદશાહ (રહેમતુલ્લાહ અલયહે) જાહેરી તેમજ બાતીની બંને પ્રકારના ઉલુમોથી માલામાલ હોવાની સાથે હિકમત (દાકતરી-વિદ્યા) ના ઇલ્મમાં પણ કમાલાત ધરાવતાં હતાં; માટે લોકોની બિમારી તથા રોગ-દર્દ, દવાદારૂ તેમજ દુઆઓ વડે દુર કરતાં હતાં. આ રીતે આપની ખ્યાતિ એક કામીલ વલીઅલ્લાહ ઉપરાંત કાબેલ હકીમ તરીકે ખુબ જ પ્રસરી ગઇ હતી. આપની સાથે આપના બીબી સાહેબા પણ હતાં.

આપ ગમે તેવી મોટી શખ્સીયત ધરાવતાં શ્રીમંત, અમીર કે પછી સરકારી અધિકારી તેમને પોતાને ત્યાં બોલાવતાં તો તેઓ પાસે જતાં ન હોતાં. આપ ફરમાવતાં હતાં કે, 'ભાઇ, મારે આપ લોકોની પાસે શા માટે આવવું જોઇએ ? મને કોઇ પ્રકારની ખ્વાહીશ કે લાલસા નથી, માટે જેને પણ જરૂરત હોય તે મારી પાસે આવી જાય. હું જરાપણ ભેદભાવ વગર તેની ખિદમત કરીશ.' આપ અસરની નમાઝ બાદ દરરોજ પોતાના હુજરા બહારના વરંડામાં બેસતા હતાં અને શહેરના હિંદુ-મુસ્લીમ દરેક લોકો આપની પાસે દુઆ તેમજ હાજત માટે આવતાં હતાં અને અલ્લાહ ત્આલાના ફઝલો કરમથી તંદુરસ્તી હાંસીલ કરીને જતાં હતાં. આપ ક્યારેય પોતાનું મકાન છોડીને કોઇની પાસે જતાં નહીં.

આપના યુગમાં અંગ્રેજ કંપની સરકારની આણ પુરાં ભારતીય ઉપખંડમાં ફરીવળી હતી. કચ્છ પણ તેની અસરથી મુક્ત રહયું ન હોતું. કચ્છમાં એ સમયે મહારાવ દેશળજી બીજા કચ્છની ગાદી પર આરૂઢ થયેલા હતા; તેને બે રાણીઓ હતી. એકનું નામ સોઢી રાણી અને બીજી ઝાલી રાણી. સોઢી રાણીથી પાટવી કુંવર રવુભા ઉર્ફે પ્રાગમલજી બીજા અને ઝાલી રાણીથી ફટાયાં કુંવર ગગુભા ઉર્ફે હમીરજી પૈદા થયાં. આ બંને રાણીઓમાં ઝાલી રાણી વધુ સ્વરૂપમાન અને ચતુર હતી. માટે રાજાને તેનાં કુંવર ગગુભા ઉપર વધુ પ્રેમ હતો. તેને પોતાની પાછળ ગાદી મળે તેવી ખટપટ મહારાવે કરેલી, પરંતુ તેમાં તેઓ ફાવ્યાં નહીં. અને તેને તેઓએ તેરા શહેર તેમજ ૪૦ (ચાલીશ) ગામોની જાગીર આપી





હવે આ મહારાવના વધુ વહાલસોયા પુત્ર 'તેરા' ગામના ઠાકોર સાહેબ કુમારશ્રી હમીરજી ઉર્ફે ગગુભાને ત્યાં જે ઔલાદ થતી તેને જન્મતાંની સાથે જ કોઇ એવી તકલીફ પૈદા થઇ જતી હતી કે કોઇ ગૈબી હાથ નીકળતો અને બાળકનું ગળું ટુંપીને તેને એ જ વખતે મારી નાંખતો. આવું ત્રણ-ચાર વાર બની ગયું હતું. આ વાતથી ઠાકોર તેમજ તેના રાણી અને કુટુંબીઓ ઘણાં જ પરેશાન હાલ હતાં. અને ઔલાદથી લગભગ નાઉમ્મીદ થઇ ચુકયા હતાં.ઠાકોર ગગુભા પાસે દોસ્ત મોહંમદ નામે તેઓનો વિશ્વાસુ હઝુર(નોકર) હતાં, જે ઘણીવાર કામકાજના હિસાબે માંડવી આવતા હતાં; તેણે સૈયદ હાજી મોહંમદ શાહ (રહેમતુલ્લાહઅલયહ) ની શોહરત સાંભળી અને પોતાના ઠાકોરસાહેબને આપની પાસે કંઇક દુઆ કે દવા કરાવવા માટે દરખાસ્ત રજુ કરી.ઠાકોરસાહેબ તો હાજતમંદ હતાં જ આપને કોઇપણ પીર, ફકીર, સાધુસંત કે વૈદ્ય-હકીમ પાસે દુઆ કે દવાદારૂ કરાવવાનો ઈતઝાર હતો; માટે તેઓ પોતાના તે હઝુરીને સાથે લઇને માંડવી બંદરે આપ હઝરતની બારગાહમાં હાજર થયાં. હઝુરી દોસ્ત મોહંમદે આપથી ગુજારીશ કરી કે, 'હઝરત સાંઇ કિબ્લા, <u>તેરા</u> જાગીરના ઠાકોર કુમારશ્રી હમીરજી આપની તહેનાતમાં દુવા તેમજ દવા માટે હાજર થયાં છે, તેઓ .પર નિગાહે કરમ કરીને ફૈઝ અર્પો.' આ મુજબ આપની બારગાહમાં અર્ઝ કરીને પુરી હકીકત બયાન ફરમાવી. આપે પોતાનું સરમુબારક ઊંચુ કરીને એક દૃષ્ટિ ઠાકોરસાહેબ ઉપર નાંખી, કુમારશ્રી સામે જ ઊભાં હતા, તેઓની આંખમાં આંસુ હતાં, તેઓએ આપના કદમ પકડી લીધા.

આપે તેઓને રોકતા કહયું, 'કુમાર સાહેબ ! ચરણસ્પર્શ ન કરો, અલ્લાહ ત્આલા સૌથી મહાન કરીમ છે. કોઇ પણ પ્રકારનો ઇસરાર કે ગૈબી હરકતો મીટાવનાર એ જ મારો ખુદાવંદે કરીમ મૌજુદ છે, માટે તેની રહેમથી કદી પણ ના ઉમ્મીદ ન થવું જોઇએ. જાવ, તમારા માટે હું દુવા અને દવા બંને કરું છું. અલ્લાહ ત્આલા કરશે તો તમારી ઉમ્મીદ જરૂર પુરી થશે.'

આમ કહીને આપે એક તાવીઝ બનાવીને આપ્યું અને કહયું કે, 'રાણી સાહેબાની કમરમાં તે બાંધજો, અને અલ્લાહત્આલાના ફઝલો કરમથી બાર મહિનાની અંદર-અંદર જ તમારે ત્યાં ઝુલામાં કુંવર ઝુલતો થઇ જશે. આ કુંવર અમારી દુવાથી પ્રાપ્ત થયો છે, તેની નિશાની તરિકે તે કુંવરના ડાબા લમણાં પર લસણનું એક નિશાન હશે; અને જે હરકત તમારે ત્યાં બાળક જન્મતી વખતે થાય છેજે હવેથી નહીં થાય; અને તમારો કુંવર જીવંતદાન હાંસીલ કરશે.'

અને અલ્લાહ ત્આલા ફઝલો કરમથી આપની દુવા મકબુલ થઇ. ફરમાન મુજબ જ ઠાકોર કુમારશ્રી હમીરજીને ત્યાં સન ૧૮૭૦ માં એક પુત્ર રત્નનો જન્મ થયો; જેનું નામ તેઓએ કુમાર રાયધણજી ઉર્ફે દાદુભા સાહેબ રાખવામાં આવ્યું અને હઝરત પીર સૈયદ હાજી મોહંમદશાહ બાવા (રહેમતુલ્લાહ અલયહ)ના ફરમાન મુજબ નિશાનીરૂપે તેના લમણાં પર બરાબર લસણની નિશાની મૌજુદ હતી; જે તેઓ સન ૧૯૩૩માં મુત્યૃ પામ્યાં ત્યાં સુધી રહી. આ નિશાની જોનાર ઘણાં લોકો તે યુગમાં મૌજુદ હતા. આ વાત પરથી ઠાકોરસાહેબની અકીદત આપની તરફ ખુબ જ મજબુત થઇ ગઇ, તેમજ આપને પોતાના કુળપીર તરીકે ખુબ જ માન અને ઇઝઝતપુર્વક જોવા લાગયા તથા આપની સાથે ખુબ જ એહતરામ સાથે વર્તવા લાગ્યા. ત્યાર બાદ ઠાકોર સાહેબને ત્યાં ત્રણ વરસ પછી બીજા કુંવર નાનુભા જન્મયાં, તેણે પણ લાંબુ આયુષ્ય ભોગવ્યું.

આપની દુવા મકબુલ થવાથી ઠાકોરસાહેબ અવાર-નવાર આપના દિદાર માટે આવવાં લાગ્યાં તેમજ અહીં પોતાના ઉતારા માટે એક બંગલો પણ ચણાવ્યો; અને પોતાના માણસોના રહેઠાણ માટે ઓરડા બનાવ્યાં. હઝરત પીર સાહેબની દુવાની બરકતથી પોતાને ઔલાદ થઇ માટે ઠાકોર સાહેબ પીરસાહેબની બારગાહમાં નઝરાણું પેશ કરવા પોતાના ગામથી માંડવી તરફ જવાની એક દિવસ તૈયારી કરવા લાગ્યાં, ત્યારે તેના કારભારીએ કહ્યું, 'હુઝુર! પીરસાહેબને જે કંઇ અર્પવું હોય, તે તેઓની ઇચ્છા મુજબ પુરતાં પ્રમાણમાં સારી રીતે આપશો, અને પાછળ કોઇ એવું લફરું ન રાખશો કે જેવી પીર સાહેબના વારસો આપના વંશજોને હંમેશા હૈરાન કરે.'

ઠાકોર સાહેબે જવાબમાં કહ્યું, 'જરૂર.'

ઠાકોરસાહેબે જ્યારે માંડવી આવી આપની ખિદમતમાં હાજર થયાંતો અર્ઝ કરી, 'સાંઇ, આપે મુજ પર ખુબ જ અહેસાન ફરમાવ્યો છે. હું અર્ઝ કરું છું કે મારાથી જે કંઇ ખિદમત થઇ શકે તે આપની મરજી મુજબ ફરમાવો તો હું તે બજાવી લાવું.'

આપે ફરમાવ્યું, 'ભાઇ ઠાકોરસાહેબ, અમે લોકો તો ફકીર છીએ, અમારે વળી શેની જરૂરત ? ટુકડો રોટલો અને ઘુંટડો પાણી તો હું આ હીકમત (વૈદું) કરું છું તેમાંથી મળી રહે છે, પછી વધુની અમારે શી જરૂરત છે.?'

તો પણ ઠાકોરસાહેબે કરગરીને વિનંતી કરી કે, 'આપ કંઇક પણ ફરમાવો.' તો હઝરત પીર સાહેબે ફરમાવ્યું, 'ઠાકોર સાહેબ ! જો તમારી





આટલી બધી ઇચ્છા છે, તો તમારા કારભારીએ તમને જે ભલામણ કરી છે, એ મુજબ કે પાછળથી કાંઇ લિફ-લિચ્છ(લફરું) ન રાખજો બધું ચુકતે કરી આપજો; પરંતુ, હવે અમારી ઇચ્છા એ છેકે જો આપવું હોય તો એવું આપો કે તમારા અને અમારા વારસો વચ્ચે હંમેશા સંબંધ રહે અને કારભારીની ઇચ્છા પુરી ન થાય.'

ઠાકોરે કહ્યું, 'હઝરત ! આપ જેમ ફરમાવો તે મુજબ અમલ કરવા હું તૈયાર છું. કારભારી તો મારો નોકર છે. આ પરથી ઠાકોરસાહેબ એક લેખિત દસ્તાવેજ દ્વારા પોતાના જાગીરના ચાલીસ(૪૦)ગામોની અનાજની પૈદાઇશમાંથી અમુક ભાગનો ભોગ દેવાનો ભાગવટાનો હકક લખી આપ્યો, જે આજ દિ સુધી કાયમ છે.'

**આપની એક અન્ય કરામતરૂપી દુવાઃ-**

કચ્છ માંડવીના એ સમયના મુસ્લીમ સમાજના આગેવાનો પૈકી એક અને સ્થાનીક મુસ્લીમ ખત્રી જમાઅતના પટેલ (આગેવાન) સિદ્દીક મોહંમદ ની શાદી થયાંને સાત-આઠ વરસ થયાં, પરંતુ સંતાન ન હોતું. આ સમયે સિદ્દીક મોહંમદના મામા ઇબ્રાહીમ પણ માંડવી શહેરમાં રંગ તેમજકાપડનાં આગેવાન વૈપારી હતાં, તેઓની હઝરત સૈયદ હાજી મોહંમદ શાહ બાવા પાસે ઘણી જ અવર-જવર હતી, તેમજ તેમના કુંટુંબની બીબીઓ પણ બીબીમાં સાહેબા પાસે આવ-જા કરતી હતી; તેઓ પૈકી સારાહ માં નામની એક બાઇએ બીબીમાં સાહેબને વાત કરી કે, 'ખત્રી મોહંમદ પટેલની પત્ની આસીયતબાઇ પોતાના પુત્ર સિદ્દકને ત્યાં કાંઇ ઔલાદ થતી ન હોવાથી બીજી ઔરત કરાવવા ઇચ્છે છે, માટે આપ પીરસાહેબ પાસે વાત કરો કે તેઓ કોઇ દુઆ ફરમાવે અને અલ્લાહ ત્આલાનો ફઝલો કરમ થઇ જાય.'

હઝરત બીબી માં સાહેબાએ આપની પાસે વાત કરી અને કહ્યું કે, 'એ લોકો આપણાં અકીદતમંદો પૈકીના છે, માટે તેઓ માટે અલ્લાહ ત્આલાની બારગાહમાં દુવા માંગો.' આપે પોતાની બીબીસાહેબાને તુર્ત જ ફરમાવ્યું કે, 'તમે આસીયત-બાઇને કહેરાવી દ્યો કે અલ્લાહ ત્આલાની રહેમતથી નાઉમ્મીદ ન થાય, અને તમારા પુત્રને બીજી ઓરત કરાવજો નહીં, એ જ સ્ત્રી અલ્લાહ ત્આલાના ફઝલો કરમથી તમારે ત્યાં પુત્રને જન્મ આપશે., જેની ઉપર અમે બતાવીએ છીએ એવા પ્રકારની અમુક નિશાનીઓ હશે.' અને આમ ફરમાવીને આપે તેને પણ એક તાવીઝ લખી આપ્યું.

અને અલ્લાહ ત્આલાના ફઝલો કરમથી તેમજ આપની દુવાના પ્રતાપે

બાર મહિનાની અંદર જ તેને ત્યાં એક છોકરાનો જન્મ થયો, તેના બદન પર પણ આપે કહેવા મુજબની નિશાની મૌજુદ હતી. ત્યારબાદ પણ તેને બે પુત્રીઓનો જન્મ થયો હતો. અને આ રીતે આ પુરાં ખત્રી કુટુંબની અકીદત આપના પ્રત્યે મજબુત બની ગઇ.

આપે દુવાઓ કરી બીજાને ઔલાદ અપાવી, પરંતુ પોતાના અલ્લાહ ત્આલા પાસે કશી જ માંગણી કરી નહીં. આપને કોઇ જ ઔલાદ ન હોતી. આપની ખિદમતમાં બિલાલ હબ્શી કરીને એક ખાદીમ રહેતો હતો તેને અબ્દુલ્લાહ નામે એક પુત્ર હતો. આપ આ છોકરાને ખુબ જ ચાહતાં હતાં અને વસીય્યત કરી હતી કે, 'તું મારી ઔલાદ તરીકેનો વારસો ભોગવજે.' અને તેને પોતાનો જાનશીન નીમ્યો હતો. અને આ જ કારણોસર ખલીફા અબ્દુલ્લાહ પોતાને અબ્દુલ્લાહ બીન હાજી મોહંમદ શાહ તરીકે આપની વફાત પછી ઓળખાવતા હતા.

આ છોકરા અબ્દુલ્લાહને આપે સલાયાના એક સમયના આલીમ મૌલવી હાજી મોહંમદ સાહેબ (રહેમતુલ્લાહ અલયહ)ને ત્યાં અરબી, ફારસી, હદીષ, ફીકહ, તફસીર વગેરેનું ઇલ્મ અપાવેલું. એ અબ્દુલ્લાહ ખુબ જસારા વાયેઝીન અને ઇલ્મે કલામમાં પ્રવિણ હતાં. અને તેઓ ઇદગાહની પાછળના ભાગમાં જે મકાનમાં હઝરત પીરસાહેબ રહેતાં હતાં ત્યાં જ કુટુંબ સાથે રહેતાં હતાં.

સને હી.સ.૧૨૮૭ મુતાબીક ઇ.સ. ૧૮૮૦માં માહે રજજબ મીહનામાં આપે રહેલત ફરમાવી. આપને ત્યાં ઇદગાહના કંમ્પાઉન્ડમાં દફન કરવામાં આવ્યાં; જેની ઉપર તેરા ના મઝકુર ઠાકોર સાહેબ કુમારશ્રી હમીરજીએ ભવ્ય મકબરો ચણાવ્યો હતો અને તેમણે બાંધી આપેલી લાગત ખલીફા અબ્દુલ્લાહના વંશજો જાગીરના ગામોમાંથી ઊઘરાવતાં હતાં.

★ ★ ★ ૨૧ ★ ★ ★

## હ. મખ્દુમ ઈબાહીમ નકશબંદી

(રેહમતુલ્લાહે અલયહે)

હઝરત મખ્દુમ ઇબ્રાહીમ નકશબંદી મુજદ્દેદી (રહેમતુલ્લાહ અલહય) કચ્છના મહાન નકશબંદી બુઝુર્ગો પૈકી છે. આપનો મઝારે પાક કચ્છના સલાયા (માંડવી બંદર)માં આવેલો છે. આપ સિધં પ્રાંતના નગરઠઠ્ઠા શહેરના રહેવાસી હતાં. આપ હઝરત ખ્વાજા મોહંમદ હાશિમ નગરઠઠ્વી નકશબંદી (રહેમતુલ્લાહ અલયહ) પૌત્ર છે. હઝરત ખ્વાજા મહોંમદ હાશિમ નકશબંદી





મુજદ્દેદી નગરઠઠ્વી (રહેમતુલ્લાહ અલહય)નો મઝારે પાક સિધં-નગરઠઠ્ઠામાં લોકો માટે આકર્ષણનું કેન્દ્ર છે; તેઓ આફતાબે મકલી હઝરત ખ્વાજા અબીલ કાસીમ નકશબંદી મુજદ્દેદી (રહેમતુલ્લાહ અલયહ) જેવા સિંધના મહાન બુઝુર્ગના ખલીફાઓ પૈકી હોવા છતાં, તેઓનો મઝાર તદ્દન સાદો અને ગુબંદ વગરનો છે.

હઝરત મખ્દુમ ઇબ્રાહીમ નકશબંદી મુજદ્દેદી (રહેમતુલ્લાહ અલયહ) નો શજરાએ તરીકત પાંચ(૫) વાસ્તાઓથી ઉર્વતુલ્વુસ્કા કય્યુમેષાની જાનશીને મુજદ્દીદે અલ્ફેષાની હઝરત ખ્વાજા મોહંમદ માસુમ સરહિંદી (રહેમતુલ્લાહ અલયહ)ને જઇ મળે છે, જે આ મુજબ છેઃ-

હઝરત મખદુમ ઇબ્રાહીમ પોતાના વાલીદે બુઝુર્ગવાર હઝરત મખ્દુમ અબ્દુલલતીફ (રહેમતુલ્લાહ અલયહ)ના ખલીફા છે, તેઓ પોતાના વાલીદ હઝરત ખ્વાજા મોહંમદ હાશિમ નગરઠઠ્વીના ખલીફા છે અને તેઓ સિંધના મશહુર બુઝુર્ગ આફતાબે મકલી હઝરત મખદુમ ખ્વાજા અબીલ કાસીમ (રહેમતુલ્લાહ અલયહ)ના ખલીફા છે અને તેઓ હઝરત ખ્વાજા સૈફુદ્દીન સરહિંદી (રહેમતુલ્લાહ અલયહ)ના ખલીફા છે અને તેઓ કય્યુમેષાની ઉર્વતુલ્વુસ્કા ખ્વાજા મોહંમદ માસુમ સરહિંદી (રહેમતુલ્લાહ અલયહ) ના ખલીફા છે.

'મકામાતે માસુમી' કીતાબમાં આપના દાદા હઝરત મખ્દુમ મોહંમદ હાસીમ ને હઝરત ખ્વાઝા મુહંમદ માસુમ ઇબ્ને મુજદ્દીદે અલ્ફેસાનીના સરહન્દીના ખલીફા દર્શાવેલ છે. આ રીતે આપનો સિલસિલ એ અરાદત ફકત ત્રણ(૩)વાસ્તાથી હઝરત મુજદ્દીદે અલ્ફેષાનીથી જઇ મળે છે.

હઝરત મખદુમ ઇબ્રાહીમ નકશબંદી મુજદ્દેદી (રહેમતુલ્લાહ અલહય) શરીઅત તેમજ સુન્નતોના ચુસ્ત પાબંદ હતાં. સલાયા (માંડવી)ના લોકો આજેપણ આપને સાહેબે શરીઅતના લકબ વડે જ યાદ કરે છે, જેનાથી માલુમ પડે છેકે આપ કેટલી હદે શરીઅતના પાબંદ તેમજ શરીઅતના ગુઢાર્થોના જાણકાર હશે. એ વાત પણ મશહુર છેકે આપના મઝારેપાક ઉપરથી પરીંદાઓ (પંખીઓ) ઊડતાં નથી.

'સિંધ કે સુફીયાએ નક્શબંદ' કીતાબમાં ઉલ્લેખ છે કે એક વખત આપે બારવીં રબ્બીઉલ અવ્વલ શરીફની ન્યાજ પકવીને હુઝુર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ને હદીયો કરી અને તેજ રાત્રે આપને આકા એ નામદાર મદીનાના તાજદારની જીયારત નસીબ થઇ અને આપે જોયું કે હુઝુર

(અલયહીસ્સલામ)ની બારગાહ શરીફમાં તે ન્યાજ પણ મૌજુદ છે. પરંતુ આપ સરકાર તે ન્યાજ તરફ ધ્યાન નથી આપતા એટલે હઝરત મખ્દુમ ઈબ્રાહીમ બા-અદબ અર્ઝ કરતા કહે છે કે યા રસુલલ્લાહ મારાથી શુ ખતા થઇ કે આપ ગુલામે પકવેલ ન્યાજ તરફ ધ્યાન નથી આપતા તો સરકાર રીસાલતે મઆબ ખત્મી મરતબત(સલ્લલ્લાહો અલયહે વસલ્લમે) ફરમાવ્યું કે તમારાથી તો કંઇ ખતા નથી થઇ પરંતુ ન્યાજ પકવનારા ભઠીયારા **તંબાકુનુ સેવન કરનારા હતા જે મને પસંદ નથી** અને એટલે જ હું તેમના થકી પકવેલ ન્યાજ તરફ ધ્યાન નથી આપતો. પ્રભાત થતા આપે મુત્તકી ભઠીયારાઓને બોલાવીને આગલા દિવસે પકવેલ ન્યાજની કઝા ફરમાવી. (આવો જ તંબાકુ સેવનથી નફરતનો એક બનાવ 'અન્ફાસુલ આરેફીન' નામની કિતાબમાં પણ છે.)

બીજી પણ એકવાત મશહુર છેકે આપે પોતાના વિસાલ પહેલાં પોતાના દફન સ્થળે એક નુરે બેકૈફ જોયું હતું જેવી રીતે ઇમામે રબ્બાની મુજદ્દીદે અલ્ફેષાની (રદીયલ્લાહો ત્આલા અન્હો) એ સરહિંદ શરીફની જમીનમાં એક નુર જોયું જેનો ઉલ્લેખ આપે પોતાના એક પત્ર મુબારકમાં કરતાં લખ્યું છેકે, 'સરહિંદની જમીનને અલ્લાહત્આલાએ બીજા શહેરો અને કસ્બાઓના મુકાબલામાં બુલંદી અને બુઝુર્ગી અને નુરાનીય્યત અતા ફરમાવી છે, અને આ જમીનમાં જે નુર ચમકે છે તે મારા કલ્બના નુરના કારણે છે.' અને આ પવિત્ર જમીન જ આપનું દફન સ્થળ બન્યું.

હઝરત મખ્દુમ ઇબ્રાહીમ (રહેમતુલ્લાહ અલયહ) નો એક દરીયાઇ સફરની તૈયારી દરમિયાન હીજરી ૧૨૨૫માં વિસાલ થયો અને આપના મૈયત મુબારકને એજ સ્થળે લાવીને દફન કરવામાં આવ્યું કે જે સ્થળે આપે નુરે બેકૈફ નિહાળ્યું હતું.

આપ ખુબ જ મહાન ફકીહ અને આલિમે રબ્બાની હતાં, તેમજ આપ ઘણાં મોટા મુસન્નીફ (લેખક) પણ હતાં. આપે અનેક કિતાબોનું લેખન સિંધી, અરબી તેમજ ફારસી ભાષામાં કર્યું છે. હઝરત મખ્દુમ ઇબ્રાહીમ (રહેમતુલ્લાહ અલહય) એ તફસીર તેમજ ફિકહ્શાસ્ત્રની પણ અનેક કિતાબો લખી છે.

આપના રોઝાશરીફની પાયતીવાળા કબ્રસ્તાનમાં દફન થવાને ઘણીજ મોટી ખુશ કિસ્મતી સમજવામાં આવે છે. આપે કોઇને પણ ખિલાફત આપી નહોતી. આપના રોઝાશરીફના વહીવટ કમિટીના હસ્તક છે. આજ પણ આપના રોઝાશરીફમાં અન્વારોની વર્ષાનો અનુભવ આંતરીક ચક્ષુ તેમજ





દિવ્યદ્રષ્ટિ ધરાવનારો કરી શકે છે; તેમજ શુકુન અને આહલાદ્ક શાંતિનો અહેસાસ તો ત્યાં આવનારો દરેક ઝાયરીન અવશ્ય કરે જ છે, વર્તમાનકાળમાં આપના મઝારેપાકને એવો ઓપ આપવામાં આવ્યો છેકે દરગાહશરીફના સંકુલમાં પગ મુકતાવેંત જ ઇરાન તથા સમરકંદ-બુખારાની અદ્‌ભુત સ્થાપત્યકળા તેમજ ભવ્યસંસ્કૃતિનો અહેસાસ થઇ જાય છે. આથી વધારે આપના હાલાતો, કરામતો વગેરે વિશે માહિતી મળી શકી નથી.

★ ★ ★ ૨૨ ★ ★ ★

## હ. મીયાં અબ્દુલ્લાહ નકશબંદી

(રેહમતુલ્લાહે અલયહે)

હઝરત મીયાં અબ્દુલ્લાહ નકશબંદી-મુજદ્દેદી (રહેમતુલ્લાહ અલયહ) કચ્છના મશહુર બુઝુર્ગો પૈકીના એક છે. આપ પોતાના યુગના આલિમે બે-બદલ, સુફીએ ઝી-વકાર તેમજ મહાન મુફતી હતાં. તેઓ હઝરત મખ્દુમ મોહંમદ હાસીમ નગરઠઠવીના શીષ્ય હતાં. આપનો મઝાર શરીફ કચ્છના અબડાસા તાલુકાના સુથરી ગામના કબ્રસ્તાનમાં આવેલો છે.

આપ પોતાના યુગના ઘણાં જ મશહુર મુફતી હતાં. ઇલ્મે ફીકહ્‌માં આપ તે યુગમાં અજોડ હતાં. આપે ફીકહ્(ઇસ્લામીકાયદા શાસ્ત્ર)ની ઘણી કિતાબો સિંધી ભાષામાં લખેલી છે, જેની ઉપર આજે પણ સિંધ તેમજ કચ્છ પ્રદેશમાં અમલ થઇ રહયો છે. આપની પાસે લોકો દુરોદરાઝથી ફત્વા લઇને આવતાં હતાં. આપના પીરો મુરશીદ તથા ઉસ્તાદનું નામ હઝરત મોહંમદ હાશીમ નગરઠઠવી (રહમતુલ્લાહ અલયહે) હતાં જેઓ હઝરત ખ્વાજા મોહંમદ માસુમ સાહેબ નક્શબંદીના ખલીફા છે.

### આપની ફત્વાવાળી કરામત

આપે પોતાના વિસાલ પછી પણ એક શખ્સને ફત્વાનો જવાબ લખી આપ્યો હતો. આપની આ ફત્વાવાળી કરામત કચ્છ પ્રદેશમાં ઘણી જ મશહુર છે. અને આ કરામતની હકીકત આ મુજબ છે. સુથરી ગામે આપની વફાત થઇ ચુકી હોય છે; અને હજુ બે-ચાર દિવસ જ પસાર થયાં હતાં. એ દરમ્યાન જ આ વાતથી અજાણ એક શખ્સ દુર દરાઝથી એક ફત્વાના ઉકેલ માટે આપની પાસે સુથરી ગામે આવી રહયો હતો. હજુ ગામથી થોડોક દુર હતો. ત્યાં રસ્તામાં આવતાં એક તળાવના કિનારે તે જરૂરી હાજતો અને આરામ માટે રોકાયો. એ દરમ્યાન જ ત્યાં તેને એક બીજા શખ્સની મુલાકાત થઇ, જેના ચહેરા પર બુઝુર્ગીના આસારો દ્રષ્ટિગોચર થઇ રહયાં હતાં. આ આગંતુક

તેનાથી ઘણો જ પ્રભાવીત થયો. બંને વચ્ચે સલામની આપ લે પછી વાતચીત થઇ અને તે શખ્સે પેલા આગંતુક શખ્સને અહીં આવવાનું કારણ પુછયું, તો તેણે કહયું કે,'હું ફલાણી બાબતે ફત્વો મેળવવા માટે સુથરી ગામે હઝરત મીયાં અબ્દુલ્લાહશાહ (રહેમતુલ્લાહ અલયહ) પાસે આવ્યો છું.' તો તે શખ્સે કહયું કે, 'લાવો જરા મને દેખાડો તો ખરા હું તેનો ઉકેલ લખી આપીશ.' આગંતુક શખ્સે સ્પષ્ટપણે ના કહી. છતાંપણ તે શખ્સ આ બાબતે વારંવાર આગ્રહ કરતાં રહયાં અને છેવટે તેમણે કહયું કે,'જો ફત્વાનો ઉકેલ તમને યોગ્ય ન લાગે તો ફાડી નાખશો.'

છેવટે તે આગંતુકે તેમની સામે પોતાનો ફત્વો રજુ કર્યો; તે શખ્સે તુર્તજ તેનો યોગ્ય હલ લખીને નીચે પોતાની દસ્તખત (સહી) કરી આપ્યા.

ફતવો મેળવીને આ ભાઇ સુથરી ગામે પહોંચ્યો અને આપની ખાનકાહશરીફ પર હાજર થયો, તો ત્યાં પહોંચતાં જ તેણે હઝરત મીયાં સાંઇ અબ્દુલ્લાહ શાહ(રહેમતુલ્લાહ અલયહ)ની વફાત થઇ ગયાની ખબર સાંભળી. તે શખ્સને ઘણો જ અફસોસ થયો. ત્યાર બાદ લોકો સાથેની વાતચીત દરમ્યાન તેણે જણાવ્યુંકે,'હું અત્રે એક ખુબજ ગુંચવણભર્યા ફત્વાના ઉકેલ માટે આવ્યો હતો.' અને પછી કહયું કે,'હું ગામથી થોડે આવેલા તળાવના કિનારે આરામ તેમજ જરૂરી હાજતો પુરી કરવા માટે રોકાયો હતો, ત્યાં એક બુઝુર્ગીની નિશાનીવાળા અને અત્યંત પ્રભાવશાળી શખ્સની મુલાકાત થઇ હતી, તો તેણે મને ફતવો દેખાડવાનું કહયું હતું અને ત્યારબાદ તેનો ઉકેલ પણ લખી આપ્યો હતો.'

લોકોએ તેની વાત સાંભળીને મઝકુર ફત્વો તેની પાસે જોવા માટે માંગ્યો, જે જોતાવેંત જ લોકો આશ્ચર્યથી દિગ્મુઢ બની ગયા કે ફત્વો હઝરત મીયાં અબ્દુલ્લાહ શાહ (રહુમતુલ્લાહ અલયહે) જ લખ્યો હતો અને નીચે કરેલી દસ્તખત (સહી) પણ આપની જ હતી; આગંતુક શખ્સ પણ આપની આ મહાન કરામત જોઇને ઘણો જ નવાઇ પામ્યો.

જે રીતે દરેક યુગમાં બનતું આવ્યું છે એ મુજબ આપના યુગમાં પણ કેટલાક કટ્ટરહઠધર્મી અને ઔલીયાએ કિરામના મકામોથી ના વાકીફ કોરાકટ મૌલ્વીઓએ આપની ઉપર એવો ઇલ્જામ નાખ્યો કે, આપ હઝરત સરકાર ગૌષે આઝમ દસ્તગીર શૈખ અબ્દુલકાદીર જીલાની (રદીયલ્લાહો ત્આલા અન્હો)ને માનતાં નથી.★ અને આ વાત પેટે અવામ (સામાન્યજનો)ની તેઓએ ખુબ જ ઉશ્કેરણી કરી, જેના કારણે છેવટે આપે હિજરત ફરમાવી





અને હિજરત કરતી વખતે વચ્ચે આવતાં અફાટ રેતીલાં રણમાં આપ ભુલા પડયા અને આપની ઉપર તરસનો અત્યંત ગલ્બો થયો, અને પાણીની અતયંત જરૂરત ઊભી થઇ; એટલે આપે આ વિકટ પરિસ્થિતીમાં હુઝુર સરકારે ગૌષે આઝમ દસ્તગીર(રદીયલ્લાહો ત્આલા અન્હો)ને મદદ માટે પોકાર્યા અને આપની તરફ તવજ્જોહ ફરમાવી.

હુઝુર સરકારે ગૌષે આઝમ (રદીયલ્લાહો ત્આલા અન્હો) એ આપની પુકાર સાંભળી લીધી અને આપના માટે પાણી લઇને તશરીફ લાવ્યાં અને આપને પાણી પીવડાવ્યું અને રસ્તો દેખાડયો; રણના આ વિકટતાભર્યા રસ્તામાં આપે હુઝુર ગૌષેઆઝમ દસ્તગીર મીરાં મોહ્યુદ્દીન શૈખ અબ્દુલકાદીર જીલાની (રદીયલ્લાહો ત્આલા અન્હો)ને મદદ માટે પોકાર્યા અને આપની શાનમાં સીંધી ઝબાનમાં એક મશહુર મન્કેબત (મદાહ્-પ્રશંસા કાવ્ય)ની રચના કરી, જેમાં હઝરત મીયાં અબ્દુલ્લાહશાહ (રહેમતુલ્લાહ અલયહે) આપની મહેરબાનીઓનો ઉલ્લેખ કર્યો છે; સિંધી ભાષામાં રચીત આપની આ મન્કેબત (મદાહ) કચ્છ તેમજ સિંધ પ્રદેશમાં આજે પણ ઘણી જ મશહુર છે, અને ઘર-ઘરમાં પઢાય છે. અને હંમેશા લોકોની જીભ ઉપર આપની આ મદાહ્ના અશઆરો(શેરો-પંકિતઓ) જારી રહે છે. આપની આ મનકેબતમાં લગભગ ૧૦૦(સો) થી વધુ સંખ્યામાં શેરો (પંક્તિઓ) છે, જે પૈકીની કેટલીક પંક્તિઓ અહીં તેના ગુજરાતી ભાવાર્થ સાથે રજુ કરું છું, જેના વડે વાંચકોને આપની સરકારે ગૌષે આઝમ દસ્તગીર (રદીયલ્લાહો ત્આલા અન્હો) તરફની અથાગ અકીદતનો ખ્યાલ આવશે.

(૧)

**''સચા મહેબુબે સુબ્હાની ,ઉથી અય ગૌષ ગીલાની;**
**અચી હીનહાલ તે સાની , મદદ યા શાહે જીલાની ''**

(ભાવાર્થ :- આ શેરમાં આપે હુઝુર ગૌષે આઝમ પીરાને પીર દસ્તગીરને પોતાની મદદ માટે ઊઠવા પોકાર કર્યો અને કહયું કે, જરા પણ અતિશયાક્તિ વિના આપ મહેબુબે સુબ્હાની છે, હે જીલાનના શહેનશાહ મારી મદદ ફરમાવો.)

(૨)

**''અસાં જો હાલ તું દાની ,પાંજી કીં લાય પરેશાની ;**
**આં જો અહીંયા મુરીદાની, મદદ યા શાહે જીલાની.''**

(ભાવાર્થઃ- અમારી હાલત આપ જાણો છો અમારી પરેશાનીઓ

પણ દુર કરો. હું આપનો જ મુરીદ છું, હે જીલાનના શહેનશાહ મારી મદદ ફરમાવો.)

(૩)

**''સચા સરતાજ બગદાદી,શિકસ્તી કે ડીયેં શાદી ;**
**તો દરજો આંઉં ફરિયાદી,મદદ યા શાહે જીલાની.''**

(ભાવાર્થઃ- હે મારા સર(માથા)ના તાજરૂપ, આપ બગદાદના રહેવાળા છો. આપ થાકેલાં-હારેલાંને ખુશી અર્પણ કરો છો,હું આપના દરવાઝાનો ફરિયાદી છું. હે જીલાનના શહેનશાહ મારી મદદ ફરમાવો.)

(૪)

**''અહીંયેં તું કુતબો રબ્બાની,નસુરો નુરો નુરાની;**
**વસીલોંથી જઈફાંની,મદદ યા શાહે જીલાની.''**

(ભાવાર્થઃ- આપ કુત્બે રબ્બાની છો ; આપ અન્વારોના મરકઝ છો, આપ નબળાઓ (કમજારો)નો વસીલો બનનાર છો. હે જીલાનના શહેનશાહ મારી મદદ ફરમાવો.)

(૫)

**''રસીયન રાહ મુ રણયન મેં ,પિયારી આબ તું ઉન્યેં મેં;**
**સંધો સાંઈ થીયે સુન્યન મેં,મદદ યા શાહે જીલાની.''**

(ભાવાર્થઃ- હું આ અફાટ રેતીલાં રણમાં રસ્તો ભુલી ગયો હતો, આપ આવી પહોંચ્યાં, હું તરસ્યો મરી રહયો હતો આપે મને પાણી પીવડાવ્યું. હે મારા મહેરબાન, આવા સુનકારમાં પણ આપ સાથી બનયાં ; હે જીલાનના શહેનશાહ મારી મદદ ફરમાવો.)

(૬)

**''મુતેં પ્યા મુદ્દઈ દાહીન,અપર ઈઝઅમે આહીન ;**
**ડીયાં ડી સામહુમ કાહીન , મદદ યા શાહે જીલાની.''**

(ભાવાર્થઃ-આપની મોહબ્બતના જુઠા દાવેદારો મારા મુકાબલામાં આવી ગયા છે. મને તકલીફ પહોંચાડવા ચાહે છે, દિવસે દિવસે તેનું જોર વધતું જાય છે. હે જીલાનના શહેનશાહ મારી મદદ ફરમાવો.)

(૭)

**''તીનન કે પાણ પલીએ તું ,બચઈ હયબત હકલીએ તું ;**
**ડીનલ જો દોસ્ત જલીએ તું ,મદદ યા શાહે જીલાની.''**

(ભાવાર્થઃ- (હે ગૌષે આઝમ)આપ આ દુશ્મનોને પહોંચો. આપની





હૈબત વડે તેઓને ભગાવો. આપના દોસ્તોને સંભાળો. હે જીલાનના શહેનશાહ મારી મદદ ફરમાવો.)

(૮)

**''અતાંઉં આં સંધીયું એરયું , પલોથીયું બેહર જ્યું જેરયું ;**
**તારીફું તોં કરીયાં કેરીયું , મદદ યા શાહે જીલાની.''**

(ભાવાર્થઃ- આપની મહેરબાનીઓ સમુદ્રની ઊંચી મૌજો જેવી છે; આપની તારીફોનો હકક હું કયાં અદા કરી શકું છું. હે જીલાનના શહેનશાહ મારી મદદ ફરમાવો.)

(૯)

**''જીયા રીયે દીન પરવર જો , અહીંયન ઔલાદ અનવર જો;**
**જે ખટેંઓ કોટ ખયબર જો , મદદ યા શાહે જીલાની.''**

(ભાવાર્થઃ- અલ્લાહના દીનને આપે જીવંત રાખયો. આપ હુઝુર નબીએ પાક (સલ્લલ્લાહો અલયહ વસલ્લમ)નો ઔલાદ છો, જેઓએ ખયબરનો કોટ(કિલ્લો)જીત્યો છે. હે જીલાનના શહેનશાહ મારી મદદ ફરમાવો.)

(૧૦)

**''સચી ઝોહરા સંધી દાદી, મોહંમદ મીર જી ઝાદી;**
**અહીંયે અસ્લમે તીન ઔલીદી, મદદ યા શાહે જીલાની.''**

(ભાવાર્થઃ- હુઝુર નબીએ પાક (સલ્લલ્લાહો અલયહ વસલ્લમ)ની સાહેબ ઝાદી હઝરત ફાતેમતુઝ્ઝહરા (રદીયલ્લાહો ત્આલા અન્હા)આપની દાદી છે. આપ તેઓની જ ઔલાદ છો. હે જીલાનના શહેનશાહ મારી મદદ ફરમાવો.)

(૧૧)

**'' તો સરતે છતર સુલયમાની, અહીંયેં તું યુસુફે પાની;**
**આંજો અહીંયાં ઝઈફાની , મદદ યા શાહે જીલાની.''**

(ભાવાર્થઃ- આપના સર ઉપર હઝરત સુલયમાન અલયહીસ્સલામનું છતર (સાયો) છે. ખુબસુરતીમાં આપ હઝરતે યુસુફનો પરતવ છો. હું નિર્બળ કમઝોર આપનો જ છું. હે જીલાનના શહેનશાહ મારી મદદ ફરમાવો.)

(૧૨)

**''તો જી થઈ મદ્દહ મુલકન મેં, અહીંયે મશહુર મુલ્કનમેં;**
**મલાઈક, ઈન્સ જીન્નનમેં, મદદ યા શાહે જીલાની.''**

(ભાવાર્થઃ-આપ કાએનાત (સમગ્રસૃષ્ટિમાં) માં મશહુર છો, દરેક જગ્યાએ આપની તારીફ થાય છે. આપ જીન્નાતો, ઇન્સાનો તેમજ ફરિશ્તાઓમાં પણ મશહુર છો. હે જીલાનના શહેનશાહ મારી મદદ ફરમાવો.)

(૧૩)

**''નકો સારીયાં વસીલો બ્યો , મોહંમદ મીર મેં પહીજોં ;**
**અઇન ઔલાદ તું ઉન્જોં, મદદ યા શાહે જીલાની.''**

(ભાવાર્થઃ- હુઝુર નબીએ પાક(સલ્લલ્લાહો અલયહ વસલ્લમ)ની બારગાહ શરીફમાં આપના સિવાય કોઇ વસીલો નથી. આપ પણ તેઓની જ ઔલાદ છો. હે જીલાનના શહેનશાહ મારી મદદ ફરમાવો.)

(૧૪)

**''દવા અહીં યે મરીઝન જો , બચા અહીં યે ગરીબન જો ;**
**દિલાસોથી દુખિયન જો, મદદ યા શાહે જીલાની.''**

(ભાવાર્થઃ-આપ બિમારોની દવા છો. આપ ગરીબોના સહારા છો. આપ દુઃખી દીલોના દિલાસો છો. હે જીલાનના શહેનશાહ મારી મદદ ફરમાવો.),

(૧૫)

**''અહીંયા મદ્દાહ આંઉ આં જો, નસુરો ડાઓ આ ઉ આંજો ;**
**ગોલો દરબાર આંઉ આંજો, મદદ યા શાહે જીલાની.''**

(ભાવાર્થઃ- હું આપના દરબારનો ગુલામ છું. આપના દરબારનો નિર્દોષ અને સમજદાર ગુલામ છું અને આપની તારીફ કરવાવાળો છું. હે જીલાનના શહેનશાહ મારી મદદ ફરમાવો.)

(૧૬)

**''અબ્દુલ્લાહ આંય સવાલી, આં જે દરબાર જો આલી ;**
**મચણ સો વારે ઓ ખાલી , મદદ યા શાહે જીલાની.''**

(ભાવાર્થઃ- આપની પવિત્ર બારગાહનો આ અબ્દુલ્લાહ સવાલી છે. તેને હવે ખાલી હાથે ન ઠેલો. હે જીલાનના શહેનશાહ મારી મદદ ફરમાવો.)

હઝરત મીયાં અબ્દુલ્લાહ શાહ નકશબંદી-મુજદ્દેદી(રહેમતુલ્લાહ અલયહ)ના મકશુફાતો, કરામતો તેમજ આપની પવિત્ર ઝિંદગી વિશે આનાથી વધુ કશી માહિતી મળી શકી નથી. આપનો મઝારે પુર અન્વાર કચ્છ જિલ્લાના અબડાસા તાલુકાના સુથરી ગામના કબ્રસ્તાનમાં આજે પણ લોકોનું આકર્ષણનું કેન્દ્ર છે.





## ★ ★ ★ ૨૩ ★ ★ ★

## હઝરત શોઅ્બાનશાહ સરહિંદી

(રેહમતુલ્લાહે અલયહે)

આપનો મુકદ્દસ મઝાર જી. કચ્છના વાગડ વિસ્તારના ભચાઉ તાલુકામાં ભસવા નામના ગામમાં આવેલો છે. આપ હઝરત કય્યુમે ઝમાની ઇમામ રબ્બાની મુજદ્દીદે અલ્ફ્સાની શૈખ અહદમ ફારૂકી સરહિંદી નકશબંદી (રદીયલ્લાહો ત્આલા અન્હો)ની ઔલાદમાંથી છે. આપની કરામતો આજે પણ લોકમુખે ચર્ચાઇ રહી છે.

## ★ ★ ★ ૨૪ ★ ★ ★

## હઝરત પીર મેહમુદશાહ જીલાની

(રેહમતુલ્લાહે અલયહે)

સિલસિલાએ નકશબંદીય્યાહ-મુજદ્દેદીય્યાહ મઝહરીય્યાહની એક ખાનકાહશરીફ પાક.સિંધના મુલાકાતીયાર શહેરમાં આવેલી છે, આ ખાનકાહના મહાન મજઝુબે કામીલ હઝરત શાહ ઇસ્હાક સાહેબ મુલાકાતીયારી નકશબંદી (રહેમતુલ્લાહ અલયહ)થી તેમજ પોતાના વાલીદ સાહેબ હઝરત શાહ પીર અલી અકબરશાહ જીલાની (રહેમતુલ્લાહ અલયહ)થી હઝરત પીર મહેમુદશાહ જીલાની (રહેમતુલ્લાહ અલયહ)ને બયઅ્ત (અરાદત) તેમજ ખિર્કએ ખિલાફત હાંસીલ હતો. હઝરત શાહ ઇસ્હાક સાહેબ મુલાકાતી-યારી (રહેમતુલ્લાહ અલયહ)નો સિલસિલાએ અરાદત દિલ્હીની મશહુર નકશબંદી ખાનકાહશરીફ જેમના નામથી ઓળખાય છે, તે મહાન વલીએ કામીલ હઝરત મીર્ઝા મઝહર જાનેજાના શહીદ (રહેમતુલ્લાહ અલયહ)થી જ જઇ મળે છે.

હઝરત પીર મહેમુદશાહ જીલાની (રહેમતુલ્લાહ અલયહ)ની મહાન ખિદમતોં પૈકી ઝાહેરી તેમજ બાતીની ઇલ્મોનો ઐતબારથી આપે ઇલ્મે જાહીર પેટે કચ્છ જેવા પછાત પ્રદેશમાં મહાન દારૂલઉલુમ ફૈઝે અકબરીની લુણીશરીફ (તા.મુદ્રા-કચ્છ)માં સ્થાપના કરી. એ જ રીતે આપે ઇલ્મે બાતીન પેટે રાજસ્થાન જેમા અતિ પછાત ગણાંતા વિસ્તાર બાડમેર વગેરે જગ્યાએ દૌરા કરીને અસંખ્ય મુસલમાનોને મુરીદ બનાવી સિલસિલાના અન્વારો તેમનાં દિલોમાં અલ્કા કર્યા અને ઝીક્રે ઇલાહીના ચિરાગો પ્રજવળીત ફરમાવ્યાં.

હઝરત પીર મહેમુદશાહ જીલાની (રહેમતુલ્લાહ અલયહ)ના પોશાકમાં સફેદ રંગ હંમેશા અગ્રસ્થાને રહેતો હતો, ત્યાં સુધીકે સફેદ સલવાર ઉપર કમીસ અને માથા ઉપર સફેદ સુતરના દોરાની બનાવેલી ઊંચી ટોપી પહેરતાં હતાં.

હઝરત પીર મહેમુદશાહ જીલાની (રહેમતુલ્લાહ અલયહ) જ્યારે પણ કોઇ મહેફીલમાં બેસતાં હતાં તો આપોઆપ પોતાની અસર ચારે તરફ છવાઇ જતી હતી, જે પરિચીત ન હોય તેને પણ એવું લાગતું હતું કે આ કોઇ વિશેષ અને મહાન વ્યક્તિ છે. આપનું ઘર મહેમાનોનું મોટું કેન્દ્ર હતું. આપ નાના મોટા દરેક મહેમાનનો એક સરખો ખ્યાલ રાખતાં હતાં.

ઝિંદગીના છેલ્લા દિવસોમાં બિમાર હોવા છતાં પણ આપે આવનાર મહેમાનોને મુલાકાતથી કયારેય રોકયા નથી. બિમારીના કારણે અતિઅશક્તિ હોવા છતાં પણ મદ્રાસાના ચંદા પેટે રમઝાન મહિનામાં આપ ખુદ પણ બીજા સફીરોની જેમ મસ્જિદમાં તશરીફ લઇ જતાં. અશક્તિની હાલતમાં પણ આપ તરાવીહની નમાઝ ઊભા ઊભા જ અદા ફરમાવતાં હતાં અને વચ્ચે જો વધુ કમઝોરી દેખાતી તો અમુક રકાતો બેસીને અદા ફરમાવતાં હતાં.

આપ નકશબંદી સિલસિલાના બુઝુર્ગ હતા. શરીઅતના ચુસ્ત પાબંદ હતાં આપે પોતાની નફલી ઇબાદતોંનો કદી જાહેરમાં પ્રચાર કરતાં ન હોતાં. આપ વસીયત ફરમાવતાં હતાં કે, મારામાં કોઇ કરામતનો પ્રચાર કરવામાં ન આવે. છતાંપણ જે લોકોએ આપને નજીકથી જોયા છે તેઓ એમ ખાત્રીથી કહી શકશે કે આપને જોઇને એવું લાગતું હતું કે, આપના દિલમાં અલ્લાહ ત્આલાની યાદ અને તેનો ઝીક્ર જારી છે. રાજસ્થાનમાં દૌરા દરમ્યાન આપ અડધી રાત્રે ઝીક્રના હલ્કાઓ કાયમ ફરમાવતાં હતાં.અન્ય પીરોની જેમ પહેલેથીજ મુરીદ બનાવવાના એલાનને આપ કદાપી પસંદ કરતાં નહીં. આપના રસોડામાં મચ્છીને અગ્રસ્થાન રહેતું હતું.

### આપનો વિસાલ

હઝરત પીર મહેમુદ શાહ જીલાની (રહેમતુલ્લાહ અલયહ)નો વિસાલ મુંબઇમાં થયો એ સમયે આપનું પવિત્ર મસ્તક આપના એક વફાદાર ખાદિમ હાજી સાહેબના ખોળામાં રાખેલું હતું. ઇન્ના લિલ્લાહે વ ઇન્ના ઇલયહે રાજેઉન. ત્યાંથી આપની લાશ મુબારકને કાનુની વિધીઓ પુરી કર્યા પછી





આપના વતન લુણીશરીફ (કચ્છ) લાવવામાં આવી અને આપના વાલીદે મોહતરમ હઝરત હાજી અલી અકબરશાહ જીલાની (રહેમતુલ્લાહ અલયહ)ના પહેલુંમાંજ આપને મુ. તા. ૨૨ મોહર્રમુલ્હરામ હી.સ.૧૪૦૬ મુતાબીક અં. તા.૯-૧૦-૧૯૮૫ને મંગળવારના રોજ દફન કરવામાં આવ્યાં.

આપની નમાઝે જનાઝા મુફતીએ કચ્છ હઝરત હાજી અહમદશાહ બાવા (દામતેફોયઝોહુમ)એ અદા કરાવ્યાં પછી આપના સાહેબઝાદા હઝરત અલી અકબર શાહ ઉર્ફે ભાભાસાહેબને આપના ગાદીનશીન તરીકે મુકર્રર કર્યાનું એલાન કયું.

## ★★★ ૨૫ ★★★

## ખત્રી સાહેબ ઉમર પીર (ભુજવાળા)

(રેહમતુલ્લાહે અલયહે)

**પરિચય :-**

જ્યારે હું (પીર વઝીર અલી) તક્યાવાળી મસ્જીદ - ભુજમાં ઇમામત કરતો હતો ત્યારે નવરંગઝાદા સાલેહ મોહંમદ સાહેબે મને જણાંવ્યુંકે, 'સરપટ નાકે આવેલી લેનોવાળી મસ્જીદમાં જે ખત્રી સાહેબનો મઝાર આવેલો છે તેઓ પણ નકશબંદી હતાં. તેઓની એક કરામત રજુ કરતાં કહયું કે, 'એક વખત તેઓ બાંધણી કાર્ય કરી રહયા હતાં. તે દરમ્યાન નફસવૃત્તિએ આંખોમાં શરારત જણાવતાં તેઓએ તરત કાતર વડે પોતાની આંખો ફોડી નાંખી.' પછી મેં આપ વિશે વધુ સંશોધન કરતાં 'ખત્રી ઇતિહાસના ભાગ-૩, પાના નં.૪૧૪ થી ૪૧૭ સુધીનો ઉલ્લેખ ધ્યાનપુર્વક વાંચ્યો જેમાં આપના હાલાતો દર્જ થયેલા છે, તો એ વાત સ્પષ્ટ થઇ કે, આપ (ખત્રી સાહેબ હઝરત ઉમર પીર) નો યુગ તથા (૧)રાજપીર હઝરત પીર સૈયદ મોહંમદ પનાહ સાહેબ કાદરી તથા (૨) સાકળવાળા પીર હઝરત સૈયદ મોહંમદ શાહ તથા (૩) સિંધના પ્રસિધ્ધ સુફી કવી હઝરત શાહ અબ્દુલલતીફ ભિટાઇ તેમજ (૪)સિંધના બદ્દીન જી. માં આવેલા તે યુગના મહાન વલીએ કામીલ સુલ્તાનુલ-ઔલીયાએ સિંધ હઝરત ખવાજા મોહંમદ ઝમાંન અવ્વલનો યુગ એક જ છે. (ઇ.સ. ૧૭૬૧) તે યુગના ખત્રી ભાઇઓ લુવારીશરીફના નકશબંદી પીરો સાથે એટલેકે હઝરત ખ્વાજા મોહંમદ ઝમાન અવ્વલ (રહેમતુલ્લાહ અલયહ)સાથે સંકળાયેલા હતા અને માટે જ

સુલ્તાનુલ્ઔલીયાએ સિંધ હઝરત ખ્વાજા મોહંમદ ઝમાન (રહેમતુલ્લાહ અલયહ)એ પોતાના ખલીફા હઝરત સાંઇ શોએબ ઉર્ફે પખેરાવાળા પીર (રહેમતુલ્લાહ અલયહ)ને સિલસિલાની ઇશાઅત પેટે કચ્છમાં મોકલેલા. શરીઅતની પુરી પાબંદીનો ઝૌકો-શૌક ખત્રીભાઇઓની ફીતરતમાં રહેલો છે, જે સિલસિલાએ નકશબંદીય્યાહનો ફૈઝાન છે.

હઝરત ઉમર પીર (રહેમતુલ્લાહ અલયહ)ની રહેણી-કરણી એટલી હદે સાદી હતી કે, આપનાથી મુલાકાત કરનાર ભાગ્યેજ આપને ઓળખી શકતો હતો. આપ મહાન આલીમ હોવા છતાં જરા પણ ઇલ્મનો ઘમંડ ન હતો. આપ પોતાનું વ્યક્તિત્વ કોઇને પણ બતાવતાં નહોતા; જેથી સહુ કોઇ આપને તદ્ન સાધારણ-મામુલી ઇન્સાન જ ધારી લેતા હતાં. પરંતુ એકવાર એક એવી ઘટના બની ગઇ કે જેથી આપ રાજ્ય તેમજ પ્રજા બંનેમાં એક મહાન બુઝુર્ગ અને વલીએ કામીલ તરીકે મશહુર થઇ ગયાં.

**-:આપની કરામતો :-**

**(૧)**

એક વખત ઉંટોની વણઝાર સિંધ જતી હતી. હઝરત ઉમર પીર (રહેમતુલ્લાહ અલયહ) પણ તેમની સાથે હતાં. ઉનાળાનો સખ્ત તાપ અને ગરમી હતી; રણનો તાપ ઘણો અસહય અને અકળાવનારો હોય છે. વણઝાર પાસે પીવાનું પીણી ખુટી પડ્યું વણજારમાંથી પણ પાણી પાણીનો પોકાર ઉઠયો; પણ આવા નિર્જળ અફાટ રણપ્રદેશમાં ગરમીની મૌસમમાં પાણી તો કયાંથી મળે? મુસાફરો પાણી માટે ટળવળતા હતા આવા સમયે આપ કાફલામાંથી આગળ આવ્યા. અલ્લાહની મખ્લુકને પાણી વગર તરફડતી જોઇને આપનું હૃદય દ્રવી ઉઠયું. આપે બે રકાત નમાઝ અદા કરી અને પછી દુઆ માટે હાથ ઊઠાવ્યા. કેટલીવાર સુધી આપ દુઆમાં મશગુલ રહયા થોડીવાર પછી આંખો ખોલીને આપે કહયું, 'ભાઇઓ આ મારા પગ નીચેની જમીન પરથી થોડીક માટી ખસેડીને જુઓ તો અલ્લાહ ત્આલા રહમ ફરમાવશે.' લોકોએ આ વાત પર અમલ કર્યો.

અને કરીમે કારસાઝની કુદરત જુઓ આપની દુઆએ મકબુલીયતો શર્ફ હાંસીલ કર્યો. અને રણની ખારી જમીનમાં મીઠા પાણીનો વીરડો ફુટી નીકળ્યો. તથા તેમાંથી તમામ કાફલાવાળાએ અને ઢોર-ઢાખરે ધરાઇને પાણી પીધું. અલ્લાહ ત્આલાનો શુક્ર અદા કર્યો અને પછી આ ઝરા ઉપર ધુળવાળીને કાફલો આગળ રવાના થયો.





આ વાત જ્યારે મહારાવ શ્રીને સાંભળવામાં આવી તો તેઓએ આપનો ખુબજ અદબો-એહતરામ કર્યો અને પોતાની પાસે ઇઝઝતથી રાખ્યા. દરેક જંગી કાર્યમાં મહારાવશ્રી આપનાથી જ સલાહ-મશ્વેરો લેતાં હતાં; અને ભુજ શહેરના તમામ હિંદુ -મુસ્લીમો આપને ઇઝઝતની નઝરે જોતાં હતાં.

(૨)

આપની એક અન્ય કરામત પણ ઘણી નોંધ પાત્ર છે. આપ કચ્છ ભુજની દોઢસો ઘરની ખત્રી જમાઅતને વર્ષમાં બે વાર જમાઅતનું સામુહીક ખાણું ખવડાવતાં હતાં. અને તે પણ ખીચડી પકાવવાના નાનાં દેગચામાં રસોઇ પકાવી આખી જમાતને ખવડાવી દેતાં હતાં. એટલે તમામ લોકો ખુબજ મુતાસીર થતાં હતાં. એક વખત કોઇક અદેખા માણસે એકવાર જમાઅતના માણસોને ખોટી રીતે ઉશ્કેર્યા. જેથી એકવાર આપની દાવત ઉપર કોઇગયું નહી; એટલે આપના દિલને ખુબજ રંજ પહોંચ્યો અને આપે નારાઝ થઇને પકાવેલ રસોઇવાળા વાસણને ઊંધું વાળી નાંખ્યું તો તેની અંદર કંઇક જ નહતું. જોનારા બધા જ દંગ રહી ગયા અને પીરસાહેબના મુખેથી એક ઊંડી આહ નીકળી ગઇ, 'આહ ! આજે મારા વાસણને તમે ઊંધું વળાવેલ છે. હવે તમારા કામ પણ બધાં જ ઊંધાં જ નીવડશે.'

એક અલ્લાહવાળાના મુખેથી આ પ્રકારની આહ્ નીકળી ગઇ પછી તો ખત્રી લોકોને ઘણો જ અફસોસ થયો. આ વાતને બસ્સો(૨૦૦) ઉપર વરસો વીતી ગયા. પીર સાહેબનું કથન સાચું પડતું આવે છે; તે દિવસથી ખત્રીભાઇઓમાં ઘણો જ કુસંપ, દ્રેષ, ઝિદ વગેરે પૈદા થઇ ગયું. અને વાત-વાતમાં ઝઘડાઓ ઉપસ્થિત થવા લાગ્યા; જેની અસર આ જ પર્યંત ચાલુ છે.

**-:આપનો વિસાલ અને વિસાલ બાદઃ-**

આપની વિલાદતની તારીખ અને વિસાલની તારીખ મળી શકયા નથી. આપનો મઝારશરીફ કચ્છના ભુજ શહેરમાં સરપટ નાકા આગળ જ્યુબેલી હોસ્પીટલ નઝદીક આવેલો છે. આપની તુરબત પર મકબરો બંધાયેલ છે. આપનો ઉર્ષમુબારક માહે જીલકાઅ્દની ૧૪મી તારીખે ઉજવાય છે. આપના રોઝાની જગ્યા ઘણી જ પુરફૈઝ અને બાંધકામ ઘણોજ આકર્ષક અને દિલકશ છે.

★ ★ ★ ૨૯ ★ ★ ★

## હઝરત ગુલામ ફારૂક સાહેબ

(રેહમતુલ્લાહે અલયહે)

### આપનો પરીચય

જામનગરમાં જ્યા હાલ ઈજનેર ઓફીસ છે. ત્યાં ઘેઘુર ઝાડ હતા, અફઘાનીસ્તાનથી આવીને ગુલામ ફારૂક સાહેબ આ વડના ઝાડ નીચે ઉતરેલા અને ખુદાની બંદગીમાં રત રહેતા પોતે ક્યાંય જતા આવતા નહીં. જામવિભાજી રોજ સવારે ત્યાંથી નીકળે ત્યારે વડના ઝાડ નીચે આપ ફરીને ધ્યાનમાં બેઠેલા હોતા (મુરાકેબામાં મગ્ન જોતા) તેથી આકર્ષાઈને તેમને રાજદરબારમાં બોલાવ્યા, માનપાન આપીને વિભા જામના રાણી જાનબાઈના તેઓ ગુરૂ (પીર) હતા તેમની દરગાહ ટાવરવાળી મસ્જીદમાં આવેલી છે. (૨૬૦,નગર નવાનગર, જામનગર)

આપના મઝારશરીફ કબ્રમુબારક ઉપર પ્રશ્ચીમ બાજુએ લાગેલી ફારસી ભાષાની તખ્તીમાં આપના નામની સાથે 'ફારૂકી, નકશબંદી, મુજદ્દેદી, સરહિંન્દી' નિસ્બતનો સ્પષ્ટ ઉલ્લેખ છે. જેથી આપ મહાન વલીએ કામીલ હઝરત ઈમામે રબ્બાની મુજદ્દીદ અલ્ફેસાની (કુદ્દસ્સીર્રહુ)ની ઔલાદથી છે. જેમનો સિલસિલાએ નસબ મહાન સહાબીએ રસુલ અમીરૂલ મોઅ્મેનીન ખલીફતુલ મુસ્લેમીન હઝરત ઉમર ફારૂકે આઝમ (રદીયલ્લો ત્આલા અન્હો)થી જઈ મળે છે. એટલે જ આ ખાનદાન પોતાને 'ફારૂકી' ખાનદાન તરીકે ઓળખાવે છે.

ઈતિહાસીક ઉલ્લેખ મુજબ સુલતાન ફીરોઝશાહ તઘલખે આપના પુર્વ જ હઝરત ઈમામ રફીઉદ્દીનને અફધાનીસ્તાન કાબુલથી બોલાવી પંજાબમાં સરહિંદનામના શહેરની સ્થાપના કરાવી ત્યાં જ આપને વસાવયા ત્યારથી આ ખાનદાન પોતાના નામની સાથે સરહિંદી તથા હઝરત મુજદ્દીદે અલ્ફેષાનીની ઔલાદ હોવાને નાતે મુજદ્દેદી અને નકશબંદી સિલસિલામાં પીરી-મુરીદી કરતાં હોવાને કારણે નકશબંદી લખાવે છે. હઝરત મુજદ્દીદે અલ્ફેષાની (કુદ્દસ્સીર્રહુ)ની ઔલાદથી અમુક વ્યક્તિઓએ પરત કાબુલ અફધાનીસ્તાનમાં વસવાટ કર્યાને ત્યાં ફારૂકી નકશબંદી મુજદ્દેદી તરીકે ઓળખાયા. આ મહાન ખાનદાનથી સબંધિત હોવાને કારણે જ હઝરત ગુલામ ફારૂકશાહબાવાના નામની સાથે 'ફારૂકી, નકશબંદી, મુજદ્દેદી, સરહિંદી'નો ઉલ્લેખ છે.





અફધાનીસ્તાનથી આપ દરિયાઈ માર્ગે સુરતના રાંદેર શહેર અને ત્યાંથી ટ્રેન માર્ગે નવાનગર (જામનગર) આવી પહોંચ્યાને જુના રેલવે સ્ટેશન પાસે આવેલ (પી. ડબલ્યુ. ડી.ની ઓફીસ પાસે) જુના વડના ઝાડ પાસે રોકાણ કર્યુ. તે વખતે રેલ્વે મારફતે સુરતથી નવાનગર સાકર મંગાવવામાં આવતી. આપની સાથે આપના ખાદીમો પણ હતા જેમની કબ્રો પણ મઝાર શરીફની પંગાતે છે. જેની ઉપર પહેલા નાનો રોઝો હતો.

### -:આપની દુઆની અસર :-

હાલારની ખમીરવંતી ધરતી ઉપર જામવંસના રાજવીઓ પેટે જામવિભાજીની સતાનો સુર્ય મધ્યાહન હતો. તેમણે રાજધાની પેટે નગર, નવાનગર ઉર્ફે જામનગરને વિકસાવ્યો હતો અને સેનાપતિ તરીકે મેરૂ ખવાસને નીમ્યો હતો. જે રાજકોટ કારર્કીદીને સંપુર્ણ સુખી હોવા છતાં પણ નિસંતાન હોવાને લીધે અત્યંત દુ:ખી હતો.

વાંજીયા મેણુ ભાંગવા કરેલા બધાજ પ્રયત્નો નિર્રથક સાબીત થતા છેવટે હારી થાકીને પાલનહારની મનાવવા કોઈ સુફીએ બા સફા વલીએ કામીલથી દુઆ કરવા માટે નિશ્ચય કરી તેમને શોધવા લાગ્યો છેવટે તે સંતાન પ્રાપ્તી માટે ગુલામ ફારૂકશાહ બાવા ફારૂકી નકશબંદી મુજદ્દીદે સરહન્દીથી દુઆ કરાવે છે.

આપની દુઆ રંગ લાવે છે અને બરોબર નવ મહિને સેનાપતિ મેરૂ ખવાસને ત્યાં પારણુ બંધાય છે. જેને કારણે હવે આપ પ્રત્યે સેનાપતિ અકીદતમાં અનેક ઘણો વધારો થાય છે. જે અંતે આપની ખ્યાતીનું કારણે બને છે. આ બનાવની જાણ જામવિભાજીને થતાં તે આપને મળવા માટે જાતે આવી પહોંચે છે. (ત્યારે આપની બેઠક જુની પોસ્ટ ઓફીસ નજીક આવેલ સોઢાના ડેલા પાસે આવેલી એક ખાંભી પાસે હતી) અને આપને માન મર્તબા સાથે રાજ મહેલમાં પધારવા વિનંતી કરે છે.

### -:મહારાણી નો ઈસ્લામ સ્વીકાર :-

હવે આપના જાહેર થવાનો સ્પષ્ટ સંકેત પાક પરવરદિગાર પાલનહાર તરફથી મળતા આપ હાલાર ધણી જામ વિભાજીના આમંત્રણને માન આપીને રાજ મહેલમાં આવી પહોંચે છે. જ્યાં જનાનખાનાના જરૂખાઓ માંહેથી મહારાણી તથા રાણીઓ અને વડારણો, દાસીઓ આપના દિદાર કરી પોતાના જીવનને ધન્ય સમજે છે. દિવ્યમાન નુરાની ચહેરો હક્કો બાતિલ વચ્ચે ભેદ રેખા નક્કી કરતો આપનો ફારૂકી દબદબો તથા મુજદ્દેદી શાનૌ શૌકત તથા

નકશબંદી સિલસિલાના આપના ચહેરા ઉપર અનવારે વિલાયત રંગ લાવીને રહે છે. આપના દિદાર માત્રથી જ મહારાણી મોટા જાનબાઇનું હૃદય પરિવર્તન થાય છે. તેઓ આપના હાથ ઉપર ઇસ્લામ ધર્મનો સ્વીકાર કરીને આપના મુરીદગણમાં દાખલ થઇ પોતાના પીર (ગુરૂ) તરીકે આપને સ્વીકારે છે.

રાજ મહેલમાં આપનો કરતા આપનો ચહેરો વિલાયતના ચમકતા ચાંદની જેમ રોશન હતો તે જોઇ રાણી મોટા જાનબાઇ આપથી બૈયત થયા અને કલમો પઢી મુસલમાન થયા આપની માંડવી ટાવર પાસે રહેણાકની જગ્યા પસંદ કરી ઇસ્લામ સ્વીકાર કરવાની ખુશીમાં પછી મોટા જાનબાઇએ પોતાના નામની એક મસ્જીદ બનાવી જે આજે ટાવરવાળી મસ્જીદના નામે પ્રખ્યાત છે. મસ્જીદની સાથે આવેલ માંડવી ટાવર મૌજુદ છે. જેનું નકશીકામ બગદાદ શહેરની મસ્જીદોની આબેહુબ છે. જે ઇસ્લામની છાપ પુરી પાડે છે.

**-:વહેવારીયા મદ્રસા કુવાની કરામત :-**

હઝરત ગુલામ ફારૂકશાહ બાવાની પ્રેરણાથી ઇ.સ. ૧૮૦૦માં વહેવારીયા મદ્રસા તથા મસ્જીદનું બાંધકામ થયેલ તથા આ સંકુલની પાયા વિધી પણ આપના હસ્તે થઇ તેમાં આપના મુરીદ નુરમોહંમદ અબુ તાલીબ પણ સાથે હતાં સંકુલના બાંધકામ પેટે પાણી જરૂર પડતા ત્યાં એક હોઝ ઉંડો ખોદવામાં આવેલ પણ પાણીથી વંચિત જ રહેવું પડ્યું તથા આ બનાવની જાણ હઝરત પીર સાહેબને કરવામાં આવી એટલે હાજતમંદોની હાજતના નિવારણ માટે આપ ખુદ આવીને તે કુવા પાસે ઉભા રહયા અને ત્યાં હાજર રહેલ મુરીદો પૈકી એક મુરીદને પોતાનો સાફોમુબારક (અમામો) અર્પણ કરતા તાકીદ સાથે કહયું કે લો આ મારો અમામો લઇ અને કુવામાં ઉતરી જાવ અને કુવાની આખી દિવાલ ઉપર અમામોની ફેરવી લાવો પણ ખબરદાર આ અમામો કુવાના તળીયાને ન સ્પર્શે તેનું ખ્યાલ રાખજો અને જલ્દીથી કામ પતાવીને કુવાથી બહાર આવી જવું.

આપની આજ્ઞાનુસાર તે મુરીદ આપનો અમામાહશરીફ(સાફો મુબારક) લઇને કુવામાં તળીયે જઇ પહોંચ્યો અને આ કાપડને ઝડપથી કુવાની દિવાલ ઉપર ફેરવતા ફેરવતા ઉપર આવી પહોંચ્યો સાથે શાને કુદરત પણ રંગ લાવી, તે વખતે આપથી ફૈઝાને વિલાયતે ઇસ્માઇલી તથા ફૈઝાને વિલાયતે મુસ્વી જાહેર થયાને કુવાની દિવાલો માહેથી પાણી ધોધ છુટા થયા કુવો પાણીથી ભરાઇ ગયો જો બહાર નીકળવામાં આ મુરીદથી ગફલત થાય તો તે પણ આ પાણીમાં ડુબી મરત. પછી તો જામનગરમાં કંઇ કેટલા એ





દુષ્કાળ આવ્યા પણ આ કુવાનું પાણી નથી ખુટ્યું. આ કરામત જાહેર થવાથી હવે તાજદારે જામનગર તરીકે આપની ખ્યાતી થઇ આસપાસના ઇલાકામાં પણ ઇમામો ફેરવવામાં આવ્યો

**-:લંગર (અન્નક્ષેત્ર) ની કરામત :-**

આપનો મુરીદગણ વિશાળ હતો, જેમાં શેખ, સિંધી તથા મેમણ જ્ઞાતિના ભાઇઓનો સમાવેશ થાય છે. જેઓ ધોરાજીથી જામનગર તથા જુનાગઢ વિસ્તારમાં વસવાટ કરતા હતા અને અવાર નવાર આપના દિદાર માટે આપની ખાનકાહમાં આવતા, જેમના માટે બે વખત જમવાની વ્યવસ્થા પેટે આપ લંગર ચલાવતા. આપનો લંગર કોઇ પણ સંજોગોમાં બંધ નથી રહયો.

ઇ.સ. ૧૯૮૮ માં સમગ્ર કાઠીયાવાડમાં ભારે ભયંકર દુષ્કાળ પડયો સવંત ૧૯૩૪ માં પડયો હોવાથી એ 'ચોત્રીસા'ના નામે ઓળખાય છે.આ દુષ્કાળ દરમ્યાન જામવિભાજી તરફથી રીલીફ વર્ક ખોલવામાં આવેલ તથા સામુહીક જમણવાર ઉપર પ્રતિબંધ મુકવામાં આવેલ જેથી અનાજની બચત થઇ શકે. આવા કપરા સંજોગોમાં પણ નિયમીત રીતે ગરીબોને આપના લંગરથી (અન્નક્ષેત્રથી) ભરપેટ ખાણુ પીરસ્વામાં આવતું.

હઝરત ગુલામ ફારૂક સાહેબના, આ અતિ કપરા સંજોગોમાં ધમધોકાર ચાલતા લંગરના સમાચાર માત્રથી જ જામવિભા ક્રોધે ભરાઇ છે. અને ગુસ્સાથી લાલ પીળા થતાં જાતે ખુદ અનાજનો જથ્થો કયાંથી આવે છે. તેની તપાસ માટે આવી પહોંચે છે. અને સિંહ ગર્જના સાથે હઝરત પીર સોહબને પ્રશ્ન કરે છે કે, આટલું બધુ અનાજ કયાંથી આવે છે.? પણ જામનગરના રૂહાની તાજદાર જરી પણ ચલીત થયા વિના નવાનગરના સતાધિશને કહે છે. 'હે રાજન અનાજનો જથ્થો કયાંથી આવે છે.! જાણવું છે? કે જોવું છે?.!'

આપના શાંત ચિતે ઉચારેલા શબ્દો સાંભળતાં જ જામવિભાજી કહે છેકે,'દેખાડો અનાજ કયાંથી આવે છે.?' અને જવાબમાં આપ કહે છે કે,' મહારાજ આંખો બંધ કરો' બસ આંખો બંધ કરતાં જ જામવિભાજીને ખાનકાહના ખુલ્લા મેદાનમાં અનાજના ઢગલા ખડકાતા દેખાયા જેથી અંતે આપની માફી માંગીને લંગર ચાલુ રાખવાની રજા આપી રવાના થયો.

આપના લંગરની ખાણાની દેગ પાકી ગયા પછી હાલે આપની કબ્રમુબારક છે ત્યાં મુકવામાં આવતી એક જ દેગમાં અસંખ્ય માણસો ભરપેટ ખાણુ ખાતા, ખાધુ કયારેય પણ ખુટ્યું નથી તથા અંતિમ મહેમાન ખાણુ

ખાય ત્યાં સુધી સતત ખાણુ ગરમ રહેતું, આ જગ્યા ઉપર દેગ નીચે કયારેય પણ આગ સળગાવવામાં કે મુકવામાં આવેલ નથી.

**-:જીસ્મ હો કહી અપના :-**

પીર સાદીક અલી નામે આપના એક પુત્રને હજ્જે બયતુલ્લાહશરીફના સંજોગો ઉભા થતાં તેઓ પોતાના વાલીદે મોહતરમ પાસે આ મુબારક સફરની પરવાનગી મેળવવા માટે આવી પહોંચ્યાં આપે તેમને હજ્જની પરવાનગી આપતા કહયું કે,' કયાં કોઈપણ ખુદાની મખ્લુકને તમારા થકી તકલીફ ન પહોંચે તેનું અત્યંત ખ્યાલ રાખજો.'

વાલીદે મોહતરમ પાસેથી મુબારક સફરની પરવાનગી મેળવી મખ્લુકે ખુદા ઉપર મહેરબાનીની નસીહત સાંભળી સાદીકઅલી સાહબ હજ્જેબયતુલ્લાહ માટે રવાના થયા (તે યુગમાં સુરત, પોરબંદર તથા કચ્છના માંડવીબંદરથી જહાજ મારફતે હાજીઓ જીદાહ્ બંદર સુધી પહોંચતા હતાં.)

હજ્જે બયતુલ્લાહશરીફથી પરવાર્યા પછી ઝિયારતે રોઝએ રસુલે મકબુલ (સલ્લલ્લાહ અલયહ વસલ્લમ)ની નિયતથી સાહબઝાદા સાહેબ મદીનતુલ મુનવ્વરા આવી પહોંચ્યા, એક વખત ત્યાં વુઝુ કરતી વેળાએ અનાયાસે જ આપની નઝર એક મખ્લુક ઉપર પડી જે આપની સામે જ હતી હઝરત વાલીદે મોહરતમની નસીહત મગજ બહાર જઇ જતાં આપે આ મખ્લુકને લાકડી ફટકારીને આ મખ્લુક પણ ત્યાંથી રવાના થઇ ગઇ.

હવે સાહબઝાદાહ પવિત્ર સફરથી પરત આવી રહયા હતા અને તેમના સ્વાગત માટે મુરીદોએ પુર્ણ તૈયારી આદરી પણ હઝરત પીર સાહેબે કઇ પ્રત્યાઘાત ન આપ્યા. છેવટે સાહબઝાદાહ આવી પહોંચ્યાને પિતા તરફથી પ્રત્યાઘાત ન મળવાનું કારણ આપને પુછતા તરત જ પુત્ર સામે આપે પોતાનું પહેરણ ઉંચુ કરીને લાગેલી લાકડીનું નિશાન બતાવતા કહયું કે,'ઓ ગાફીલ, મદીનાશરીફમાં તેં જેને ફટકાર્યો હતો, તે મખ્લુક બીજું કોઇ નહીં પણ આ ગુન્હેગાર તારા પિતા પોતે હતાં.'

**-:આપના ખલીફા :-**

આપે પોતાના ખલીફા તરીકે હવે પોતાના પુત્ર પીર સાદીક અલીને નવાઝીને સિલસિલાની ઈશાઅત પેટે દખ્ખણ હૈદરાબાદ મોકલ્યા તેમના થકી ત્યાં આપના ફૈઝનો ખુબ ફેલાવો થયો, હઝરત ગુલામ ફારૂકશાહ બાવાના વિસાલ પછી આ સાહબઝાદાહ આપની ખાનકાહના સજ્જાદાનશીન બન્યા. (તેમનો મઝાર દખ્ખણ હૈદરાબાદમાં છે.)





પીર સાદીક અલી સાહેબ પોતાના પુત્ર પીર મોહંમદ સાદીકને પોતાની ખિલાફત અતા કરી દખ્ખણ હૈદરાબાદમાં પિતાના વિસાલ પછી આ સાહબઝાદાહ મસ્નદે સઝાદગી ઉપર બિરાજમાન થયા. તેઓએ'ખઝીનતુલ અહઝાબ વ ઈરતાઝુલ કુલુબ' નામની કિતાબ પણ લખી છે. જેને તે વખતે હઝરત મિસ્કીનશાહના સજ્જાદાહ નશીન અને તેમના પૌત્ર ગુલામ હમીદ સીદીકી સાહેબે હૈદરાબાદથી પ્રકાશીત કરી હતી.

કિતાબ 'ખઝીનતુલ અહઝાદ'ના મુખ પૃષ્ઠ (ટાઇટલ પેજ) ઉપર સ્પષ્ટ શબ્દોમાં હઝરત પીર ગુલામ ફારૂકશાહ બાવા ફારૂકી મુજદ્દેદી સરહન્દી નકશબંદી (રહેમતુલ્લાહ અલયહ)ના પૌત્ર હઝરત પીર મોહંમદસાદીક મુજદ્દેદીનો પવિત્ર નામ આ રીતે ઉર્દુભાષામાં છપાયેલ છે.

**-:મુઅલ્લફાહ :-**

અહકર એબાદુલ્લાહ પીર મોહંમદ સાદીક મુજદ્દેદી નબીરાહ વ સજ્જાદાહનશીન હઝરત જદ્દે અમજદ બુઝુર્ગવાર શાહ ગુલામ ફારૂક સાહબ કીલ્લએ આલમ (કુદ્દસ્સીર્રહુલ્અઝીઝ) ખાનકાહે ફારૂકી, ટાવર મસ્જીદ, શહેર જામનગર (મુલ્ક કાઠીયાવાડ)

**-:સમકાલીન બુઝુર્ગોથી સંબંધ:-**

જામનગરના આરીફે કામીલ તથા સિકંદરબાદ-દક્ષિણ ભારતના અસલ રહેવાસી હઝરત હાફીઝ મહેરબાન અલી ઉર્ફે મૌલાના મસ્ત સાહેબ ઉર્ફે મૌલ્વી લઠસાહેબ જેઓ સંપુર્ણ રીતે સુફી રંગે રંગાયેલા હતા. તેમના હઝરત ગુલામ ફારૂક સાહેબ સાથે નિસ્વાર્થ ગાઢ રૂહાની સંબંધો હતા.

હાલારના પાટનગર ઉપર ઇ.સ. ૧૯મી સદીના પુરા નવ(૯)દાયકા સુધી આપના ફૈઝાનનો સુર્ય મધ્યાહન હતો ત્યારે સિંધના મહાન વલીએ કામીલ હઝરત સુલ્તાનુલ્ઔલીયા, ખ્વાજા મોહંમદઝમાન (અવ્વલ) સીદીકી નકશબંદીની દરગાહ શરીફના સજ્જાદાહનશીનોની પણ અવર જવર હાલાર પંથકમાં હતી તેમની સાથે પણ આપના ગાઢ રૂહાની સંબંધો હતા.

તે વખતે લુહારી શરીફની ગાદી ઉપર અનુક્રમે (૧) હઝરત ખ્વાજા હસન સાહેબ તેમણે ઇ.સ. ૧૮૩૯ થી ઇ.સ. ૧૮૭૯ દરમ્યાન છ(૬) હજ્જ અદા કર્યા. (૨) હઝરત ખ્વાજા મોહંમદ સઇદ સાહેબે જેમણે પણ કુલ ૬ હજ્જ અદા ફરમાવ્યા (૩) હઝરત ખ્વાજા અહેમદઝમાન આપે પણ કુલ ત્રણ વખત હજ્જે બયતુલ્લાહ અદા ફરમાવી. આ બધા પીરો લુહારી શરીફવાળા પીર સાહેબ તરીકે ઓળખાતા. હઝરત ગુલામ ફારૂકશાહ બાવાના

વિસાલ વખતે આ પીર સાહેબ લુહારીશરીફની ગાદી ઉપર હતા.

કરાંચીના ગારવાળા પીરસાહેબથી પણ ગુલામ ફારૂકશાહબાવાના રૂહાની સંબંધ હતા જેમનું નામ સૈયદ મોહંમદ હસનશાહ કાદરી છે. (આપનો મઝાર કરાંચી મેવાસા કબ્રસ્તાનમાં છે. તથા આપની ગાર (ઇબાદતગાહ-ખાનકાહ) જામનગર ઘાંચી કબ્રસ્તાનમાં છે.) આ પીર સાહેબે જામનગરના મુરીદ કાસમ હાજી અબ્દુલ કરીમને પુત્ર બનાવેલે તેમના જ વંશ જ સૌઢા અબ્દુર્રહેમાન નકશબંદી તથા સૌઢા અબ્દુલ્રહીમ હઝરત ગુલામ ફારૂકશાહબાવાની દરગાહના ખાદીમ છે.

ઇ.સ. ૧૨-૧૦-૧૯૪૯ બુધવારે કાસમ અબ્દુલકરીમ સૌઢા શહીદ થયા જેમનો મર્કદ છતનશા કબ્રસ્તાન જામનગરમાં છે. તેમની કબ્ર ઉપર લાગેલ શીલાલેખ પર પીર સાહેબે પુત્ર બનાવ્યાનો ઉલ્લેખ છે.

**-:વિસાલ મુબારક:-**

આપનો વિસાલ જામ રણજીત સિંહના રાજ્ય કાળમાં ઇ.સ. ૧૯૦૮ મુતાબીક હી.સ. ૧૩૨૬ જુમ્આના દિવસે મોહર્રમની ૨૫ ચાંદે થયો. આ રીતે આપે જામનગરની રાજ ગાદી ઉપર (૧) જામવિભાજીની સતા ઇ.સ. ૧૮૯૫ સુધી, (૨) એડમિનીટ્રેટરની સતા ઇ.સ. ૧૯૦૩ સુધી તથા (૩) જામ જસવંત સિંહની સતા ઇ.સ. ૧૯૦૬ સુધી અને (૪) જામ રણજીત સિંહની સતાના પ્રથમ બે વર્ષ આ રીતે કુલ ચાર વખત રાજગાદી ઉપર સતાધિશ બદલતા જોયા. આપનો મઝાર ખાનકાહે ફારૂકી, માંડવી ટાવરવાળી મસ્જીદ, જામનગરમાં છે. મહારાણીએ બંધાવેલ ખાનકાહે ફારૂકીના ખુલ્લા યોગાનમાં મકબરા પાસે આપને એ રીતે દફનાવામાં આવ્યા કે રાણીની કબ્ર આપની પંગાતે છે.

**-:મહારાણીની અકીદત:-**

અંતમાં આપે રાજ મહેલથી પોતાનું રહેઠાણ ફેરવીને માંડવી ટાવરવાળા ચોકમાં રોકાણ કરેલ જે જગ્યાએ આપના મુરીદ જાનબાઇએ એક ભવ્ય ખાનકાહ સંકુલનું બાંધકામ શરૂ કરાવેલ જેમાં આપનો શાનદાર મકબરો તથા મસ્જીદ અને જરૂરત મુજબ હુજરા (રૂમો)ના બાંધકામનું સમાવેશ થાય છે. આ સંકુલ હવે માંડવી ટાવરવાળી મસ્જીદના નામથી ઓળખાય છે.

**-:ફનાએ અત્તમ:-**

જ્યારે આ બાંધકામ શરૂ થયો તો અનાયાસે આપના મુખથી આ શબ્દો નીકળ્યા કે, ''જે બંધાવે છે તે પોતાના માટે બંધાવે છે.'' અલ્લાહની





કુદરત આ સંકુલનું બાંધકામ પુર્ણ થતાં જ મહારાણીની જીંદગીના દિવસો પણ પુર્ણ થયા અને પીરો મુર્શીદની હયાતીમાં જ આપે ઇન્તેકાલ ફરમાવ્યો. આપના હુકમ અનુસાર મહારાણી ને તે જ કલાત્મક નકશીદાર રોઝામાં દફન કરવામાં આવ્યા જે મહારાણીને આપ માટે બંધાવેલ બાદમાં આપનો વિસાલ થતા મહારાણીને સિરહાને રોઝાથી બહાર ખુલ્લી જગ્યામાં આપને દફનાવવામાં આવેલ. આ બનાવથી આપે 'ફનાએ અત્તમ' ના ઉચ્ચ મકામ સર કર્યાનો સબુત મળે છે.

**-:કલાત્મક રોઝો:-**

અકબરાબાદ (આગ્રા) તથા શાહજહાંબાદ (દીલ્લી) અને જયપુરના સંગે મરમરના બાંધકામથી પણ ચઢિયાતો એવો આપના રોઝાનો બાંધકામ મહારાણી મોટા જાનબાઇએ અકીદત સાથે અઢળક સંપત્તિનો ખર્ચો કરાવ્યો જેમાં અતિ મોંઘા સંગેમર તથા કિંમતી સંગે કસોટીની ગોઠવણી સાથેના કલાત્મક થાંભલા, મહેરાબો, કોતરણીવાળા ચાર દરવાઝા, આઠ બારીઓ, મુખ્ય મોટા ગુંબદ ઉપર પીતળનો કળશ અને ચાર અન્ય ગુંબદ તથા થાંભલીઓવાળા કઠેરાની વચ્ચે મિનારા થી સુશોભિત આ મકબરો આજે પણ માંડવી ટાવરવાળી મસ્જીદ સંકુલ જામનગરમાં મૌજુદ છે.

**-:આપનો ઉર્ષ મુબારક:-**

આપનો ઉર્ષ દર વર્ષે રૂહાની શાનૌ શૌકતથી નકશબંદી સિલસિલાની પ્રણાલીકા મુજબ શરીઅતની પાબંદી સાથે ઉજવવામાં આવે છે. જેમાં મોહર્રમુલ્હરામના ૨૨ ચાંદે રાત્રે ૨-૦૦કલાકે સંદલ શરીફની રસ્મ તથા ૨૩માં ચાંદે ઇશા નમાઝ બાદ મસ્જીદની અંદર મહેફીલે નાતખ્વાની તથા ૨૪ ચાંદના ઇશા નમાઝબાદ કુર્આન ખ્વાની અને ૨૫ ચાંદના અસર નમાઝબાદ શાનદાર તકરીરનું આયોજન જાહેર કરવામાં આવે છે.તથા ૨૫ ચાંદના અસર નમાઝ બાદ વધુ માત્રામાં ન્યાઝ પકાવવામાં આવે છે. જે ૨૬ ચાંદના મગરીબ નમાજ ઝાયરીનોને પીરસવામાં આવે છે. અને અંતમાં ૨૮ ચાંદના જોહર નમાઝ બાદ દરગાહશરીફની ખિદમત કરનાર અબ્દુર્રમાન તથા અબ્દુર્રહીમના ઘેર અંતિમ ન્યાઝ પકવીને ઉર્ષમુબારકની પુર્ણાહુતી કરવામાં આવે છે. આ ઉર્ષ મુબારક દરગાહ શરીફના ખાદીમ મસ્જીદના ટ્રસ્ટીઓ તથા આપના સર્વે અકીદતમંદો એક સંપથી ઉજવે છે. જેમાં સુન્ની મુસ્લીમો અકીદત સાથે ભાગ લે છે.

નહમદુહુ વ નુસલ્લી અલનન્બી મારખાએ મોહર્રમુલ હરામ ૨૫

રોજાએ જુમા ૧૧૧ સાઅત હી.સ. ૧૩૨૪ જનાબ સુલ્તાનુસ્સાલેકીન સિરાજુલ વાસેલીન, હઝરત શાહ ગુલામફારૂક શાહ સાહેબ નકશબંદી મુજદ્દેદી (કુદ્દસ્સીર્રહુ) દુનિયાથી પળદો ફરમાવ્યો

આપનો ઉર્ષ શાનો-શૌકતથી ઉજવવામાં આવે છે. અલ્લાહ આપના આસ્તાનાને તા કયામત આબાદ રાખે. આમીન.....

★ ★ ★ ૨૭ ★ ★ ★

## હઝરત સુફી અબ્દુલ્લાહશાહ મોડાસવી

(રહેમતુલ્લાહે અલયહે)

આપનો જન્મ ગુજરાત રાજ્યના મોડાસા શહેરમાં ઈ.સ. ૧૯૧૮માં થયો આપનું નામ આપના પિતાજીએ અબ્દુલ્લાહ રાખ્યું. આપની ફિતરતમાં બચપનથી જ નેતાગીરીનો ગુણ સમાયેલો હતો. જવાનીના દિવસોમાં આપ શરીઅતથી ઘણાં દુર હોવા છતાપણ રહેમ દિલ હતાં. હઝરત ફુઝૈલ બીન અયાઝ (રહેમતુલ્લાહ અલયહ)નું અનુકરણ આપને આ રીતે નસીબ થયું કે, મોડાસાથી રોઝીની તલાશમાં આપ અહેમદાબાદ આવી પહોંચ્યાં અને ત્યાં આપને એ યુગના માથાભારે વ્યકિતઓની આગેવાની નસીબ થઈ આપના સાથીઓ સાથે જ્યારે આપ કોઈ હોટલમાં ભોજન લેવા બેસતા તો પહેલાં ખંજર ખુલ્લુ મુકતા અને પછી જ ભોજન શરૂ કરતાં એટલે છરી-ખંજરથી રમવું તો આપના માટે મામુલી વાત હતી, છતાંપણ જો કોઈની ચોરી થઈ જાય, માલ લુંટાઈ જાય કે ખીસ્સા કપાઈ જાય અને આ મઝલુમ વ્યકિત આપની પાસે આવીને રજુઆત કરે તો આપ મઝલુમને સાથ-સહકાર આપતાં.

આપની રહેમ દિલીની અદા અલ્લાહ ત્આલાને પસંદ પડી અને પાલનહારે આપ માટે હિદાયતના દ્વાર ખોલ્યા. આ યુગમાં હઝરત મુફતી મહેમુદશાહ અલ્વરી, કાદરી, નકશબંદી, ચીશ્તી(રહેમતુલ્લાહ અલયહે) અહેમદાબાદ પોતાના પિતાજીના મુરીદગણની દાવતને માન આપીને આવી પહોંચ્યાં; જેમને જોતાંજ આપના દિલમાં હવે હિદાયતના વિચારો પોતાનું સામ્રાજ્ય જમાવી આપને પીરો મુર્શીદની બારગાહમાં ખેંચી લાવ્યા. આપ સિલસિલાએ આલીયાહ્ નકશબંદીય્યાહ્ મુજદ્દેદીય્યાહ્માં ભુતકાળના કાર્યો તથા મીત્રગણને ત્યજીને હઝરત મુફતી સાહેબના(રહેમતુલ્લાહ અલયહ) દસ્તે હકકપરસ્ત પર બયઅત થયા. પીરોમુર્શીદના સાનિધ્યમાં આપને ત્રણ



ઈશ્ક કે ઈમ્તેહાં

વર્ષનો ગાળો મળ્યો જેનો આપે સંપૂર્ણ ફાયદો મેળવીને ઝીક્ર-ફીક્ર, મુરાકેબાહ્, મુજાહેદા કરવા લાગ્યા અને મશાઈખે નકશબંદીય્યાહ્ મુજદ્દેદીય્યાહ્ની અકીદત આપના <u>દિલ ઉપર પથ્થરની લકીર</u> નું કામ કરી ગઈ.

ઈ.સ. ૧૯૪૭માં અખંડ હિંદુસ્તાનના ભાગલાનો દુઃખદ બનાવ બન્યો. ઠેક ઠેકાણે કૌમી દાવાનળ નગ્ન નાચ કરવા લાગ્યો. સમ્રગ અલ્વર (રાજસ્થાન) ભડકે બળવા લાગ્યું. આ અરસામાં જ હઝરત ખ્વાજા રૂકનુદ્દીનશાહ અલ્વરી (રહેમતુલ્લાહ અલયહ)ની પત્ની અને હઝરત મુફતી સાહેબ (રહેમતુલ્લા અલયહ)ની માદરે મહેરબાનની વફાત થઈ. બરોબર આપની ઝિયારતના દિવસે જ અલ્વરમાં ભયંકર કૌમી રમખાણ ફાટી નીકળ્યું અને અલ્વરવાસી મુસ્લીમો જાન બચાવવા ભાગી નીકળ્યા, આ રીતે હઝરત મુફતી મહેમુદશાહ (રહેમતુલ્લાહે અલયહ) પણ અલ્વરથી હિજરત કરીને પ્રથમ દહેલી અને પછી પાકિસ્તાન-હૈદરાબાદ (સિંધ) માં સ્થાઈ થયા. હઝરત સુફી અબ્દુલ્લાહશાહ (રહેમતુલ્લાહે અલયહ)ને પોતાના પીરો મુર્શીદના વિયોગનું દુઃખ વેઠવું પડ્યું. અને આપ રાબતાહ્ની દૌલતથી વંચિત રહેવા લાગ્યા જે હવે આપને દાદા પીર મહેબુબુસ્સમદ હઝરત સુફી અખ્લાક અહમદ (કુદ્દસ્સીર્રહુ) ની સોહબત નસીબ થઈ. (આ વાતનો ઉલ્લૈખ આપના ખિલાફતનામામાં છે.)

હવે લગાતાર બાર(૧૨)વર્ષ સુધી આપે મુજાહેદા, મુરાકેબાહ્, ઝીક્ર-ફીક્ર પોતાના પીરો મુર્શીદના પીરભાઈ અને પોતાના દાદા પીરના ખલીફા હઝરત સુફી સાહેબ(રહેમતુલ્લાહ અલયહ)ની બારગાહશરીફમાં કર્યા અને ત્યાંથી જ <u>'વુસુલે એલલ્લાહ'</u> પ્રાપ્ત કરી ખિલાફત મેળવી. આ રીતે આપ મુરીદ તો હઝરત મુફતી મહેમુદશાહ (રહેમતુલ્લાહ અલયહ) ના અને ખલીફા હઝરત સુફી અખ્લાક અહેમદસાહેબ(રહેમતુલ્લાહ અલયહ)ના છે.

### આપનું ખિલાફતનામું

(ગુજરાતી તર્જુમો)

બિસ્મીલ્લાહી રેહમાની રેહીમ

નહમદોહુ વ નુસલ્લી અલા રસુલેહીલ કરીમ વ અલા આલેહી અઝીમ વ અસ્હાબેહીલ ફહીમ. અમ્માબાદ, જો કે અબ્દુલ્લાહભાઈ અફઝલભાઈ ભુરા (રહેવાસી-મોડાસા) એ પંદર(૧૫) વર્ષ થયા અલ્લાહ ત્આલા તરફની <u>'કશીષ'</u> અને <u>'જઝબાહ'</u> વડે અમારા પીરઝાદા શાહઝાદા આલીશાન મુફતીએ આઝમ હઝરત મૌલાના અલ્હાજ શાહ મોહંમદ મહેમુદ સાહેબ

અલ્વરી નકશબંદી-ચિશ્તી, કાદરી (સલ્લમલ્લાહો ત્આલા)ના હાથ પર સિલસિલએ આલીયાહ્ નકશબંદીય્યાહ્માં બયઅત તેમજ મુરીદ થવાનું સદ્ભાગ્ય તેમજ બુઝુર્ગી હાંસીલ કરી; તેમજ મુરાકેબાત અને દિલના ઝીક્રમાં મશ્ગુલ થઇને સુલુક અને મુરીદીનો બાતીની રસ્તો પાર કરવો શરૂ કર્યો; અને તેઓના આદેશો મુજબ ચાલીને તથા ખિદમતો કરીને તેઓના મન્ઝુરે નઝર બની ગયા.

પછી હઝરત મૌસુફ (મુફતી સાહેબ) પાકિસ્તાન તશરીફ લઇ ગયાં અને પોતાના મુરીદોને આ ફકીરને સોંપી દીધાં. નવ(૯) વર્ષથી અબ્દુલ્લાહભાઇની મોહબ્બતના કારણે આ આજીઝની અહીં(મોડાસા) અવર-જવર છે. અબ્દુલ્લાહભાઇ આ નાચીઝની તરફ રુજુઅ્ (ધ્યાનિત) થયા અને ફૈઝ હાંસીલ કરવા લાગ્યા. સમય સંજોગ અનુસાર (કેટલીયવાર) તેઓ ઉપર તવજ્જોહ્ આપવામાં આવી. અલ્હમદોલીલ્લાહ, તેઓના તમામ લતીફાઓ કલ્બ, રૂહ, સિર્ર, ખફી-ઈખ્ફાથી અલ્લાહનો ઝીક્ર શરૂ થઇને સુલ્તાનુલ્અઝકાર(એટલેકે દરેક રગ અને રેશાથી અલ્લાહનો ઝીક્ર જારી તેમજ ચાલું રહેવું) તેઓને નસીબ થયો. ત્યાર બાદ તેઓના લતીફાએ નફસ વ મનનો મામલો શરૂ કરવામાં આવ્યો અલ્હમદોલીલ્લાહ, કે ફનાએ નફસના આસારો(ચિહ્નો)પણ જાહેર થવા લાગ્યા.

જેની દિલરૂપી ચક્ષુ ખુલ્લી હશે તે તેઓના બાતિની તથા આંતરીક હાલાતોના સમર્થન આપી શકે છે. તેઓની મહેનત તથા મોહબ્બત તેમજ અકીદત અને ખિદમત મકબુલ થઇને ઠેકાણે લાગી. કોઇની પણ મહેનત તેમજ ખિદમત બેકાર જતી નથી; જેણે જે કંઇ મેળવ્યું બુઝુર્ગો અને પીરોની સાચી અકીદત, ખિદમત, મોહબ્બત તેમજ અદબ વડે જ મેળવ્યું; અલ્લાહત્આલાનો ફઝલ તેઓને શામીલે હાલ છે અને મહાન પીરોની નઝર તેઓની ઉપર લાગેલી છે.

અને જોકે તેઓમાં મખ્લુકને ફૈઝ પહોંચાડવાની લાયકાત જોવા મળી અને (મારી) આ અલ્પઝીંદગીનો કોઇ ભરોસો નહીં એટલે એ મુનાસીબ સમજ્યું કે બલ્કે (આ બાબત અનુસંધાને) દિલમાં ઇશારો થયો કે તેઓના હાલ લોકો પર ખોલી દેવામાં આવે તેમજ જાહેર કરી દેવામાં આવે, એટલા માટે સિલસિલએ આલીયાહ્ નકશબંદીય્યાહ્ની ઇજાઝત તેમજ ખિલાફત અબ્દુલ્લાહભાઇ અફઝલભાઇને અતા કરવામાં આવી અને વસીયત કરવામાં આવે છે કે, ''ફનાફીશ્શયખ થઇને નુરે કલ્બી અને ફૈઝાને મોહંમદી





(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)જે પીરાને ઉઝ્ઝામ દ્વારા સીના-બ-સીના તેઓને પહોંચ્યું છે, તે મખ્લુકે ઇલાહીના દિલોમાં ઊંડેલીને દિલો-જાનથી તાલીબોની બાતીની તરક્કીઓમાં પ્રયત્નશીલ રહીને પોતાને પીરોનું નામ જીવંત અને રોશન કરે; અને ફૈઝાનનો આફતાબ ચમકાવતા રહે. અને બંને જહાંમાં સવાબ તેમજ દરજ્જાઓ પ્રાપ્ત કરતાં રહે; તેમજ શરીઅત અને તરીકતના અનુસરણની પુરી પાબંદી રાખે અને જે બિરાદરાને તરીકત, શરીઅત અને તરીકતના પાબંદ હોય તેઓથી મોહબ્બત અને સારો વર્તાવ કરતાં રહે અને (આ રીતે) **''અલ્હુબ્બોલિલ્લાહે વલબુગ્ઝોલિલ્લાહે''** (અલ્લાહ માટે મોહબ્બત અને અલ્લાહ માટે જ દુશ્મની) પર અમલ કરતા રહે તેમજ દુઆએ ખૈર વડે આ દુઆગોને યાદ રાખે.''

અલ્લાહ ત્આલાથી દુઆ છે કે, ''માત્ર પોતાના ફઝલો કરમ અને આં હઝરત (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ના તુફૈલથી અને પીરાને ઉઝ્ઝામના સદકાથી ફૈઝાને મોહંમદી (સલ્લલ્લાહો અલયહ વસલ્લમ) મખ્લુકને પહોંચાડે.''

વઆખેરૂ દઅ્વાના અલ્હમદોલીલ્લાહે રબ્બીલ્આલમીન.

અલ્અબ્દ ફકીર અખ્લાક અહેમદ (ગફરલ્લાહો અન્હો)
સુમ્મ રામપુરી ખાકપાએ ખ્વાજગાને નકશબંદીય્યાહ્
મુજદ્દેદીય્યાહ્ મસ્ઉદીય્યાહ્ -રૂકનીય્યાહ્.મુકામ-મોડાસા
૧૭ શાબાન હી.સ. ૧૩૭૮, ૨૬ ફેબ્રુઆરી ઇ.સ. ૧૯૫૯.

**આપની રહેણી કરણી અને હુલીયા મુબારક**

આપ અતિ ખુબસુરત અને સૌંદર્યવાન હતાં. આપનો ચહેરો અતિ નુરાની હતો. છાતી સુધી લાંબી ભરાવદાર સોનેરી સફેદ દાઢી આપને લાખોમાં એક સાબીત કરતી હતી. અન્વારે ઇલાહીય્યાહ્ની વિપુલવર્ષાના કારણે આપના ચહેરા ઉપર નિર્દોષતા દેખાતી હતી. આંખોમાં સુરમો આંજેલો રહેતો જેને કારણે જોનારાઓની આંખોના આકર્ષણનું કેન્દ્ર બની રહેતા.

પોતાના પીરો મુર્શીદના અનુકરણ પેટે આપે પોશાકમાં પીરો મુર્શીદના પોશાકથી રતીભાર પણ ફરક થવા નથી દીધો. હુબહુ એવો જ ઝભ્ભો એવી જ સલવાર એવી જ સદરી(બંડી)એવી જ ઊંચી ટોપી ખભા ઉપર રૂમાલ રાખવાની એજ રીત. હદતો એકે પગમાં પહેરવાની મૌજડી પણ પીરો મુર્શીદની મૌજડી જેવી જ.

આપ સલવારની ઉપર અડધી પીંડી સુધી લાંબો ઝભ્ભો પહેરતાં તેની

ઉપર બંડી પહેરતા અને ખભા ઉપર મોટો રૂમાલ ઓઢતાં, માથે ઊંચી ટોપી પહેરતાં, પગમાં મૌજડીઓ પહેરતાં, સર મુંડાવતા અને મુછો કપાવતા અને ઝભ્ભાના ખીસ્સામાં તસ્બીહ અને દિશાસુચક જરૂર રહેતાં કોઈપણ જગ્યાએ પહોંચીને આપ સર્વપ્રથમ દિશાસુચક મારફત કિબ્લાની જાણકારી મેળવી લેતાં.

ઈસ્તન્જાખાનામાં જતી વખતે આપ હઝરત સૈયદ મોહંમદ ગૈસુદરાઝ બંદાનવાઝ (રહેમતુલ્લાહ અલયહ)ના ફરમાન મુજબ કાયમી કુલાહશરીફને ઉતારી તેની જગ્યાએ બીજા રૂમાલથી માથું ઢાંકીને જતાં હતા અને વઝુથી પરવારીને હઝરત મહેબુબે ઈલાહી નિઝામુદ્દીન ઔલીયા (કુદ્દસ્સીર્રહુ)ની આદાત મુજબ દાંતીયાથી દાઢીને ઓળીને રેશને વ્યવસ્થિત ફરમાવતાં હતા.

મહેમાન આવતાં તો આપ ઘણાં જ ખુશ થતા અને બે તકલ્લુફ તેઓની સાથે વ્યવહાર કરતાં અને ઘરવાળાઓને કહેતાં કે, 'ચા લાવો, ફલાંણાં ભાઈ આવ્યા છે.' ક્યારેય પણ મહેમાનની આમદ ઉપર આપે ઘરવાળાઓને ચા બનાવો એમ નથી કીધું. ફક્ત અપવાદ પેટે જ્યારે પણ હું (વઝીર અલી) આપને ત્યાં જતો તો આપ ખુશ થઈને ઘરવાળાઓને કહેતાં કે, ''સૈયદ સાહબ આયે હૈ અચ્છે સે અચ્છી ચાય બનાકે લાઓ.''

કોઈ વ્યક્તિ આપને હદિયા કે તોહફામાં કંઈ આપતી તો આપ ઘણીજ ખુશી સાથે તેનો સ્વીકાર કરતાં અને કંઈ કેટલીયે વ્યક્તિઓને અતિ ખુશ થઈ આ હદિયો દેખાડીને કહેતા કે, ''જુઓ, ફલાંણા ભાઈ મારા માટે આ હદિયો લાવ્યા છે.'' જ્યારે કોઈ એહલે સિલસિલા આપની રૂબરૂ મુલાકાત કરતો તો આપ તેની ખબર અંતર પુછીને ફરમાવતાં કે,'' નમાઝ અદા કરી લીધી?'' અને પછી પુછતાં કે, ''ખાણું ખાધું?'' આ રીતે ખાણા ઉપર નમાઝને અગ્રતા આપતાં.

જ્યારે આપના જુના સાથીદારો પૈકી આપની સાથે કોઈ બનાવટ કરતો તો આપ એજ વખતે કહી દેતાં કે, ''<u>ઇસ સિલસિલેમેં હોંશિયારી નહીં ચલેગી.</u>'' ઈલ્મે તસવ્વુફથી અપરિચિત અન્વાર વિહોંણા મુલ્લાઓને આપ કોરાકટ મૌલ્વી કહેતા. આપ હંમેશા ફરમાવતાં કે, '' વધુ મુરીદો બનાવવાની તમન્ના પણ નફસાનીય્યતની અલામત છે.''

શરીઅતના મામલે આપ અતિ ચુસ્ત હતાં. આપની અંતિમ બિમારીમાં પણ આવનાર એક મહેમાન ડાબા હાથથી ચા પીતો હતો તો આપે તેને ટોક્યો. અને જમણાં હાથે ચા પીવાનું કહ્યું.





આપ હંમેશા પાબંદીની સાથે નમાઝે ઈશરાક તથા હઝાર વખત (૧૦૦૦) દુરૂદે ખિઝરી શરીફ અને પાંચસો(૫૦૦) વખત અસ્તગ્ફાર પઢતાં હતા; ખત્મે ખ્વાજગાન શરીફ પાબંદીની સાથે પઢતા હતા. અને ખત્મ શરીફ પઢાવતા પહેલાં ફાતેહા બાદ દુઆ પેટે આપ હંમેશ, ''આગ અપને ઈશ્કકી ભરદે દિલે બિમારમેં.'' અચુક પઢતાં. પોતાના રાજસ્થાની મુરીદો માટે હઝરત ખ્વાજા મોહંમદ મસઉદશાહ દહેલ્વી (રહેમતુલ્લાહ અલહય)ની લખેલી કિતાબ <u>'આદાબે સાલીક'</u> નું આપે હિંદી ભાષામાં લીપીયાંતર પણ કરાવ્યું હતું.

હઝરત મુફતી મહેમુદશાહ (રહેમતુલ્લાહ અલયહ)ના પ્રથમ મુરીદ તથા હઝરત મહેબુબુસ્સમદ (રહેમતુલ્લાહ અલયહ)ના પ્રથમ ખલીફા હઝરત (કીબ્લા) ઉસ્માન સાહેબ કુરૈશી (રહેમતુલ્લાહ અલયહ)ના સિલસિલાને ફેલાવવા માટે સર્વપ્રથમ અલમ આપે જ ઉઠાવ્યો અને બહીયલ(તા. દહેગામ), તેમજ અમલનેર, ભુસાવળ, ઔરંગાબાદ અને કચ્છ-ભુજના તેઓના દૌરામાં સાથે રહીને પોતાની તરફ રજુઅ્ થતા તાલીબો અને મુરીદોને પણ આપે તેઓ તરફ રજુઅ્ કરાવ્યાં; જે આપની <u>કમાલે બેનફસી</u>નું ઉદાહરણ છે તથા આપની <u>ખતાએ ઈજતેહાદી</u> પણ છે.

કચ્છના દૌરા દરમ્યાન આપનો જેના ઘરે ઉતારો રહેતો તે અબ્દુલગની યુસુફભાઈ ભટ્ટી(ડીપ્લોમા એન્જી.)ના લગ્ન થયા બાદ તેઓ ઘણાં વર્ષ સુધી નિઃસંતાન હતાં. પરંતુ છેવટે આપે અબ્દુલગની ભટ્ટીની અર્ઝ પર એક તાવીઝ તેને બનાવી આપ્યું અને તેના ઘરે પારણું બંધાયુંને પુત્રીનો જન્મ થયો.

**આપે તસ્વીર ન ખેંચાવી**

આપે ક્યારેય કોઈ સંજોગોમાં તસ્વીર નથી ખેંચાવી. અને કોઈપણ સમારંભમાં તસ્વીર ખેંચનાર (ફોટોગ્રાફર)ની હાજરી હોય તો ચુસ્ત રીતે કોઈને કહ્યા વગર પોતાને તસ્વીર ખેંચાવાથી બચાવતા હતાં. જેનો પ્રત્યક્ષ અનુભવ લેખક(વઝીર અલી)ને ઈટાદરા(જી. મહેસાણા)ની જુમ્મા મસ્જીદનું નવું બાંધકામ પૂર્ણ થતા ઉદ્ઘાટન પ્રસંગ પેટે થયો.

સવારે ઉદ્ઘાટન સમારંભ અને રાત્રે એક શાનદાર જશ્ન પેટે તકરીરનું આયોજન કરવામાં આવે જેમાં મુખ્ય વક્તા તરીકે આ લેખકની ખાસ આમંત્રણ આપીને બોલાવવામાં આવેલ, સવારે ઉદ્ઘાટન સમારંભ વખતે મંચ ઉપર કંઈ કેટલાય મશાઈખો સાથે આપની પણ હાજરી હતી.

આમંત્રીત મહેમાનો મંચ ઉપર આવતાની સાથે જ તસ્વીરકાર પોતાના

કેમેરા મારફતે તસ્વીર ખેંચવાનું શરૂ કરે તે પહેલાં જ આપે પોતાના ખભા ઉપર રહેલાં રૂમાલને પોતાના મુખ ઉપર નાંખીને ચહેરો નકાબમાં છુપાવી દીધો. અથાગ કોશીશો છતાં તસ્વીર ખેંચનાર આપની તસ્વીર ન ખેંચી શક્યો.

**હું સૈયદ નથી**

એક વખતનો બનાવ છે કે, દીની જલ્સો પેટે એક મુકર્રીરની તકરીર સાંભળવા આપ જલ્સામાં જઇ પહોંચ્યાં. વ્યવસ્થાપકો આપને દોરી જઇને સ્ટેજ ઉપર લઇ ગયાં. ત્યાં આપના દિદાર માત્રથી જ આવનાર મુકર્રીર અંજાઇ ગયા અને આપને સૈયદ સમજ્યાની ભુલ કરી બેઠા.

ચાલુ તકરીરે સાદાતે કિરામની ચર્ચા કરતાં અતિ જોશમાં આવી જઇને તે મૌલ્વી સાહેબે આપના ચહેરા તરફ ઇશારો કરતાં શ્રોતાજનોને કહ્યું કે, ''જુઓ સૈયદ આમને કહેવાય.''

મુકર્રીર સાહેબના આ રીતે ઉચ્ચારેલા 'સૈયદ' શબ્દને સાંભળતાં જ આપ ચોંકી ઊઠ્યાં, હાથના ઇશારાથી તે મુકર્રીરને તકરીરથી અટકાવીને આપે ઉંચા અવાજે કહ્યું કે, 'તમે તમારા મને સૈયદ કહેલાં શબ્દો પાછા ખેંચો.'

આપના આ સચ્ચાઇ ભર્યા સદ્‌વર્તનથી તે મૌલ્વી સાહેબ દંગ રહી ગયા અને તેમના દિલમાં આપની અકીદત ઘર કરી ગઇ. તેમને પોતાના આ શબ્દો તો પાછા ખેંચ્યા પણ સાથે આપના 'વલી' હોવાનો એકરાર માઇક ઉપર કર્યો.

**ફના ફીશ્શયખ**

અલ્લાહની બારગાહથી વિલાયત સાથે ખિલાફત અતા કરનાર આપના લતાઈફે સિત્તાહને ઝાકીર બનાવી સુલ્તાનુલ્અઝકારની દૌલતે લાજવાલ થકી સિધ્ધીના સોપાન સર કરનાર પીરો મુર્શીદ મહેબુબુસ્સમદ હઝરત સુફી અખ્લાક એહમદ (કુદ્દસ્સીર્રહુ)ની સંપૂર્ણ અકીદત ચરમસીમાએ આપના હૃદયમાં હતી. તેના પરિણામરૂપે પીરો મુર્શીદે પણ આપને પોતાના રંગમાં રંગીને હુબહુ પોતાની જેવા બનાવ્યા જે રીતે હઝરત ખ્વાજા બાકી બિલ્લાહ (રહેમતુલ્લાહ અલયહ)એ એક નાનબાઇને *તવજ્જોહે ઇન્એકાસી* (re-flected-power) એટલેકે *ઇત્તિસાલે રૂહાની* થકી હુબહુ પોતાના જેવો બનાવ્યો.

હઝરત પીરોમુર્શીદની સાહેબઝાદી ઝાલાવાડ(રાજસ્થાન)થી પોતાના વાલીદે મોહતરમના વિસાલ બાદ અહેમદાબાદ આવતા અને આપ પણ ત્યાં હાજર હોતા તો આ સાહેબઝાદી આપને સંદેશો મોકલાવતાં કે,





'અબ્દુલ્લાહભાઇને કહો કે, સુન્હેરી મહેલની બહાર લટાર મારતા રહે અને હું રોશનદાનથી જોતી રહું. આપના દેખાવમાં મને મારા વાલીદે મોહતરમની તસ્વીર દેખાય છે.' આ રીતે આપ ખરા અર્થમાં *હમશબીહે પીરોમુર્શીદ* બની ચુક્યા હતાં.

આપ પોતાના ગંજી ફરાકના ગજવામાં એક નાની અત્તરની શીશી રાખતાં હતાં જેની અંદર પીરો મુર્શીદના દાઢી મુબારકના રેશ મુબારક સાચવી રાખ્યા હતાં. ઘણીવાર આપ બિમારોને આ શીશીનું ધોવન અતા કરતાં જેનાથી તે બિમારો રાહત મેળવતાં.

લેખકનો જાત અનુભવ છે કે, અહમદાબાદના રોકાણ વખતે આપે ક્યારેય પણ જમાલપુર દરવાઝા બહાર આવેલ ગંજશોહદા કબ્રસ્તાન તરફ પગ લંબાવેલ નથી કારણ કે આ કબ્રસ્તાનમાં આપના પીરો મુર્શીદનો મઝાર શરીફ છે. તથા નમાઝ માટે આપ સલાપસ રોડ ઉપર આવેલ સુન્હેરી મસ્જીદમાં જ નમાઝ અદા કરવાનો આગ્રહ રાખતાં કારણકે હઝરત પીરો મુર્શીદે લાંબાગાળા સુધી આ મસ્જીદમાં નમાઝો અદા ફરમાવેલ છે.

આપ પાસે હઝરત પીરો મુર્શીદની ઘણી પવિત્ર વસ્તુઓ સચવાયેલી છે. જે પૈકી(૧)ઝભ્ભો મુબારક(૨) સુલવાર શરીફ(૩) પવિત્ર કુલાહ(ટોપી) અને (૪)પીરો મુર્શીદના મૌજાં કે જેના માટે આપે મોડાસાની સુન્હેરી મસ્જીદમાં એક ખાસ કબાટ બનાવી આ વસ્તુઓ સાચવી રાખી છે. (મોડાસાની આ સુન્હેરીમસ્જીદ પણ હઝરત પીરો મુર્શીદે આબાદ ફરમાવી છે) એટલે આપ આ મસ્જીદમાંજ પોતાના અંત સમય સુધી નમાઝો અદા કરતાં રહ્યા. ઘણી વખત *કબ્ઝ* ને *બસ્ત* માં બદલવા માટે આપ મસ્જીદમાં આ કબાટ ખોલાવી પીરો મુર્શીદના મૌજા મુબારક લઇને પાણીમાં નિચોડીને આપ તે પાણી પીતાં, તથા ચોવીસ(૨૪) ચાંદ રાતના આપ પીરો મુર્શીદ ના ઇસાલે સવાબ અર્થે ન્યાઝશરીફની વ્યવસ્થા કરી અકીદતમંદોને ખવડાવતાં.

ઇ.સ. ૧૯૮૧માં આપના પેટ ઉપર ઉપસેલી ગાંઠના ઓપરેશન વખતે આ લેખકની હાજરી હતી, ઓપરેશન થીયેટરમાં જતાં પહેલાં પણ આપે ફ્રુટ મંગાવીને તેની ઉપર મશાઇખે તરીકતના ઇસાલે સવાબ અર્થે ફાતેહા અપાવ્યો. આપને પોતાના મશાઇખોનો શઝરએ તરીકત પઢવાનો તથા સાંભળવાનો ભારે શોખ હતો. દરરોઝ નમાઝે ઇશરાક અદા કર્યા પહેલાં આપ કોઇ પણ મુરીદ મારફતે શઝરા શરીફ પઢાવતાં હતાં. હદ તો એ કે વિસાલની ઘડીઓ વખતે પણ આપે શઝરા શરીફ પઢાવ્યો.

### વિસાલ શરીફ

જાહેરમાં આપને કોઇ બિમારી ન હતી, પણ આપને ખાંસીએ પોતાની પકકડમાં લઇ લીધાં તથા ભુતકાળમાં પેટ ઉપરની ગાંઠના ઓપરેશન બાદ એક ટાંકામાંથી રસી નીકળતી હતી જે આપના વિસાલશરીફના બહાના બન્યા. બોત્તેર(૭૨)વર્ષની ઝઇફવયે સંપૂર્ણ હોંશોહવાશ સાથે ઝીક્રે ઇલાહીની ધૂનમાં શનિવારને તારીખ ૨૭-૧-૧૯૯૦ ના વહેલી સવારે ચાર(૪) વાગે આપનો વિસાલ થયો. વિસાલથી પહેલાં આપ એક ખાદીમને શઝરા શરીફ પઢવાનું કહ્યું. શઝરા શરીફ પૂર્ણ થયા બાદ આપે દુરૂદે તાજ પઢવાનું કહ્યું. દુરૂદ શરીફ પઢતી વખતે પઢનારની એક જગ્યાએ ભુલ થઇ જે આપે સુધારી. મલેકુલ મૌત જાણે પ્રતિક્ષામાં ઉભેલો હોય તેમ દુરૂદ શરીફના આખરી શબ્દો વસલ્લીમુ તસ્લીમા સાથે આપની રૂહે મુબારક ભૌતિક શરીરને ત્યાગીને અનંતની પરવાઝે રવાના થઇ.

### વિસાલના સમયની ખબર હતી ?

કંઇ કેટલાય બુઝુર્ગોને અલ્લાહતઆલાએ તેમના વિસાલની ખબર પ્રથમથી જ આપેલી હોતાં તેઓ કુદરતના નિયમને જાળવવા પેટે સાંકેતિક રીતે પોતાના વિસાલની ખબર આપતાં હોય છે. જેનો ભેદ તેમની વફાત પછી જ ખુલે છે. આપના મામલામાં પણ એવું જ બન્યું.

ગુજરાતથી રાજસ્થાનના અંતિમ સફર વખતે ભીલવાડા-સાંગાનેરથી તા. ૨૭-૧૨-૧૯૮૯ ના રવાનગી વખતે આપના ખાસ ચાહક અને વફાદાર મુરીદ માસ્તર શમ્સુદ્દીને આપને થોડા દિવસ વધુ રોકાય જવાનો આગ્રહ કર્યો હતો. આપે મુશ્કુરાહટ સાથે ફરમાવ્યું કે,' એક મહિના બાદ કાયમી વસવાટ માટે હું પરત આવી રહ્યો છું.'

આપના આ વાક્યોનો ભેદ ત્યારેજ ખુલ્યો કે બરોબર એક મહિના બાદ વિસાલ ફરમાવી, કફન પહેરી, તાબુતમાં સવાર થઇને તા. ૨૭-૧-૧૯૯૦ ના ખ્વાજગાને નકશબંદની શાનો-શૌકત સાથે ક્યામતની સવાર સુધી કાયમી રહેવા માટે આપ સાંગાનેર આવી પહોંચ્યાં.

### સાંગાનેરમાં નમાઝે જનાઝાની જીદ

આપની વિલાયતનો ફૈઝ પહેલેથી જ રાજસ્થાનમાં ભીલવાડા, સાંગાનેર, જવાઝ, ડુંગરપુર વગેરે વિસ્તારોમાં દિલો ઉપર છવાયેલો હોવાને લીધે આ વિસ્તારનો મુસ્લીમ માનવ મહેરામણ આપની નમાઝે જનાઝામાં શરીક થવાનો ફક્ર હાંસીલ થવા જ્યાં આપને દફન કરવાના હતાં તે સ્થળે





જનાઝો શરીફ પહોંચે તે પહેલાં તો અસંખ્ય માણસો આજુ-બાજુના વિસ્તારમાંથી સાંગાનેરમાં જમા થઇ ચુકયા હતાં.

જનાઝા શરીફ સાંગાનેર પહોંચ્યા પછી જ્યારે ત્યાંના મુસલમાનોની નમાઝે જનાઝા અદા કરવાની નિય્યત આપના વારસદારો સામે જાહેર કરવામાં આવી તો તેમણે જણાવ્યું કે, ' આ ફર્ઝ તો અમે મોડાસામાં અદા કરી ચુકયા છીએ એટલે હવે બીજી વખત નમાઝે જનાઝા અદા ન થાય.' પરંતુ ત્યાંના મુસ્લીમો કોઇ રીતે આ વાત સમજવા તૈયાર ન હોતા અને તેઓની એક જ જીદ હતી કે, 'અમે કોઇ પણ સંજોગોમાં નમાઝે જનાઝા અદા કરીશું.'

ભવિષ્યમાં બનનાર આ બનાવનો ખ્યાલ આપને પોતાની હયાતીમાં જ આવી ગયો હતો કે મારી વફાત પછી મારી નમાજે જનાઝા બીજી વખત પઢવા માટે મારા ચાહકો જીદ કરશે એટલે આપે પોતાની હયાતીમાં જ મોડાસાના શહેર કાઝી તથા આપના ખલીફા હઝરત કાઝી અબ્દુર્રઉફ સાહેબને લેખીતમાં પોતાના દસ્તખતવાળું લખાણ સોંપેલું કે,'જો કોઇ વારસદાર બાકી હોય તો નમાઝે જનાઝાની બીજી વખત શરીઅતે પરવાનગી આપેલ છે. અને જો આ કારણ ન હોયતો કોઇ પણ સંજોગમાં બીજી વખતે નમાઝે જનાઝા પઢવા માટે હવે ઇજાઝત નથી.'

ખુદાની કુદરત અને આપની કરામત કે તે વખતે આપની આ સહીવાળું આ લખાણ કાઝી અબ્દુર્રઉફ સાહેબ પાસે મૌજુદ હતું જે ત્યાંના મુસ્લીમોને દેખાડવામાં આવ્યું ત્યારે જ તેમણે પોતાની હઠ છોડી.

### જનાઝો રોકાવ્યો હિંદુભાઇઓએ..

હવે આપના જનાઝાનો જુલુસ અસંખ્ય માનવમહેરામણના અથાગ દરીયા વચ્ચે ઉછળતાં મૌજાઓની જેમ અંતિમ આરામગાહ માટે નક્કી થયેલ સ્થળ તરફ આગળ વધી રહ્યો હતો ત્યારે એક અતિ આસ્થા(અકીદત)ભર્યો બેમિસાલ બનાવ આ રીતે બન્યો કે આ માનવ મહેરામણમાં ફક્ત મુસ્લીમો જ નહીં પણ અસંખ્ય હિંદુભાઇઓ પણ સામેલ હતાં, જેઓ પોતપોતાની રીતે કોઇ મૌકાની તલાશમાં હતાં અને એક તરફ થઇ રહ્યાં હતાં.

છેવટે આ હિંદુભાઇઓને મૌકો મળતાં જ તેમણે જુલુસમાં જનાઝાથી થોડાક આગળ વધી, પીઠ ફેરવી, જનાઝા તરફ રૂખ કરીને જનાઝો રોકાવ્યો અને કાકલુદી સાથે કરગરીને કહેવા લાગ્યા કે,'હવે તો અમને અંતિમ દર્શન કરવા દ્યો.' વ્યવસ્થાપકોએ અને સ્વયંમસેવકોએ તેમને ખુબ સમજાવવાની

કોશીષ કરી પરંતુ બધી કોશીશો વ્યર્થ સાબીત થતા અંતે સાંગાનેર ઈદગાહ વચ્ચેના માર્ગ ઉપર જનાઝાશરીફને જમીન ઉપર મુકીને આ હિંદુભાઈઓને પણ આપના દિદાર કરાવવામાં આવ્યા અને તેઓએ પણ રડતાં રડતાં આ ખ્વાજાએ સાંગાનેર ના અંતિમ દર્શન કર્યા.

**અંતિમ આરામગાહ**

હવે ગંભીર અને ઉદાસ વાતાવરણ વચ્ચે આ જનાઝા શરીફનું જુલુસ સાંગાનેરની ઈદગાહ પાસે આવી પહોંચ્યું અને ત્યાં જુનાં કબ્રસ્તાનમાં એક ઘેઘુર વડલાની નીચે આપને દફન કરવામાં આવ્યાં(આ સ્થળ આપે હયાતીમાં જ પોતાના દફન સ્થળ પેટે પસંદ ફરમાવેલ) અને બાદમાં મરકદ શરીફ ઉપર એક શાનદાર રોઝો આપના અકીદતમંદોએ બંધાવ્યો. વિસાલ વખતે આપની ઉમ્ર બોત્તેર(૭૨) વર્ષની હતી.

આપના મકબરાનું બાંધકામ પણ હઝરત ઈમામે રબ્બાની મુજદ્દીદે અલ્ફેષાની (કુદ્દસ્સીર્રહુ)ના પવિત્ર રોઝાના બાંધકામને અનુરૂપ છે, જેમાં અસલ કબ્રશરીફ તેહખાનામાં(અંડર ગ્રાઉન્ડ) તથા તાવીજ મકબરામાં છે.

**આપના ખુલ્ફાઓ**

હઝરત સુફી અબ્દુલ્લાહશાહ (રહેમતુલ્લાહ અલયહ)એ પણ પોતાના પીરો મુર્શીદ હઝરત સુફી અખ્લાક અહેમદ સાહેબ (રહેમતુલ્લાહ અલયહ)નું અનુસરણ કરતાં ચાર(૪) વ્યકિતઓને પોતાની ખિલાફત વડે નવાઝીને ખલીફા તરીકે મુકર્રર કર્યા હતાં. (૧) આપના સાહેબઝાદા હઝરત મુસાભાઈ જેઓ હાલ આપના સજ્જાદાનશીન છે. (૨) હઝરત છોટુંમિયાં ડુંગરપુરવાળા, જેમને આપે તવજ્જોહે ઈત્તિસાલે રૂહાની વડે પોતાની જેવા બનાવી દીધા છે. (૩) હઝરત કાઝી અબ્દુર્રઉફ સાહેબ જેઓ મોડાસાના શહેર કાઝી કુટુંબથી સંબંધ ધરાવે છે. (૪) હઝરત મીરુંમિયાં જેઓ બહિયલ કસ્બાના મલેક કુટુંબથી હતાં.

**વફાત નિમીત્તે ‘તયબાહ’ માસીકનો રિપોર્ટ**

તા. ૧-૩-૧૯૯૦ના ‘તયબાહ્ ’માસીકની ટપાલમાં આપના વિસાલ વિશે આ રીતે ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

‘હઝરત સુફી અબ્દુલ્લાહશાહ નકશબંદી-મુજદ્દેદી, અખ્લાકીનો તા. ૨૭-૧-૧૯૯૦ના રોજ વહેલી સવારે વિસાલ થયો છે. આપની વસીયત અનુસાર આપનો જનાઝો સાંગાનેર(ભીલવાડા-રાજસ્થાન)લઈ જવામાં આવેલ ઝોહરની નમાઝ પછી આપના ઘરેથી જનાઝો મખ્દુમ હાઈસ્કુલમાં





લઈ જવામાં આવ્યો ત્યાં હજારો લોકોએ હાઈસ્કુલના મૈદાનમાં જનાઝાની નમાઝ અદા કરી હતી. અહમદાબાદ, ધોળકા, બહિયલ વગેરે ગામના ભાઈઓ પણ આવી ગયા હતાં. ત્યાંથી ૩:૩૦ કલાકે જનાઝો રવાના થઈને રાત્રે ૧:૩૦ કલાકે સાંગાનેર પહોંચ્યો હતો, જ્યાં આપના મુરીદો તેમજ અકીદતમંદોની મોટી સંખ્યામાં હાજરી હતી.’

બીજા દિવસે સવારે નવ(૯)વાગે જનાઝો કબ્રસ્તાન લઈ જવા માટે રવાના થયો હતો. જેમાં આસ પાસના ગામો ઉપરાંત ઉદેપુર,ડુંગરપુર વગેરેના હજારો મુસલમાનોએ હાજરી આપી હતી. બે કલાકે જનાઝો કબ્રસ્તાને પહોંચ્યો હતો. જ્યાં આપને સુપુર્દે ખાક કરવામાં આવ્યા હતા.

સાંગાનેરના ઈતિહાસમાં જનાઝાનો આવું દબદબાભર્યું મંઝર ક્યારેય જોવા મળેલ ન હોવાથી ગામની હિંદુ વસ્તી પણ ધાબાઓ તથા ઓટલાઓ પર ઉભરાઈ ગઈ હતી. હજારો લોકોએ આપના જનાઝા ઉપર ફુલોના ઢેર ખડકી દીધાં હતાં.

તા. ૩૦-૧-૧૯૯૦ ના રોઝ મોડાસામાં ઘાંચીવાડ મસ્જીદમાં આપની ઝિયારત રાખવામાં આવી હતી, જેમાં પીરે તરીકત અલ્હાજ હઝરત ઉસ્માનમિયાં શાહ સાહેબ કુરૈશી એ ખાસ હાજરી આપી હતી. હઝરત સુફી મૌલાના અબ્દુર્રહેમાનશાહ સાહેબ નકશબંદી-મુજદ્દેદીએ તથા ડો. ઈખ્લાસ અહેમદ સાહેબ નકશબંદીએ પ્રસંગોચીત તકરીર કરી હતી. ઝિયારતનો પ્રોગ્રામ લગભગ ૧૧ વાગ્યા સુધી ચાલ્યો હતો જે મોડાસાની તારીખમાં અજોડ છે.

**★★★ ૨૮ ★★★**

## હ. વાલીએ સોરઠ મીયાં મહેમુદ શાહ

(રેહમતુલ્લાહે અલયહે)

હઝરત મીયાં મહેમુદશાહ(રહેમતુલ્લાહ અલયહ)ની વિલાદતે બા સઆદત સિંધ પ્રાંતના મશહુર શહેર નગરઠ્ઠામાં થઈ હતી; જે હંમેશાથી સુફીયાએ કિરામનું રૂહાની મરકઝ રહયું છે. આપનું બચપન પણ ત્યાં વીત્યું. આપે તમામ પ્રકારની દીની તાલીમ પણ ત્યાં જ હાંસીલ કરી તેમજ આલીમ ફાઝીલ, કામીલ તથા કારીની સનદો હાંસીલ કરી. આપ સિલસિલાએ નકશબંદીય્યાહ-મુજદ્દેદીય્યાહના ગુજરાતમાં પધારેલાં બુઝુર્ગોમાં અગ્રગણ્ય બુઝુર્ગ છે. આપના દ્વારા કાઠિયાવાડ વિસ્તારમાં ખાસ કરીને કુતિયાણા, બાંટવા, રાણાવાવ, પોરબંદર વગેરે તરફ સિલસિલાના અન્વારો ઘણાં જ ફેલાયા.

### આપનો લકબ

હઝરત મીયાં મહેમુદ શાહ (રહેમતુલ્લાહ અલયહ) 'વાલીએ સૌરઠ' તેમજ 'ચિરાગે જુનાગઢ' આ બે લકબો વડે મશહુર છે.

### આપની વંશાવળી(નસબ)

આપની વંશાવળી(પેઢીનામું) અફઝલુલ્બશર બાઅ્દલ અંબિયા ખલીફએ અવ્વલ હઝરત સૈયદના સિદ્દીકે અકબર (રદીયલ્લાહો ત્આલા અન્હો)ને જઇ મળે છે; તેમજ આપનું રૂહાની નસબનામું(શજરાએ તરીકત) પણ હઝરત સૈયદના સિદ્દીકે અકબર (રદીયલ્લાહો ત્આલા અન્હો)થી જઇ મળે છે. કારણકે સિલસિલાએ નકશબંદીય્યાહની નિસ્બત જ હઝરત સૈયદના સિદ્દીકે અકબર (રદીયલ્લાહો ત્આલા અન્હો)થી જઇ મળે છે આમ, આ રીતે આપ જીસ્માની અને રૂહાની બંને રીતથી સિદ્દીક છે. આપના વાલીદે મોહતરમનું નામ હઝરત મખ્દુમ મોહંમદ ઈલિયાસ (રહેમતુલ્લાહ અલયહ) હતું; તેઓ ખુબજ મુત્તકી, પરહેઝગાર અને સાહેબે નિસ્બત બુઝુર્ગ હતાં. તેઓ ઘણાં જ માલદાર હતાં; તેમજ દુન્યવી શાનો-શૌકતમાં ઘણાં જ અગ્રેસર હતાં. એ યુગના માલેતુજારો, ધનાઢ્યો અને જમીનદારોમાં આપની ગણત્રી થતી હતી. આપના વડવાઓ પણ ઘણાં જ માલદાર હતાં.

હઝરત મીયાં મહેમુદ શાહ (રહેમતુલ્લાહ અલયહ) એ પોતાના વાલીદે બુઝુર્ગવાર સાથે ઘણીવાર હજ્જે બયતુલ્લાહ અદા ફરમાવી અને મદીના મુનવ્વરાની ઝિયારત વડે મુશર્રફ થયાં. આપની શાદી પણ સિંધમાં જ થઇ હતી.

આપ બાળપણથી જ ઘણાં ઈબાદત ગુઝાર અને રિયાઝતો મુજાહેદા કરનારા હતાં. અને અંતમાં આપને પોતાની રૂહાની તરક્કી અને ઉલુમે બાતીનની પ્રાપ્તી માટે મુર્શીદની ખોજનો શૌક તેમજ જઝબો પૈદા થાય છે.

### મુર્શીદે બરહકકની ખોજમાં...

એકવાર આપ હજ્જના સમયે હજ્જે બયતુલ્લાહ અદા કર્યા પછી રોઝએ રસુલ મકબુલ (સલ્લલ્લાહો અલયહ વસલ્લમ)ની ઝિયારત માટે મદીનાએ મુનવ્વરા પહોંચે છે, અને બારગાહે રિસાલતમાં હાજરી આપે છે; અને આં હઝરતની બારગાહશરીફમાં સલાતો સલામ પેશ કરીને પોતાની રૂહાની અમાનત(મુર્શીદે કામીલ) મેળવવા માટે આપની બારગાહશરીફમાં અશ્રુ-ભીની આંખે અર્ઝ કરે છે અને એ જ ધુનમાં દુરૂદશરીફ પઢતાં-પઢતાં આપની આંખ લાગી જાય છે. ખ્વાબમાં આપ જમાલે જહાં આરાં રસુલે





મકબુલ (સલ્લલ્લાહો અલયહ વસલ્લમ)ના દિદાર વડે મુશર્રફ થાય છે. અને હુઝુર નબીએ પાક (સલ્લલ્લાહો અલયહ વસલ્લમ) આપને બશારત આપી કે, 'તમારો રૂહાની હિસ્સો અને અમાનત (મુર્શીદે કામીલ) ગુજરાતમાં સૌરઠ પ્રદેશમાં આવેલાં જુનાગઢ શહેરમાં રહેતાં એક મર્દે કામીલ અને મુર્શીદે બરહકક પાસેથી મળશે.' અને ખ્વાબમાં જ આપને આપના પીરોમર્શીદનો હુલીયો બતાવી દેવામાં આવ્યો અને આપને આદેશ આપ્યો કે, તમે તેઓની પાસેથી રૂહાની અમાનત મેળવી લ્યો.

આ બશારત મળ્યાના થોડા દિવસ પછી જ ત્યાંથી આપ રવાના થઇને પોતાના માદરે વતન સિંધના નગરઠઠ્ઠા શહેરમાં પધાર્યા અને આપે પોતાના વાલીદ સાહેબ પાસે પોતાની બશારતનું બયાન કર્યું અને આ માટે જુનાગઢ જવા માટેની મંજુરી મેળવીને આપે જુનાગઢ આવવા માટે માદરે વતનને અલવીદા કહી.

મા-બાપે આપને પરવાનગી તો આપી પરંતુ તેઓ આપની જુદાઇ સહન કરી શકયા નહીં માટે તેઓએ પણ માદરે વતનને અલવીદા કહી આપની પાછળ ચાલી નીકળ્યાં અને જુનાગઢ શહેરમાં તેઓએ મેમણવાડા નામના વિસ્તારમાં આવીને વસવાટ કર્યો. આપના મા-બાપે તેમજ કુટુંબીઓએ મેમણવાડામાં જે સ્થળે વસવાટ કર્યો હતો. તે મકાન આજે પણ 'બાવાના ડેલા'ના નામ વડે મશહુર છે. આપના તેમજ ત્યાર બાદના બુઝુર્ગો માટે આ મકાન રહાઇશગાહ-ગાદીવાલા મકાન, ખાનકાહ, ગાદીકા ઓટા વગેરે અલગ-અલગ નામો વડે ઓળખાતું રહયું. આપની સાથે આપના એક ભાઇ પણ હતાં જેનું નામ મુસામીયાં હતું, જેઓ એકાકી ઝિંદગી ગુઝારતા હતાં અને પહાડો તેમજ જંગલોમાં જઇને ઝીક્રે ઇલાહીમાં મશગુલ રહેતાં હતાં અને તેઓએ આ જ રીતે પોતાની પુરી ઝિંદગી પહાડો અને જંગલોમાં ગુજારી; અને એક દિવસ આપનો જંગલો અને પહાડોની વચ્ચે જ ઇન્તેકાલ થઇ ગયો. હઝરત મીયાં મહેમુદ શાહ (રહેમતુલ્લાહ અલયહ)ને જ્યારે આ વાતની ખબર પડી તો આપ તેઓની લાશ મુબારકને લઇ આવ્યાં અને તેને ગુસ્લ આપીને જુનાગઢમાં મોટા તળાવ પાસે તેઓની દફનવીધી કરી; આ મઝાર આજે પણ ત્યાં મૌજુદ છે.

### -: આપના પીરો મુર્શીદનું જુનાગઢમાં આગમન :-

મુલ્કેશામ(સિરીયા)માં હામ્માશરીફ નામના એક કસ્બામાં કુરૈશ કબીલાના ચાર ભાઇઓ હતાં, જેઓ એ યુગના ઘણાં જ કામીલ અને સાહેબે

નિસ્બત બુઝુર્ગો ગણાતાં હતાં. તેઓ પૈકી એક ભાઇનું નામ હઝરત શૈખ જમાલ મોહંમદ કુરૈશી નકશબંદી હતું. તેઓ હામ્માશરીફથી ઉડતાં-ઉડતાં અહીં જુનાગઢ તશરીફ લાવ્યાં અને અહીં ગીરનારની પહાડીઓમાં આવેલી એકાંતવાદીઓમાં તેઓ ઇબાદતો-રિયાઝત તેમજ ઝીક્ર ફીક્રમાં મશ્ગુલ રહેતાં હતાં. આપ હંમેશા પોતાની ઝાતને તમામ મખ્લુકથી છુપાવીને રાખતાં હતાં, કોઇ આપના નામ સુધ્ધાથી પરિચીત નહોતું. મોટાભાગે લોકો આપને 'લાલા' એ નામથી ઓળખતાં હતાં. ઘણાં હિંદુ સાધુ-સંતો અને જોગીઓ આપના તરફ ખુબ જ અકીદત ધરાવતાં હતાં. ક્યારેક આપ અચાનક જ વસ્તી તરફ નીકળી આવતાં હતાં તો લોકો આપને ઘેરી વળતાં હતાં, તેમ છતાંપણ આપ કેટલાં મહાન દરજ્જાના બુઝુર્ગ છે તેની કોઇને પણ ખબર પડતી નહી.

**-: હઝરત પીરો મુર્શીદની મુલાકાત :-**

હઝરત મીયાં મહેમુદશાહ (રહેમતુલ્લાહ અલયહ) પોતાને મદીનાએ મુનવ્વરામાં મળેલી હુઝુર નબીએ પાક (સલ્લલ્લાહો અલયહ વસલ્લમ)ની બશારત મુજબ શહેર જુનાગઢમાં આવીને પોતાની રૂહાની અમાનત હાંસીલ કરવા માટે હઝરત પીરો મુર્શીદની શોધમાં લાગી ગયાં. બસ આપના દિલો-દિમાગ પર એકજ વાતની ધુન સવાર હતી. પરંતુ ઘણાં દિવસો સુધી આપને પીરો મુર્શીદનો કોઇ પત્તો કે ઠેકાણું મળ્યું નહીં. પણ છેવટે એક દિવસ 'જો ઢુંઢે સો પાવે' ઇન્સાનની તલબ છેવટે તેને મતલુબ સુધી પહોંચાડી દે છે. એ મુજબ આપના ઈમ્તેહાં અને આતુરતાનો અંત આવી પહોચ્યો. એક દિવસ અચાનક જ હઝરત શૈખ જમાલ મોહંમદ કુરૈશી( રહેમતુલ્લાહ અલયહ) પોતાની આદત મુજબ વસ્તી તરફ નીકળી પડ્યાં અને માંડવીચોકમાં આવેલી મીર્ઝા મસ્જીદ પાસેની એક હલવાઇ (મીઠાઇવાળા)ની દુકાન પાસે આપ ઊભાં રહયાં. બરાબર આજ સમયે મુર્શીદની શોધમાં નીકળેલાં હઝરત મીયાં મહેમુદ શાહ (રહેમતુલ્લાહ અલયહ) એક પ્રકારની બાતીની કશીશ અને જઝબ (આંતરીક ખેંચાણ અને આકર્ષણ)વડે લોહ ચુંબકની જેમ હઝરત શૈખ જમાલ મોહંમદ કુરૈશી (રહેમતુલ્લાહ અલયહ) જે તરફ ઊભાં હતાં એ તરફ ભાગી નીકળ્યાં અને હઝરત મીયાં મહેમુદ શાહ (રહેમતુલ્લાહ અલયહ)નો આપના પીરો મુર્શીદ સાથે અલ્લાહ ત્આલાના ફઝલો કરમથી ભેટો થઇ ગયો. અલ્લાહ ત્આલાએ આપનો રૂહાની હિસ્સો જેની પાસે અમાનત રાખેલો હતો અને જે મર્દે હકકની બશારતમાં આપના પીરોમુર્શીદ દર્શાવી દીધેલાં હતાં, એ કામીલ શખ્સીયત વેશપલ્ટામાં તેમજ લોકોના ટોળાં





વચ્ચે હોવાથી ઓળખવી ઘણી જ મુશ્કેલ હતી, છતાંપણ હઝરત મીયાં મહેમુદશાહ (રહેમતુલ્લાહ અલયહ) પોતાની રૂહાની કશીશ અને બાતીની ફરાસત (આંતરીક દિવ્ય દષ્ટિ) વડે તેઓને ઓળખી લીધાં; અને પછી આપે મકકમતા પુર્વક આપના દામનને પકડી લીધો તથા અર્ઝ કરી કે, 'હુઝુર આપ જ મારા પીરો મુર્શીદ છો કે જેની બશારત મને મદીનાએ મુનવ્વરાથી મળી છે; અને જે રૂહાની હિસ્સો અને અમાનત આપના પાસે અલ્લાહ ત્આલા તરફથી મારા માટે મુકર્રર થયેલી છે, અને જેની શોધમાં હું મારા માદરે વતનનો ત્યાગ કરીને અહીં જુનાગઢમાં આવી વસ્યો છું, તે મને અતા કરો અને સિલસિલાએ નકશબંદીય્યાહની નિસ્બત અને ફૈઝાન વડે મુશર્રફ ફરમાવો તેમજ મારી રૂહાની અમાનત જે આપના પવિત્રસીનામાં જળવાયેલી છે, તે અતા કરવા મહેરબાની કરો. આપ ગમે તેટલો વેશપલ્ટો કરો કે નામ બદલો અને દુનિયાથી તમારી જાતને છુપાવો પરંતુ હું આપના દામનને ક્યારેય નહી છોડું, કારણકે હુઝુર નબીએ કરીમ સાહેબે લૌલાક (સલ્લલ્લાહો અલયહ વસલ્લમે) આપની સુરત તેમજ હુલીયા મુબારક મને બશારતમાં બતાવી દીધેલ છે માટે આપનો દામન હવે હું ક્યારેય છોડીશ નહી.'

**-: હઝરત પીરમુર્શીદની રૂહાની નેઅ્મત વડે નવાઝીશ :-**

હઝરત શૈખ જમાલ મોહંમદ કુરૈશી નકશબંદી (રહેમતુલ્લાહ અલયહ) આપની તરફ મુતવજ્જોહ(ધ્યાનીત )થઇને ફરમાવ્યું કે, 'અને જ્યારે હવે રાઝ ખુલી જ ગયો છે, તો પછી હવે વાર શેની ?' આવું ફરમાવીને આપે તરત જ હઝરત મીયાં મહેમુદ શાહ (રહેમતુલ્લાહ અલયહ)ને પોતાની પહાડોની વચ્ચે આવેલી રિયાઝતગાહમાં લઇ જઇને સિલસિલામાં દાખલ ફરમાવી લીધાં અને ખુબ જ જમીય્યત (એકાગ્રતા)ની સાથે તવજ્જોહ્ ફરમાવીને બાતીની ફૈઝ વડે આપને માલામાલ ફરમાવ્યાં અને આપના પવિત્ર કલ્બ( દિલ)ને 'ઇસ્મેઝાત'ના ઝીક્ર વડે મુનવ્વર ફરમાવીને આપના દિલના દરવાઝાઓ ખોલી નાંખ્યાં તેમજ આપને બાતિની કશ્ફની દૌલત વડે મુશર્રફ ફરમાવ્યાં.

**-: આપની ઈબાદતો-રિયાઝતો :-**

હઝરત મીયાં મહેમુદશાહ (રહેમતુલ્લાહ અલયહ)ને પોતાના પીરો મુર્શીદનું દામન હાંસીલ થયા પછી આપ પોતાના પીરોમુર્શીદની ઇબાદતગાહ જે પહાડના એકભાગ (ગુફા)માં હતી ત્યાં જ તેઓની ખિદમતમાં તેમજ ઇબાદતોં-રિયાઝતો અને ઝીક્ર ફીક્રમાં મશ્ગુલ રહેવાં લાગયાં. હઝરત મીયાં

મહેમુદશાહ (રહેમતુલ્લાહ અલયહ) ખુબ જ મોટા આલીમ-ફાઝીલ તેમજ સારામાં સારા કારી હતાં; અને સાથે સાથે અલ્લાહ ત્આલાએ આપને ખુબ જ સારા મધુર અવાઝ વડે નવાઝયાં હતાં. આપ જ્યારે કુર્આનેપાકની તિલાવત ફરમાવતાં ત્યારે હજારોની સંખ્યામાં લોકો આપની કિરઅત સાંભળવા મો એકઠાં થઇ જતાં હતાં. આપના પીરોમુર્શીદ પણ ઘણાં જ ઝૌકો-શોકની સાથે આપની તિલાવત સાંભળતાં હતાં. અને આપના ગળાની મિઠાશના કારણે લાડ-પ્યારથી આપની 'મિયાં મીઠુ' ના હુલામણાં નામ વડે યાદ કરતાં હતાં.

હઝરત મીયાં મહેમુદ શાહ (રહેમતુલ્લાહ અલયહ) **દલાઈલુલ્ખૈરાતશરીફ**ના ખુબ જ જબરદસ્ત આમીલ હતા; હંમેશાના મામૂલ મુજબ નક્કી કરેલાં સમયે આપ ખુબ જ અદબની સાથે વીર્દ ફરમાવ્તાં હતાં.

**-: હઝરત પીરો મુર્શીદની વિદાય :-**

હઝરત મીયાં મહેમુદ શાહ (રહેમતુલ્લાહ અલયહ)ના પીરોમુર્શીદ હઝરત શૈખ જમાલ મોહંમદ કુરૈશી (રહેમતુલ્લાહ અલયહ)ના બીજા ત્રણ બિરાદરો પણ હમ્માશરીફ (સિરીયા)માં રહેતાં હતાં. તેઓ પોતાના ભાઇની તલાશમાં હિંદુસ્તાનમાં આવ્યાં અને જુનાગઢ આવીને આપની તલાશ શરૂ કરી અને અંતે પહાડોની એકાંતવાદીઓ વચ્ચેથી આપને શોધી કાઢયાં તથાં આપને હામ્માશરીફ પાછાં લઇ જવા માટે ખુબ જ મજબુર કરવા લાગ્યા; ત્યારે આપે પોતાના બિરાદરોને ફરમાવ્યું કે, 'હું મારા મુરીદ મિયાં મીઠું ને મુકી શકતો નથી; કારણકે તેનું કાર્ય હજુ અધુરું છે.' તો પેલાં ત્રણેય બુઝુર્ગોએ ફરમાવ્યું કે, 'અમો પણ આપના આ હોનહાર મુરીદને અલ્લાહ ત્આલાએ અમને અતા કરેલ રૂહાની શકિતઓ વડે નવાઝવા ઇચ્છીએ છીએ.' આવું ફરમાવીને એ ત્રણેય બુઝુર્ગોએ પોતાની તવજ્જોહ આપી હઝરત મીયાં મહેમુદ શાહ (રહેમતુલ્લાહ અલયહ)ની રૂહાનીય્યતના બુલંદ શીખરો પાર કરાવી દીધાં. અને ત્યાર બાદ આપના પીરો મુર્શીદ હઝરત શૈખ જમાલ મોહંમદ (રહેમતુલ્લાહ અલયહ) પણ આપની તરબીય્યત તરફ ખુબજ ધ્યાનીત થયાં. અંતે એક સમય એવો પણ આવી ગયો કે હઝરત પીરો મુર્શીદે ફરમાવ્યું કે,' હે, મિયાં સાહેબ! મારા આત્રણેય બિરાદરોએ ખાસ હામ્માશરીફ (સીરીયા)થી આવીને જે નવાઝીશો તમારી ઉપર કરી છે, તે તેઓનો અહેસાન છે; પરંતુ તમારી તકમીલ અને ખિલાફતો-ઇજાઝત આપવાની જિમ્મેદારી





અલ્લાહત્આલાએ મને સોંપેલી છે, માટે હે બેટા, આવો મારા સીના સાથે લાગી જાવ અને છુટા પડયાં પછી જે હાલત તમારા પર ગુજરે તે બરદાસ્ત કરો, અને એક નસીહત ધ્યાન પુર્વક સાંભળો કે આ હાલતને સંભાળો તેમજ મહેબુબની ઉમ્મતના હકકના તલબગારો પૈકીનો જેનો જેનો હિસ્સો અલ્લાહ ત્આલાએ આપની પાસે રાખ્યો છે, તેઓને તેમની રૂહાની અમાનતો પહોંચાડતા રહો અને સિલસિલાની ખિદમતને પોતાની મુખ્ય ધ્યેય બનાવો; મારી દુઆ તમારી સાથે જ છે. બાહ્ય રીતે જો કે આ મારી અને તમારી અંતિમ મુલાકાત છે, પરંતુ તમે જ્યારે પણ અમારી તરફ મુતવજ્જોહ (ધ્યાનીત) થશો ત્યારે તમને આંતરીક મુલાકાત વડે નવાઝશું. અલ્લાહત્આલા તમને ઇસ્તેકામત ફીદ્દીનીલ મતીન અતા ફરમાવે. આમીન....'

આવું ફરમાવીને જ્યારે આપના પીરોમુર્શીદ આપને સીના સાથે લગાવ્યો ત્યારે આપની ઉપર એક અનેરી બાતીની કૈફીયત છવાઇ અને પોતે પોતાનામાં ન રહયાં 'ઇસ્તિગરાક' (મદહોશી) માં ગરકાવ થઇ ગયાં. અને આપને એ જ 'ઇસ્તિગરાક' અને 'મહવીયત'ની હાલતમાં છોડીને આપના પીરો મુર્શીદ પોતાના ત્રણેય બિરાદરો સાથે હામ્માશરીફ જવા માટે રવાના થઇ ગયાં. હઝરત મીયાં મહેમુદશાહ (રહેમતુલ્લાહ અલયહ) જ્યારે આ ઇસ્તિગરાક અને જઝબાહની કૈફીયતમાં બેહોંશ પડયા હતાં ત્યારે આપની વાલીદે મોહતરમ હઝરત મખ્દુમ મોહંમદ ઇલ્યાસ (રહેમતુલ્લાહ અલયહ) પોતાના ફરઝંદે અરજમંદની મુલાકાત માટે આવી પહોંચ્યા અને જોયું કે, તેઓની ઉપર હાલનો એવો ગલ્બો છે કે પોતાનું પોતાપણું ગુમાવી દીધું છે અને 'નિસ્યાને માસિવા' (અલ્લાહ ત્આલા સિવાય પુરી સુષ્ટિને ભુલી જવી)ના ગલ્બામાં કશી જ હરકત વગર પડયા છે. આ જ સ્થિતીમાં તેઓ પોતાના ફરઝંદ ને ઘેર લઇ ગયાં. પણ દિવસ પછી આપની આ ઇસ્તિગરાક અને જઝબાહની કૈફીયત ઓછી થઇ ગઇ. અને પછી આપ મખ્લુકની હિદાયત અને હકકના તલબગારોની પ્યાસ બુઝાવવા લાગ્યાં.

**આપની કેટલીક કરામતો**

હઝરત મીયાં મેહમુદ શાહ (રહેમતુલ્લાહ અલયહ)થી અનેક કરામતો જાહેર થઇ છે, તમામ કરામતો ને કલમ કરવી તો શકય નથી, પરંતુ આપની અમુક મશહુર કરામતો અહીં રજુ કરવામાં આવે છે.

**કરામત-૧ :-**

ગામેતી મુસ્લીમ સંધી કૌમમાં એક શમા નામનો શખ્સ હતો, જે

અઠંગ ઊઠાવગીર અને પાકો બદમાશ તેમજ મોટો ચોર હતો. ચોરી કરવીએ તેનો ખાસ ધંધો હતો. એકવાર તે સિપાહીઓની નજરે ચડી ગયો અને સિપાહીઓ તેને પકડવામાં માટે તેની પાછળ પડ્યા. આગળ પોતે દોડી રહયો છે અને પાછળ સિપાહીઓ. શમાને થયું કે આ તો સાલું ભારે થયું, હવે આ લોકોથી બચવું ઘણું જ મુશ્કેલરૂપ લાગી રહયું છે, આજે તો જરૂર જેલની હવા ખાવા માટે જવું જ પડશે. હવે શું કરવું ? કયાં જવું ? તેના દિલમાં અચાનક જ વિચાર આવ્યો કે ચાલો આજે તો મીયાં મહેમુદ બાવાની બારગાહમાં ચાલ્યો જાઉં, તેઓ જરૂર મારો બચાવ કરી લેશે. આવું વિચારીને તે હઝરત મીયાં મહેમુદ શાહ (રહેમતુલ્લાહ અલયહ)ની બારગાહશરીફમાં હાજર થઇ ગયો અને પોતાની હાલત વર્ણવી અને અર્ઝ કરી કે, 'હું એટલા માટે જ આપની બારગાહમાં હાજર થયો છું કે, આપ મને આ બલાથી બચાવી લ્યો.' આપે ફરમાવ્યું કે, 'હે શમા ! તું મીયાં શમ્અ બની જા, ગુનાહીત કામોથી તોબાહ્ કર તો તને નવાઝી દઉં.' શમા તૈયાર થઇ ગયો, તેણે તરત જ આપની બારગાહમાં તૌબાહ કરીને બૈઅત કરી. આપે તેની ઉપર એવી તવજ્જોહ ફરમાવી કે તે મકામે વિલાયત પર પહોંચી ગયો. અને ખરેખર આ રીતે તે 'શમા' માંથી 'શમ્અ' બની ગયો એટલું જ નહીં બલ્કે ઝિંદગીમાં તો તે હઝરતની ખિદમત માટે મકબુલ થઇ ગયો, પરંતુ વિસાલ પછી પણ તેનો મઝાર આપની બારગાહ શરીફના મુખ્ય દરવાઝા પાસે વચ્ચો વચ્ચ બન્યો અને તે હઝરત મીયાં મહેમુદ શાહ ઉર્ફે 'વાલી એ સૌરઠ' (રહેમતુલ્લાહ અલયહ)ના ચોકીદાર તરીકે ઓળખાયાં. આ રીતે આપના મઝાર શરીફ પર આવતાં જતાં ઝાઇરીનો સૌ પ્રથમ હઝરત 'શમ્અ'ના મઝાર પર ફાતેહા પઢીને પસાર થતાં જોવામાં આવે છે; જાણે કે તેઓને આ રીતે હજુ પણ આપની ચોકીદારીના ખિદમતનો શર્ફ હાંસીલ છે.

**કરામત-૨ :-**

મિયાં જાફર કરીને એક માણસ હઝરત મિયાં મહેમુદ શાહ (રહેમતુલ્લાહ અલયહ)ની ઘણી જ ખિદમતોં કરતો હતો. અલ્લાહ-વાળાઓની ખિદમત કયારેય વ્યર્થ જતી નથી; કારણકે અલ્લાહવાળાઓનો એ કાનુન છે કે **"હલ જઝા ઉલ અહેસાને ઈલ્લલ્એહસાન"** (અહેસાનનો બદલો અહેસાન) આ મુજબ એકવાર હઝરત મીયાં મહેમુદ શાહ (રહેમતુલ્લાહ અલયહે) મિયાં જાફર ઉપર ખુબ જ મહેરબાની ફરમાવી કે તે રોશન ઝમીર બની ગયો; અને તે વિલાયતના ઘણાં ઊંચા મર્તબા પર પહોંચી





ગયો આ રીતે આપે મિયાં જાફરને તેની ખિદમતનો ઘણો જ ઊંચો બદલો અતા ફરમાવ્યો. ઝિંદગી દરમ્યાન તો તે ખિદમતમાં રહયા પરંતુ વફાત પછી પણ તેઓએ આપના કદમોમાં જ દફન થવાનું પસંદ ફરમાવ્યું.

આમ એક જ તવજ્જોહ વડે મિયાં જાફરને આપે વિલાયતના ઊંચા દરજ્જા પર પહોંચાડી દીધો જે આપની મહાન કરામત છે.

**કરામત-૩ :-**

એકવાર હઝરત મીયાં મહેમુદ શાહ (રહેમતુલ્લાહ અલયહ) પોતાની ખાનકાહ શરીફમાં મુરીદોં વચ્ચે બેઠેલાં હતાં આપે અચાનક જ આસમાન તરફ દ્દષ્ટિ ફેંકી તો આપે જોયું કે બે જાદુગરો આકાશમાં ઊડતા ઊડતા જઇ રહયાં હતાં, આપે પોતાની ખડાઉ(ચાખડી)ને હુકમ કર્યો કે, 'તે બંને પર તુટી પડ અને અહીં મારી પાસે હાજર કર.' આપના હુકમથી ચાખડીઓ ઊડી અને તે બંને જાદુગરો ઉપર તુટી પડી તેમજ તે બંનેને આપની ખિદમતમાં લઇ આવી. બંને જાદુગરો સાથે આપનો ધાર્મિક વાદ-વિવાદ ચાલ્યો. આપે તે બંનેના સવાલો તેમજ દલીલોના અનુકુળ જવાબોં પણ આપ્યાં. અંતે આપની સચોટતા અને હાજર જવાબી પણાંની તે બંને ઉપર એવી અસર થઇ કે બંને એ આપની બાગહશરીફમાં ઇસ્લામ કબુલ કરવા માટે અર્ઝ કરી. આપે તે બંને ને કલ્મો પઢાવીને ઇસ્લામમાં દાખલ કરી લીધાં તેમજ સિલસિલાના ફૈઝાન વડે પણ નવાઝી દીધા.

**કરામત-૪ :-**

આપનો એક મુરીદ હંમેશા પરદેશમાં વેપાર ખેડતો હતો અને દુરદુર સુધી દરિયા પર વૈપાર અર્થે જતો હતો. તે એકવાર વહાણ પર બેસીને દરિયાઇ મુસાફરી કરી રહયો હતો, સફર દરમિયાન અચાનક જ તેના વહાણમાં એક કાણું પડી ગયું અને તેમાં પાણી ભરાવા લાગ્યું અને હવે નકકી જ હતું કે પાણી ભરાઇને વહાણ ડુબી જશે. ત્યારે આ મુરીદે પોતાના પીરો મુર્શીદ હઝરત મીયાં મહેમુદ શાહ (રહેમતુલ્લાહ અલયહ)નો વસીલો લઇને અલ્લાહ ત્આલાની બારગાહમાં દુઆ કરી તેમજ એવી મિન્નત લીધી કે, 'જો હું આ આફતમાંથી બચી જઇશ, તો મારા માલમાંથી અડધોભાગ મારા પીરોમુર્શીદ હઝરત મહેમુદ શાહ (રહેમતુલ્લાહ અલયહ)ના કદમોમાં નિચ્છાવર કરીશ.' જે સમયે આ મુરીદે દુઆ માંગી ત્યારે આપ ઉમર હજામને ત્યાં ખત-હજામત બનાવી રહયાં હતાં. આપના હાથમાં એ સમયે એક નાનો અરીસો હતો. આપને એ સમયે થયેલાં બાતિની કશ્ફના કારણે આપ ઊભા થઇ ગયા અને

હજામની દુકાન બહાર આવીને તે અરીસો આપે ફંગોળી દીધો. પાસે બેઠેલાં સૌ તાઅ્જ્જુબમાં પડી ગયા કે આ શું થયું ? અને આપે આમ અચાનક જ અરીસો આ રીતે શા માટે ફંગોળી દીધો ? આ તરફ આપે ફેંકેલો અરીસો ઊડતો ઊડતો તે મુરીદના વહાણ કે જે ડુબવાની અણી પર હતો, તેમાં પડેલા કાણાં ઉપર જઇને એવો ચોંટી ગયો કે, પાણી આવવાનું બંધ થઇ ગયું. અલ્લાહત્આલાના ફઝ્લો કરમ અને આપની કરામતથી વહાણમાં સફર કરનારા તમામ લોકોની જાન બચી ગઇ; પછી તે મુરીદ જ્યારે આ સફરમાંથી પાછો ફર્યો ત્યારે પોતાના પીરોમુર્શીદનીખિદમતમાં હાજર થયો અને તેણે માનેલી મિન્નત મુજબ પોતાનો અડધો માલ આપની બારગાહ શરીફમાં પેશ કર્યો;તો આપે તે માલ સ્વીકારવાની ના પાડી અને ફરમાવ્યું કે, 'તે વખતે મેં પેલા હજામનો અરીસો ફેંકી દીધો હતો માટે તેને તેના અરીસાના બદલે આ માલ આપી દે.'પછી તે મુરીદ આપના હુકમ મુજબ તે માલ લઇને હજામને આપવા માટે ગયો; અને ત્યારે તે સમયે તાઅ્જ્જુબ પામનારાં લોકોને આપનો અરીસો ફેંકી દેવાનો ભેદ સમજાયો અને આપની આ મહાન કરામતથી લોકો દિગમુઢ બની ગયાં. પછી હજામે કહયું કે, 'એક નાના અમથા અરીસા માટે આટલા બધા માલને લઇને હું શું કરું ? હું તો હઝરતની દુઆઓને જ મારી પુંજી માંનું છું, અને તેઓની દુઆઓનો તલબગાર છું.' અંતે હઝરત પીરો મુર્શીદના હુકમથી તે મુરીદે આ માલ મિસ્કીનો અને મોહતાજોને વહેંચી દીધો અને અલ્લાહ ત્આલાનો શુક્ર અદા કર્યો

**કરામત-૫ :-**

કુતિયાણા, બાંટવા, રાણાવાવ, પોરબંદર વગેરે વિસ્તારોમાં હઝરત મીયાં મહેમુદ શાહ (રહેમતુલ્લાહ અલયહ)ના મુરીદોનો સિલસિલો ઘણોં જ ફેલાયો હતો. આપ પણ ક્યારેક પોતાના મુરીદોના આગ્રહવશ ત્યાં તશરીફ લઇ જતાં હતાં, જેના કારણે ત્યાંના બીજા લોકો પણ આપના વડે ફૈઝયાબ થતાં હતાં.

એકવાર આપ કુતિયાણા તશરીફ લાવ્યાં હતાં. કુતિયાણામાં એક નવજવાન હતો, જેની શાદી નવી નવી જ થઇ હતી, અને તે મર્દાનગીની કમઝોરીના કારણે ઘણો જ લઝ્ઝીત હતો. આ વાત તે કોને કરે અને કેવી રીતે કરે ? હંમેશા આ રીતે મુંઝાયેલો રહેતો હતો. એવામાં અચાનક જ હઝરત મીયાં મહેમુદ શાહ (રહેમતુલ્લાહ અલયહ)ની કુતિયાણામાં પધરામણીની તેણે ખબર સાંભળી, તો તે આપની બારગાહ શરીફમાં હાજર થયો અને





મૌકો મળતાં આપની સમક્ષ પોતાની સમસ્યા રજુ કરી તેમજ તેના ઈલાજ માટે દુવાનો તલબગાર થયો.તે નવજવાનની વાત સાંભળીને આપે દુઆ કરી અને એક બાજરાની રોટી પર કશું દમ કરીને તેના બે ટુકડાં તેને આપ્યાં અને ઘરે લઇ જઇને તે ખાવા માટે તેને ભલામણ કરી. તે નવજવાન આપના ફરમાન મુજબ તે બાજરાની રોટીના ટુકડાં ખાઇ ગયો, અલ્લાહ ત્આલાનો ફઝલ થઇ ગયો, તેના પરિણામ સ્વરૂપે તેની આ કમઝોરી સદંતર દુર થઇ ગઇ.

**કરામત-૬ :-**

જુનાગઢમાં એક બ્રાહ્મણ હતો, જે દરરોજ નિયમીત રીતે આપની ખાનકાહ શરીફ પર આવતો હતો અને બહાર ઊભો રહીને આપના ચહેરા મુબારકના રૂહાની દિદાર કરતો હતો અને થોડીવાર માટે ત્યાં ઊભો રહીને જતો હતો. આ તેનો દૈનિક કાર્યક્રમ હતો. એકવાર તે નિયુક્ત સમયે આવ્યો નહીં, ત્યારે આપે ત્યાં હાજરજનોને તેના અહીં આવવાનું કારણ પુછયું. લોકોએ કહયું કે, 'હઝરત અમને તેના વિશે કશી જ ખબર નથી.' તો આપે પોતાના એક ખાસ ખાદીમ મિયાં જાફરને કહયું કે, 'મને ઈલ્હામ વડે જાણ થઇ છેકે મજકુર બ્રાહ્મણનું અવસાન થયું છે; અને તેના સમાજવાળાઓ તેની લાશને સ્મશાને બાળવા માટે લઇ ગયા છે અને તેને જલાવવા માટે સવારથી પ્રયત્નો કરી રહયા છે, અત્યારે અસરની નમાઝનો સમય થયો છે, પરંતુ હજુ સુધી તેની લાશ બળતી નથી; તે સૌ લોકો આશ્ચર્યમાં ગરકાવ છે, કે આ લાશ બળતી કેમ નથી ?' આપે ત્યાર બાદ ફરમાવ્યું કે, 'તે કેવી રીતે બળી શકે ? એ લાશ અમારી અમાનત છે, પછી શી રીતે સળગે ? હવે ,તમે ત્યાં જાઓ તથા સ્મશાનના ડાઘુઓને જઇને કહો કે, ભાઇ, તમે લોકો ઘણાં પરેશાન છો, આ મડદાને અમારી પાસે છોડી દ્યો અને તમે સૌ ચાલ્યા જાઓ. પછી જ્યારે ડાઘુઓ ચાલયા જાય તો મારી આ લાકડી તેના શરીરને અડકાળજો, તો અલ્લાહત્આલાના હુકમથી જીવંત થઇ જશે અને નવી ઝિંદગીનો હકકદાર બનશે; અને જ્યારે તે અલ્લાહત્આલાના હુકમથી જીવંત થાય તો તેને મારી પાસે લઇ આવજો.' અને આપે જે મુજબ ફરમાવ્યું હતું એવું જ થયું. હઝરત મિયાં જાફર આપના હુકમ મુજબ સ્મશાને પહોંચ્યાં અને ડાઘુઓ સાથે વાતચીત કરી, મડદાનો હવાલો તેની પાસે લીધો અને જ્યારે તેઓ લાશને છોડીને ચાલ્યા ગયાં તો મિયાં જાફરે હઝરત પીરોમુર્શીદે આપેલી લાકડી મડદ ાને અડાળી; તો મડદું સુબ્હાનલ્લાહ કહેતું જીવંત થઇ ગયું અને મુર્શીદનો

હુકમ સાંભળીને આપના દરબારમાં તે બ્રાહ્મણ હાજર થયો. આપે તેને કલ્મો પઢાવીને મુસલમાન બનાવ્યો, તેમજ મુરીદ બનાવીને સિલસિલામાં પણ દાખલ ફરમાવ્યો. નવી ઝિંદગીમાં તે બીજા ચાલીસ(૪૦) વરસ સુધી જીવંત રહયો અને ફરીવાર જ્યારે તે મૃત્યુ પામ્યો તો તેને વાલીએ સૌરઠના કબ્રસ્તાનમાં જ દફ્નાવવામાં આવ્યો.

**કરામત-૭ :-**

આપના યુગમાં જુનાગઢમાં એક ફકીર હતો જે અજીબ પ્રકારનો હુન્નરી અને કિમીયાગીર હતો; તેની પાછલી ઝિંદીગીમાં તેને ખ્યાલ અવ્યો કે મારા આ હુન્નર અને કિમીયાગીરી કોઇ એવા અલ્લાહ વાળાને સોંપુ કે જે પોતે સ્વાર્થી પણ ન હોય તેમજ આ કિમીયાગીરી વડે તે મખ્લુકની ખિદમત કરે. આવું વિચારીને તે આવા અલ્લાહવાળા બંદાની શોધ કરતો કરતો છેવટે હઝરત મિયાં મહેમુદશાહ (રહેમતુલ્લાહ અલયહ)ની બારગાહ શરીફમાં હાજર થયો અને આપને કહયું કે, 'સાંઇ, આપ મારી પાસેથી આ કિમીયાગીરી શીખી લ્યો.' તો આપે ફરમાવ્યું કે,' હે ફકીર, તું ભલે હુન્નરમંદી કે કિમીયાગીરીનો દાવો ધરાવતો હો, પરંતુ હમણાં જ હું ઇસ્તિન્જાથી ફારીગ થયો છું અને ફલાણા પથ્થર મેં ઢેલા-ખ્ડુ તરીકે ઉપયોગ કર્યો છે, તું જરા તેની સામે નઝર કર.' ફકીરે જેવી નઝર ઢેલા-ખ્ડુ તરફ કરી તો જણાયું કે તે ઢેલો-ખ્ડુ સોનાનો બની ગયો હતો.

ત્યાર બાદ આપે તે ફકીરને ફરમાવ્યું કે, 'હે ફકીર, યુનાનીઓ-વિદેશીઓની ઇચ્છિત હિકમતોંને ઇમાનની હિકમત સાથે મેળવ નહીં, તું કયાં સુધી આવી હિકમતો અને ફીલસુફોની માયાજાળમાં ફસાયેલો રહીશ. સાચા ઇમાનવાળા-ઓની ખુબી અને રૂહાની બરકતોં જે બંને જહાંની પુંજી છે, તેની તરફ પણ ધ્યાન આપ; અમારી આ નાની એવી વાત માની લે કે જે આખેરતનો સામાન છે.'

**-: આપનો વિસાલ અને મઝારે પાક :-**

જુનાગઢ શહેરમાં હાલમાં આપનો મઝારે પાક જે સ્થળે આવેલો છે, ત્યાં આપ અવાર-નવાર આવીને બેસતાં હતાં અને સામાનયતઃ 'એવું કહેતાં રહેતાં હતાં કે, આ જ મારું ઠેકાણું છે મને અહીં જ શાંતી મળે છે.' મોટાભાગે આપ આ જગ્યાએ જઇને ઇબાદતો-રિયાઝત કરતાં હતાં, કયારેક ઘરે પણ તશરીફ લઇ જતાં.

છેવટે આપનો વિસાલ હી.સ. ૧૧૦૦ ની માહે શાબાનની ૨૦ તારીખે





વહેલી સવારે ચાર(૪) વાગે થયો. આપને આપે પસંદ કરેલી જગ્યા પર જ દફન કરવામાં આવ્યાં. આપનો મઝારે પાક લોકો માટે શાંતી અને સબ્રનું કેન્દ્ર છે. અહીં જે કોઇ આવે છે, તેને શાંતી અને સુકુન હાંસીલ થાય છે. ત્યાં હરઘડી અન્વારોની વર્ષા થતી રહે છે.

હઝરત મિયાં મહેમુદ શાહ (રહેમતુલ્લાહ અલહય)ના વાલીદે મોહતરમ હઝરત મખદુમ મોહંમદ ઇલ્યાસ (રહેમતુલ્લાહ અલયહ)ની વફાત પણ જુનાગઢ શહેરમાં જ થઇ હતી, આપનો મઝારશરીફ બાજુવાળી મસ્જીદની કિબ્લા તરફની દિવાલને અડીને આવેલો છે. આપની વાલેદાસાહેબા 'ઝીનતમાં'ની કબ્રશરીફ પણ મઝાર શરીફના સહેનની પશ્ચિમ તરફની દિવાલ પાસે મૌજુદ છે.

હઝરત મિયાં મહેમુદ શાહ (રહેમતુલ્લાહ અલયહ)ના બે ફરઝંદો હતાં, તેઓ પણ ખુબ જ મોટા આલીમ અને આરીફોં હતાં; જેમાં (૧) હઝરત દુલ્હા મિયાં અને (૨) હઝરત હિદાયતુલ્લાહ મિયાં છે. તેઓ બંનેની મઝારો પણ આપના રોઝા શરીફમાં મૌજુદ છે.

**-: આપનો ઉર્ષ મુબારક :-**

આપના ઉર્ષમુબારક દર વરસે માહે શાબાનની ૧૯, ૨૦, ૨૧ તારીખ એમ ત્રણ દિવસ શરીઅતની પાબંદી સાથે મનાવવામાં આવે છે, નકશબંદી બુઝુર્ગોની એ ખાસ ખુબી છેકે તેઓના ઉર્ષ ઘણી જ સાદગી અને શરીઅતની પાબંદી સાથે મનાવવામાં આવે છે; કારણકે આ તરીકાના બુઝુર્ગો એ પોતાની હયાતીમાં પણ કયારેય શરીઅત અને સુન્નતની ખિલાફવાતોને પસંદ કરીનથી.

૧૯મી તારીખે અસરની નમાઝ બાદ મેમણવાડા-બાવાના મકાનેથી સંદલ શરીફ અને ચાદર સાથે એક રૂહાની ઝુલુસ સ્વરૂપમાં હઝરત મિયાં મહેમુદ શાહ (રહેમતુલ્લાહ અલયહ)ની શાનમાં મનકેબત પઢતાં પઢતાં મગરીબ સુધીમાં મઝારેપાક પર પહોંચીને ચાદરપોશી કરવામાં આવે છે અને દુઆએ ખૈર કરવામાં આવે છે.

૨૦ મી તારીખે ઇશાની નમાઝ બાદ મહેફીલે મિલાદ વગેરેનો પ્રોગ્રામ હોય છે. અને ત્યાર બાદ મોડી રાત્રે વિર્દ વઝાઇફ તેમજ તિલાવતે કુર્આનશરીફ થાય છે; જે વહેલા સવારે (૪)ચાર વાગે ખત્મ થાય છે અને પછી શજરાહ્ શરીફ પઢવામાં આવે છે. તેમજ ફરીવાર ચાદરપોશી અને દુઆએ ખૈર થાય છે. આ સમય આપનો અલ્લાહત્આલાથી વિસાલનો ખાસ સમય છે. આ સમયે દરેકની ઉપર એક અજીબ રૂહાની કૈફીયત છવાઇ જાય છે; અને દરેકની

આંખો અશ્રુભીની થઇ જાય છે. એકવાર આ ઉર્ષમુબારકમાં સામેલ થનારો હંમેશા માટે આવવા તત્પર દેખાય છે.

**-: આપની કેટલીક નસીહતો અને હિકમતભરી વાતો :-**

હઝરતે ઇમામે રબ્બાની મુજદ્દીદી અલ્ફેસાની શૈખ અહમદ ફારૂકી સરહિંદી નકશબંદી (રદીયલ્લાહો ત્આલા અન્હો) એ પોતાના એક પવિત્ર મકતુબમાં ઔલીયા અલ્લાહની તારીફ ફરમાવતાં લખ્યું છેકે,

ઔલીયા તે લોકો છે કે, તેઓના સહવાસી,બદબખ્ત નથી થતા, તેઓના દોસ્ત, નામુરાદ નથી થતા, તેઓ અલ્લાહના હમનશીન છે, તેઓને જોવાથી અલ્લાહ યાદ આવે છે, જેણે તેઓને ઓળખ્યા તેણે અલ્લાહત્આલાને ઓળખ્યો; તેઓની નઝર, દવા છે, તેઓનો કલામ, શિફા છે; તેઓની સોહબત, નખશીખ નુર અને રોશની છે. હઝરત મુજદ્દીદે સાહેબના આ ફરમાન મુજબ ઔલીયા અલ્લાહનો કલામ,શિફા (રૂહાની બિમારીઓથી મુકિત) છે; તો વાલીએ સૌરઠની કેટલીક હિકમતભરી વાતો અને નસીહતોં અહીં લખું છું. જે આપણાં બિમાર દિલ માટે શિફાનો સબબ બનશે.

**આપે ફરમાવ્યું કે,:-**

★ અલ્લાહ અને તેના રસુલ(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની તાબેદારી-માં બંને જહાંની ભલાઇ અને ઉન્નતી છે. ★ અલ્લાહ ત્આલાની યાદમાં જ બંને જહાં શાદો આબાદ છે. ★ પીર અને ઉસ્તાદ વગર મેળવેલો કોઇપણ મોભો કે રૂત્બો અપુર્ણ છે. ★ બુઝુર્ગોની બેઅદબીથી આખેરત તબાહ અને બરબાદ થાય છે. ★ પડોશીઓની સાથે પ્રેમાળ અને મોહબ્બતસભરનું સદ્‌વર્તન જરૂરી છે. ★ સબ્ર (ધૈર્ય) અને કિનાઅત (સંતોષ) અકકલમંદોની શોભા છે. ★ તન્હાઇ(એકાંત)માં ખૌફ અને રંજો ગમની હાલતમાં કિતાબોનું વાંચન ઉત્તમ દોસ્ત સમાન છે. ★ સબ્રનું ફળ ઘણું જ મીઠું હોય છે. ★ મકકમતા તેમજ અડગતા(ઇસ્તિકામત)ની અગ્નિપરિક્ષા જરૂરી હોય છે. ★ ઉતાવળ એ ઘણી જ નુકસાનકારક વસ્તુ છે. ★ જહાલત એ સખ્ત અંધકાર છે. ★ અકકલમંદ વાત વિચારીન બોલે છે. ★ દીનદાર, તાબેદાર, હકકપરસ્ત, હુન્નરી અને સમજદાર પત્નિ અલ્લાહ ત્આલાનું ઘણું જ મોટું ઇનામ છે. ★ ઔલાદને આળસુ તેમજ જાહીલ રાખવી સૌથી મોટી મેહરૂમીયત(વંચીતતા) છે. ★ વિદ્વાન તેમજ મહેનતુ ઔલાદ ઇનામરૂપ





છે. ★ ઇર્ષા અને ચાડી-ચુગલખોરી તથા લાલચ અને રિયાકારી આ તમામ બેઇઝઝતીનો રસ્તો તેમજ બરબાદીનો રોગ છે. ★ કોઇપણ બાબતમાં હદ-મર્યાદા નકકી કરવી એ ઘણું જ ઉત્તમ છે. ★ હકકની કબુલાત હકકવાળા પર વાજીબ છે. ★ સદ્‌વર્તાવ તેમજ ખિદમતે ખલ્ક(માનવસેવા) એ બંને જહાંનું નુર છે. ★ સબ્ર તેમજ રઝા અલ્લાહત્આલાની બારગાહમાં ખુબ જ મકબુલ અને પ્યારા છે. ★ જે કોઇને દગો ફટકો કરે છે, તે ભરોસો ખોઇ નાંખે છે. ★ વધારે પડતું બોલવાથી પણ માણસ ભરોસાપાત્ર રહેતો નથી. ★ વધુ પડતું ખાવાથી દિલ મુર્દા બની જાય છે. ★ સચ્ચાઇમાં ઝમીરની ઉચ્ચતા તેમજ અલ્લાહત્આલાની ખુશ્નુદી છે. ★ સખાવત તેમજ સદકો બલાઓને રદ કરે છે. ★ દરેક કાર્ય તેના સમય પર કરવામાં જ શાણપણ છે. ★ ઇલ્મ વડે શાણપણ તેમજ બુઝુર્ગોની નેક સોહબતથી અકકલ જાગૃત થાય છે. ★ ઇન્સાફ તેમજ રહેમો કરમ ખુબ જ સારા સદ્‌ગુણો છે. ★ દયા તેમજ વિવેક સારી આદતો પૈકી છે. ★ ગરીબ(મીસ્કીન)ની દોસ્તીમાં અલ્લાહત્આલાની ખુશ્નુદી સમાયેલી છે. ★ વાયદાનું પાલન કરવું એ શરાફત તેમજ ગૌરવ છે. ★ વાયદા-વચનથી વિરુદ્ધનું વર્તન ગૌરવહીનતા તેમજ નાલેશી છે. ★ જુગાર રમવું એ તબાહીનો ધોરીમાર્ગ છે. ★ સુરા (શરાબ) અને સુંદરીનો સંગ બુદ્ધિની ભ્રષ્ટતા, બલાઓ-આફતોનું વમળ તેમજ અલ્લાહત્આલાની નારાજગી અને બંને જહાંની ખરાબી છે. ★ ઊભાં ઊભાં ખાવું પીવું બદતમીઝ તેમજ નુકસાન કારક છે. ★ ગાળો કાઢવી, ભુંડા અપશબ્દો બોલવા, ઇશારા કરવા કે તાના મારવા તેમજ નાચ-ગાન આ બધું જ દિલને મુડદાલ બનાવી દે છે. ★ કજિયો તેમજ ટંટા-ફિસાદ વગેરેથી દુર રહેવામાં જ ભલાઇ છે. ★ કમ અકકલ ઇન્સાન બીજાના માટે તો વબાલરૂપ છે જ, પણ પોતાની જાનનો પણ દુશ્મન છે. ★ નિર્બળ તેમજ નબળાઓ ઉપર ઝુલ્મ કરવો એ આફતો તેમજ બલાઓને નોંતરવા જેવું છે. ★ જે બીજાઓ ઉપર રહેમ કરે છે તેની ઉપર અલ્લાહત્આલા રહેમ કરે છે. ★ જે બીજાઓના ઐબ ઢાંકે છે અલ્લાહત્આલા તેના ઐબ પણ ઢાંકે છે. ★ વફાદાર પર અલ્લાહત્આલાનો રહેમો કરમ તથા દગાખોરો પર અલ્લાહત્આલાનો ગઝબ ઉતર છે. ★ મહેમાનોની વિશાળ હૃદયપુર્વક અને સવિનય ખાતર-બરદાશ્ત (આગતા -સ્વાગતા) કરવી તે ખૈરો

બરકત લાવે છે. ★ ઈમાન તકવા-પરહેઝગારી વડે અને રાજ્ય અદલો-ઈન્સાફ વડે સલામત રહે છે. ★ અમલોંની ખુબી નેકનિય્યતી પર છે અને નેઅ્મતોનો ઈકરાર પરવરદીગારના શુકરાનામાં છે. ★ ઠઠ્ઠા તેમજ હંસી-મજાકથી દિલ મુર્દા થઇ જાય છે, અકકલને નુકસાન થાય છે. તેમજ આ બેઈઝઝતીનો રસ્તો છે. ★ નબીએ અકરમ (સલ્લલ્લાહો અલયહ વસલ્લમ) તેમજ આલેપાક અને અસ્હાબાએ કિરામ તથા ઔલીયા અલ્લાહના ગૌરવથી જાળવણી પર જ ઈમાનનો દારોમદાર છે. ★ સીધા રસ્તા પર અડગતાપુર્વક કદમ માંડવા એ જ ઈમાનની સલામતી તેમજ નજાતનું કારણ છે. ★ ઔલીયા અલ્લાહનું વજુદ (અસ્તિત્વ) આપણી ભલાઇ માટે જ હોય છે. ★ ઈસ્લામ અલ્લાહ ત્આલાનો પસંદ પામેલો મઝહબ છે. ★ હલાલ રોઝી ખાવી, સત્યવાત કહેવી તેમજ ઈખ્લાસભર્યું વર્તન એ સુલુકની (અલ્લાહની નિકટતા પ્રાપ્ત કરવાના રસ્તાની) જાન છે. ★ દુશ્મનો તેમજ ઈર્ષાળુઓની શરારતોને તદબ્બુર (યુક્તિ-પ્રયુક્તિ) વડે દુર કરવી જોઈએ અને તેઓથી ચેતીને રહેવું જોઈએ.

★ ★ ★ ૨૯ ★ ★ ★

## હઝરત મખ્દુમ શેખ ઈબ્રાહીમ નકશબંદી

(રેહમતુલ્લાહે અલયહે)

હઝરત મખ્દુમ શેખ ઈબ્રાહીમ, હઝરત વાલીએ સૌરઠ મિંયા મહેમુદ શાહ (રહમતુલ્લાહ અલયહ) ના ખલીફા છે. આપનો મઝારશરીફ કુતિયાણા (બાંટવા, જી. જુનાગઢ) ના કબ્રસ્તાનમાં ખાનકાએ કાદરીયાહ, નકશબંદીયાહના કબ્રસ્તાનમાં, તહેખાનામાં આવેલ અન્વારો સભર એક હુજરામાં છે, આપે હીજરી સન-૧૧૧૭ના માહે રમજાનુલ મુબારકની ૨૭મી તારીખ (શબેકદ્ર) ના વિસાલ ફરમાવ્યો હઝરત પીરોમુરશીદના વિસાલથી બરાબર સતર (૧૭) વરસબાદ આજ થી ત્રણસો પંદર (૩૧૫) વરસ પહેલે આપનો વિસાલ થયો.

મઝાર શરીફમાં લાગેલી તકતી





مخدوم شیخ ابراہیم
نقش بندی رحمت اللہ علیہ
وفات :. ۲۷. رمضان۔ شب قدر
سنہ ۱۱۱۷

**મખ્દુમ શૈખ ઈબ્રાહીમ નકશબંદી**
**વફાત:- તા.૨૭, રમઝાન, શબે કદ્ર**
**(સ.હી.૧૧૧૭)**

★ ★ ★ 30 ★ ★ ★

## સૈયદ અમીરૂલ્લાહ(શાહ) કાદરી નકશબંદી

(રેહમતુલ્લાહે અલયહે)

આપનો મઝારે પાક શહેર ઉપલેટા (જી. રાજકોટ) ના કબ્રસ્તાનમાં આવેલો છે. આપનો વિસાલ માહે રબ્બીઉલ્અવ્વલ શરીફની ૨૪મી તારીખે હી.સ. ૧૨૬૬માં થયો. આપની નિસ્બતે ઈરાદત સાત વાસ્તાથી હઝરત સરકાર મુજદ્દેદી અલ્ફેષાની શૈખ અહમદ ફારૂકી સરહિન્દી (રદીયલ્લાહો ત્આલા અનહો) થી આ રીતે મળે છે. આપ મુરીદ અને ખલીફા (૧) હઝરત મુજાહીદના તેઓ ખલીફા અને મુરીદ (૨) હઝરત માસુમના તેઓ ખલીફા અને મુરીદ (૩) હઝરત મુનીબુલ્લાહના તેઓ મુરીદ અને ખલીફા (૪) હઝરત ઈનાયતુલ્લાહના તેઓ મુરીદ અને ખલીફા (૫) હઝરત શૈખ ઈબ્રાહીમના અને તેઓ મુરીદ અને ખલીફા (૬) હઝરત કય્યુમેસાની, ઉર્વતુલ્વુસ્કા ખ્વાજા મોહંમદ માસુમ સરહિન્દીના અને અને આપ મુરીદ અને ખલીફા (૭) હઝરત ઈમામે રબ્બાની મુજદ્દીદે અલ્ફેષાની શૈખ અહમદ ફારૂકી સરહિંદીના (રીદવાનુલ્લાહ ત્આલા અલયહીમ અજમઈન)

**આપનો વિસાલ અને મઝારે પાક :**

આપનો વિસાલ ૨૪ રબીઉલઅવ્વલ હી.સ. ૧૨૬૬માં થયો. આપનો મઝારે પાક ઉપલેટા શહેરના કબ્રસ્તાનમાં મરજ-એ-ખલાઈકે

ખાસોઆમ અને તમામ સુન્નીઓની અકીદતના આકર્ષણનું કેન્દ્ર બનેલ છે. આ સિવાય આપના વધુ હાલાતો અને વિલાદત વિશે કોઈ માહિતી મળી શકી નથી.

★ ★ ★ ૩૧ ★ ★ ★

## હઝરત સુફી અબ્દુર્રહમાન શાહ સાહેબ

(રેહમતુલ્લાહે અલયહે)

આપની વિલાદતે બાસઆદત ઈ.સ. ૧૯૨૭ માં તથા વિસાલશરીફ ઈ.સ. ૨૦૦૯ મુતાબીક હી.સ. ૧૪૩૦માં માહે શાબાનુલ્મોઅઝ્ઝમના ૨૯માં ચાંદે જુમ્આના દિવસે પુર્ણ થઈને આવનાર શનિવારની રાત્રે એટલેકે ૩૦મી શાબાનુલ્મોઅઝમની રાત્રે -૧-૩૦ વાગે અહમદઆબાદ મુકામે થયો. આપના જનાઝાશરીફને અહમદઆબાદથી ધોળકા લઈ જવામાં આવ્યો અને દારૂલઉલુમ જામેઅતુર્રહમાનની શહેન આપની મદફનગાહ બની. આપના પીરોમુર્શીદ હઝરત સુફી અખ્લાક અહમદ સાહબ (રહેમતુલ્લાહ અલયહ) ના તમામ ખુલ્ફાઓ પૈકી ફકત આપ જ એવા એકમાત્ર ખલીફા છે જેઓની બયઅત અને ખિલાફત બંને હઝરત પીરો મુર્શીદથી સાબીત છે. તેમજ તેઓએ ફકત આપને જ પોતાની ફરઝંદીમાં કબુલ કરવાનો શર્ફ અતા કરેલ છે. આપનું કાર્યક્ષેત્ર અતિવિશાળ જેમાં અહમદઆબાદ, મહેમદાબાદ, હિમ્મતનગર, જુનાગઢ, વેરાવળ તેમજ નાંદરખી વગેરે મુખ્ય સ્થળો છે. આપ પોતાના પીરો મુર્શીદના રંગે સંપુર્ણપણે રંગાયેલા હતાં. આપના હાલાતોનું સંકલન કાર્ય ચાલુ છે. અલ્લાહ ત્આલા તકમીલ પર પહોંચાડી તેને જલ્દી મંઝરેઆમ પર લાવે. આમીન...

**ખત્મ સુદ**

*યા ઈલાહી અઝ તુફૈલે ખ્વાજગાને નક્શબંદ,*
*કારે દુનિયા આકેબત મહેમુદ બાદ.*





# સંદર્ભ ગ્રંથો


૧. **કલામે શરીફ**

૨. **બુખારી તથા મીશ્કાત શરીફ**

૩. **તફસીરે મઝહરી**
લે. હ. સનાઉલ્લાહ પાનીપતી (રહમતુલ્લાહ અલયહે)

૪. **તફસીરે ઝિયાઉલ્કુર્આન**
લે. હ.પીર કરમશાહ અઝહરી (રહમતુલ્લાહ અલયહે)

૫. **તફસીરે નઈમી**
લે. હ. અહમદયારખાં નઈમી (રહમતુલ્લાહ અલયહે)

૬. **ગુલદસ્તાએ તરીકત**
લે. મોહદ્દીસેદખ્ખન હ. અબ્દુલ્લાહશાહ (રહમતુલ્લાહ અલયહે)

૭. **મક્તુબાતે ઈમામે રબ્બાની**
લે. હઝરત મુજદ્દીદે અલ્ફેષાની (રહમતુલ્લાહ અલયહે)

૮. **મક્તુબાતે સદી**
લે. હ.સરફુદ્દીન યાહ્યા મુનીરી (રહમતુલ્લાહ અલયહે)

૯. **મક્તુબાતે માસુમીય્યાહ, દ.-૧**
લે. હ. ખ્વાજા મોહંમદ માસુમ (રહમતુલ્લાહ અલયહે)

૧૦. **હસ્ત લેખીત પત્રો**
લે. હ.મોહંમદમઝહરૂલ્લાહશાહદેહલ્વી (રહમતુલ્લાહ અલયહે)

૧૧. **અલ્હુમ્આત**
લે.હ. વલીયુલ્લાહ મોહદ્દીસે દહેલ્વી (રહમતુલ્લાહ અલયહે)

૧૨. **તલ્બીસે ઈબ્લીસ**
લે. હ. અબ્દુર રહમાન જૌઝી (રહમતુલ્લાહ અલયહે)

૧૩. **મુખ્તસર હાલાતે ઈમામે રબ્બાની**
લે. હ. મિયાંસાહેબ (સજ્જાદાહનશી સરકપુર શરીફ)

૧૪. **અન્વારે ઔલીયાહ**
લે. હ. સૈયદ રઈસ અહમદ જાફરી સાહેબ

૧૫. **અખ્બારૂલ અખ્યિાર**
લે. હ. અબ્દુલહક્ક મોહદ્દીસે દહેલ્વી (રહમતુલ્લાહ અલયહે)

**© મુજદ્દીદે અલ્ફેસાની ટ્રસ્ટ – ભાવનગર**

આ પુસ્તકના સર્વ હક્ક ગુજરાત રાજ્યના મુજદ્દીદે અલ્ફેસાની ટ્રસ્ટ-ભાવનગર ટ્રસ્ટ રજી.નં.-૦૨૧ ને હસ્તક છે. આ પુસ્તકનો કોઈ ભાગ કોઈપણ રૂપમાં ક્યારે પણ મુજદ્દીદે અલ્ફેસાની ટ્રસ્ટ ભાવનગરની લેખીત પરવાનગી વગર, પ્રકાશીત કરી શકશે નહી.

(મુજદ્દીદે અલ્ફેસાની ટ્રસ્ટ, વડવા નેરા, ટ્રસ્ટ રજી.નંબર–૦૨૧, ભાવનગર)